# શિવાજીની સુરતની લૂટ

(ઐતિહાસિક વાર્તા)

લખનાર

ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ

પ્રકાશક

“ગુજરાતી” પ્રિન્ટિંગ પ્રેસ,

સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧

गुजरात विद्यापीठ ग्रंथालय

( गुजराती कॉपीराइट विभाग )

अनुक्रमांक १४४१० वर्गांक

पुस्तकका नाम શિવાજીની સુરતની લૂંટ

विषय २ - : ३

# શિવાજીની સુરતની લૂટ

( ઐતિહાસિક વાર્તા )


લખનાર

**ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ**

"ગુજરાતી"ના અધિપતિ; અને "ગુજરાતી" પ્રેસના સ્થાપક.

"ચન્દ્રકાન્ત," "હિન્દ અને બ્રિટાનિયા," "દિલ્હીપર હલ્લો,"
"ગંગા એક ગુર્જર વાર્તા," પંચદશી પર "ચંદ્રકાંત
વિવરણ" વગેરેના લેખક.



**સુધારેલી ચોથી આવૃત્તિ**

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ્સ—એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ ૧.

ઇ. સ. ૧૯૨૮. વિ. સં. ૧૯૮૫.

પુસ્તક મળવાનું ઠેકાણું:—

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ્સ—એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

(સર્વ હક્કો પ્રકાશકોએ સ્વાધીન રાખ્યા છે)

મુદ્રક અને પ્રકાશક: નટવરલાલ ઈચ્છારામ દેસાઈ. બી. એ.

મુદ્રણ અને પ્રાપ્તિસ્થાન: "ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ્સ—એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧.

# પ્રકાશકનું નિવેદન

સ્વ. અમારા પૂજ્ય પિતાશ્રી ઈચ્છારામ સૂર્યરામ દેશાઈની લખેલી ઐતિહાસિક વાર્તાઓમાં આ પહેલું પુસ્તક છે. તે તેમણે ઈ. સ. ૧૮૮૧-૮૮ માં "આર્ય જ્ઞાનવર્ધક" નામના માસિક પત્રમાં કટકે કટકે છપાવી હતી, અને તેમની લખેલી "ગંગા—એક ગુર્જર વાર્તા"માં એક આડકથા તરીકે ગુંથાયલી હતી. વિશેષ હકીકત માટે પ્રસ્તુત વાર્તાની ચોથી આવૃત્તિમાં છાપેલું પ્રકાશકનું નિવેદનપત્ર અને ખાસ કરીને તેમાં આપેલી ગ્રન્થકર્તાની "ક્ષમા યાચના" જોવાની વિનતિ છે. અમે આ બન્ને પુસ્તકો ખાસ કરીને છુટાં પાડ્યાં છે, તેનું કારણ આ બન્ને નવલકથાઓ વાંચનાર સહજ સમજી શકશે.

અમે આ નવીન ચતુર્થાવૃત્તિમાં મુખ્ય ફેરફાર કશો કર્યો નથી, પણ માત્ર પરિશિષ્ટમાં સુરતની તે સમયની ઐતિહાસિક હકીકત એકત્ર કરીને છાપી છે. તે ઉપરથી ઐતિહાસિક હકીકતમાં ગ્રન્થકારે, વાર્તામાં રસની ઝમાવટ માટે કેટલો અને કેવો ફેરફાર કર્યો છે, અને કેટલે અંશે તે યોગ્ય છે તેની તુલના કરવાનું બની આવે તેમ છે. આખી વાર્તાની ગુંથણીમાં રમાનું પાત્ર અર્ધ અણુખિલ્યું રહી જાય છે. તે વિષે ગ્રન્થકાર વિદ્યમાન હતા ત્યારે કેટલુંક લખવાનું કહેતા હતા, અને એ રીતે વાર્તાનું પુર વિશેષ રસીક બનાવવાની ઈચ્છા રાખતા હતા, પણ અકાળે તેમનો દેહ વિલય થવાથી આ વાર્તાની વિશેષ ખિલવટ અને "ટીપુ સુલ્તાન" નામની અર્ધી રહેલી વાર્તા પૂર્ણ કરી શકયા નહિ, એ માટે અફસોસ થાય છે.

ટીપુ સુલ્તાનની વાર્તા તેમણે આંકેલી રેખા અને પ્રકરણ વિભાગ ઉપરથી સમયાનુકૂળતા અને ઈશ્વરની કૃપા થતાં અમે ભવિષ્યમાં પૂર્ણ કરવા ઈચ્છા રાખીએ છીએ.

ગ્રન્થકારની જન્મભૂમિ સુરત હતી, અને બાલ્ય તથા કૌમારની અવસ્થા ત્યાં આગળ જ ગુજારી હતી, તેથી તેનાં સ્મરણાવશેષ તેમના હૃદયપટ ઉપર હંગીભર રહેલાં; અને સુરત માટે અભિમાન, પક્ષપાત અને પ્રેમ વિશેષ હતા, જે આ બે વાર્તામાં દ્રષ્ટિગોચર થાય છે. તેમણે આ બન્ને નવલકથાઓ ઘણા જ ઉમંગથી લખી હતી, તેથી સ્વદેશાભિમાન દર્શાવવામાં અને હૃદયસ્પર્શક અને બોધયુક્ત વર્ણન શૈલી વગેરેમાં જોશ અને પ્રેમ સારાં દેખાય છે. તેમના સમકાલીન લેખકોએ આ વાર્તા પુષ્કળ વખાણી હતી, અને તેની ભાષાશૈલી માટે પ્રોફેસર રા. શાપુરજી કાવસજી હોડીવાળા, બી. એ. એમણે પોતાના નિબંધમાં પણ તેના ઉતારા લીધા છે.

મૂળ ગ્રન્થકારની આ નવલકથાની નવીન આવૃત્તિ આજે ગુજરાતી પ્રજા આગળ રજુ કરતાં અમને હર્ષ થાય છે, અને તે શિષ્ટ સાહિત્યમાં ગણાઈ પૂર્વની માફક લોકપ્રિય થશે એવી આશા છે.

પુસ્તક છપાઇને ઘણો વખત થયાં તૈયાર થઈ ગયું હતું, પણ ચિત્રો દાખલ કરવાના લોભથી મોડું પ્રકટ થાય છે, તે માટે રસીકો પ્રત્યે ક્ષમા યાચના છે.

દશેરા-૧૯૮૪ }
મુંબઈ. }

નટવરલાલ ઇચ્છારામ દેશાઈ

# અનુક્રમણિકા

—:o:—


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ લું | શાહ આત્મારામ ભૂખણ તે કોણ? | ૧ |
| ૨ જું | ઇતિહાસ ... ... ... | ૫ |
| ૩ જું | બહિરજી અને બૈરાગી ... ... | ૧૧ |
| ૪ થું | મોગરાનો બહાર ... ... | ૨૦ |
| ૫ મું | મણિગવરીનો યત્ન ... ... | ૩૧ |
| ૬ ઠું | બૈરાગી ... ... ... | ૩૯ |
| ૭ મું | ઘેરો ... ... ... ... | ૪૮ |
| ૮ મું | શહેરમાં ચાલેલી લૂટફાટ ... | ૬૮ |
| ૯ મું | કિલ્લાની મંડળી... ... ... | ૭૭ |
| ૧૦ મું | રાત માતાકા પેટ ... ... | ૮૩ |
| ૧૧ મું | પ્યારની વૃદ્ધિ ... ... ... | ૯૨ |
| ૧૨ મું | રુમાલનું મેદાન ... ... | ૧૦૧ |
| ૧૩ મું | મહારાજ શિવાજીની મોટી કચેરી... | ૧૧૧ |
| ૧૪ મું | દ્વંદ્વયુદ્ધની માગણી ... ... | ૧૨૧ |
| ૧૫ મું | શત્રુની છાવણીમાં શત્રુથી બચાવ ... | ૧૩૦ |
| ૧૬ મું | લશ્કરની હાલત ... ... ... | ૧૩૮ |
| ૧૭ મું | રમા ને મોતીનો સમાગમ ... | ૧૪૬ |
| ૧૮ મું | મારવું કે મરવું! ... ... | ૧૫૪ |
| ૧૯ મું | દ્વંદ્વયુદ્ધ ... ... ... | ૧૬૧ |
| ૨૦ મું | કટાકટી–પરાક્રમ ... ... | ૧૭૦ |
| ૨૧ મું | સુરતની સુરત! ... ... | ૧૭૬ |
| ૨૨ મું | ઝપાઝપી... ... ... ... | ૧૮૧ |
| ૨૩ મું | "અલ્લાહ અકબર" અને 'જય ભવાની" | ૧૯૦ |
| ૨૪ મું | બેવડો હુમલો-મણિનું પકડાવું-શિવાજીનું પાછું હઠવું | ૧૯૯ |
| ૨૫ મું | બાદશાહી દરબાર ... ... | ૨૦૫ |
| ૨૬ મું | પરિશિષ્ટ ઐતિહાસિક સ્થિતિ ... | ૨૧૪ |

સ્વ. સાક્ષર-ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ કૃત પુસ્તકો

# ચન્દ્રકાન્ત ભાગ ૧ લો

## પ્રથમ પ્રવાહ—પુરૂષાર્થ

## દ્વિતીય પ્રવાહ—ચૈતન્ય

કિંમત રૂ. ૪-૦-૦ ટપાલ ખર્ચ ૦-૮-૦

---

# ચન્દ્રકાન્ત ભાગ ૨ જો

## તૃતીય પ્રવાહ—અચ્યુત પદારોહણ

કિંમત રૂ. ૪-૮-૦ ટપાલ ખર્ચ ૦-૯-૦

---

# ચન્દ્રકાન્ત ભાગ ૩ જો

## ચતુર્થ પ્રવાહ-હિમગિરિની પર્ણકુટી

કિંમત રૂ. ૪-૦-૦ ટપાલ ખર્ચ ૦-૮-૦

ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ

સાસુન બિલ્ડીંગ,—એલફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧

સ્વ. સાક્ષર—ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ કૃત પુસ્તકો

## પંચદશી—ચન્દ્રકાન્ત વિવરણ સહિત

(૧) ઉત્થાનિકા. (૨) મૂળ શ્લોક, (૩) શબ્દાર્થ અને
(૪) તેની નીચે વિસ્તારવાળું, દૃષ્ટાંતોથી ખીચોખીચ સરળ ચન્દ્રકાંત વિવરણ

સુપરરોયલ ઓક્ટેવો પૃષ્ઠ સંખ્યા—૫૩૮+૨૬=૫૬૪.

કિંમત રૂ. ૬—૦—૦ ટપાલ ખર્ચ ૦—૧૧—૦

## વાલ્મીકિ રામાયણ

શ્લોકેશ્લોકનું સરળ ગુજરાતી ભાષાંતર

ત્રીસ—(૩૦)—ઉપરાંત ચિત્રો

કિંમત રૂ. ૮—૦—૦ ટપાલ ખર્ચ ૧—૪—૦

## શુક્રનીતિ—મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર

કિંમત રૂ. ૨—૦—૦ ટપાલ ખર્ચ ૦—૮—૦

## વિદુરનીતિ—ગુજરાતી ભાષાંતર

કિંમત રૂ. ૦—૬—૦ ટપાલ ખર્ચ ૦—૨—૦

ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ

સાસુન બિલ્ડીંગ,—એલફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ. ૧

स्व. साक्षर—इच्छाराम सूर्यराम देशाई कृत पुस्तको

## हिन्द अने ब्रिटानीया

अने

राजभक्ति विडंबणु (भाणु)

असल प्रत

किंमत रू. ३-०-० टपाल खर्च ०-८-०

## अरेबियन नाईट्स

किंमत रू. १२-०-० टपाल खर्च २-१-०

## गंगा—एक गुर्जर वार्ता

किंमत रू. १-४-० टपाल खर्च ०-६-०

## शिवाजीनी सुरतनी लूट

किंमत रू. १-४-० टपाल खर्च ०-४-०

## दिल्हीपर हल्लो

अथवा

भरतखंडना परवशपणांनो प्रारंभ

किंमत रू. २-०-० टपाल खर्च ०-६-०

## सविता सुंदरी

अथवा

घरडा वरना फजेतो

किंमत रू. ०-४-० टपाल खर्च ०-१-०

गुजराती प्रिन्टींग प्रेस

सासुन बिल्डींग,—एलफीन्स्टन सर्कल, कोट, मुंबाइ. १

# શિવાજીની સુરતની લૂટ

## પ્રકરણ ૧ લું

### શાહ આત્મારામ ભૂખણ તે કોણ?

નવું પ્રકરણ શરુ કરીએ તે પહેલાં, હવે મોહનચંદ્રના* કુળનો ઇતિહાસ વાંચનારને જણાવવો જોઇએ. માણસની મોટાઇ કેટલેક દરજ્જે તેના કુળપરંપરાના ઇતિહાસ ઉપર આધાર રાખે છે. ઘણા દાખલા એવા જોવામાં આવ્યા છે કે, ઉમદા અમીરી ગુણ ધરાવનારા અને બુદ્ધિના ચળકાટવાળા વીરપુરુષો ઘણે કાળે–ત્રણસેં વર્ષે પણ એક જ કુળમાંથી ઉત્પન્ન થયા છે. મોહનચંદ્રનું કુળ આ જ પ્રમાણેનું હતું. તેઓ જગતમાં સાખ ને આંટ માટે જાણીતા થયલા આત્મારામ ભૂખણના કુળના હતા.

સત્તરમી સદીની શરુઆતમાં, પશ્ચિમના પરાક્રમી પુરુષોએ આ દેશમાં વેપાર નિમિત્તે આવવા માંડ્યું. તેણે સુરતને પોતાનું મુખ્ય સ્થળ કરી એવી તો સારી સ્થિતિમાં આણ્યું કે, હજી સૂધી તેની તરફ ઘણા વિદ્વાન્ ને

* આ મોહનચન્દ્ર, ગ્રન્થકર્તાની "ગંગા ગુર્જર વાર્તા"નું પાત્ર છે. પ્રસ્તુત વાર્તા છુટી છપાઈ છે, એટલે અનુસંધાન જોવાની ઇચ્છા રાખનારે તેનાં પહેલાં ત્રણ પ્રકરણો વાંચી જોવા વિનતિ છે. પ્રકટ કર્તા.

શોધક નરો ઘણા માનથી જોય છે. સુરતમાં ઘણા ઘણા પ્રકારના વેપાર ધંધા એ સમયે ચાલતા હતા. તે અરસામાં સરાફી પેઢીઓ ઘણીક સ્થપાઇ હતી; ઘણી ધીકતી હતી. અંગ્રેજોને માલ મત્તા આપવામાં વૈશ્ય ન્યાતના એક આત્મારામે, ઇ. સ. ૧૬૪૦ માં આગળ પડી પ્રથમ સારી આંટ મેળવી. એ વખતે અંગ્રેજોને ખાનદાન ને કુળવાન્ નરો ઉપર ઘણો ભાવ હતો. કેટલાક અંગ્રેજો, જેઓ હલકા ને નોકરી માટે ઇસ્ટ ઈંડિયા કંપની સાથે આવેલા, તેઓ જે લુચ્ચાઇ દોંગાઇથી અને લાંચ રુશવતથી નાણાં મેળવતા અને તે પોતાની પાસે રાખે તો પ્રસંગ પડે પકડાઈ જાય, એ ભયથી આ સરાફી પેઢીમાં જમે કરાવતા, ને જ્યારે વિલાયત જતા, ત્યારે કેટલીક રકમ બક્ષિન્દા આપી, નાણાં લઈ પોતાને દેશ સિધારતા હતા. વંશપરંપરાથી અને સાફ દ્યાનતના હોવાથી, અંગ્રેજોમાં પ્રથમ આત્મારામની સાખ ઘણી વધી. એ પેઢી પડી ભાંગી ત્યાં સૂધી તેની સાખ તેવી જ હતી. ફ્રેન્ચ અને અંગ્રેજો વચ્ચે બાકસને અજીરે લડાઇ થતી હતી. તે લડાઇમાં ઘણા અંગ્રેજો મરણ પામતા અને તેમનાં ઘણાં નાણાં આત્મારામ ભૂખણની પેઢીમાં જમે રહેતાં હતાં; અને કેટલાંક વર્ષ સૂધી કોઈ પણ વાલીવારસ તે નાણાં લેવાને આવતો નહિ, પણ સો વર્ષે તે નાણાં લેવાને તેનો કોઈ વારસ આવે તો તેને દોકડે પૈકે હીસાબ કરીને એ જ પેઢી નાણાં આપવામાં આખા હિંદુસ્તાનમાં પંકાઈ હતી. લોકોમાં સામાન્ય રીતે એમ કહેવાય છે કે, "રળતાં તો રોટલો મળે, ઉંચો નીચો હાથ પડે તો જ પોટલો દેખે!" પણ આત્મારામ ભૂખણની બાબતમાં એથી ઉલટું જ બન્યું હતું. તેઓએ તો જાતિશ્રમ, પ્રમાણિકપણું, સાહુકારી આંટથી પોતાનો દહાડો ફેરવી નાંખ્યો હતો.

દહાડે દહાડે આત્મારામ ભૂખણની પેઢી ઘણી પંકાતી ગઈ. તેનો પૈસો સુમાર વગરનો કહેવાતો ગયો. અંગ્રેજ લોકોનું જોઇને ફ્રેન્ચોએ પણ પોતાનો સરાફ કરવાને તેને માંગણી કીધી. પણ બંનો જગોએ

પોતાથી પહોંચી વળાશે નહિ, એ ભયે તે આગળ પડતાં અટક્યો. એમ કહેવાય છે કે આત્મારામના એક દીકરા દુર્લભદાસને કેટલીક લાંચ ફ્રેન્ચોએ આપી ને અંગ્રેજ તરફથી ખસીને પોતા તરફ લેવાને ઘણું કર્યું, અને ઇ. સ. ૧૬૪૯ માં અંગ્રેજોની આંટ જતી હતી, ત્યારે તેમને નાણાં ન ધીરવાને સમજાવ્યા છતાં, વગર વ્યાજે એક માસ સૂધી એક લાખની રકમ આત્મારામ ભૂખણની પેઢીએ કંપનીને ધીરી હતી, એમ દંતકથા છે. અંગ્રેજની કોઠીપર તો લોકો તગાદો કરતા બેઠા હતા અને જો એક દિવસ નાણાં મોડાં મળ્યાં હોત તો, અંગ્રેજોની કોઠીની રેવડી દાણાદાણ થાત અને આજે તેઓ કોણ જાણે કયાં અટવાઇ ગયા હોત.

આ ધીરધારથી અંગ્રેજોમાં એ પેઢીનું માન વધ્યું અને તે વખતના કોઠીના ઉપરી કર્નલ સિમસને વિલાયત લખી વાળ્યું; જેથી કંપનીના ડીરેકટરોએ એ પેઢીને માટે બે સુનાના પોપટ બક્ષિસ મોકલાવ્યા, અને ઉપકારનો પત્ર લખ્યો.

આત્મારામનો કાળ ઇ. સ. ૧૬૫૬માં થયો. તે પેઢીપર, વંશમાં જે વડો હતો તે બેઠો. તેની રીતભાત જોઇએ તેવી રૂડી ન હતી. તેણે પોતાના ખાનદાનની આબરૂની દરકાર ઘણી થોડી રાખવા માંડી અને સુરતના હાકેમનો ગુસ્સો કંઇક કારણસર પોતા ઉપર ખેંચી લીધો. હાકેમે ગુસ્સામાં એકદમ તેને પકડી લાવવાનો હુકમ કીધો. સાયંકાળના છ કલાકનો અમલ હશે, તેટલામાં નવાબના કેટલાક માણસો તેના ઘરની આસપાસ ફરી વળ્યા. ગમે તેવો હોશિયાર છતાં જાતે વાણિયાભાઇ, તેથી બીકણ બિલાડી માફક છાપરે છાપરે કુદીને એક પાડોશીના ઘરમાં જઇને સંતાઈ બેઠો. બૈરાં છોકરાંઓ ઘરમાં તો એટલાં ગભરાયાં કે કોઇથી બોલાય સરખું નહિ. પણ દુર્લભદાસની ધણિયાણી જાતે સીફા-બહાદુર હતી, તેણે બારણે આવીને બૂમ મારતા બાંડિયા તુરકમીરઝાંઓને અટકાવ્યા. પૂછયું કે "છે શું?" એકાદ મિયાં સાહેબે એલફેલ બોલી પોતાની જાત જણાવી, પણ જમાદાર સમજુક હતો, તેણે સૌને

વારીને બાઇને ખુલાસો કીધો કે; "ખુદાબંદે, અબીકા અબી દુર્લભદાસકું પકડકર લાનેકા હુકમ દિયા હૈ, ઓર હમેરી રજ્જુ આવે, હમ સબ ઉસકો માન દેકર લે જાયગા. દુસરી ગડબડ કુચબી નહિ હૈ!" ગુલાબ શેઠાણીએ પોતાના ધણીપર આવેલી આફત જોઇને જમાદારને ઘરમાં બોલાવી બસો સોના મ્હોરની ભરેલી થેલી હાથમાં સેરવી દીધી અને કહ્યું કે, "જમાદાર સાબ! જાકર નબાબસાબકું બોલો કે 'ઓ બનિયા તો ગામકું ગયા હૈ, કલ આયગા તબ આપકી હજુરમાં આકર ખડા રહેગા." જમાદાર ચાલ્યો ગયો. બીજે દિવસે બે હજાર સોના મ્હોરથી ભરેલો રૂપાનો થાળો લઇને શેઠ સવારના પહોરમાં નવાબ સાહેબની હજુરમાં ગયા; અને નવાબ સાહેબના પગ આગળ ભેટ મૂકી નમ્રતાથી કહ્યું કે, "હું આપનું બચ્ચું છું! ગમે મારો કે ઉગારો!" નવાબને રહેમ છુટી અને તેનો ગુન્હો માફ કરી શાલ પાઘડીનો શિરપાવ આપીને ઘેર મોકલ્યો.

હમેશાં મોટાના ઘરનાં બૈરાંઓ ઘણું કરીને એદી, વાતુડાં, ધર્માંધ અને હલકાં લોક સાથે વાર્તાવિલાસ કરનારાં હોય છે. પણ આત્મારામ ભૂખણને ત્યાં જે સ્ત્રીઓ હતી, તે વિવેકી અને સદ્‌ગુણી તે વખતમાં ગણાતી હતી. તેઓ પોતપોતાનું કામ જાતેજ કરતી અને મર્યાદા, કુળલજ્જા, શિયળતા જાળવવામાં સારી રીતે વખણાતી ને પ્રસંગે પ્રસંગે પોતાના પતિઓને સારી રીતે સલાહ આપતી હતી. એ કુળ માટે નવાબનો એવો હુકમ હતો કે, જો પુરુષ આફતાબગીરી લે તો લેવા દેવી અને તે હુકમ મેળવવાનું માન પણ ગુલાબબાઇને જ ઘટતું હતું. છચોક નવાબ સાહેબ સાથે વાત કરવાની હિંમત ગુલાબબાઇએ ઘણી વખત કીધી હતી, અને નવાબ તેની બાહાદુરીનાં ઘણાં વખાણ કરતો હતો. હાલનાં મુડદાલ જેવાં અને માંઇકાંકલાં, જાણે પગ મૂકે તો હમણાં પડી જશે, એવી સ્થિતિનાં બૈરાં તે વખતે વાણિયામાં ભાગ્યે જ હશે.

## પ્રકરણ ૨ જું

### ઇતિહાસ

[ આ પ્રકરણનો વૃત્તાંત ઐતિહાસિક છે; અને તેનો આધાર, મિ. ડફના મરાઠાનો ઈતિહાસ, સુરતનો જુનો ઇતિહાસ, કવિ નર્મદાશંકરની સુરતની હકીકત, મેડોસ ટેલરનો તથા એલફિન્સ્ટનનો હિંદુસ્તાનનો ઇતિહાસ,–તેનાપર છે. ]

તા. ૭ મી ડીસેમ્બરની ને ૧૬૬૩ ની સાયંકાળે એક દક્ષિણી સવાર, ઘણી ફાંકડી ઘોડી કુદાવતો અને ઝળાંઝળાં મારતો પોશાક સજી, ડાબી બાજુએ મ્યાનમાં ઘાલેલી ચળકતી તરવાર સાથે, છડે દોપટે સુરત શહેરની પૂર્વ દિશામાં આવેલા સહરાના મોરચા બહાર, દુમાલના હનૂમાન છે ત્યાં આગળ આવીને, વીસામો ખાવા બેઠો. તેની ચોતરફ ફરતી આંખો, તેની ચપળતા, મોંપર આવતો ક્ષણે ક્ષણે પસીનો, તે કંઈ ગભરાટ–ભયમાં છે એમ તેની મુખમુદ્રા જોનારની ખાત્રી કરાવતું હતું. ચહેરાની આકૃતિ જણાવતી હતી કે, તે દુનિયા ખાધેલ, કોઇ પ્રપંચી પુરુષ છે. ઉમ્મર માત્ર ૩૫–૪૦ ની હતી.

પાસે ચમચી હતી તે કહાડીને પાનની બે પટ્ટી બનાવી, પાસેની ઝુંપડીમાં બેઠેલા એક સાધુરામને આપી, પછી પોતે ખાધી; અને જોડા ઉતારીને હનૂમાનનાં દર્શન વાસ્તે ગયો. હનૂમાનની મૂર્તિ જોઇ તે એટલો તો પ્રસન્ન થયલો દેખાયો કે, તુરત દશ શેર તેલ ચઢાવવાની પેલા સાધુરામને વરદી આપી ને ખિસામાંથી ઝટ કહાડીને એક સુના મ્હોર બાવાજીના હાથમાં ધરી દીધી. બાવાજી ઘણા પ્રસન્ન થઇ ગયા. તેણે જાણ્યું કે, આ કોઇ બડો પરમ ભાવિક ભક્ત છે. તુરત આ દક્ષિણીને આદર સન્માન આપ્યું ને પોતાની જાયગામાં બે દિવસ ઇચ્છા હોય તો રહેવાને વિનતિ કીધી. મરાઠાને તો એ જ જોઇતું હતું. તે સુરતથી તદ્દન બીન માહિતગાર હતો, અને શહેરમાં પ્રવેશ કર્યા પહેલાં કયાં જઇને ઉતરવું, તેના વિચારમાં હતો. તેવામાં આવી ઉત્તમ તક હાથમાં આવી તે ઝડપવાને તે કેમ ચૂકે? પોતાની ઘોડીને પાસેના છાપરા નીચે બાંધી,

ઘાસ પાણી નીરી, બાવાજીની પાસે આવી વાતોના તડાકા મારી, રાત ગુજારવાનો વિચાર કીધો. પણ તેટલામાં બાવાજીએ સવાલ કીધો કે, "લડકા કુછ ખાનેકી ઇચ્છા હૈ કે, નહિ?"" નહિ મહારાજ! આપની પાસ કોરા કોરા હૈ, ઓ ખાકર રાત ગુજારેંગે, ફીર પ્રભાતમેં દેખલેંગે." તુરત પોતાની પાસેનો દાબડો ઉઘાડીને મગદળ ને સિંગા લાડુ કહાડી, બે લાડવા ને થોડુંક અથાણું બાવાજીને આપી, પોતે બાવાજી સાથે ખાવા બેઠો.

આ બે સોબતી કોણ હતા? એક ત્યાગી ને બીજો રાગી-'સંસારી' છે!

જે સમયની આપણે વાત કરીએ છીયે, તે સમય આર્યભૂમિના ઇતિહાસમાં ઘણો તેજસ્વી હતો. આર્ય મહારાજ્યમાં એ સમયે દિલ્હીના તખ્તપર આલમગીર જુલમગાર બિરાજતો હતો. તેની હાક દરેક દેશી રાજ્યમાં એવી તો વાગતી હતી કે, તેનું નામ સાંભળતાં ચોબાજુથી ભય ને હાયનો શબ્દ નીકળતો હતો. મુસલમાન પ્રજા પણ તેના આ જુલમથી ત્રાહે ત્રાહે પોકારે તો બીજાની વાત જ શી? મુસલમાનો હિંદુ લોહીના તરસ્યા હતા, તેથી પ્રજા, ઐકય, શક્તિ અને કીર્તિને માટે વલખાં મારતી હતી. એ સમયમાં ચિતાગોંગ, મછલીપટ્ટન, મદ્રાસ અને બીજે કેટલેક ઠેકાણે અંગ્રેજોએ કોઠી થાપી હતી; મેવાડમાં રજપૂતો ટમટમતા હતા; દક્ષિણમાં મરાઠાઓ જાગતા થયા હતા; રોહિલખંડમાં રોહિલા અને જાટ લોકો પણ તૈયાર હતા. એ સઘળાને ચૂર્ણ કરવાને ઔરંગજેબ પૂર્ણ શક્તિમાન્ હતો. તે તે કાળનો પ્રચંડ ક્રોધિષ્ટ નારસિંહ હતો. તેની સામા થાય એવું કોઈ પણ તે કાળમાં હતું નહિ. વિજાપુર અને અહમદનગરનાં દક્ષિણનાં રાજ્યો માત્ર સહજ મરાઠા સરદારોને આશ્રય આપતાં, તે માટે તે રાજ્યો પણ ભયમાં હતાં.

તે જ વખતમાં રામદાસ સ્વામીનો ત્રિકોણાકૃતિનો-સત્વ, રજ ને તમ શક્તિથી ભરેલો, હવામાં ઉડતો ભગવો વાવટો લઈને, રાયગઢના કિલ્લામાંથી શિવાજી મેદાન પડ્યો હતો. પ્રથમ તો પોતાનો પિતા જે સ્થળે નોકર હતો, તે જ રાજ્યનાં નાનાં ગામો લૂટી, તે લૂટનાં નાણાં-

વડે હલકા પણ શક્તિવાળા લોકનું એક સૈન્ય સ્થાપ્યું. દહાડાપર દહાડો ચઢતો ગયો, તેમ શિવાજીની ચઢતી થતી ગઈ. તેણે પોતાના સૈન્યને આગળ વધારી નાનાં નાનાં રાજ્યોપર હલ્લા કરવા જારી કીધા. અને તેવે તેવે સ્થળે પોતાનો જાપતો બેસાડી, ખંડણી કે ઘાસદાણાને પેટે વાર્ષિક કંઇ લવાજમ લેવા માંડયું. આ રીતે શિવાજીની શક્તિ વધેલી જોઇને ઉત્તરમાં આલમગીર પહેલાને ઘણી ચટપટી લાગી; અને આ બંડખોર લૂટારાને જેર કરવા માટે તેણે કમ્મર કસી. વિજાપુરના રાજાએ કંઈ પણ દરકાર ન કરી અને શિવાજીને બલવત્તર થવા દીધો, એટલે ઔરંગજેબનું સરળતાથી કંઇ ઝાઝું વળ્યું નહિ. તે તેને જેમ જેમ સપડાવતો ગયો, તેમ તેમ તે વધારે દૃઢ થતો ગયો. અંતે થાકીને ઔરંગજેબ અને વિજાપુરની સરકારે તેને સ્વતંત્ર થવા દીધો. આવી રીતે પોતાનો જય મેળવતાં તે અગાડી વધ્યો; તોપણ પોતાની લૂટફાટની રીતિ છોડી દીધી નહિ, અને તેથી હજી પણ અંગ્રેજી ઇતિહાસ કર્તા તેને પિંડારા સિવાય બીજી ઉપમા આપતા નથી. તેનાથી પ્રજા ઘણી પીડાવા લાગી. તેથી ઔરંગજેબે તેની સામા પોતાનું સૈન્ય મોકલ્યું. સાહિખાન, ઔરંગજેબનો મામો હતો તેતે, પોતાના દીકરા મોયાઝીમના હાથ નીચે કેટલુંક સૈન્ય આપી, શિવાજીને જેર કરવા મોકલ્યો; અને જ્યારે તેનાથી કંઇ પણ વળ્યું નહિ, ત્યારે જેપુરના જશવંતસિંહને લશ્કરમાં બીજા જનરલની પદવી આપી તેને સહાય કરવા મોકલ્યો. સાહિખાન ઘણો તોછડો, ઉદ્ધત, મૂર્ખ, બડાઇખોર હોવાથી જશવંતસિંહ સાથે બન્યું નહિ. શિવાજીના પેદલનો* ઉપરી મોરોપંત હતો ને હેદલસેન† નાથજી પલકરના ઉપરીપણા નીચે હતું. તેણે જોયું કે મોગલો સામા જોઇયે તેવી સારી રીતે લડી શકાવાનું નથી, તેથી તા. ૧૨ મી એપ્રિલ ૧૬૬૩ ને દિને થોડું પેદલસેન પોતાના સૈન્યાધિપતિપણા નીચે રાખી, તાનાજી મુલસરે ને હાસાજી કંકને લઇ, જ્યાં સાહિખાન

---

* પેદલ–પાયદલ–પગે ચાલનારું લશ્કર. † હેદલ–હયદલ–ઘોડેસ્વાર લશ્કર.

પડેલો હતો ત્યાં તૂટી પડ્યો અને તેને નસાડ્યો. તેણે મોગલોની પૂઠ એવી તો સજડ પકડી કે, એના જેવો નાશ તેમનો ભાગ્યે જ થયો હશે. કરતોજી ગુંઝરના ઉપરીપણાની કેવલરી (ઘોડેસ્વારો) મોગલોપર ઉતરી પડી, ને મોગલોને નામોશી સાથે નસાડ્યા. આ જય જેવો તેવો નહતો. સાહિબખાને ઔરંગજેબને આ હારથી ખીજવાઇને લખી વાળ્યું કે, જશવંતસિંહ શિવાજીનો મારેલો છે, તેથી તે જોઇયે તેવો આશ્રય આપતો નથી. ઔરંગજેબે બંનેને બોલાવી લઇને મોયાઝીમને દક્ષિણનો સરસુબો કરીને મોકલ્યો, ને તેના હાથ નીચે પાછો જશવંતસિંહને પણ સૈન્ય આપીને મોકલ્યો. જશવંતસિંહે સીંહગઢપર ઘેરો ઘાલ્યો, પણ ઘણો સમય ટકાવી શકાયો નહિ, ને આખરે તેને પોતાનું સૈન્ય ખેંચી લઇને ઔરંગાબાદ આવવું પડ્યું.

ઔરંગજેબે આ નવા દુશ્મનને ઘણો મતબાલો જોઇને, તેને જેર કરવાની ઘણી ગોઠવણ કીધી; પણ એક ફેરે રામદાસ સ્વામીના શિષ્યે તેનો જય પાકો થવા દીધો નહિ. જ્યારે ઔરંગજેબનું સૈન્ય નિયમિત યુદ્ધ કરવા આવતું, ત્યારે શિવાજી નાસભાગ કરતો. સિંહગઢમાં જશવંતસિંહને તોબા પોકરાવી તે ત્યાંથી નાઠો. પોતાના સૈન્યના એક ભાગને, થાણા જીલ્લાના કલ્યાણીની પડોસમાં લાવીને પડાવ નાંખ્યો; બીજો વિભાગ રાજાપુરમાં હતો. ઔરંગજેબને તે જણાવતો હતો કે, તેની મરજી વસઇપર ચઢાઇ કરવાની છે, પણ એ ગલત વાત હતી.

આ કાળે સુરતમાં પુષ્કળ દોલત અને સંપત્તિ છે એમ એના જાણવામાં આવ્યું. શિવાજીએ એ નગર લૂટવાનો વિચાર નક્કી કીધો. પણ શહેરની વ્યવસ્થા જાણ્યા વગર, વખતે જોઇએ તેટલો લાભ ન થાય એમ ધારી, ક્યાં ક્યાં, કોણ કોણને ત્યાં ધન છે, તેની છુપી શોધ કરવાનો વિચાર રાખ્યો. પોતાના એક પ્રખ્યાત મશહુર જાસૂસને મોકલવાનો ઠરાવ કીધો. આ પ્રકરણના પ્રારંભમાં જે દુનિયા ખાધેલ ઘોડેસ્વાર દેખાયો છે, તે શિવાજીનો દૂત બહિરજી નાયક છે. એ સૂર્યપુરની સ્થિતિ ને રંગ જોવાને આવ્યો છે.

સત્તરમી સદીમાં હિંદુસ્તાનમાં ચાલતા કાવાદાવા અનેક પ્રકારના હતા. અગરજો દિલ્હીના તખ્તપર પ્રતાપી મોગલવંશના રાજાઓ બિરાજતા અને તેમની હાક ચોમેર ગાજી રહી હતી, તોપણ નાનાં નાનાં રાજ્યો પણ પોતાનો સત્તાપ્રતાપ દાખવતાં હતાં. કોઇ કંઇ રીતે તો કોઇ કંઇ રીતે એક બીજાના વિરોધી હતા, અને તેવા જ કોઈ કારણસર સુરતના નવાબને પણ કોઇ પક્ષ તરફથી આપત્તિ વેળાએ આશ્રય મળે તેમ નહતું. ત્યારે શિવાજી—કે જેને પૈસાની સૌથી પહેલી જરૂર હતી, તે કોઈ તેવાં ઝાહોઝલાલીવાળાં નગરને લૂટવાને પછાડી કેમ પડે ?

બહિરજીને સુરતની તપાસમાટે મોકલવાનો હેતુ એ જ હતો કે કોઇ પણ પ્રકારે નાણાં મેળવવાં. સુરતનો હાકેમ નબળો હતો. તેને સહાય કરનાર કોઇ નહતું; અને શિવાજીએ પૂરતી તૈયારી કીધી હતી. તેને ખોવાનું કંઇ જ નહિ હતું, મેળવવાનું જ હતું. માત્ર જોવાનું એ જ હતું કે, ક્યાંથી વધારે મત્તા મળશે તે જ. તેણે પોતાના નાયકને ઘણું શીખવી મોકલ્યો હતો. અગરજો નાયક કુશળ હતો, તેને શિવાજીના બોધની કંઈ જરૂર નહતી, તોપણ જે હેતુ શિવાજીએ રાખ્યો હતો, તેને માટે તેને જેટલી કાળજી હોય, તેવી બીજાને ન હોય, માટે ટોકી ટોકીને તેને મોકલ્યો હતો. આપણે જોયું કે જે દક્ષિણી દુમાલના હનૂમાનની જાયગામાં આવીને બેઠો છે, તે એક મહા અઘોર કાવતરાંના કામ માટે આવ્યો હતો. પણ એ બેરાગી કોણ ?

* * * *

બેરાગી સુરતનો જ રહીશ હતો. તે વેદમાં કર્મકાંડ સૂધી સારી રીતે પહોંચેલો હતો. જાતે ઘણો નિખાલસ તેથી પૂર્વાશ્રમમાં કંઇક સહેજસાજ વેપાર કરીને પોતાનો નિર્વાહ કરતો. તેની ન્યાતિમાં કન્યાની અછત તેથી કુંવારો હતો અને ચાળીસ વર્ષની ઉમ્મર થઈ તોપણ પરણ્યો નહતો; અને તે પછી પરણવાની આશા પણ નહતી. તેટલામાં ભોગ ચોઘડીએ અકસ્માત્ પ્રસંગે એક તરુણ વિધવાનો પ્રસંગ થયો. બાઈ બહુ કાંતિવાળી, લજ્જાળ અને શિયળ સાચવનારી હતી. નાનપણામાં જ તેનાં માબાપ ગુજરી ગયાં

હતાં, અને તેના ભાઇએ ઘરમાંથી વિના પ્રયોજને કહાડી મૂકી હતી. જો કે ગુજરાન કરવાને તેને મહામહા મુશિબત પડી હતી, તોપણ એક પણ દિવસે પાપ વાસના કરી નહતી. મહામહા કષ્ટે તે દહાડા ગુજારતી હતી. ઉમ્મર માત્ર સત્તર વર્ષની હતી. આવો તરુણાવસ્થાનો કાળ તે કેમ દુઃખે નિકળે ? સાધુ સંતને સમાગમ રાખે, પણ વિરહપીડા તો ન વેઠાય. ભણેલી ગણેલી હતી, તેથી ધર્મશાસ્ત્રથી જાણ્યું હતું કે, પતિ મરણ પામે તો સ્ત્રીથી બીજો પતિ ન થાય; છતાં વિરહથી પીડાવાને લીધે ફરી લગ્ન કરવાને વિચાર કીધલો ! તે ન્નાતે વીશનગરી નાગરાણી હતી. તેને આ ગૃહસ્થ નાગર હરિપ્રસાદ સાથે પ્રસંગ પડ્યો બંનેની સંપૂર્ણ ઇચ્છા લગન માટે થઇ. અન્યોન્ય કોલથી બંધાયાં. જો કે કંઇક રીતે નિકટનાં સંબંધી હતાં, તે છતાં આપણે પરણવું સાથે ને મરવું સાથે એમ એકેકે કસમ ખાધા. પણ માણુસ ધારે છે શું ને ઇશ્વર કરે છે શું ! એ સમયે નવાબ આગળ નાગર કાયેચોનો ભારે દોર હતો. તારાગવરી જે એ બાઇનું નામ હતું તેનો ભાઇ નવાબ સાહેબનો હજુરિયો હતો. તારાગવરી અને હરિપ્રસાદનાં પુનર્લગ્ન થનાર છે એમ જાણી તેણે નવાબને ભંભેર્યો. ઘણા રાજાઓને કાન હોય છે, પણ સાન હોતી નથી. તે પ્રમાણે નવાબે બંનો જણને એકદમ પકડી મંગાવ્યાં. તારાને કેદખાનામાં રાખી, જ્યાં તેના ભાઇએ ઝેર આપી મારી નાંખી. હરિપ્રસાદને પણ બહુ રિબાવ્યો, પણ દહાડાના જોગે તે કેદખાનાના ઉપરીને કંઇ દાન દક્ષિણા આપી નાસી ગયો. પોતાની પ્યારીના બૂરા હાલ થવાથી, તેની છાતીમાં મોટો ઘા પડ્યો ને તેની ઉદાસીનતામાં સર્વસ્વ ત્યાગ કરીને વૈરાગ્ય ધારણ કર્યો. પણ મનમાં એવી ઇચ્છા ખરી કે, નવાબ અને તેના કારભારીને તેમની કરણીનાં ફળ ચખાડવાં. છએક વર્ષ હિંદુસ્તાનમાં રઝળી રખડીને ત્રણ વર્ષ થયાં પાછો પોતાનુ વૈર લેવાને સુરતમાં આવીને પડેલો હતો. તેનું મન મોટું હતું અને તે તેજ પ્રમાણે મોટું વૈર લેવાને ધારતો હતો !! બહિરજીને પ્રથમ પરદેશી ધારી તેને આશ્રય આપ્યો, પણ જ્યારે તેણે જોયું કે આ પ્રપંચી છે, ત્યારે તે તેનો મળાતયો થયો; તે શું કરે છે તે આપણે હવે પછી જોઇશું.

१४४५०

# પ્રકરણ ૩ જું

## બહિરજી અને બૈરાગી

જે દિવસે ઉપલો બનાવ બન્યો, તેજ દિવસની રાત્રિયે—અને તે જ સ્થળે હનૂમાનની જગાથી આશરે વીશ મિનિટના રસ્તાપરની દૂરની બંગલીમાં બે સ્ત્રી પુરુષ બેઠાં હતાં. બંને જુવાન અને રંગમસ્ત હતાં. ઉમ્મર પહેલીની માત્ર બાવીશ અને બીજાની પચ્ચીશ વર્ષની હતી. પુરુષ કરતાં સ્ત્રી સૌંદર્યમાં વિશેષ શ્રેષ્ઠ હતી. બંનો જણ એ વખતની શહેરની સ્થિતિ સંબંધી વાત કરતાં હતાં; અને શહેરમાં હવે કંઇ આફત આવી પડશે, એમ પેલી સ્ત્રીએ બીજાને કહ્યાથી બંનો ચિન્તાતુર હતાં. આવા ઉદ્વેગમાંથી મુક્ત થવા, અચિંતવ્યું બાજુના ખેતરોમાં ફરવાનો વિચાર કીધો અને બહાર નીકળી પડ્યાં.

રાત્રિના નવ વાગ્યા હતા. શિયાળાનો દહાડો હતો તેથી બંનોએ સાલ ઓઢી હતી. ધીમે ધીમે ખેતરોમાં આગળ વધ્યાં ગયાં અને આસપાસ ફરવામાં તેઓ આનંદ માનવા લાગ્યાં. ચન્દ્રી પૂર ખીલી રહી હતી, તેથી દૂર સૂધી તેમની નજર પહોંચતી હતી. તમ તમ તમરાનો સૂર આવતો અને કોહલાનો બેસૂરો અવાજ સાંભળી વખતે પુરુષ ખંચાતો, પણ સ્ત્રી જે જાતે પુરુષાર્થી હતી તે તો ચાલી જ જતી હતી. થોડું ચાલી તેઓ જમણી બાજુએથી ડાબી બાજુએ ફર્યાં. "પ્રિયે, એમ નહિ પણ આમ ચાલો!" "ક્યાં જવાનો વિચાર થયો છે?" પેલા પુરુષે પૂછ્યું, અને વધારયું કે "હવે મને નિદ્રા ઘણી આવે છે માટે પાછાં ફરો." "જો તમારી એવી જ મરજી હોય, તો આપ બંગલે જઇ પોઢો, મને ફરવાની ઘણી હોંસ છે." આ સાંભળતાં જ પેલા પુરુષે પોતાનો રસ્તો બદલ્યો. તે પોતાની બંગલીએ ગયો અને સ્ત્રીએ બૈરાગીની ઝુંપડી તરફ પોતાનાં પગલાં ઉપાડ્યાં.

* * * *

બાવાજીની પર્ણકુટીમાં બહિરજી અને બેરાગી બંનો જુદી જુદી ખાટલીપર પડેલા હતા. થોડીવાર તો બંનો અબોલ પડી રહ્યા. પણ વખત વીતે તો ઠીક એમ લાગવાથી બાવાજી બોલ્યા:—

"બચ્ચા, તુમ કીધરસેં આયા? તેરા નામ ઠામ કયા હૈ?" મરાઠાએ ઉત્તર આપ્યું; "મહારાજ મારું નામે નથી અને ઠામે નથી જ!"

"કયા બચ્ચા એસી ગંડુ જેસી બાત કરતા હૈ! કીસકીભી સીપાહ-ગીરી તુમ ખેડતે હો ના?"

"હું કોઇનો નોકરે નથી ને કોઇનો ચાકરે નથી," તે મરાઠે કહ્યું.

"તેરા ધર્મ કોનસા હૈ?"

અહીંઆ પણ મરાઠાએ તાલ લગાવી. "એક બ્રહ્મવિના મારો ધર્મ નથી."

બાવાજીએ આશ્ચર્યતામાં ગરક થતાં વિચાર્યું કે, આ કોઇ જેવો તેવો માણસ ન હોય. એના બોલવાની રીતભાતજ ઓર છે. પણ બાવાજીએ પાછી તાલમેલથી વાત ચલાવી; અને એ દક્ષિણી કેવા હેતુથી આવેલો છે, તે જાણવાની જિજ્ઞાસા વિશેષ રાખી.

"લડકા, એ અસાર સંસારમેં સાર માત્ર ઇશ્વરકા નામ હૈ. મૈં જાનતા હું કે, તું કોઈ બડા બહાદર સિપાહ હૈ. લેકીન બાતચીતપરસે તો નઝર આતા હૈ, કે તું બડા હેમકગમાર હૈ;" એમ બાવાજી બોલ્યા. પછી લગારવાર થોભીને બાવાજીએ પાછી વાત ચલાવી. "એ સુરત બડા મુલ્ક હૈ, કુછ ધંધા રોજગાર કરો, કુછ પેસા લાવ ઓર મઝા ઉડાવ! ઇધર તો પેસેકી બડી ધૂમ ચલતી હૈ. રાતદિન લોક અમન-ચમન કરતે હૈ. લાખો ઓર કરોડો રૂપેકી ઉથલપાથલ હોતી હૈ, લોકકું બેપાર રોજગારમેં અચ્છી કમાઇ હૈ. લેકીન ઇશ્વરકા નવાબ-જેસે ગંડુઓકા પાચ્છા હૈ. રાત દિન અમન ચમન ગુજારતે. લેકીન એ પિંડારા મરાઠા જો ઇધર ઉધર પડે તો કયા સત્યાનાશ હો જાવે, કુછ કહેનેકી બાત નહિ. તુમ એ પિંડારાકી તહેનાત છોડકર કાયકે

બાસ્તે ઇધર આયા ?" આમ બોલી ઉંચા હાથ કરી તેણે પ્રાર્થના કરી, 'બજરંગ ! જો ગેરઇનસાફ, હમકું ઓ અકલસે હેરાન હાકીમને કરદિયા હે, ઇસકું તુંહી શિક્ષા કર." ખરેખર બજરંગે તેની પ્રાર્થના સાંભળી.

બહિરજીને માલમ પડયું કે નવાબથી કંટાળેલો આ કોઇ તેનો વૈરી છે અને એનાથી જો બધું જાણીશું, તો વધારે લાભ થશે. તે બાવાજી પ્રત્યે બોલ્યો; "મહારાજ ! અહીંઆ ઘણી દોલત છે ?" બાવાજીએ કહ્યું; "તું કયા જાને ઇધરકી બાત, સોના ઓર રૂપે બીના તો બાત જ હોતી નહિ. સારા દિન પેસા પેસા ! નાણાબટમેં જાકર તુમ દેખો, તેરા કાન ખણુણ ખણુણ અવાજસે બહેર માર જાયગા. નવાબ તો ગંડુ હે, ઇસકું કુછ માલુમ નહિ હૈ કે કીધર રાજ હોતા હૈ. સબ કારભાર ઓ નાગર ઓર કાયસ્થ લોક કરતે હૈ. નાગરોંકે ઘરમેં તો કરોડો રૂપે ભરે હે, તુમ દેખો તો અકલસે હેરાન હો જાવ."

બહિરજીયે કહ્યું; "જો આપની ઇચ્છા હોય તો કાલે જઇને શહેર જોઇયે !" "સચ્ચ હે. લેકીન સચ્ચા બોલ બચ્ચા ! તુમ કોણ હૈ, ઓર કીધરસે આયા, ઓર ઇધર આનેકા કયા કામ હૈ. હમ જૂઠા માણુ-સકી સંગત નહિ કરતે."

બહિરજી વિચારમાં પડ્યો. તેણે વિચાર્યું કે ખરી વાત કહેવી કે નહિ ! પણ કંઇ દગો થાય તો શું કરવું ? એમ વિચારી પ્રથમ મૌન ધારણ કીધું. બાવાજીએ મનમાં વિચાર્યું કે ગમે તેમ છે પણ આ કોઇ પાકો પુરુષ છે. તેની નેમ કંઇ જુદી જ છે. બહિરજીએ વિચારમાં ઘોળાયા પછી એમ જ નક્કી કીધું કે, ખરી વાત કહેવી, પછી "યા નસીબ !" પણ બાવાજીનું વચન લીધા વિના એક અક્ષર પણ હોઠ બહાર કહાડવો નહિ એમ ઠરાવ્યું.

"અને હું," પેલા મરાઠાએ, પોતાના નવા દોસ્તનો વિશ્વાસ મેળવી લેવા માટે અને જે કામ પોતાને પાર પાડવું હતું તે માટે, તે બોલ્યો. "મહારાજ ! યાદ રાખજો કે, જે મારા સ્નેહી ને વિશ્વાસપાત્ર

છે તેના મોં આગળ કદી પણ જૂઠું બોલતો નથી. હું આ શહેરની સમીપે આજે જ આવું છું, જે તમે આંખે જોયું છે. મને આ શહેર સંબંધી ઘણું જાણવાની અગત્ય છે અને તેમાં મારો કંઇ ખાસ હેતુ છે. આપના બોલવાપરથી મને માલમ પડે છે કે, આપને આ શહેરના હાકેમપર ઘણો ક્રોધ છે. તે કંઇ કારણુસર હશે, અને તેનું વૈર લેવાને ઇચ્છો છો ? જો આપ આપના પવિત્ર બજરંગના કસમ લો, કે જે જાણીશ તેનો આડો ઉપયોગ કરીશ નહિ, તો આપને મારો હેતુ જણાવીશ. જો મારા કામમાં તમારી સામેલ થવાની ઇચ્છા હોય તો સામેલ થજો, અગર ઇચ્છા ન હોય તો કોઇને કંઇ બોલતા નહિ."

"કમબખ્ત !" બાવાજી લગાર તરડાઇને બોલ્યો. "હમકું તુમ કૈસા પીછાનતા ! હમેરા શિર જાવે તો કયા બડી ચીજ હૈ, લેકીન એ મુસે એક શબ્દ નીકાલનેકી કોન તાકત ધરાતા હૈ ! લડકા, તું કયા જાને હમ સંત લોગોકી બાત. હમ કસમ લેકર કહેતે કે તેરી બાત ઐસી તૈસે હોવે, ઔર તુમ હમેરા શિર કાટનેકે બાસ્તે તત્પર હો, તદપિ હમ તેરી સામને કે દુસરે સામને એક શબ્દ પણ ન બોલુંગા. ચાહેસો કહો, ઓ ચાહેસો ના. તેરી મરજી ! હમ સંતલોક, હમકું કયા લેના દેના હૈ, બચ્ચા !"

બહિરજીની ખાત્રી થઈ તેથી, "મહારાજ ! ખંમા ખંમા !" એમ બોલી નમ્રતાથી વિનતિ કીધી. "ગરીબ સેવકપર આટલો ક્રોધ કરવો એ લાઝીમ નથી. વિઠોબાના ચરણના કસમ, મને તમારાપર જરાએ અવિશ્વાસ નથી. પણ મેં ઘણી વેળાએ સાંભળ્યું છે કે, ભોળપણાથી કેટલીક વાતો બીજાને કહેવાથી ઘણાં માઠાં પરિણામ થયાં છે. અને તેટલા જ માટે આપનો વિશ્વાસ મેળવવા કંઇક મેં વિચાર બતાવ્યો છે, તે આપ ક્ષમા કરશો." અને પછી વધારે સૂક્ષ્મ દૃષ્ટિથી જોવા માંડ્યું કે મહારાજના મોંપર કેવો રંગ થાય છે.

પણ મહારાજ તો એવા શાંત અને સ્વસ્થ હતા કે, તેનાપર એ બોલવાની જરાએ અસર થઇ નહિ. આ જોઇને શિવાજીના જાસૂસે પોતાની વાત પાછી ચલાવી.

"મારા જાણવા પ્રમાણે." કંઇ મંદ સ્વરે ને હસ્તે ચહેરે બહિરજી બોલ્યો. "આપ જે પીડિત છો તે વિરહવેદનાથી છે. હું એક મરાઠો છું, અને જો કે પરદેશી છું, તો પણ તમારી વાત મને કહેશો તો મારાથી બનતી મહેનત કરી સુખ અપાવીશ. ઘણીવાર એમ બને છે કે એક વાત બીજાને કહેવાથી અડધોઅડધ દુઃખ ઓછું થાય છે. જુવાનીના વખતમાં જે જે કૃત્યો થયાં હોય તેમાં પ્રીતિદુઃખ વેઠવું બહુ મુશ્કેલ છે; અને તેમાં ધારેલી મુરાદ બર આવતી નથી, ત્યારે અતિશય બેચેની ને ઉદાસી ઉત્પન્ન થાય છે. જોગી જતી સંન્યાસી સર્વેમાંથી મોટો ભાગ વેરાગ લે છે તે એવાં જ કોઇ દુઃખથી જ. આપ જો એવા જ કોઇ કારણુસર સંસારને છોડી બેઠા હો તો હવે ઘણા થોડા સમયમાં તમારે પાછા સંસારના ખટરાગમાં પડવું પડશે; તેવી કંઇ ઇચ્છા છે?"

"હમ," બેરાગીએ કહ્યું; "એસા નહિ. બચ્ચા અમેરી પીડા બડી હૈ, મગર થોડીબી હૈ! તુમકું કયા કામ પોસે; તુમ તુમેરી બાત ચલાવ, પીછે હમ દેખ લેંઇગે."

"તો સાંભળો," કંઇ વિચાર કરી મરાઠો બોલ્યો. "મારા સરદાર શિવાજીનો પેલા તરકડા કાફરોને ભરતખંડમાંથી કહાડી મૂકવાનો નક્કી ઠરાવ છે; અને તે માટે તેને કોઇના આશ્રયની ઘણી મોટી જરૂર છે. હું તેનો દૂત અને ભારતભૂમિના રક્ષણકર્ત્તાનો સાથી છું. સર્વ સાહિત્ય—સૈન્ય અને ઐકય—એ અમારી પાસે છે. પણ કમનસીબથી જોઇયે તેટલાં નાણાં નથી. અમારા નસીબને અજમાવવા ઘણાં સાહસ કર્મો કીધાં, પણ જોઇતો જય મળ્યો નથી. મુસલ્લાના શહેરોપર અમે ઉતરી પડ્યા, ઘણી મુસલમીન બીબીઓને લોંડી કરી પકડી લઇ ગયા; ઘણાં નગરો ઉજડ કીધાં; ઘણે ઘણે ઠેકાણે ત્રાસ ને ભય વર્તાવી દીધો.

જો કે એ સઘળે સ્થળે રામદાસ સ્વામીના શિષ્યનો જય થયો છે, તથાપિ જે ઇચ્છા હતી, તે સંપૂર્ણ થઇ નથી. અમારે પૈસાની ઘણી જરૂર છે અને આપણા દેશમાંથી જે પુષ્કળ દોલત મોગલ ને મુસલ્લાઓ લઇ જાય છે; આપણા દેશની વ્યવસ્થા તેઓ કરે છે; આપણી સ્થિતિ અતિશય દુર્બળ રાખે છે—ત્યારે અમે વિચાર કીધો કે અમારી શી અવદશા થશે? નથી ખબર કે કયાં જઇશું ને શું કરીશું? અમને અતિશય ભય છે કે આપણો મુલ્ક તદ્દન ખેદાન મેદાન થઇ જશે. પણ તેટલો વિચાર મહારાજા શિવાજી કરતા હતા, તેવામાં એમના જાણવામાં આવ્યું કે એ વિલાતી લોક અંગ્રેજ, વલંદા, ફિરંગી લોક પાસ બહુ પૈસો છે, અને આ સુરત નગરના જેટલું બીજું કોઇ પણ પૈસામાં બળવાન્ નથી. આ વાત ખરી છે કે ખોટી અને જો અમે આ સ્થળમાં આવીએ તો કેટલો પૈસો મેળવી શકીએ કે નહિ મળે, તેની તપાસ કરવા મને મોકલ્યો છે. જ્યાં જ્યાં હું દૂત કાર્ય માટે ગયો છું, ત્યાં ત્યાં સઘળે સ્થળેથી મને સારી વાકેફગારી મળી છે. મેં મારા દૂતપણાથી ૧૪ નગરોમાં ત્રાહે ત્રાહે બોલાવી છે; અને તેથી મારાપર શિવાજી મહારાજનો ચાહ ઘણો વધ્યો છે. આ શહેરમાં ઉતરી પડવાનો અમારો વિચાર નક્કી છે; પરંતુ કયી જગોપરથી વિશેષ લાભ મળશે તે તમો બતાવી શકો તો મહારાજા શિવાજીથી તમારું સારું સન્માન કરાવી, ઉંચી પદવીએ ચઢાવીશ. મારું નામ બહિરજી નાયક છે; અને તમારી તરફથી હવે મને કંઇ પણ આશ્રય મળશે એવી આશાએ આ મારી ગુપ્ત વાત જાહેર કીધી છે, તેમાં જે જોખમ મેં વેઠ્યો છે તેનો ખ્યાલ, મહારાજ, તમારે મનમાં કરવો."

બાવાજીના મોંપરની સુરખી આ સાંભળતાં ફરી ગઇ; અને એક મોટો આનંદનો શ્વાસ ખેંચ્યો. પોતે મનમાં બોલ્યો;—"અબ ખુનકે બદલેમેં ખૂન લેનેકા સમય આયા હૈ. અયે બજરંગ! હમ હમેરા બૈર લેઇંગે. તેરી સહાયતા હમકું ચઇતી. કીધર હે જીગરકા બૈર?" પછી મોટે અવાજે કહ્યું; "અબે બચ્ચા બહિર, તુને તો ગઝબ કરનેકા ઇરાદા

કીયા હે! હમને હમારી ખોલીમે સેતાનકું બસાયા! મગર કુછ ફીકર મત કર, મેં તેરી સાથ તૈયાર હું, ઓર સબ ચીઝ તુઝે—" પણ તેટલામાં તો પછીતપરથી કંઇક શબ્દ સંભળાયો ને બહિરજી ચમકયો.

"મહારાજ, જુઓ, સાંભળો, આપણી વાત કોઇ સાંભળે છે!" વચ્ચે અટકાવ કરીને જાસૂસ બોલ્યો "મેં જે ઇરાદો રાખ્યો ને યુક્તિ રચી છે, તે જો કોઇ જાણે તો મારાં ને તમારાં શિર તેજ ક્ષણે ધડથી વેગળાં થાય!"

"બચ્ચા ડરતા કયા? ઇધર કોણ આવેગા? તેરે જો કહેના હોય સો કેહ; અવાજ કૈસા ઇધર સાધુકી ઝૂંપડીમેં?"

"નહિ બાવાજી; મને એમ લાગે છે કે, અહીંઆં કોઇ છે ને તેણે આપણી વાત સાંભળી છે. તમે તપાસ કરો."

બાવાજી હાથમાં ચલમ લઈ ઉઠયા ને આસપાસ ફરી આવ્યા, પણ કોઇ જોવામાં આવ્યું નહિ. તેણે ધાર્યું કે ચોર હોય તે સૌને ચોર દેખે તેમ નાયકને ભ્રમણા કે સ્વપ્નાભાસ થયો હશે.

જ્યારે પૂરી ખાત્રી થઇ કે કોઇ નથી, ત્યારે મહારાજ પાછો પોતાની ખાટલીપર આવીને પડ્યો ને ગાંજાની એક ચલમ, જે ભરીને લાવ્યો હતો, તેનો દમ કસ્યો.

"તો સાંભળો મહારાજ, હવે જે મેં યુક્તિ કીધી છે તે;" ક્ષણેક શાંતિ પકડ્યા પછી તે નાયક બોલ્યો. શિવાજીના મારી સાથે આઠ જાસૂસો આ શહેરમાં જુદે જુદે દરવાજે પેઠા છે. તેઓ શહેરમાં ફરી હરીને ઘણી તપાસ કરશે. પણ હું આશા રાખું છું કે, તે સહુના કરતાં હું ચાર ચંદા સરસ નીકળીશ. તેમાં કર્મ સંજોગથી તમારો સમાગમ થયો છે, તો હવે કોઇ વાતે ઊણું પડવા દેશો નહિ. મેં ઘણાના મોંથી સાંભળ્યું છે કે, શહેરની મધ્યમાં નાણાવટ છે ત્યાં અને બીજી જગ્યાએ ઘણો પૈસો છે. આ વાત મારા જાણવામાં આવી, ત્યારથી ચટપટી લાગી છે કે તે લત્તાની તપાસ પ્રથમ અવશ્ય કરવી જોઇયે. હું અહીંઆં આવ્યો

ત્યારથી તે હમણાં સુધીમાં જે જે માણસોનો સંબંધ થયો છે તેનાથી અને જે લોકો આવજાવ કરે છે તેનાથી, તેમની રીતભાતથી, તેમના ઉદ્યમથી, મારી પૂરી ખાત્રી થાય છે કે, સુરતના જેવું એક પણ નગર પૈસાની બાબતમાં ચઢતું હશે નહિ. જેને જોઉં છું તેનો સિનો જ ઘણો ભારી હોય છે. દેવાલયમાં જે દર્શને આવે છે તે પાવલી બે આનીથી ઓછી ભેટ ધરતું નથી. જો પૈસો ન હોય તો એવી રેલછેલથી કામ કરે નહિ. અમારામાંનો કોઇ પણ દૂત, મને આશા છે કે, થોડા વખતમાં આવીને કંઇ પણ વાત કહેશે."

"અહા, અબે બહિર! કોઇ મરાઠા!" મહારાજ વચ્ચે બોલ્યા. "પ્રાતઃકાલમેં ઇધર આયાથા સહી."

"તે સંબંધી હું તમને સઘળું કહીશ પછી, પણ પ્રથમ તમે શું સહાય કરવા માંગો છો, અને તેને માટે શું યુક્તિ કરવી તે મને જણાવશો." પણ તેટલામાં પાછો પછીત તરફથી કંઇક અવાજ આવ્યો ને બહિરજી ને બાવાજી બંને સાથે જ ચમક્યા.

"કૂછ હે સહી!" બાવાજીએ કહ્યું. "ચાલ અબે દેખ કયા હે!" બંનો જણ ઉઠીને બાજુએ તપાસ કરવા ધસ્યા. પણ જેવા તેઓ જાય છે તેવું જ દૂર ઝાડીમાંથી કોઇ માણસને પસાર થતું જોયું. બહિરજી તેની પછાડી જોવાને દોડ્યો, પણ ચંદ્રના કંઇ અજવાળામાં તથા ઝાડીના અંધારાની ગીચ ઘટામાં તેને સ્ત્રી જેવી આકૃતિ જણાઇ, એટલે કંઈ વિચાર કરીને ચમક્યો. પણ પાછો વિચાર કરી તે તે આકૃતિને પકડવાને દોડ્યો. આસરે વીશેક વાર દૂર ગયો નહિ હશે, તેટલામાં એક મોટા પથ્થરની ઠોકર લાગી તેથી તે ઝટ જમીનપર કૂટાયો; અને ત્યારે તેના મનમાં ખાત્રી થઈ કે, મેં હુજતાઈ વાપરી એ ઠીક કીધું નહિ.

બહિરજીએ જેવી સ્ત્રીની આકૃતિ જોઇ તેવા તેને બે વિચાર આવ્યા. એક એ કે કાં તો એ કોઇ બાવાજીની લુગાઇ હશે ને તે બાવાજીને મળવા આવતી હશે, તેવામાં બે જણને જોઇ તે નાસી ગઇ છે. બીજો

વિચાર આવ્યો કે બાવાજીએ મને ફસાવવાનો તો બેત રચ્યો નથી! ને તે વિચારથી તે આકૃત્તિની પછાડી દોડ્યો. પણ તેની શી સ્થિતિ થઈ તે તો આપણે જોયું.

નાયકના પડતા સાથે બાવાજી તેને સંભાળવા આવ્યા. તેને ઉઠાડતાં ઘુંટણમાંથી લોહી વહેતું જોયું, પણ તેને શુકન ગણી કંઇ પણ આપત્તિ નથી, એમ માની બંનો પાછા ફર્યા. બાવાજીએ કહ્યું કે, "કોઈ ભક્ત દર્શન માટે આવ્યો હશે તે બે જણને ધસ્યા આવતા દેખીને નાઠો હશે." બહિરજીને એ કહેવું કંઇ વાજબી લાગ્યું નહિ.

પાછા બંનો સ્વસ્થ થયા પછી બાવાજીએ કહ્યું; "મેં જાનતા હું કે તું તેરા નામ કરેગા, ઔર ઓ નવાબ ઓર નાગરપર હમકું બહોત ખફગી હે, ઉસ સબબસે તુઝે જીતની ચાઇયે ઇતની મદદ મેં દઉંગા. લેકીન એ સરતસે કે મેં જો ધરમેં ઘુસકર ચાહે સો કરૂં, ઉસમે તેરા શિવાજીકા કોઇ માણુસ હમકું વિક્ષેપ કરે નહિ."

"હું તેને માટે પંઢરપુરવાળાના કસમ લઉં છું કે, તમને કોઇ અડચણ કરે નહિ;" બહિરજીએ મોટા ઉમંગથી કહ્યું. "એ બાબતમાં મારે ને તમારે જ વાતચિત થાય તેને માટે રામદાસ સ્વામી મારા જમાન છે. તમારે યાદ રાખવું કે, મેં જે કાર્ય કર્યું હોય, તે કોઇપણ એવો સરદાર કે સેનાદાર નથી કે ફેરવી શકે. જો તમે મને કદી ઠગો નહિ, તો યાદ રાખજો કે, તમારી મુરાદમાં સર્વ રીતે ફતેહ પામશો. મારી પાસે એવી એવી યુક્તિ અને કાવાદાવા છે કે, જેથી ગમે તેવી આપત્તિમાં આવી પડીશું, તેમાંથી પણ બચાવ કરી શકીશું. સવાર પડતાં પહેલાં તો મને મારા દૂતો મળવા જોઇએ. તમારી જે ગોઠવણ હોય તે મને જણાવો અને પછી શહેરની તપાસ લઇએ."

બાવાજીએ પોતાની ગોઠવણ બતાવવાનું સવારપર મુલતવી રાખી, બંનો જણા સુઈ ગયા, અને દરમિયાન થોડેક સમયે બહિરજીને ઉઠી બહાર પણ ફરી આવ્યો, તે જ્યારે ઉંઘમાંથી સળવળી બાવાજીએ આસપાસ જોયું ત્યારે જાણ્યું.

## પ્રકરણ ૪ થું

## મોગરાનો બહાર

આજે દિવસે જ્યારે બહિરજી અને બાવાજી પોતપોતાની વાતમાં ગુંથાઇ શહેરમાં ફરવાની યોજના નક્કી કરતા હતા; અને દર્શને આવનારા ભક્તો આ નવા મરાઠાને જોઇને આશ્ચર્ય પામતા હતા, ત્યારે મણિગવરી પોતાની બંગલીમાં રાતની વાત સાંભળી શોકમાં હતી. જ્યારે બે દૂતો શહેર બહાર હનુમાનની જગાથી સહજ દૂર પોતાના નાયકને શોધવાને આસપાસ જોતા હતા, ત્યારે હરિલાલ પોતાના વિચારમાં મશગુલ થઇ જઇને શું કરવું, તેના ઘોટાળામાં પડયો હતો. તેણે થોડો વખત આમ તેમ ફેરાહેરા માર્યા અને પછી કંઇ જંપ ન વળ્યો, ત્યારે તે પોતે હનુમાનની જગા આગળ ગયો, ત્યાં દર્શન કરીને બાવાજીને પગે લાગી પાછો ફર્યો. ત્યાં બહિરજી હતો નહિ. હનુમાનની જગાના ઓટલાપરથી તેણે થોડે દૂર ત્રણ માણસોને વાતચીત કરતા જોયા, તેમાંના બે હિંદુ અને એક મુસલમાની વેશ સજેલો હિંદુ હતો, તેની પાસે જવાની કંઇ હિંમત ચાલી નહિ, તેથી પોતાની બંગલીએ તે પાછો ફર્યો.

"જોયું કે પ્રિય!" મણિ બોલી, "મને તો અતિ ઘણી ચિંતા લાગે છે કે, જો આજે ને આજે કંઈ થશે નહિ તો શહેરનું સત્યાનાશ વળી જશે."

"ખરું છે. પણ શું ઈલાજ લેવો તે સુઝતો નથી;" તેણે જવાબ આપ્યો. "કંઈ વધારે ગડબડ કરીશું તો એ માણસ છટકી જશે અને સઘળું ઉલટું થઇ જશે; અને આપણા નસીબમાં કાળીટીલી લખાશે! આપણો ધર્મ છે કે જેમ બને તેમ રાજાનું ને પ્રજાનું રક્ષણ કરવું. તમે કંઇ ઇલાજ બતાવો છો?"

"તમે એ સઘળી ખટપટ મૂકી દો અને મારા વિચારપર વાત રાખો;" મણિએ કહ્યું. "પણ આજે આપણે ત્યાં જે મિત્રો ભોજન માટે આવવાના છે, તેની સંભાળ તમારે લેવી પડશે. હું મારી શક્તિ પ્રમાણે એનો કંઇ સંકેત પાર ઉતારીશ."

તુરત તે પ્રિય પતિએ, પોતાની પત્નીને એક ચુંબન કરીને તેના-પર પુરતો વિશ્વાસ મૂકયો. અન્યોન્ય એવાં તો પ્રેમથી સંકળાયલાં હતાં કે, એક બીજાને ઘડી પણ વીલાં મૂકતાં નહિ; તથાપિ આટલું આ સ્થળે કહેવું જોઇયે કે, પુરુષ કરતાં સ્ત્રી સર્વ પ્રકારે શ્રેષ્ઠ બુદ્ધિવાળી હતી.

પ્રસંગને યોગ્ય આ સ્થળે પૂર્વનો ખુલાસો કરવો જોઇયે. રાત્રિના જે દંપતી દુમાલના હનુમાન આગળ ચન્નિની સહેલ કરતાં હતાં, તે શાહ આત્મારામના પ્રપૌત્ર ને તેની પત્ની હતાં. પોતાના પતિથી છુટી પડીને મણિગવરી હનુમાનના દેવાલય તરફ ફરી, તે આપણે ગયા પ્રકરણમાં જોઇ ગયા છીએ. તે જેવી ભીતના પાછલા ભાગપર આવી કે, મરાઠાનો શબ્દ સાંભળ્યો. તેને કાંઈ કારણસર મરાઠાનો ઘણો ભય હતો, તેથી જેવો એ શબ્દ સાંભળ્યો કે ખમચીને ઊભી રહી. બાવાજી ને બહિરજી જે જે વાત કરતા હતા, તે સઘળી તેણે સાંભળી; અને જ્યારે હાથમાં ચલમ લઇને બાવાજી આવ્યા, ત્યારે તે પડખાના ઝાડના ઓઠામાં લપાઈ ગઈ. ગાંજાથી બાવાજીની આંખ ચકચૂર–લહેલૂર બની રહી હતી ને તેથી તેને લાંબુ સૂઝે નહિ, તેથી પહેલી વેળા તે પાછો ફર્યો; પણ બીજી વેળાએ મણિથી અકસ્માત્ એમ જ બોલાઈ ગયું કે, "તમારું સત્યાનાશ જજો!" અને તે અવાજ બંનો કાવતરાખોરને કાને એકી વખતે પડ્યો. તે બંનો ઊઠતા સંભળાયા અને તેણે તુરત જાણ્યું કે, ઘાણ બગડી ગયો, પણ હીંમતવાળી હતી તેથી એકદમ નાસી ગઈ. ઝાડમાં લૂગડું ભરાવાથી તેના ચીરા પણ ઉતરી પડ્યા, પણ જેમ હરણી નાસે તેમ નાસતાં તે પથ્થર સાથે અથડાઇ, પણ પાછી ઝટ-પટ ઉઠી, ટટાર થઇને નાઠી. તેને મરાઠાના નામનો જ મોટો ભય હતો, તેથી જ્યારે બહિરજીને સહજ જોયો, ત્યારે તે ઘણી ગભરાઇ; ને તેજ ગભરાટમાં એકે શ્વાસે તે દોડી ગઇ. જો બહિરજીએ મણિને પકડી પાડી હોત તો ખચિત તે ત્યાં જ અધમોઇ થાત!

ઘેર આવી ત્યારે બાર વાગી ગયા હતા. તે ઘણી ગભરાઇને વિચારમાં બેઠી. શું કરવું તે તેને સૂઝતું નહતું. તે વિચારમાં ને વિચારમાં એટલી લીન થઇ ગઇ હતી કે, પ્રભાત થયું તે પણ તેને માલમ પડ્યું નહિ. પોતાના પતિના ઊઠવા સાથે એકદમ ગળગળી થઇને તેને ભેટી પડી અને રાતનો બનેલો સર્વ વૃત્તાંત કહ્યો. તે કહેતાં કહેતાં તેનાં રોમાંચ એવાં તો ઊભાં થયાં અને ભયથી એવી તો કાંપવા લાગી કે, હરિલાલે જો તેને બાથમાં લઇને સૂવાડી દીધી નહત, તો ખચીત તે પડી જાત. હરિલાલે મણિને ઘણી ધીરજ આપી, શાંત પાડી. સઘળો વૃત્તાંત જાણ્યા પછી બંનેએ સાથે દાતણપાણી કીધું અને દુધ પીધું. બંનો જણાં એ બાબત પોતાને શો સારો માર્ગ લેવો, તે માટે વિચારમાં પડ્યાં; અને જ્યાં સૂધી ભટે આવીને "ભોજન સમય થયો છે, માટે હવે ઊઠો ને સ્નાન કરી લો" એમ કહ્યું નહિ, ત્યાં સૂધી બંનોમાંથી એક પણ ઊઠ્યું નહિ. જમ્યા પછી હરિલાલ પોતાના ઓરડામાંથી ઊઠીને હનુમાનની જગામાં ગયો. દર્શન કરી ત્યાંથી પાછો આવ્યો, ત્યારે મણિગવરી પોતાના છત્ર પલંગપર બેઠી હતી. તેને આવતાંને વાર જે પ્રશ્ન પૂછ્યું તે, ને તે પછીની વાતચીત આપણે ઉપર વાંચી ગયા છીયે. માત્ર આ સ્થળે વિશેષ એ જ કહેવાનું છે કે, આ બંનો સ્ત્રી પુરુષ તે સમયની આત્મારામ ભુખણની પેઢીનાં વડાં હતાં.

હરિલાલ પોતે બપોરના સૂઇ ગયો. મણિગવરી તો વિચારમાં જ બેસી રહી હતી. પોતાના પતિની આજ્ઞા તો મળી, પણ કયે પ્રકારે ફત્તેહ મળે તેનો તે વિચાર કરવા લાગી. જાતે ઘણી હીંમતવાન્, પણ ગમે તેવી પણ અંતે સ્ત્રી-અબલા, તે જ્યાં સૂધી કંઇ અડચણ ન આવે ત્યાં સૂધી પોતાનું કામકાજ સરેરાટ કરી જાય, પણ જરાક અડચણ આવે તો તુરત પાછી હઠી જાય. તેણીએ ઘણા વિચાર કરયા; અંતે એક નક્કી ઠરાવપર આવી. પાસેની ટેબલપરથી લખવાનાં સાધન લઇને એક ચિઠ્ઠી લખી કહાડી. પાછલા પહોરને વખતે તેણે પોતાના એક દાસને બોલાવી,

પેલી લખેલી ચિઠ્ઠી આપી. એમાં કેટલીક અગત્યની સૂચનાઓ હતી અને તે નવાબની બેગમપર લખી હતી. તે ચિઠ્ઠીનું ઉત્તર બનતું જલદી એ જ જગોએ અથવા રાત્રિના શહેરમાં મળે તેમ સૂચવેલું હતું.

સંધ્યાકાળ થવાનો સમય આવ્યો. શેઠાણી પોતાની ગાડી જોડાવીને શહેરમાં જવા તૈયાર થયાં. પણ તેટલામાં શેઠે નોતરેલા પરોણાઓ આવી પહોંચ્યા. તેમનાં બૈરાંઓએ આ અવિવેકને માટે ઠણુકો કરી શેઠાણીને જતાં અટકાવ્યાં. શેઠાણી જાતે થોડાં ઘણાં શરમાળ હતાં, તેથી તેમના બોલવાને માન આપી પાછાં ફર્યાં, પણ તેમને કંઈ પણ ગોઠયું નહિ. આજની ઉજાણીને તેઓએ "મોગરાનો બહાર" એ નામ આપ્યું હતું અને જ્યારે મોગરાની ઘણી અછત, ત્યારે શેઠે મહામુશ્કેલીએ તેનો મોટો જથો ભેગો કીધો હતો, જેમાંથી દરેક સ્ત્રી માટે એક સુંદર વેણી ગુંથાવી હતી અને દરેક પુરુષ માટે તેમાંથી એકેક હાર ને છોગું બનાવ્યાં હતાં.

શેઠાણી બંગલામાં પાછાં ફરયાં તેથી શેઠ આશ્ચર્ય પામ્યા, પણ સૌનો સરખો આગ્રહ ને સૌ એમજ બોલવા લાગ્યા કે, "ના, નહિ જવાય; તમે જશો તો અમે પણ જતાં રહીશું. ઘરધણીયાણી વગર મીજબાની હોય નહિ. મોગરો પોતાનો બહાર આપે નહિ!" એવું એવું અડપલું જ્યારે શેઠે સાંભળ્યું, ત્યારે તેઓ પણ લાચાર થયા.

દરેક પરોણો આજે મોટા ઉમંગમાં હતો. સૌ બદનપર ફીનખાબના કબજા અને ટોપી પહેરી ફક્કડ સહેલાણી લાલાજી બની આસપાસ ફરતા હતા. ચન્રી પૂરી ખીલી રહી હતી. તેમાં આસપાસ, બંગલીમાં દીવાની રોશનાઇ ખૂબ બહાર આપતી હતી. મોટા દીવાનખાનામાં ઘણો સુંદર ગલીચો બીછાવ્યો હતો અને તેની સુન્નેરી કોર ઝળકાટ મારી રહી હતી. ઝુમરો લટકતાં હતાં, તેને પણ સળગાવ્યાં હતાં. દરેક બારીની વચ્ચે એકેક મોટો જેપુરી ચિત્રનો તકતો હતો, જેમાં કેટલાંક શૃંગારનાં ને કેટલાંક રાજારાણીના જનાનાનાં ચિત્રો,

ઘણા અચ્છા કલમકસ ચિત્રકારનાં ચિત્રેલાં હતાં. એક બાજુએ બે સુંદર મોર જુદા જુદા સંગેમરમરના ટેબલપર ગોઠવેલા હતા અને ઇરાની વાજિંત્ર, જે ઘણો સુંદર ને મનહર સરોદ કહાડતું હતું તે પણ એક બાજુએ મૂકેલું હતું. સામસામા મોટા આયના ગોઠવેલા, તેમાં આરપાર જોતાં એમ જ માલમ પડતું કે, બીજા અંદર વળી કેટલાએ ઓરડા એવી જ રીતે શણગારેલા છે. સઘળી જગ્યાએ સ્વચ્છતા ને સુઘડતા હતી; અને સઘળે ઠેકાણે આસપાસ જોતાં મન ઘણું રંજન થતું હતું. વાડીમાંથી ફૂલોના પરાગનો બહેકાટ આવતો, તેથી મગજ તર થઇ જતું. બંગલાની અંદર ને બહાર બંને ઠેકાણે ફૂલાદિની રચના પણ એક નવીન ઢબછબની કરી હતી.

"પ્રિય મણિ!" હરિલાલ, મણિગવરીના ઓરડામાં જઇને, ઘણા ગંભીર પણ પ્રીતિ ભરેલા શબ્દથી, હોઠ સાથે હોઠ મેળવીને બોલ્યોઃ "મને ઘણી ધાસ્તી લાગે છે કે, આજની મોજમઝાનું પરિણામ ઘણું માઠું આવશે. જે રીતે આજનો મેલાવડો કીધો છે, તે રીતે સવાર સુધી કંઇ પણ છૂટકો થશે નહિ; કદાચિત્ બેગમનો પ્રતિઉત્તર અહીં નહિ આવ્યો, તો ખચીત તે શહેરમાં આવશે જ. ત્યાં જો તું ન મળી તો સમયે બેગમ સાહેબા ઘણાં ગુસ્સે થશે અને વળી રાજદ્રોહી ગણાઇશું. આજની મઝામાંથી તું બાતલ થાય તે મને જરાએ પસંદ નથી, તેમ તું અગત્યનું કામ કરે નહિ તે મોટું ભય ભરેલું છે. તારે સૌથી પહેલાં તે કામ કરવું જોઇએ. મારી પ્રસન્નતા કે અપ્રસન્નતાનો વિચાર હમણાં કરવાનો જ નથી. તારે તો શહેરમાં હમણાં જ જવું જોઇયે. તૈયાર થઇને ગુપચૂપ શહેરમાં જા. હું ગમે તે પ્રકારે સહુ ભાઇઓને સમજાવીશ. તારે જઇને સૌથી પહેલાં બેગમ સાહેબાને મળવું અને જે છૂપા શત્રુએ, ગઇ રાત્રિના તને ને મને ચમકાવ્યાં છે અને જે સૂર્યપુરના નાશ માટે મચેલા છે, તેને તેની કૃતિનાં ફળ ચખાડવાને નવાબને જાગૃત કરવો."

"આપનું બોલવું મને સર્વ રીતે રુચે છે પ્રિય!" મણિ બોલી. "પરંતુ એમ હું શી રીતે કરી શકીશ? સહુ મિત્રો તો આપણી આસપાસ વીંટાઇ વળ્યા છે, સર્વે રંગમાં મચેલા છે; મને ઉત્સાહમાં શામેલ થવાને વારંવાર વિનવે છે. તેમને મૂકીને જઇ શકાય એમ બનવું અશક્ય છે. મારો વિચાર તો ક્યારનો એમાં જ મચી રહ્યો છે. મને ચટપટી પણ એ જ થયા કરે છે કે કેમ કરવું. એક બાજુએ આગ ને બીજી બાજુએ દરિયો. બંને પાસથી સંકડામણ છે. સહુને તરછોડવા એ જાણી જોઇને રંગમાં ભંગ કરવા બરાબર છે. શહેરપર આવનારું સંકટ ન દૂર કરાય તો મૃત્યુ જ છે. કોઇને વાતનો સણુસારો પણ કરાય તેમ નથી. જો ભોજન સમય જલદી થાય તો ગમે તે મિષ કહાડીને સટકી જવાને ચૂકીશ નહિ. માત્ર વિલંબ તેનો જ છે."

"ત્યારે ઉતાવળ કર અને સહુ મિત્રોને માટે ભોજનની તૈયારી કરાવ;" કંઇક ઉચાટ મનથી હરિલાલ બોલ્યો. "મને કંઇ સમજ પડતી નથી કે હવે શું થશે? ઘણી વેળાએ આપત્તિ આવેલી છે, અને તેમાં ગભરાયો છું, પરંતુ આજના જેવો ઉચાટ, ઉદાસી ને ગભરાટ ક્વચિત્ થયાં હશે. તારે તો હવે અહીંઆંથી ચાલ્યા જવું જ જોઇએ અને બેગમને મળીને શહેરનું રક્ષણ થાય તેવા ઉપાય લેવા તેને સુચવવું. જ્યાં સૂધી એ સંબંધી કંઈ થશે નહિ, ત્યાં સૂધી મને શાંતિ વળનાર નથી. આજની ધામધૂમથી મારી વૃત્તિ ઘણી ખરાબ થઈ ગઇ છે. સર્વ કોઈ પૂર્ણ આનંદમાં મહાલે છે, પણ મને સર્વ સ્થળે ગમગીની ને ભય જ માલમ પડે છે."

"પ્રિયે, બેફીકર રહો!" કંઇ ઉત્સાહ ઉમંગથી મણિએ પોતાનું વેણ કહાડ્યું. "હું કોઇ પણ તાલમેલથી હમણાં જ અહીંઆંથી ચાલી જઇશ. પણ મારી ગેરહાજરીની ખામી તમે આ મેલાવડામાં પડવા દેતા નહિ. બનતા યત્ને કામ સિદ્ધ કરીશ અને તુરકડાને હાથે મરાઠાનો ઘાણ કહડાવીશ."

આ પ્રમાણે ખાત્રી થયા પછી હરિલાલ પોતાના ઓરડામાંથી બહાર ચાલ્યો ગયો, પણ તેટલામાં તો "હરિલાલ ક્યાં છે, મણિગવરી

કર્યાં ગયાં," એમ પરોણાઓએ બૂમાબૂમ કરી મૂકી. આસપાસ મોટી શોધાશોધ ચાલી રહી, ને જેવા હરિલાલ શેઠ બહાર નીકળ્યા કે સહુએ તેની મજાક બનાવવા માંડી. "ભાઈ! વહુ તો તમને જ છે કે ઘડી ચાલે જ નહિ!" "અમે કંઇ ઝઘાતીયા નથી જો!" એમ એકે કહ્યું. "અરે તમે ન જાણો, એ ધણીધણિયાણી કંઇ કાચ્યાં નથી, પહોંચેલ બુટ્ટી છે; સારસનું જોડું છે! ઘડીયે ન ચાલે! જૂદાં પડે તો ઝુરાઇ જાય!" એમ બીજાએ ટોણો માર્યો. "હશે, જવા દો એ વાત, બળ્યું તમે તે શું એમની મજાક બનાવો છો! લગાર મન હીઝરાતું હશે તેથી મીઠી મીઠી વાતચીત કરી આવ્યાં હશે;" એમ એક કન્યા-રાશિ લહેરખીબાઇએ મચકો કરીને હોઠ ફફડાવ્યા, પણ પછી ધીમેસથી હરિલાલ તરફ ફરીને બોલ્યો કે, "હવે તો અમને બધાને મોજ કરાવો, નહિ તો સહુ ચાલ્યાં જઇશું જો ભાઇ!"

"તમે સૌ કહો છો તે સત્ય છે;" તે યુવાને કહ્યું. "મારા જવાથી તમે સૌને જુદાં જુદાં અનુમાનો કરવાનો સમય મળ્યો એ બહુ ઠીક થયું." પોતાના મનમાં જે વિચાર ઘોળાતા હતા તે વિચાર માટે આ મોજી જુવાનો કંઇ જ જાણતા નથી ને ઘણા બેદરકાર છે તે ઉપર મૂછમાં હસીને તેણે વધારયું; "મેં જાણી જોઇને એ તક તમારા હાથમાં આપી છે; પણ ખાત્રી રાખજો, કે હું તમારાથી જરાએ દૂર ગયો નથી. તમારા સુખને માટે તથા તમો સૌના સારા ને ઉમંગ માટે મને જેટલી કાળજી છે, તેટલી કાળજી બીજાઓને ભાગ્યે જ હશે. હવે હું તમારી હજુરમાંથી ખસવા પણ માંગતો નથી. જેમ તમે સૌ રાજી થાઓ તેવા પ્રકારે કરીશ."

"આ તમારી મધુર લાવણ્યતા છે, પ્રિયમિત્ર!" એક દોસ્તે પ્રતિ-ઉત્તર દીધું. "તમારા ઔદાર્ય મનનો, અમારા પ્રત્યેની તમારી પ્રીતિનો આ એક જાગતોજોત દાખલો છે અને તે માટે આ સૌ તમારો ખરા દિલથી ઉપકાર માને છે!"

"ઠીક, ઠીક! હવે તો ઉપકારનાં વહાણુ જ ફાટશે? તમે મારો ઉપકાર માનો છો તો લ્યો, હું તમો ભાઇઓનો પણ બહુ બહુ ઉપકાર માનું છું. વલ્લમ્ ખુલ્લમ્! બસ, ધરાયા!" જરા મજાક કરતાં હરિલાલે હસતાં હસતાં કહ્યું. "હવે થોડીવારમાં ભોજનનો સમય થશે; ત્યાં સૌએ સત્વર પધારવું; અને એટલો સમય તમો સૌ ઉમંગે આ મારી નાનકડી ઝુંપડીમાં મઝા કરો—તમારા મુબારક કદમથી એ પાવન થશે!"

ભોજનશાળામાં રસોઇયાએ બડી ગડબડ કરી મૂકી હતી. ભાત-ભાતનાં પકવાન બનાવ્યાં હતાં. આ પ્રસંગે તે બધાનાં નામ લેવાની કંઇ જરૂર નથી, પણ સાદું ને સૌને પસંદ પડે તેવું સ્વાદિષ્ઠ ભોજન હતું. પાટલાની હાર એક સરખી, એક સરખાં જળપાત્ર, એક સરખી કેળની પત્રાવળી, એક સરખા રૂપાના વાટકા ને સૌને જોઇયે તે પ્રમાણે વસ્તુઓ ભાણામાં મૂકેલી હતી તેનો દેખાવ ઘણો અચ્છો લાગતો હતો. સૌ જનને કેવા પ્રકારે બેસાડવા, તેની ગોઠવણ મણિ-ગવરીએ ઘણી ફાંકડી કીધી હતી. દરેક સ્ત્રીપુરુષને સજોડે બેસાર્યાં હતાં; અને સૌ કોઇ થોડાં શરમાય તેને માટે પોતાની જગ્યા પણ પોતાના પ્રિયવલ્લભની સાથે જ ગોઠવેલી હતી. તે સમયમાં આ રીતિ તદ્દન નવીન જ હતી, તોપણ સૌ સમાન હતા, એટલે પુરુષોએ તો કંઇ વાંધો લીધો નહિ, તથાપિ બે ત્રણેક સ્ત્રીઓથી બોલ્યા વગર રહેવાયું નહિ. તેઓ મનમાં બબડી, પરંતુ જ્યારે બીજી સ્ત્રીઓને સ્વ-પતિની સોડમાં અડોઅડ ને ટપોટપ બેસતી જોઇ, ત્યારે કટાંણે મોઢે તેઓ પણ બેસી ગઇયો. સૌનાં ભાણાં પિરસાઇ રહ્યા પછી, મણિગવરીએ દિવાનખાનામાં જઇને વાજિંત્રોને કુંચી આપી કે તેઓએ મધુરો સુર કહાડવા માંડ્યો. "મેરે શાહજાદે આલમ કે લીયે, જંગલ શેહરા બીયાબાના ફીરી," તે સાંભળતાં સૌ ધીમે ધીમે પગપર થાપ મારવા લાગ્યા. સૌ સ્ત્રી પુરુષોને આજનો દેખાવ ઘણો આનંદિત લાગ્યો. તેટલામાં હરિલાલે

મિત્ર પરોણા ઉપર ઇસ્ટમ્બુલી ઉંચું અત્તર છાંટયું કે તેનો બહેકાટ ચોમેર અતિશેં ફેલાઇ ગયો. તુરત મણિગવરી આવી ને પોતાના પાટલા ઉપર બેઠી ને જમવાની વરદી આપીઃ એ દેખાવ જાણે આજના કાળમાં એક મોટી ભોજન મંડળીમાં "ટોસ્ટ" લેતા હોય તેવો લાગતો હતો.

તે દેખાવ ખરેખર અતિ રમણીય હતો. જનાનખાનામાં રહેલી સ્ત્રીઓ કરતાં આજે બિરાજેલી સ્ત્રીઓ અતિ સૌંદર્યવાન્–કાંતિમાન્ લાગતી હતી. સ્ત્રીઓના પરવાળા જેવા હોઠ ને મુખમાંઇ દાડમના દાણા જેવા દાંત વચ્ચેથી જે ઝીણો ઝીણો સ્વર નીકળતો હતો, તે દિવાનખાનામાંના વાજિંત્રને પણ એક કોરે બેસાડે તેવો મધુરો હતો કંઇ પણ કલબલાટ ને ગણગણાટ વગર સૌ મિત્રો ભોજન લેયાં જ હતાં. કોઇ કોઇ તરુણીઓ વિશેષ લજ્જાશીલ હતી, અને લજ્જા એ આર્ય સ્ત્રીઓનું ખરેખરું ભૂષણ છે. તેઓએ આચ્છા રંગનાં–ઋતુ શિયાળાની હતી તોપણ–વસ્ત્ર સજ્યાં હતાં. સાળુમાં મોં ઢાંકયું હતું; છતાં તેમાંથી પલકારા મારતી ચકચકિત હરિણી જેવી આંખો અતિશય મોહ ઉપજાવતી હતી. વળી હવા પણ નંદન બાગના જેવી હતી, તેથી તાઢમાં વધારો થતો હતો. ખૂબસુરતીમાં શ્રેષ્ઠ તો એ મેલાવડામાં મણિ-ગવરી હતી, પણ બીજીઓ કંઇ ઓછી ખૂબસુરત ન હતી. જેઓએ સોડામાં મોં ઢાંકયાં હતાં, તેઓએ માત્ર મોં જ ઢાંકયાં હતાં, પણ પ્રીતિભરેલી આકૃતિમાં સમાયલી મનમોહક શક્તિ, જેઓએ તેનો સંગ્રહ કીધો હતો તે, છૂપાવવાને શક્તિમાન્ થઇ નહતી. કાંતિમાન્, સદ્ગુણોથી ભરેલી, સકુમાર પણ બાંધાદાર શરીરવાળી, સ્વચ્છતાથી ભરેલી, જાતે શ્રીમંત્ શેઠાણીઓ, વળી મોજમઝા ને રંગરાગમાં મસ્ત મચેલીઓ, જુવાની મસ્ત પોતાના પ્રિયપતિઓની સોડમાં બેઠેલી, સૌંદર્યતાના ભંડારવાળી, આર્ય પ્રાચીન પોશાકમાં બિરાજતી તરુણીઓનો આ દેખાવ ચિત્રમય નહિ પણ સાક્ષાત્કાર હતો. તે કાળની તે સ્થળની રંભાઓ,

આ રંગમેલાવડાનો આ પ્રસંગ જોઇ ધીમે ધીમે મધુરું મધુરું હસતી એકેક ગ્રાસ મોંઢામાં મૂકતી, પણ શરમને લીધે મ્હોં આડું વસ્ત્ર ધરેલું તે ખસેડતી નહિ. તેવામાં ભટજી મહારાજ આવીને દૂધની ધાર પાડતા. "ના ના" ની ઇસારત કરતાં, છતાં ભટજી દૂધ ઝોકાવ્યો જતો—તે જ્યાં સૂધી દૂધ છલકાઇ જાય નહિ ત્યાં સૂધી; તે વખતે સૌ આશ્ચર્ય પામી મંદમંદ હાસ્ય કરતાં, એ દેખાવ બહુ ચિત્તાકર્ષક લાગતો હતો. પુરુષો પણ થોડા ઘણા શરમાતા—સ્ત્રી જેટલા તો નહિ જ. તેમને સમયને લીધે કંઇ વિવેક મર્યાદા રાખવી પડતી. કોઇ પાસે બેઠેલી પ્રિયાને કંઇ કહેવા જતો, ત્યારે બીજાઓ તેની સામા એકી નજરે જોતા તેથી તે શરમાઇ જતો. પણ અતિ સૌંદર્યવાન્ જોડાંઓ મોહ ઉપજાવતા હાસ્યથી એકેક પ્રત્યે તીક્ષ્ણ નાજુક આંખથી પલકારા મારતાં, ત્યારે તે સર્વે એક બીજાની શરમ સમૂળી છોડી દેતાં હતાં.

બરાબર એક કલાકે સૌ ભોજન લઇ ઉઠ્યાં. પાછાં સૌ દિવાનખાનામાં આવ્યાં. વાજિંત્રનો નાદ ચાલુ જ હતો. તેટલામાં હરિલાલે સૌ પુરુષોપર ને મણિગવરીએ સૌ સ્ત્રીઓપર ગુલાબજળ છાંટ્યું. ઠંડકમાં ઠંડક વધારી! દેખાવ તો આ સમયનો અતિ સરસ હતો. દીવાની જ્યોતના પ્રકાશથી દીવાનખાનું ઝળહળાં થઇ રહ્યું હતું. ઝુમરનાં લોલકો રંગ બેરંગી ઝળકાટ પાડતાં અને તેના પ્રકાશમાં સ્ત્રીઓના મોતીની માળા, છડા અને બંગડીનો પ્રકાશ વિશેષ ઝમક આપતો હતો. એકેકના પ્રતિબિંબથી આખો ઓરડો ઝળકી રહ્યો હતો. ઇંદ્રસભા તુલ્ય દેખાવ બન્યો હતો. પોશાકની ફક્કડાઇ વળી વિશેષ હતી. દરેક સ્ત્રી પુરુષોની આંખ પ્રેમની કેફમાં તેજ મારતી હતી; ફરફર આવતા પવનથી ઝુમરનાં લોલક હાલતાં ને દીવાનાં કિરણો વધારે પ્રકાશતાં, તેથી આંખે ઝંખવાઇ જતી હતી.

ચાકરોએ આવીને સૌના હાથમાં આ સમયે મેવાની રકાબીએ ધરી દીધી. ઘણા અચ્છા પ્રકારનો મેવો—જેમાંનો કેટલોક તો નવાણ

સાહેબના ત્યાંનો ખાસ આવેલો, તે પણ દરેક રકાબીમાં મૂકેલો હતો. પોતપોતાની રુચિ પ્રમાણે સૌએ તે ખાધો. ચાકરોએ ઓરડામાં ફરી વળી, રકાબી લઇને હાથ ધોવડાવ્યા ને હાથ લુછવાને સ્વચ્છ ધોયલા હાથલુછણા સૌના હાથમાં ધરી દીધા. પછી મુખવાસ આપવામાં આવ્યો. ક્ષણેક રહી પાછા સૌ ઉઠીને ઉભા થયા ને પોતપોતાના મિત્રો જોડે અનેક પ્રકારનાં ગપ્પાંસપ્પાં હાંકવા મંડ્યા.

આ સઘળા વખતમાં હરિલાલને પોતાની સ્રી જોડે, તેમ બીજાઓ જોડે પણ વાત કરવાનો સમય મળ્યો નહોતો. સૌને પોતપોતાના વિચારમાં આનંદ માનતા હાલનમાલન કરતા જોયા, એટલે હરિલાલ મણિગવરી તરફ ગયો, ને થોડીક મિનિટ વાત કરવાનો પ્રસંગ સાધ્યો.

"મારી અતિ પ્રિય સલુણી !" હરિલાલે મણિના ગાલપર ધીમેસથી હાથ ફેરવીને કાનમાં કહ્યું: "તું જરા બાજુએ આવ, સૌને આજે કંઇ કારણસર આપણી વર્તણુકમાં ફેરફાર લાગે છે—તેથી સૌ આપણી હિલચાલ તપાસે છે, ને મારે કંઇ વિશેષ સૂચના કરવી છે. વહાલી ! તું જાણે છે કે આજે તને વિલી મૂકવાને હું કેટલો નારાજ છું, તે છતાં તને જવા દેવાનો કેટલો આગ્રહ કરું છું,"—

"મને માલમ છે, હું જાણું છું;" મણિએ સંપૂર્ણ પ્રેમના આવેશના શબ્દથી, ધીમેસથી હોઠ હલાવ્યા. "આવો સુખદકાળ કંઇ વારંવાર આવતો નથી પણ નાચાર."

"તારો ઉપકાર ! પણ જલદી જા, હવે વિલંબ ના કર." ગાલ ઉપર હાથ લગાડી તેણે કહ્યું. "હું હવે જાઉ"—

આ શબ્દ પૂર્ણ ન થયો, તેટલામાં એક ભયંકર રણસિંગડુ વાગ્યું; અને સૌ પરોણા હાંફળાફાંફળા, એ શું થયું તે જોવા વાડીના દરવાજા તરફ દોડ્યા.

## પ્રકરણ ૫ મું
## મણિગવરીનો યત્ન

જે ચાકર સાથે નવાબની બેગમપર પત્રિકા મોકલાવી હતી, તે ચાકરને ત્રણ કલાક અથડાવું પડયું. બેગમ પોતાના મ્હેલમાં નહોતાં, તેથી નદી કિનારે આવેલા બક્ષીના મહેલમાં તે ગયો. ત્યાં કેટલીક પૂછપરછ કર્યા પછી એવી ખબર મળી કે, બેગમ સાહેબા હમણાં જ પોતાના મહેલે પધાર્યાં છે. ચાકર પાછો નવાબને મહેલે આવ્યો. ત્યાં ચિટ્ઠી આપી ત્યારે બેગમ, નવાબ સાહેબ સાથે જમવા બેઠાં હતાં. જમી ઊઠી ચિટ્ઠી વાંચતાં એક કલાક થયો. જ્યારે ચિટ્ઠીમાં ઘણી અગત્યની બાબત વાંચી, ત્યારે પોતાના પેગામી સ્વારને તૈયાર કરી મારતે ઘોડે શેઠને ઘેર મોકલ્યો, કેમકે રાત્રિના એ ચિટ્ઠીનું પ્રતિઉત્તર શહેરમાં માંગ્યું હતું. પેગામીએ ઘેર જઇને જોયું તો ત્યાંથી ખબર મળી કે વાડીએ ગયાં છે, એટલે મારતે ઘોડે તે વાડીએ આવી પહોંચ્યો. તે વખતમાં એવો ધારો હતો કે, કંઇ જરૂરનો સંદેશો લઇને કોઈ સ્વાર જાય, ને રસ્તામાં ઘોડાની હડફટમાં માણસ ન સપડાય તેટલા માટે રણસિંગુ ફુંકતો. તેમ જે સ્થળે પહોંચવાનો હોય ત્યાંના લોકને તેના આવી પહોંચવાની ચેતવણી આપવા ત્રણ વખત રણસિંગું વગાડતો કે મુલાકાતમાં વખત ન જાય. એ જ કારણથી પેગામી દૂતે બ્યુગલ ફુંક્યું ને મણિગવરી ને હરિલાલ એકદમ ચમકી અધુરી વાતે દરવાજા આગળ આવ્યાં.

પેગામીએ ઘોડાપરથી ઉતરીને દરવાજામાં પ્રવેશ કીધો. સહુ પરોણાઓ બાજુએ ખસી ગયા. પેગામીએ મણિગવરીના હાથમાં ચિટ્ઠી ધરી, નીચા નમીને કુર્નસ બજાવી-ત્રણ સલામ કીધી. તેનો દેખાવ-પોશાક વિચિત્ર હતો. જાતે ભૈયો પણ વિશ્વાસપાત્ર અને કદાવર પંચ-હથ્થો હતો. આવો ભવ્ય દેખાવ જોઇને મણિને આશ્ચર્ય લાગ્યું. દીવે જઇને ધ્રુજતા હાથે પત્ર વાંચ્યો. વાંચી પ્રીતમના હાથમાં ધર્યો. હરિ-લાલે વાંચીને એકદમ કહ્યું કે, "સત્વર સિધારો." તુરત મણિગવરી

તૈયાર થઇ. ગાડી તૈયાર હતી તેમાં બેઠી ને બેગમના મહેલ તરફ ગાડી ચલાવી.

આ, અકસ્માત્ એક ક્ષણમાં બનેલા બનાવથી, પરોણાઓ ઘણા વિચારમાં ને ગભરાટમાં પડ્યા. એ પેગામી શેનો ? ચિઠ્ઠી શી ને બેગમને ત્યાં રાત્રિના દશ બજે જવાનું કારણ શું પડ્યું ? એને માટે દરેકના મોંમાંથી દશ દશ સવાલ નીકળ્યા, ને એકદમ સવાલનો એક જથો શેઠના આગળ ઉભો થઇ ગયો. આ બધાના સવાલનો જવાબ આપે તો પાર ન આવે; તેથી તેણે 'એક નન્નો સો દુઃખને હણે' તેવી રીતે એક જ જવાબ આપ્યો કે "એ શી ગડબડ છે તે મને માલમ નથી: સૌ સવારે જણાશે." સ્ત્રીઓએ તો અનેક તરંગ ઉઠાવી શેઠાણીને માટે બબડાટ ચાલુ કીધો કે, આમાં શેઠાણીની કંઇ ખંધાઇ છે. ઘેર જવાને મિષે આ તાલમેલ લગાવી દીધી છે. શેઠે કોઇને જવાબ ન આપ્યો તેનું કારણ એ જ કે, જે કારણસર શેઠાણી ગયાં તે કારણ ઘણું ખાનગી ને જોખમકારક હતું.

બેગમ મણિગવરીની રાહ જોઇને વારંવાર બારીએ ડોકીયાં કરતી હતી. જેમ જેમ વાર લાગે તેમ તેમ તેને વધારે ચિન્તા થાય, પણ એટલામાં મણિગવરીની ગાડી આવી પહોંચી. ખોજાને અગાઉથી વરદી મળી હતી, એટલે તે દરવાજાપર આવીને શેઠાણીને બેગમના મહેલમાં લઈ ગયો. મણિને જોતાં તે ઘણી ખુશીમાં આવી ગઇ ને એક બહેનના કરતાં અધિક પ્યારથી તેનો હાથ ધરી પોતાની પાસે બેસાડી. નવાબની સ્ત્રી છતાં બિલકુલ ગર્વ ન હતો, તેમ સૌપર ઘણો ચાહ રાખતી હતી. પેટે એક પણ ફરજંદ નહિ, તેથી જ માત્ર ઉદાસીનતા કવચિત્ કવચિત્ રહેતી હતી, તથાપિ નવાબે કોઇ પણ દિવસે એક પણ કડવો બોલ કહ્યો નથી, એ મોટી આશ્ચર્યની વાત છે. બેગમ સાહેબા જાતે અતિ નીખાલસ અને કુલીન હતી. પૂર્વે તો એની મા એક નાગર ગૃહસ્થની દીકરી હતી. પૂર્વ કાળથી નાગરો સ્વાર્થી પડેલા તેથી પોતાના કોઇ

મોટા લાભને માટે દીકરીને બક્ષીને ત્યાં આપી ને લોકમાં એમ જણાવ્યું કે, બક્ષીએ બલાત્કારે દીકરીને છિનવી લીધી! તેની દીકરી તે આ મોતીબેગમ હતી. નાગરની દીકરી એટલે ગમે તેવો પણ ઉંચો હિંદુ વિચાર હોય જ; ને તેવા ઉંચા ઔદાર્યના વિચારથી તે હમેશાં પોતાના પૂર્વના ધર્મપર ને હિંદુઓપર બહુ પ્યારથી જોતી હતી. રાત્રિના તેના પોશાકમાં કંઇ જાણવા જોગ નહોતું. માત્ર પાયજામો ને તે ઉપર સ્વચ્છ સફેદ મલમલની કફની પહેરેલી હતી, તો પણ ચોટલાનો સેંથો ને કાનમાં મોતીના એરિંગથી તેનું મ્હોડું બહુ દીપતું હતું. એ ઘણું સારૂં શુદ્ધ ગૂજરાતી જાણતી હતી ને તે સૌ પોતાની માતાના પ્રતાપ હતા.

"બ્હેન, શી ખબર છે?" મલકાતે મુખડે બેગમે આવકાર આપતાં મણિને પૂછ્યું. "તમારી ચિઠ્ઠી મને બહુ મોડી મળી ને તેથી બહુ વખત વીતી ગયો."

મણિગવરીએ અથથી તે ઇતિ સુધીની, આ શહેર ઉપર કેવી આફત આવી પડવાની છે તેની વિગત કહી સંભળાવી. શિવાજી લૂટારાનો જે દૂત આ શહેરમાં આવ્યો છે અને શહેરમાં જે ત્રાસ પડનારો છે, તે સાંભળીને બેગમને ઘણો ગભરાટ લાગ્યો, અને એનો શું ઉપાય કરવો તેને માટે મણિગવરીને સવાલ પૂછ્યો.

"આપણા શહેરપર આવી મોટી આપત્તિ છે?" નિઃશ્વાસ નાંખીને બેગમ બોલી. "એનો ઉપાય શો?"

"અને હું પણ એ જ સવાલ પૂછું છું મારી બ્હેન! આનો ઉપાય તો સત્વર થવો જોઇએ. જો નહિ થશે તો મને નથી લાગતું કે, આપણી જીંદગી પણ સલામત રહેશે." મણિએ થરથરતાં ને જુસ્સાના આવેશમાં બેગમના મનમાં શું થાય છે તે જાણીને કહ્યું.

"ખરેખર, એનો ઉપાય તો થવો જ જોઇયે!" બહેન જેવી મણિનો હાથ પકડી બેગમ બોલી.

"શું તમને કંઇ જ ઉપાય જડતો નથી, મોતી બહેન?" મણિએ

સગાર કરડાકીનો જવાબ આપતાં કહ્યું અને બેગમના મ્હોં સામું નજર કીધી. "મારી તરફથી તો તમને જે કહેવાનું છે તે કહીશ: અને વિશ્વાસ રાખો કે મારી જીંદગી કરતાં વધારે મૂલ્યની હું તમારી રંક રૈયતની જીંદગી ગણું છું, અને તેની પૂરતી સાબીતી એ જ કે આજની મોટી મિજબાની છોડીને તમારી સેવામાં હાજર થઇ છું."

"તારા એ બોલવાપર મને જરાએ સંશય નથી;" મોતી બોલી. "પણ તને માલમ છે કે, મારા પૂજ્ય પવિત્રપતિ એવાં કામમાં ઘણું થોડું લક્ષ આપે છે. તેને તો રાગરંગ ને ગાનતાનમાં જ મઝા છે. આવા ગહન વિષયમાં તેની પહોંચ લાંબી હોય એમ મને માલમ નથી." પોતાના પતિ વાસ્તે કડવાં વેણ બોલવાં પડે છે તે માટે ઇશ્વરની ગુન્હેગાર સમજીને ઉંચા હાથ કરી બોલી. "અરે! મારા પતિ માટે આવાં કુવેણ કેમ બોલાય છે? ઓ પ્રભુ! તારી કૃપાથી જ હું તરીશ, નહિ તો મારો વાસ કયાં થશે? હે પ્રભુ! તું મારો, મારા પતિનો ધર્મ સંભાળી અમારુ રક્ષણ કરજે!" પાછું મણિને કહ્યું; "હવે તું જાણ કે પ્રિયના દિવાન ને કારભારી પણ માત્ર નામના જ છે. કાયચો ને મારા જાતિલા તો, મારી પૂર્વની કરેલી સૂચનાથી તને કંઇ અજાણ્યા નથી. પણ મારા હાથમાં એટલી સત્તા છે કે, જે ઇલાજ બતાવીશ, તે ઇલાજ પ્રમાણે પ્રિયપતિ પાસેથી કામ કરાવીશ. તને કંઇ યુક્તિ માલમ હોય તો બતાવ."

"મોતી બહેન, જેમ મેં પૂર્વે સલાહ આપી છે તેમ જ હમણાં પણ આપીશ, તમારે ગભરાવું નહિ;" મણિએ ખુશીનાં વેણ કહાડી ધીરજ આપી.

એ પછી મણિગવરીએ કહ્યું; "જો એ મરાઠો અને બેરાગીને પકડવાની તજવીજ કરવી હોય ને નગરજનનું રક્ષણ કરવું જરૂરનું જણાતું હોય તો નવાબના જાસુસો એની પછાડી મૂકવા જોઇયે, ને તેઓએ એમનાં કાવતરાં તપાસવાં જોઇએ. પછી જેવા શહેર છોડીને

જવા માંડે તેવા જ બંનેને પકડવાની પેરવી કરવી." મોતી બેગમને એ સલાહ પસંદ પડી, પણ નવાબ સાહેબ જાતે ઓલિયાના પાચ્છા, તે એકદમ એ વાત કબુલ કરશે એમ ભાસ્યું નહિ; તેટલા સારૂ તેમને માટે શી પ્રયુક્તિ કરવી, તેના વિચારમાં પડ્યાં.

"આપણે એને સમજાવવાને કાંઇ પણ ગોઠવણ કરવી વિશેષ અગત્યની છે;" ભયથી ધ્રૂજતી મોતી બોલી.

"અને તે વળી બનતી ઉતાવળે કરવી જોઇયે, નહિ તો સર્વ શ્રમ ફોકટ જશે!" મણિએ જણાવ્યું.

"બેશક, બેશક!" પોતાના કોચપર એકદમ ઢળી પડીને મોતીએ કહ્યું; અને મણિ એકદમ તેની પાસે જઇ બેઠી. "હવે નવાબને સુવાનો સમય થયો છે ને અત્યારે તેમને કહેવાનું બનશે કેમ? અને જો આ સમય ગયો તો તે પ્રપંચી વીરો એકદમ શહેરની ખાનાખરાબી કરશે જ. મારે એ માટે હમણાં જ જવું જોઇયે." સૂતાં સૂતાં મોતી સ્વતઃ બડબડી ગઇ.

"પ્રભુ ઇચ્છા બળવાન્ છે!" મણિએ કહ્યું. "લો, આ નવાબ સાહેબ જ અહીંઆ પધારે છે. હવે તમારે કહેવું ને સમજાવવું હોય તે મારે માથે મૂકો. હું એનો ઘટતો ઇલાજ કરીશ. મારી વાણીથી હું તેમને રંજિત કરીશ અને કાલે પ્રાતઃકાળે પોતાના દૂતોને એ દૂતોની પૂઠે પ્રેરે, એવી યુક્તિ બતલાવીશ."

તુરત જનાનખાનાનું બારણું ઉઘડ્યું. ગમે તેવી પણ વાણિયાની દીકરી ને લજ્જાશીળ તેથી મણિ સંકોચતાને પામી મ્હોડામાં હાથ ઘાલી, નીચું મ્હોં કરી, બેગમ સાહેબા પાસેથી ઉઠી જઇ, બાજુમાં ઉભી રહી, મોતી બેગમની પૂંઠે મ્હોં ઢાંકયું, એટલે નવાબ તેને જોઇ શકયો નહિ. અતિ પ્રેમના આવેશમાં એકદમ ધસ્યો નવાબ કોચની નજીક આવ્યો. તેની આકૃતિ ખરેખરી પહેલવાની નહતી. તે જેટલો બહારથી સીનેદાર દેખાતો, તેવો મનમાંથી પોચો હતો. માત્ર શિકાર

કરવામાં તે પાકો ઉસ્તાદ હતો ને તે કાળના કોઇ પણ શિકારીને હંફાવે ને તેનું પાણી ઉતરાવે તેવી શક્તિ તેનામાં હતી. વારંવાર શિકારે જઇ, સુરતની આસપાસ વાઘની વસ્તી હતી તે નિર્મૂળ કીધી હતી અને હમેશાં તેને શિકાર મળતો તો જ પ્રફુલ્લિત વદનનો દેખાતો હતો. આ મર્દાઇ વગર બીજી બાબતમાં નવાબ એક સ્ત્રીને પણ લજ્જિત કરે તેવો હતો. ઉમ્મરમાં લગભગ પંચાવન વરસ થયાં હતાં, તોપણ શરીરે સોહામણો હતો. રાજદરબારી કારસ્તાનમાં ઘણું કરીને મુસલમાન નવાબો ઉતરતા હોય છે અને આ નવાબ બાલ્યાવસ્થાથી જ એકલવાયો હતો, તોપણ તેને કેટલીક રીતે પાવરધો, નાગરોએ કીધો હતો. તેના પોશાકની ઢબછબ કોન્સ્ટાન્ટિનોપલના સુલતાન જેવી શ્રેષ્ઠ હતી. તે આલબિયન તરેહથી પોશાક પહેરતો, રૂમસામથી આવેલી ઉંચી મખમલના ચંપલ અને હમણાંના હાઇલંડર જેવો સીનો રાખી જાણે એક વૃદ્ધ પ્રવીણ યોધ્ધો અચ્છી રીતે ઘૂમતો હોય તેવો ફાંકડો દેખાતો હતો, જો કે તેવી શક્તિ એનામાં ઘણી જ થોડી હતી. બહાર ફરવા નીકળે ત્યારે હમેશાં બે ખંજર પાસે રાખતો—જે ખંજર ઉપર રત્ન જડેલાં હતાં ને તેની ખોલ જરદોસથી ભરેલી ઘણી તેજસ્વી હતી; અને શિરપેચવાળી મંદીલની પાઘડી ઘણી ફાંકડી ગોઠવી મૂકતો કે જે ઘણું કરીને તોલમાં બાર પૈસા ભાર ભાગ્યે જ થતી હતી. તેનામાં મુખ્ય ગુણ પ્રીતિનો હતો, પણ તે રાજ્યકાર્યને યોગ્ય ઘણા જ થોડા ગુણ ધરાવતો હતો.

નવાબે આવતાંને વાર એકદમ મોતીના ખભાપર હાથ નાંખી કહ્યું કે; "મારી પ્રિય સુંદરી !"

"તમે જાણતા નથી જહાંપનાહ !" ગભરાટ ને ચમકાટમાં મોતીએ જોસથી કહ્યું; "આજે મારી પ્રિય સખી મણિ મળવા આવી છે અને તે વળી ઘણી અગત્યની વાતચીત માટે ?"

"ક્યાં છે ?" નવાબે પૂછ્યું. "મને તે સુંદર આંખવાળી કંઈ જણાતી નથી."

"આ રહી;" મોતીએ જવાબ દીધો ને પોતે બાજુએ ખસી ગઇ કે નવાબ શરમાઇ ગયો તેથી કોચ પાસેથી પાછો હઠ્યો.

"સુંદરી, મારી ભૂલ થઇ છે !" નવાબ નમ્ર અવાજે બોલ્યો. "જો મને માલમ હત કે તમે અગત્યના કાર્ય માટે ને સખીભાવ બતાવવા માટે અત્રે બેઠાં છો તો હું આવવાની હીંમત કરત નહિ."

"પ્રિય, તમો પધાર્યા તો શી અડચણ છે ? તમારી હાજરી અહીંઆ જરૂરની છે. તમે ભલે પધાર્યા !" મોતીએ આવકારયુક્ત વચનથી ઉમેરણ કીધી, કે જે હમણાં સુધી લગાર ગભરાટમાં હતી. "જે કામ અગત્યનું છે તે અમારાથી બનશે નહિ, અમે તો નાજુક કળીઓ છિયે;" ઘણા મીઠા અવાજ ને મોહક દૃષ્ટિથી જોઇને તે બોલી.

"ત્યારે તો બેસ, મોતી," પોતાનો હાથ મોતીના હાથમાં આપી ધીમેસથી કોઈ ન દેખે તેમ ચાંપીને બોલ્યો: "મણિની આગતાસ્વાગતા કર ને પછી આવજે." આમ બોલીને જેવા જોસ્સામાં નવાબ આવ્યો હતો, તેવા જોસ્સામાં તે પાછો ચાલ્યો ગયો; ને જ્યાં સુધી બારણું બંધ થવાનો અવાજ ન સંભળાયો ત્યાં સુધી મણિ તેને જોવાની હીમત કરી શકી નહિ.

"ખરી તક આપણે ગુમાવી;" બેગમ બોલી; "અને ગભરાટમાં જે કંઇ કરવાનું હતું તે ભૂલી ગઈ. મારી એ મોટી ભૂલ થઇ. જો એઓ અત્રે બિરાજ્યા હોત તો છૂટથી સઘળી વાત કરી શકાત; અને મને ખાત્રી છે, કે આપણા બંનેના કહેવાથી એમના દીલમાં સારી અસર કરી શકાત–તો પણ, હજી જો આપણે હમણાં જ જઇશું તો એઓ બેઠા જ હશે, અને એકાદ ગાયન ગાઇને ખુશ કરી સઘળો ઇતિહાસ અથેતિ કહી સંભળાવીશ; ને એમની મરજીથી તને બોલાવીશ. મણિ, થોડો સમય તું અહીંઆં બેસશે ?"

"ઘણી ખુશીથી," મણિએ પોતાના મનમાંની દહેશત કહાડી નાંખી, મીઠા મનમોહક અવાજે કહ્યું,—અગરજો એકલા બેસવાની

મરજી તેની હતી નહિ. "પણ નવાબ હવે તમારું સાંભળવાને તૈયાર રહેશે, તે માટે હવે મને શક રહે છે!"

"મારી મજાક ન કર," મોતી બોલી. "હું ઘણી મૃદુ છું, છતાં મારાથી જેમ પાછું જલદી અવાય તેમ પેરવી કરીશ. અથવા વીતક-વાર્તા કહેવા વાસ્તે તને જ બોલાવીશ. તે નામદાર એક બહેન તરીકે તને ચાહે છે. ખાત્રી રાખ કે, તે એક ઉત્તમ પુરુષ છે, તે કદી પણ ગેરવર્તણુકે વર્તે તેવો નથી."

"તો અતિ રુડું!" ઘણા સંતોષથી મણિએ કહ્યું. "તું જા અને પાછી વહેલી આવીને મને મળ અને શું કર્યું તે જણાવ."

"જનાનામાં મને ઘણો વિલંબ લાગશે નહિ;" ફરીથી મોતીએ કહ્યું. "જો મને વિલંબ લાગે તો તું ઉતાવળી થતી નહિ. અતિ ત્વરાએ હું આવીશ." ઘણે આનંદી ચહેરે મોતી પાછું વળી જોતી જોતી ચાલી ગઇ.

એક કલાક વહી ગયો. બરાબર બારપર બે વાગ્યા. બેગમ પાછી ફરી નહિ. ત્રણ, ચાર, પાંચ, પ્રાતઃકાળ થયો ને કાગડાઓનો કાકાનો કાન ફોડતો અવાજ સંભળાવા લાગ્યો. મોતી આવી નહિ. રાહ જોઇને મણિ ઊઠી. તે નિરાશ થઇ. તેણે જાણ્યું કે મારો શ્રમ અકારથ ગયો. તુરત બારણું ઉઘડયું ને ખોજો આવી હાજર થયો. "મારો માફો તૈયાર છે?" મણિએ પ્રશ્ન પૂછયો.

"જનાબકા કયા હુકમ હૈ, ગુલામ વો બજાલાનેમેં કુછ દેર કર-નેવાલા નહિ, દેર હોવે તો શિર ગીરાદેના."

"તું જઇને માફો તૈયાર કરાવ, હું હેઠળ આવું છું." "બ્હોત અચ્છા જનાબ:" બોલી ખોજો પાછો ફર્યો અને મણિ તેની પછાડી ક્ષણેક રહીને વિચાર કરતી ધીમે ધીમે દાદરપરથી નીચે ઉતરી પડી.

## પ્રકરણ ૬ હું
## બેરાગી

"ગુરુજી મહારાજ! જો આપ ફરમાવો વો બજાનેમેં આપકા ચેલા તૈયાર હે" નાના ચેલાએ પોતાના વૃદ્ધ ગુરુને પગે પડીને પૂછ્યું. "મય જાનતા હું મહારાજ, આજ અપન દોનો શહેરમેં સાથ ઘુસકર ભિક્ષા મંગ લાયગે."

"હાં, બચ્ચા તું બડા કમજાત હે! હમેરી તુ કયા સેવા ચાકરી કરનેવાલા હે! હમ હમારે ગુરુ કે બાસ્તે દસદસ રોજ તક ઉપવાસ કીયા હે, ઔર તુ તેરી સાથ હમકું ભિક્ષા મંગનેકું લે જાતા હે. જા બેઠ, તેરી આજ કુછ દરકાર નહિ હે. હમ ઔર યે દુસરે બેરાગી આજ ભિક્ષા લેનેકું જાયગે."

ચેલાએ જાણ્યું કે આજે તો પીડામાંથી મુક્ત થયા ને તેથી તેનો જીવ ઘણો ખુશ થઇ ગયો. પેલો છોટો બેરાગી મનમાં મગ્ન થતો હતો કે, આજે મહારાજે બડી તાલ લગાવી દીધી અને મહારાજના મનમાં શું શું ચાલતું હતું, તે તેણે બરાબર જાણ્યું—એમ કહો કે તેણે બરાબર જોયું. પણ પોતાની છળતાથી, તેણે કહ્યું કે; "આપકે કહેનેમેં બેશક કુછભી સંદેહ નહિ હૈ. મહારાજ! લેકીન હમ જાનતે હે કી, અબી અપને ઉઠના ચાહિયે; ઔર નગરમેં દેખના ચાહિયે કે કયા કયા નયી નયી ચીઝાં આઇ હૈ: અપનકું ભિક્ષા લેનેકું જાના ઉસમેં કયા બડી ચીઝ હે, મૈંને મેરા ગુરુકી પગચંપી કરનેમેં બારા બરસ તક ન રાત ન દિન ફીર કર દેખા હે."

"જદ ચલો," બોલી, બેરાગી પોતાના ખાંધાપર ઝોળી ભેરવીને ઉઠયો, ને "નારાયણ, નારાયણ"ની બૂમ મારતા, બંને જણ શહેર ભણી ચાલ્યા. છોટા બેરાગીએ મોટાને કાનમાં પૂછ્યું કે; "મારી રીતભાત-વર્ત્તણુક એવી તો નથી કે કોઇ મને પીછાની સકે?" મોટાએ શીખા-

મણુ આપી કે, તારે તો મૌન ધારણુ કરવું; કોઈ પૂછે તો જવાબ પણુ ન આપવો.

સવારના આઠ થઇ ગયા હતા. દરેક માણુસ પોતપોતાને ધંધે વળગી ગયો હતો. "નારાયણુ હરે"ની બૂમ મારતા મારતા મોહોલ્લા ને શેરીઓ ખુંદતા ખુંદતા બંનો પ્રપંચી વેરાગીઓ ચારેગમ ફરી વળ્યા. જે મોહોલ્લામાં જાય ત્યાંની રચના ને રીતભાત ને ખણુણુ થતો નાણુાંનો અવાજ સાંભળીને મરાઠાની તો છાતી જ બંધ થઈ ગઈ. નાણુાવટમાં જે નાણુાંની ઉથલપાથલ થતી ને જે દોડધામ થતી ત્યાંથી બંને બેરાગીને પસાર થવું ભારે થઇ પડ્યું. અંગ્રેજોની પેઢીનો વેપાર ધમધોકાર ચાલતો હતો. મુલ્લાં ખડકી ઉપર, માળની ચઢ ઉતર જોઇ, મરાઠાનું કલેજું હાથ રહેતું ન હતું. હજારો મજુરોની દોડાદોડી જારી હતી. ડક્કાબંદરપર સેંકડો વાહાણો ડોલી રહ્યાં હતાં. ત્યાંની માલની ઉતર ચઢ ને દોડાદોડી બહુ ભારે હતી. મરાઠાએ મનમાં જ ગાંઠ બાંધી કે, જો નાણુાવટ ને અંગ્રેજની કોઠી, એ બે જગો જ હાથમાં આવે તો બસ, શિવાજીનો દહાડો સિકંદર થતાં વાર લાગે નહિ. પોર્ટુગીઝ ને ફ્રેન્ચોની લાતીમાં પણુ પૈસાની ઉથલપાથલ થોડી નહતી. મરાઠાની લાગણી તો ત્યાં એટલી બધી ઉભરાઇ આવી કે, વચ્ચે વચ્ચે કંઈ કંઈ બોલી ઉઠતો, પણુ બેરાગી તેને વારી રાખતો; ક્ષણે ક્ષણે ધમકાવતો કે જો પકડાયા તો ઘડીના છઠ્ઠા ભાગમાં હલાલખોરને સ્વાધીન થઇ જઇશું. શહેરના મરદો ને સ્રીઓની રહેણી ને ઉદ્યોગ જોતાં, તેમનો રુમઝુમ થતો અવાજ સાંભળતાં, બેરાગીનો વેશ લીધા છતાં મરાઠાથી તેમની સામા ત્રાંસી નજર નાંખ્યા વગર રહેવાતું નહિ.

ઘણું કરીને પૂર્વ કાળથી જ ચાલ્યું આવ્યું છે કે, જગતમાં જે વેરાગી થાય છે, તેમાંના ખરા સંસારત્યાગના વિચારથી વૈરાગ લેતા ઘણુા થોડાજ હોય છે. કોઇ ઘર કુટુંબના કલેશથી, કોઇ સ્રીના વિરહથી, કોઇ ઘણુા કારી ઘા લાગવાથી ને કોઇ ધનની પ્રાપ્તિ બરાબર ન થવાથી,

સંસારનો ત્યાગ કરે છે. તેઓની વૃત્તિ તો જેમાં હોય તેમાંથી ખસતી નથી ને ત્યાગી છતે, કંઇ પણ લજ્જા વગર, સ્ત્રીથી કે ધનથી મોહ પામી ત્યાગને લજવાવે છે. પછી સર્વ કોઇ તેમને તિરસ્કારની નજરથી જોય છે. ત્યાગ ધરવો તેનો મૂળ હેતુ તો જગતના પદાર્થ માત્રમાં જે મમતા બંધાઇ ગઇ છે, તેનો સર્વાંશે ત્યાગ કરી, બંધમાંથી મુક્ત થવું. પણ માયિક પદાર્થોના નિરંતર સહવાસથી તે મમતા ત્યાગીમાં તો અત્યંત તીવ્રતર થતી જાય છે. જેમ મમતાની દૃઢતા વધતી જાય છે, તેમ બ્રહ્મજ્ઞાનથી તેની વિમુખતાની વૃદ્ધિ વધતી જાય છે. પદાર્થના સંગના ત્યાગથી જગતના જે પદાર્થપર વૈરાગ્ય કરવાનો છે ને મુક્ત થવાનું છે, તે થવામાં કામક્રોધાદિ ષડ્ રિપુઓને જિતી, ઇંદ્રિયોનો દૃઢ નિગ્રહ કરવાનો છે. એમ વૈરાગ્યની દૃઢતા થવાથી બ્રહ્મમાં ચિત્ત લાગી જાય છે, ને તે દ્વારા મોક્ષ પમાય છે. તેને બદલે માયા છોડી માયાને વળગતા જાય છે, તેનું કારણ તેઓએ માત્ર દેખીતો જ માયાનો ત્યાગ કર્યો છે, પણ મનથી કર્યો નથી. માનસિક ત્યાગ એ જ વૈરાગ્યનું મુખ્ય સાધન છે. જે ઉપરથી ત્યાગ કરે છે, પણ મનથી કરતા નથી તેઓ મિથ્યાચારી કહેવાય છે, મનની મશ્કરી કરે છે. ગીતામાં પણ શ્રીભગવાને કહ્યું છેઃ—

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥

જે પુરુષ વાક્, હાથ, પગ, પાયુ અને ઉપસ્થ એ કર્મેન્દ્રિયોનું સંયમન એટલે નિગ્રહ કરીને, એ ઇંદ્રિયોના વિષયોનું મનથી સ્મરણ કરતો રહે છે, તે વિમૂઢ (મૂઢોમાં પણ ચડિયાતો) મિથ્યાચારી કહેવાય છે.

તેઓ નહિ ઇહલોકના કે નહિ પરલોકના. ધોબીનો બળદ નહિ ઘરનો ને નહિ ઘાટનો. એવી સ્થિતિના બેરાગી—એક નહિ, પણ બે રાગી છે. એવાઓ ગમે તેમ નિર્વાહ કરી પેટ ભરે છે, પણ અક્ષય સુખમાંથી રઝળી મરે છે.

મરાઠા દૂત બૈરાગીની આવી વૃત્તિ સ્વાભાવિક હતી. તે વૈરાગી જ ન હતો. તેની વૃત્તિ બદલાય તેમાં આશ્ચર્ય નથી. તેને જ્યારે ધન ને સ્ત્રી બંનેનાં દર્શન થયાં, ત્યારે તે વેશધારી કેમ તે સામું તાકીને ન જૂએ? તેની મૂળની વૃત્તિ જ એ બાજુએ ઢળેલી, તેને બીજું કંઇ સૂઝે જ નહિ. મરાઠા પ્રજાનું ખમીર ઘણું કરીને વિષયમાં વધારે આસક્તિ ભરેલું છે. જો બહિરજી શહેર ચર્ચા જોવાને ન આવ્યો હોત અથવા એ રાજ્ય મરાઠાનું હોત, તો જે જે સુંદર સ્ત્રીઓને તેણે જોઇ હતી, તેમાંથી ગમે તેવા બળાત્કારે—જોખમે—કોણ જાણે કેટલીક તે ઉંચકી લઇ ગયો હોત! મુસલમાનના રાજ્યમાં પણ એમ જ હતું. પણ હમણાંનો નવાબ ગ્યાસુદ્દીન રૂમી કેટલેક પ્રકારે ઘણો સારો હતો, તેથી લુચ્ચા લફંગાઓનું ઝાઝું ફાવતું નહિ. સ્ત્રીઓની લાજ લૂટનારા બે લુચ્ચાઓને નવાબે બાંધી મરાવ્યા હતા ને જો કે તે સમે લોકોએ એ નીતિને નિંદી હતી, તો પણ હમણાં તેનાં બહુ વખાણ થતાં હતાં.

બહિરજી ને બૈરાગી બંને જણ નવ કલાકના ફરતા ફરતા સાંઝના ચાર કલાકે ગોપીપુરામાં આવી પહોંચ્યા. ત્યાં વાણિયાઓની ન્યાત જમતી હતી. જુવાનથી તે ઘરડા સુધી—સ્ત્રી, પુરુષ ને બાળક સર્વે અનેક પ્રકારનાં ઘરેણાં ગાંઠાં પહેરીને જમતાં હતાં. તે જોઇને બહિરજીની હબકી ફાટી ગઈ. તે તો એમ જ વિચારવા લાગ્યો કે આ સ્વર્ગ છે કે મૃત્યુલોક છે; આ સ્ત્રીઓ તે રંભા ને ઉર્વશીની સખીઓ તો નથી? તે એકદમ બોલી ઉઠ્યો; "મહારાજ! હવે તો ચાલો. આ સ્વર્ગલોકમાં રહેવાની જગ્યા આપણે માટે નથી." તેને બૈરાગીએ એકદમ એક તમાચો લગાવ્યો નહિ ત્યાં સુધી તે બકયો જ જતો હતો કે "અરે! શિવાજીનાં ભાગ્ય તો હવે નક્કી ફર્યાં જ!" પકડાઈ આવવાની બીકથી બંને જણ ત્યાંથી એકદમ પાછા ફર્યાં. જતાં જતાં આત્મારામ ભુખણની શેરીમાં પેઠા. ઠેઠ ત્રીજી અટારીપર બેઠેલી એક ચંચળ તીવ્ર નેણવાળી સ્ત્રીના ઉપર બંને જણની નજર પડી. "માઈ કૂછ દેયગી?" આમ

સવાલ નાંખ્યો. તે બાઇ ચમકી. પણ છાતી કઠણ કરી, "મહારાજ ઉભા રહેજો" એમ બોલી નીચે ઉતરી આવીને બંનેને ઓળખી ભોજન માટે બોલાવ્યા. બહિરજીની છાતી તો ધડક ધડક થાય; તેનાથી નીચેથી ઉંચું ન જોવાય. તેણે જાણ્યું કે, હવે નક્કી પકડાઈ જઇશું. પણ બાવાજીએ તો એવા ઘણા પ્રસંગો જોયલા, એટલે તેને કશો ડર લાગ્યો નહિ. બેધડક તે, બાઇના બોલાવ્યાથી ઘરમાં ગયો. બહિરજીને સાથે લીધો. બાઇએ બંનેને આસન આપી બેસાડી ભોજન લાવી મૂક્યું; અને જણાવ્યું કે, "મારો એવો નીમ છે કે, કોઇ પણ અતિથિ અભ્યાગતને જમાડ્યા વગર કદી અન્ન તો શું પણ પાણીએ ન પીવું. આજે કમનસીબથી કોઇ પણ અભ્યાગત પ્રાતઃકાળથી તે અત્યાર સુધી આવ્યો નથી, પણ એટલામાં આપનાં પવિત્ર પગલાં થયાં ને હું કૃતાર્થ થઇ. આપના જેવા પૂજ્ય મહા પુરુષ, આ જે ધર્યું છે તે આરોગો ને હમેશાં અત્ર પધારવાની કૃપા કરજો." બેરાગી બોલ્યોઃ "બાઇ, હમ રમતે રામ! હમકું કીસકી પરવાહ હૈ? હમ કીસીકા ભોજન લેતે નહિ. સ્વયંપાકજ કરતે. ઇચ્છા હોય તો કૂછ દે, નહિતર હમ હમારે રસ્તે લગેગા. દેવી-બડીબાઇ-કલ્યાણકારી જાનકર સવાલ દાલા હૈ; તેરી મરજી ચાહે તો સુન, મત સુન, જેસી તેરી ઇચ્છા."

"નહિ મહારાજ આપે તો એ પ્રસાદ આરોગી મને કૃતાર્થ કરવી જરૂરની છે," અતિ નમ્ર વેણે બાઇએ કહ્યું. "આપ શહેરમાં કેટલા દિવસ રહેશો?" બહિરજી, જે આ સ્ત્રીના સૌંદર્યથી ને બોલવાની છટાથી મોહ પામી ગયો હતો, તે વાત કરવાનો પ્રસંગ મળ્યો જાણી, એકદમ બોલી ઉઠ્યો. "હમ તો કલ એ શહેર છોડકર ચલનેકા ઇરાદા રખતા, ઓર કલ્યાણી જાયગા; વહાં હમેરા મહારાજા શિ—"

આ વાક્ય પૂરું ન થાય, તેટલામાં તો બેરાગીએ બે ત્રણ તમાચા અને પછી ધક્કો મારી બે ત્રણ લાત, તે મરાઠાને ઝાડી કહાડી; ને તેનો અતિસેં તિરસ્કાર કરતાં જોરથી હાથ પકડીને ઘસડી દરવાજા

સુધી ખેંચી ગયો. બહિરજીને પણ હવે ભ્રાંતિ આવી કે, મારી મૂર્ખા-ઇથી ધાર્યું બગડ્યો છે. દરવાજાપરથી તેઓ એકદમ ઉભે પગે ઝડપથી ચાલ્યા. બૈરાગી કરતાં બહિરજીને ઘણી દહેશત હતી; કેમકે તે પકડાય તો સૌથી વિશેષ શિક્ષા તેનેજ મળે.

વાંચનારે મણિગવરીને પિછાની હશે. મોતી બેગમની અજબ રીતની વર્તણુકનો તે વિચાર કરતી હતી, અને નવાબની આવી ચાલ-ચલગતથી શહેરનો નાશ જરૂર થશે એમ તે ધારતી બેઠી હતી. મોતી બેગમનો કંઇ પણ પત્ર તેને મળ્યો હતો નહિ કે તેણે શું કરવા ધાર્યુ છે. મોતી બેગમે શું કર્યું છે તે માલમ કેમ પડે, એ વિચારમાં તેણે બપોરનું ભોજન પણ લીધું નહતું. બહિરજી ને બાવાજીની તપાસ પૂરે-પૂરી કરવા માટે, અને તેમનાં મોંથીજ કંઇ વિશેષ જાણવા માટે, બંનો વેરાગીને જમવા બોલાવ્યા હતા. પણ રસપર આવેલી વાતનો ભંગ આમ સહજમાં થઇ ગયો, ત્યારે તે ઘણી વિસ્મય પામી. તે ધીમે ધીમે દરવાજા લગણ ગઇ ને બાવાજીને પાછા તેડી લાવવાને માટે દેવડીપરના સીપાઇને વરદી દીધી; પણ બંનો જણ એટલા તો ઝડપથી ચાલ્યા ગયા કે, સીપાઇ તેમને પકડી શકયો નહિ.

દીવામાં બત્તી પડે, તે પહેલાં બંનો વેરાગી હનુમાનની જગ્યામાં ભૂખ્યા ડાંસ થયલા આવી પહોંચ્યા. રસ્તામાં બંનેમાંનો એક પણ શખસ એક પણ શબ્દ બોલ્યો નહોતો; તેથી મઢુલીમાં પેસતાંની સાથેજ, બાવાજીએ એકદમ ગાળોનો વરસાદ બહિરજીપર વરસાવ્યો.

"હરામખોર !–કુત્તેકા લડકા!" ગુસ્સામાં બાવાજીએ બહિરજીના તરફ થુંકીને કહ્યું: "તુને કયા કિયા. તુઝે માલમ હૈ કે આ રંડી કયા કરેગી? અબ તેરા ઔર મેરા શીર તૂટનેકા મોકા આ રહા હૈ. તેરી ઘોડી તૈયાર કર, ઔર અબીકા અબ્બી ભાગ જા! એ લડકી, તું પિછાનતા હૈ કે કૌન હૈ ? એ બડી ચબરાક ચંચળ જાત હૈ. નવાબકી બેગમકી સહેલીયા હૈ. એ અબ જાયગી ઔર સબ હકીકત કહેંગી, ઔર તેરા

ઓર મેરા શીર કટવાયંગી. તુને અમેરી રોટી ખાઇ, ઓર હરામ કી! સયતાન! ભાગ, અબ જલ્દી ભાગ! તેરા ઓર મેરા દુસરા માર્ગ નહિ હૈ. કમબખ્ત! તેરે ખાતર હમકું હમેરી મઢુલી છોડની પડેંગી. ચંડાલ! તુઝે ક્યા માલમ હે કે મલેચ્છકા રાજમેં ક્યા ગઝબ હોતા હૈ?"

"ક્ષમા, ક્ષમા!" બહિરજી પગે પડી બોલ્યો. "મેં ઘણો અઝીમ ગુન્હો કીધો છે, હું ગુન્હેગાર છું. મહારાજ ચાહે તે કહો, હું તમારો તાબેદાર છું! તમારા ને મારા પોતાના નાશને માટે મેં કંઇ પણ વિચાર કીધો નહિ. હું તે સ્રીના હાવભાવ ને લટકાથી મોહી ગયો. મહારાજ, તમે પણ તેનાપર ફીદા થયા હશો. તેના જેવી સૌંદર્યવાન્ સ્રી તો અમારા આખા મહારાષ્ટ્રમાં નથી. તેવી સુંદરીને જોતાં હું ભ્રાંતચિત્ત થાઉં, તેમાં આશ્ચર્ય જેવું કશું નથી."

"અહા! ઐસા! ઐસા હૈ બદમાસ! કુત્તા!! ગધીકા ગદ્ધા!" પોતાના પંથને નામોશી લાગે તેવું આચરણ જોઇને ક્રોધમાં બેરાગી મોટી બુમ પાડી ઉઠ્યો. એ પોતે ઘણો નિખાલસ હતો તેથી, તેમ જ સંત-વૃત્તિ તરીકે અને ધર્મની મહત્તા માટે, એને પોતાને માયિક પદાર્થ ઉપર કશી પણ પ્રીતિ નહોતી. તેણે બહિરને અચ્છી શિક્ષા પ્રથમ આપી હતી કે, આ વર્તણુકથી જ હમેશાં વર્તજે, કે કદી પણ ધન જોઇને મોહ પામવાનાં ચિહ્ન બતાવતો નહિ; કદી પણ સ્રીની તરફ તિરસ્કા-રની દૃષ્ટિ વગર જોતો નહિ—જો કે તારી વૃત્તિ ઉલટી હોય તોપણ. "ઓ હરામજાદા! તુને મેરા કહેના સુના નહિ, ઇતનાંહી નહિ, લયકીન મેરા ઓર તેરા શિર કટવાનેકા રસ્તા લીયા! ઔર જો બેરાગીકે ઘરમે ખાયા, ઉસકા પણ શિર કટવાનેકા રસ્તા લીયા! તેરા રામદાસ સ્વામીને ઐસા બોધ દિયા હૈ સાલે સયતાન! તુજકો સેતાનને ફસાયા કે ભૂતને ઘેરા થા. ઓ બડી ચંચલ જાત, ઓર તું તો સહજ બોલા, લયકીન વો તો બડી ખબરદારીસે તેરે સામને દેખતીથી. ઉસસે મુઝે માલુમ હોતા હૈ કે નવા-બકી ફોજ આકર તુઝે ઓર મુઝે અભી મુસકાટાટ કરકે લે જાયગી."

"મા બાપ, મને બચાવો!" ઘણા ધ્રૂજતા અવાજે નાયક બોલ્યો; કેમકે જે મોટી મોટી આશાના ખ્યાલમાં, હવાઇ કિલ્લા બાંધ્યા હતા, તે તો જોતજોતામાં ગગડી પડેલા હવે એને દેખાયા. "શું હું એક નિર્દોષ એમનો એમ માર્યો જઇશ? મારો રક્ષણકર્ત્તા ઘણો દૂર છે, અહીંઆ મારો રક્ષક હમણાં કોઇ નથી. માત્ર ઇશ્વર ને આ મહારાજ, તમે જ છો. હું એક બ્રાહ્મણ છું ને મારી રોટલી ભિક્ષા માંગીને પેદા કરું છું, ને મને આશા છે કે બ્રાહ્મણને કોઇ પણ હેરાન કરશે નહિ! કોઈ પણ હિંદુ, બ્રાહ્મણ તરફ માનથી જોય છે ને હું બ્રાહ્મણને મરતો, એક દૂરની વિકાલ ભૂમિમાં, તમે કોમળ મનવાળા જોશો નહિ. દૂતના કાર્યમાં મારા જેવો ગાફેલ માણસ ન જોઇયે ને હવે હું કદી પણ એવા કાર્યમાં ભાગ લઇશ નહિ;" એમ બોલી પોતાના કાન ચીમટાવ્યા ને ઉંચા હાથ કરીને ઇશ્વરની પ્રાર્થના કરવાનું ડોળ ઘાલ્યું. "હે પંઢરીનાથ વિઠોબા! તું મને બચાવ. એ જગન્નિયંતા પરમ પ્રભુ પરમાત્મા! માત્ર તારો ને રામદાસ સ્વામીનો જ મારે આશરો છે, આ આર્યભૂમિમાંથી સઘળા મ્લેચ્છોને કહાડવાની જે કમ્મર શિવાજી મહારાજે કસી છે, તેમાં તું સહાય નહિ થશે તો કોણ થશે?" પછી હનુમંતના દેવાલય તરફ નજર કરી, બજરંગની સહાયતા માંગી ને લગાર ઠંડો પડી બોલ્યો; "પરદેશીની ભૂમિમાં રીતભાત ને ભાષાથી અણજાણ હું છું ને મહારાજ, તમારા શિવાય મને બીજાનો આશરો નથી. તમારા પગની રજ છું—તમારો ગુલામ છું—મારું રક્ષણ કરશો તો તમને ભૂલીશ નહિ."

"અબ કરના ક્યા હૈ બચ્ચા!" મહારાજે નરમાસ ભરેલી વાણીથી પૂછયું, "વાતો બોલ! ઇધર રહેના અચ્છા નહિ હૈ. ઇધરસે તો અબકાઅબ જરૂર ભાગના ચૈયે."

"હવે તો મરાઠાની છાવણીમાં જઇ પડવાની ઘણી અગત્ય છે! ત્યાં જ આપણું રક્ષણ થશે ને ત્યાં જ સલામત રહીશું. જો અધવચ

આપણે પકડાયા તો મૂવે જ છુટકો છે," નાયકે હીંમત રાખીને જવાબ દીધો.

"સચ હૈ બચ્ચા!" મહારાજે કહ્યું. "તેરી પાસ અચ્છી ઘોડી હૈ, ઔર બહોત ત્વરાસેં વો ચલનેવાલી હૈ; મેરે બાસ્તે અબ બહોત અચ્છા ઘોડા"—

એ વાક્ય પૂરું નહિ થયું, તેવામાં બહિરજીનો એક સાથી ત્યાં આવી પહોંચ્યો. બહિરજીએ બાવાજીનો કહેવાનો મર્મ સમજી લીધો હતો તેથી પોતાના સાથીનો ઘોડો માગ્યો. તેણે તુરત જ પોતાનો ઘોડો, જે હાજર હતો તે આપવાની હા કહી. બહિરજી પાસે ખાવાનું તૈયાર હતું, તે બંનો જણે ખાઇ લીધું અને બાવાએ પોતાના ચેલાને બોલાવીને સમજાવ્યું કે, પંઢરપુરની જાત્રા જવાની છે, માટે જ્યાં સુધી હું આવું નહિ ત્યાં સુધી આ હનુમંતની સેવા કરજે, મઢુલી તપાસજે. કમ્મર કસી દઈ, ઘોડાપર સાજ સજી, ચંદ્રના ઉગવા પહેલાં બંનો જણે પોતાના તેજીને દક્ષિણ દિશાએ જવા માટે છૂટી લગામે એકદમ છોડી મૂકયા ને રાત્રિની ઠંડીમાં કલાકે પાંચ સાત ગાઉની ચાલથી ઘોડાઓ વધ્યા ગયા.

## પ્રકરણ ૭ મું

### ઘેરો

પાંચમી જાનેવારીની સમીસાંજના સાડા પાંચ થયા હતા. બાદશાહી મહેલોમાં દીવા સળગ્યા હતા. દિવાનખાનામાં ગ્યાસુદ્દીન રૂમી હમેશના પોતાના ઠાઠમાઠ કરતાં વધારે માણસોનો જમાવ કરી, એક મોટી ખુરસીપર બિરાજ્યો હતો. ડાબી બાજુએ મોતી બેગમ કંઇક દિલગીરી ભરેલે ચહેરે બેઠી હતી. આસરે એક ડજન મેજબાનો ટેબલપર મૂકેલી હુક્કાની ગુડગુડી ખેંચતા હતા ને ગ્યાસુદ્દીનનાં વખાણુપર વખાણુ બોલતા હતા. બે બહાદુર જમાદારો નવાબની બંને બાજુએ નાગી તરવારે ઉભેલા હતા. કંઈ ખુશ નીશો કરવાનું પેય (પીવાનો પદાર્થ) ખોજાએ ટેબલપર લાવીને મૂકયું. દરેકના ગ્લાસમાં આ લાલ રંગની કેફી વસ્તુ રેડવામાં આવી. દરેક જણુ તે મોટા ઉમંગથી ઊઠાવી નવાબની સલામતી ચાહી પી ગયો. માત્ર બેગમ ને તેની લોંડી વગર બીજા સર્વેએ તેમાં ભાગ લીધો. મોતી બેગમે જમણી બાજુએ બેઠેલા નવાબના વજીર તરફ નજર કીધી. તેના મોતીયા જ મરી ગયા! તેણે જાણ્યું કે, મારા ઉપર કંઈ કરડી નજર છે, પણ મોતીની નજર તો માત્ર સહજ જ હતી; તથાપિ જે ચોર હોય તે સૌને ચોર દેખે છે! વજીર જાતે ખંધો અને સૌને પીડાકારી હતો તે બેગમ જાણુતી હતી. ઘણીવાર તે વિષે તેને સતાવ્યો હતો. તે સમે ભયથી વજીર ધ્રૂજ્યો એટલું જ નહિ, પણ એ કરતાંએ વધારે પાપ આ કમજાત માણુસના દિલમાં ભરેલું હતું તેથી ધ્રૂજ્યો. ઘણા ઘણા પ્રકારના તે કાવાદાવા કરતો અને અનેક સ્ત્રીઓની નીતિ ભ્રષ્ટ કરવામાં ને લાજ લૂટવામાં મહા અઘોર પાપી બન્યો હતો. તે બેગમ સાથે કંઇ બોલવા જાય છે, તેટલામાં તો બે માણુસો દિવાનખાનામાં ધસ્યા આવ્યા. વજીરને નીચા નમી સલામ કરી તેના કાનમાં કંઇ કહી, પાછા વળતી સલામ કરી ચાલ્યા. મોતીને કંઇક શક પડ્યો ખરો, પણ તેણે તે ચહેરાપર બતાવ્યો

નહિ. તે તુરત ઉઠી પોતાના ઓરડામાં ગઇ ને સીસોટી વગાડી. પલકમાં બે માણસ આવી પહોંચ્યા. તેમને વજીર સાથે વાત કરનાર માણસોને પકડીને એકદમ કેદ કરવાનો હુકમ આપ્યો અને તુર્ત તે દિવાનખાનામાં આવી સ્વસ્થતાથી પાછી બેઠી ! ત્યાં આવીને એ જોય છે તો વજીર પોતાની જગાએ હતો નહિ. તે ચેતી ગઇ કે કંઈ પણ કાવતરું છે. તત્ક્ષણે પોતાના ખાસ પાસબાનને વજીરની ચર્ચા જોવા મોકલ્યો. નવાબ તરફ નજર કીધી તો તે તદ્દન બેશુદ્ધિમાં હતો. જાતે કંઇ પણ ભય વગરની છતાં આવા બારીક વખતમાં ઘણી ગભરાઇ; પણ પોતાની લોંડીપર વિશ્વાસ મૂકીને કહ્યું; "બહેન ! જો કે મારો ખાવિંદ આજે નીશામાં બેભાન જેવો થયો છે, પણ તેને તું તપાસજે. હું આ સર્વ મેજબાનોને પાનગુલાબ આપીને રુકસત આપું છું.'' મુસલમાની રીત પ્રમાણે દાસીએ નમન કર્યું ને તે વાત સ્વીકારી હોય તેમ મોંથી દર્શાવ્યું. મોતીએ સર્વ મેમાનોને પાનગુલાબ અત્તર વગેરે છાંટીને રજા આપી.

* * * * *

પણ શહેર બહાર આ વખતે જે બને છે, તે આપણે તપાસીએ. એક ચોક્કસ માણસે આવી શહેરમાં જણાવ્યું કે, 'મરાઠા પિંડારાઓનું લશ્કર આવે છે. ઘોડાનાં પગલાંનો ધબડધબડ થતો અવાજ અને પુષ્કળ ધૂળનો વંટોળીયો દૂર દિશામાં દૃષ્ટે પડતો મેં જોયો હતો.' કોઇ લૂટારો શહેર લૂટવા આવે છે એવો શહેરમાં ભય વ્યાપ્યો; ક્ષણમાં શહેરમાં વાત ફેલાઇ ગઇ; સર્વે ગભરાઇ ગયા.

કડીંગ કડીંગ કરતા ઘડીયાળમાં છ વાગ્યા. લોકોમાં તે અવાજ એક રીતે એવો તો ભયંકર થઇ પડ્યો કે, સૌ પોતપોતાની સાવચેતીમાં પડ્યા. ભય ઘણું મોટું હતું; એવું કે બાપને દીકરાની ફીકર કરવાનો સમય ન હતો ને દીકરાને બાપની ! જાન અને માલની ફીકરમાં સૌ પડ્યાં. ધડાધડ ઘરોનાં બારણાં દેવાવા લાગ્યાં; તેપર મોટી ભારે ભુંગળો નાંખવામાં આવી. કંઇક લોકો દોડધામ કરીને પોતાના બચાવ માટે

હથિયાર લેવા દોડ્યા; પાંચ પચ્ચીશ ટોળે મળી એક ઘરમાં ભરાવાને, એક નાકેથી બીજે નાકેના ઘરમાં જતા જણાયા; હાથમાં જોખમના પોટલા ને નાનાં બાળકોને ઘસડતાં જતાં હતાં. કેટલાકોએ પોતાનો માલ ભોંયરામાં ભર્યો, કોઇએ કૂવા કે તાંકામાં નાંખ્યો, કોઇએ ચુલા નીચે દાટવા માંડ્યો. ગરીબ ગુરબાઓ જમીન ખોદી ધનમાલ દાટવા મંડ્યા; ને કેટલાક તીસમારખાંઓ બોલવા લાગ્યા કે, "હમ નવાબ કે બચ્ચેકું કોન લૂટનેવાલા કાફર હે!" તે વિચારથી પાંચ પૈસાનો માલ હોય તે ખુલ્લો રાખવા લાગ્યા. નાણાવટીઓએ પોતાના બચાવ માટે અંગ્રેજની કોઠી ભણીનો રસ્તો લીધો; શહેર ને પરાંઓની ખડકીઓ બંધ થઇ ગઇ. ધડાધડ બુરાનપુરી વગેરે બારે ભાગળોના દરવાજા પણ બંધ થઇ ગયા. વલંદાની ને અંગ્રેજની કોઠી આગળ સાહુકારોનો જમાવ એટલો થયો કે, તલભાર જવાની જગ્યા રહી નહોતી. સઘળા સાહુકારો કંઇ પણ જોખમે પોતાનો માલ એ કોઠીમાં રક્ષણ થાય, તે માટે મૂકવા તૈયાર હતા. કોઠીદાર અંગ્રેજ તેમ વલંદા ઘણા ગુંચવાડામાં પડી ગયા. શું કરવું તે તેમને પણ સૂઝે નહિ. તેઓને પોતાના ધન તથા માલના રક્ષણની જ મોટી ચિંતા હતી. અંગ્રેજ કે વલંદા, પોતાનું જ રક્ષણ કરવાને સશક્ત નહતા, પણ હિંમતવાળા ને હથિયારબંધ હતા, તેથી પોતાના માલમતાની બરાબર ગોઠવણ કરી દીધી હતી. પહેલ વહેલાં તો સૌ સાહુકારોનો માલ લેવાને તેઓએ ના પાડી; પણ જ્યારે કેટલાકોને રડતા કકળતા જોયા એટલે દયા લાવી, એક સરતે સઘળા વેપારીનાં ધન અને માલ લેવાને હા કહી. તે સરત એ કે, કદાચિત્ શિવાજીનું લશ્કર સઘળો માલ લૂટી જાય તો તેના જોખમદાર અમે નહિ. જો માલ બચે તો સેંકડે દશ ટકા એમાંથી સચવામણીના કાપી લઇએ. મને કે કમને સર્વેએ વાત કબુલ કરી. તે જ ક્ષણે આસરે દોઢથી બે કરોડનું જરિયાન તથા જવાહીર કોઠીમાં આવીને પડ્યું. રોકડ તો જૂદી જ. વલંદાની કોઠીમાં પણ તેવા જ પ્રકારે જોખમ

રાખવામાં આવ્યું. આમ આખા શહેરમાં મોટો હાહાકાર વર્તાઇ રહ્યો. સૌ કોઇ પોતપોતાનાં બૈરાં છોકરાં સાથે ઘરમાં ભરાઇ બેઠા. રસ્તાપર થોડે થોડે સમયે માત્ર ઘોડાઓનાં પગલાં સંભળાતાં. તે વગર બીજો કંઇ અવાજ નહતો. રાતના ચંદ્રપર વાદળાં છવાઇ ગયાં હતાં ને તે પણ આવનારા ભયથી અપ્રસન્ન થયો હોય તેવો જણાતો હતો.

જેવા શહેરના દરવાજા બંધ થઇ ગયા, તેવું જ મરાઠાનું ઘોડેસ્વાર સૈન્ય શહેર બહાર કડેડાટ આવતું જણાયું. ચપળ પગલાં ઉપાડતા હારદોર ઘોડા ચાલ્યા આવ્યા ને દિલ્લી, સહરા, માન ને નવસારીના દરવાજા બહાર તેઓ ફરી વળ્યા. ઘણા કદાવર ઘોડાપર લૂટારાનો સરદાર શિવાજી હતો. તેની એક બાજુએ બહિરજી, હરપ્રસાદ, ને બીજી બાજુએ મોરો ત્રીમલ ને તાનોજી માલુસરે હતા. શહેરની નજીક આવતાં ઘોડેસ્વાર લશ્કરને છ ભાગમાં વહેંચી નાંખ્યું ને દરેક ભાગ ઉપર બીજા કેટલાક સરદારો નીમ્યા. પાંચસો પાંચસો માણસની વ્યૂહ રચના થયા પછી બાકી રહેલું એક હજાર માણસ શિવાજી પોતાની સાથે લઇને નવાબના મહેલની બાજુએ આવ્યો. બહિરજી તથા હરપ્રસાદ, શહેરનો વચલો ભાગ લૂટનારી ટુકડી સાથે હતા.

જ્યાં રાતના નવ વાગ્યા કે તમામ લશ્કર શહેરની આસપાસ ફરી વળ્યું. ભય ને ત્રાસ સર્વત્ર પથરાઇ ગયો. નવાબના મહેલમાં પણ જેવું તેવું ભય નહોતું. ત્રણસો આરબ પઠાણોને ઉત્તમમાં ઉત્તમ શસ્ત્રો આપી તૈયાર રાખ્યા. પૂર્વે કહી ગયા તેમ નવાબની સ્થિતિ એ જ વખતે અતિસેં બગડી ગઇ હતી. તેને પોતાના દેહનું ભાન નહતું, તો આવા બારીક સમયમાં તે લોકોનું સંરક્ષણ શી રીતે કરી શકે ? તેથી મોતી ઘણી સાવચેત રહીને પોતાના માથાપરનો બોજો કેટલો અસહ્ય છે તે વિચારી, સર્વ પ્રકારનું જોર એકઠું કરીને તેણે શહેરનું રક્ષણ કરવાનો નક્કી ઠરાવ કીધો. સઘળા દરબારીઓ, જેઓ આવે સમયે કંઇ પણ સહાય આપી શકે તેમની એક મંડળી બોલાવી. રાત્રિના દશ

વાગી ગયા હતા. ઘણુા ફીકરમંદ ચહેરાથી સાડાદશ કલાકે દશેક કારભારી આવી પહોંચ્યા. આદર સત્કાર આપવામાં એવે સમયે મોતી પાછી પડે તેમ નહતું. પોતે તદ્દન દૃઢ છે, એમ બતાવતી તે ટેબલને મોખરે બિરાજી અને આસપાસ એક તરફ ચાર હિંદુ-બે નાગર ને બે કાયચ-અને બીજી તરફ પાંચ મુસલમાન અમીરો બિરાજ્યા.

સદ્દગુણી સ્ત્રીના ગૌરવની જે શોભા છે, તે તેનામાં રહેલા કોઇ એક પ્રકારના સદ્દગુણની પ્રતિમા છે. સ્ત્રીના સદ્દગુણની શરુઆત ને અંત સર્વસ્વ, વાસ્તવિક રીતે સદ્દગુણમય પ્રેમમાં છે. પ્રેમનાં કાર્ય આદરવાનાં હોય છે, ત્યારે સ્ત્રીઓ ઘણી સુખી દેખાય છે અને તે જો શુદ્ધ મન અને વિચક્ષણ બુદ્ધિથી થઇ શકે તો તેની અપૂર્વ સ્તુતિ ગવાય છે. જ્યારે સ્ત્રીનો પ્રેમ કોઇ એકાદ બાજુએ ઢળે છે, ત્યારે તે જગ્યા સ્વર્ગ તુલ્ય બને છે અને સ્ત્રીઓમાં જે જે પ્રેમની રચનાનો યંત્ર ગોઠવાયો છે, તેથી તેઓને હાથે જે જે કાર્યો થાય છે તે સઘળાં ઘણાં અલૌકિક દબદબાવાળાં થાય છે, સદ્દગુણમય સ્ત્રીનું તેજોબિંદુ, તેની વાણીમાં મીઠાશ, હરવા ફરવામાં છટા અને નજર નાખવામાં તીક્ષ્ણ શક્તિ છે. એવી છતાં જ્યારે તે દેશસેવામાં ભક્તિભાવથી પ્રેમ બતાવે છે, ત્યારે તેજોબિંદુ, કોઈ પણ પ્રકારે તેની દિવ્ય શક્તિમાં ઉણું કરતો નથી-વધારો કરે છે. સ્ત્રીઓને સ્વતંત્ર રીતે કામકાજ કરવામાં ભાગ આપવામાં આવે તો તે પોતાનું કામ ઘણી સારી રીતે કરી શકે; કેમકે તેનો પ્રેમ જે તરફ ઢળે છે, તે તરફ કંઇ પણ ઓછપ રાખતું નથી. ઘણું કરીને પ્રાચીનકાળથી એમ કહેવાય છે કે, "સ્ત્રીની મતિ પગની પેનીએ!" તેની શક્તિ શી, બુદ્ધિ શી, સલાહ શી! તો પણ કહેવું જોઇયે કે, સ્ત્રીઓએ પ્રેમના આવેશમાં જે મોટાં કામો કીધાં છે, તેના જેટલાં યશાળાં કામો પુરુષ ઘણે શ્રમે કરી શકયા છે. મુસલમાનના રાજકાળમાં, જનાનું સેવતી, મુસલમાન નવાબની બેગમે, સંકટ સમયે ખુલ્લું દરબાર ભરી, દરબાર મંડળમાં ભાગ લીધો, તે જાણીને વાંચનારા

વિસ્મય પામશે. મુસલમાનો તો હમેશાં જનાનો સેવનારા છે, તે આટલી છૂટ શી રીતે આપી શકે ? પણ ગ્યાસુદ્દીન રૂમી જાતે ઘણો છુટા વિચારનો, સમજુ અને ડાહ્યો હતો. તે જેટલો હતો તેના કરતાં વિશેષ તેની પત્નીએ તેને બનાવ્યો હતો. તથાપિ મુસલમાનોમાં જે આળસ ને મોજશોખના દુર્ગુણ હોય છે, તેથી એ બાતલ નહોતો. સ્ત્રીને છૂટાપણું આપવામાં તે ઘણો અગાડી પડેલો હતો. ઘણી વેળાએ તેણે પોતાના દરબારીઓની મજાક કીધી હતી કે, "જેનાં બૈરાં અંધારી કોટડીમાં રહેનારાં હોય, તેનાં ફરજંદો પણ તેવાં જ બાયલાં થાય. સ્વતંત્રતા જ સર્વ સુખનું સાધન છે; તે પડતીમાંથી ચઢતીમાં લાવવાનો સુલભ માર્ગ છે. સ્વતંત્ર થયલાં સ્ત્રી પુરુષ, પ્રેમમાં જે સુખ ભોગવે છે, તેવું બીજા ભોગવવાને અશક્ત છે, ને તેના પુત્રો સ્વતંત્ર સુખના લહાવા લેવાને કેમ ભાગ્યવંતન થાય !" આવી રીતિથી મોતી બેગમને સર્વ પ્રકારની સ્વતંત્રતા મળી હતી. છચોક તે બહાર ફરવા નીકળતી હતી—જો કે આ રીવાજને કેટલાક અમીર ઉમરાવો ધિક્કારતા હતા, તો પણ નવાબની સામા બોલવાની હીમત કોની ચાલે ?

દરબારીઓ દશ મિનિટ સુધી અબોલ રહ્યા. કોઈએ પણ ચુપકીદી તોડવાની હીમત કીધી નહિ; અગરજો આ વખતે નવાબના સ્થાનક ઉપર એક સ્ત્રી બેઠી હતી.

"મારા દરબારીઓ !" સઘળી શાંતિ તોડી નાંખી, શોક, ચિન્તા ને ભય મુખપર છવાઈ રહ્યા છતાં, હીમતથી મોતી બોલી; "તમે જાણો છો કે, આપણા નગર ઉપર આજે જે આફત આવી છે, તેને માટે મારી પૂરી સાવચેતી છતાં, કમભાગ્યે તેમાં નિષ્ફળ થઈ અને એ નધારેલું સંકટ પ્રાપ્ત થયું છે. એને માટે આપણે શો બંદોબસ્ત કરવો, તે તમો સૂચવશો."

"આપણે આપણા નગરનો બચાવ કોઈ પણ જોખમે કરવો." અમિર નવરોઝે પોતાના વૃદ્ધપણાના ડોળથી, ડાઢી હલાવતાં હલાવતાં

કહ્યું. ઘણા દૃઢ ને પાકા વિચારવાળો, તે દરબારમંડળમાં પહેલો સલાહકાર હતો.

તુરત જ નાગર દિવાન પોતાની ખુરસી લગાર પછાડી હતી તેને અગાડી લાવ્યો, ને ટેબલપર હાથ મૂકી બોલ્યો, "આપણા હાથમાં ઉપાય શું છે?"

"આપણી તરવાર એ જ આપણો ઉપાય. તમારે તોષાખાનાવાળાને નાણાં આપવાની વરદી આપવી. અમે અમારું કામ સારી રીતે સમજિયે છિયે." સેનાધિપતિએ જવાબ દીધો.

"તોષાખાનામાં પૈસા જ ક્યાં છે? ત્રણ ત્રણ મહિનાના સીપાહીઓના પગાર ચઢી ગયા છે, તેઓ તેથી બૂમ પાડે છે;" કરડાકીમાં તોષાખાનાનો ઉપરી બોલ્યો.

"જ્યાં સુધી નવાબ પોતાનો ખરચ ખુટણ ઓછો કરે નહિ, ત્યાં સુધી ને મારાં ધીરેલાં નાણાં મને આપવાને માટે પાકી જામીનગીરી મળે નહિ, ત્યાં સુધી હું હવે એક પૈ પણ ધીરનારો નથી;" એક નાગર સાહુકારે ટચકો માર્યો.

"આપણા લશ્કરની હાલત કોઈ પણ રીતે સારી નથી. પઠાણ ને આરબ સીપાહીઓ નારાજ થયલા છે, તેથી આવે સમયે કોઈ પોતાનો જાન આપવાને તૈયાર થશે નહિ. મારો વિચાર તો એવો છે કે, જેમ બને તેમ આપણે આપણું પોતાનું રક્ષણ કરી, શહેરને તેના પોતાના નસીબપર છોડી દેવું. શિવાજી જે કરવાનો હશે તે કરશે. લોકો પોતાનું રક્ષણ જાતે કરી શકે તો કરે, નહિતર આપણે શું કરી શકીશું?" એક નાગર અધિકારીએ પોતાનો વિચાર આપ્યો.

"ચૂપ! મૂર્ખ!" પહેલા સલાહકારે ગુસ્સાના આવેશમાં તેને ધિક્કારી કહાડ્યો. "તું ચંડાળ છે! રાજદ્રોહી છે! તારો વિશ્વાસ કેવો? હું તને હમણાં તારા રાજદ્રોહીપણાનું—"

અકસ્માત્ બારણું ઉઘડ્યું ને બે માણસો એકદમ ધસ્યા આવ્યા.

એક બેગમ સાહેબા પાસે ગયો ને બીજો બીજા સલાહકાર પાસે ગયો. બંનેએ જતાં વારને ઉતાવળા ઉતાવળા મુંગે મોઢે તેમના હાથમાં ચિઠ્ઠીઓ આપી દીધી. આ બંનો જાસુસો ઘણા જ હાંફતા હાંફતા આવેલા હતા, તેથી એમ લાગતું હતું કે, આ ચિઠ્ઠી ઘણી અગત્યની હશે. હતું પણ તેમ જ. અહીંઆં આ રાજમંડળીને હાલ બેસાડી મૂકી આપણે એ શું હતું તે તપાસીએ.

* * * * *

પાછલા પ્રકરણમાં બહિરજી અને બેરાગીને સુરત છોડીને કલ્યાણી તરફ જતા આપણે જોયા હતા. શિવાજીને તેઓ જઇ મળ્યા ને ત્યાં નગરની સંપત્તિની દિલ લલચાવે તેવી વાર્તા કહી; ને તેમાં હરપ્રસાદ બેરાગીના આશ્રયની વાત કહી, તેમ તેની સાથે જે સરત કરવામાં આવી હતી, તે વાત પણ કહી સંભળાવી. શિવાજી ઘણો ખુશી થઈ ગયો ને હરપ્રસાદને પોતાના તનનો સાથી કીધો. ઉત્તરાયણ પહેલાં ચઢાઇ કરવાનો ઇરાદો રાખીને, શિવાજીએ ૪૦૦૦ સરસ ઘોડેસ્વારને લઇને નિકળવાનો ઠરાવ કીધો. તેટલામાં બેરાગીના કહેવા ઉપરથી શિવાજીએ જાતે વજીર ગજનાફરખાનજીને તથા દિવાન નવનીતલાલને પત્રો મોકલ્યા. તેમાં વજીરને જણાવ્યું હતું કે; "જો તમે આશ્રય આપશો તો ગ્યાસુદ્દીન રૂમીને મારીને તમને રાજગાદી સોંપવામાં આવશે. એ ઉપકારના બદલામાં ઘાસદાણા પેટે દર વર્ષે તમારે ત્રીશ લાખ રૂપિયા આપવા." એવી જ મતલબનો પત્ર દિવાનપર પણ લખ્યો હતો. વજીર ને દિવાન બંને લોભના માર્યા આંધળાભીંત બની ગયા હતા. નગરને માથે જે મોટું સંકટ છે, તે વિચાર મનમાંથી કહાડી નાંખીને, પોતાનો સ્વાર્થ સાધવો જ કલ્યાણકારી માન્યો–જાણ્યો. સ્વાર્થ જાતે જ અંધો છે. તે, પોતાને મનગમતી ચીજ મેળવવા માટે કેવાં કાળાં ધોળાં કરે છે, કેવા પ્રકારે દેશદ્રોહી બને છે, તે જોવાને તે શક્તિમંત નથી. સ્વાર્થી માણસ નિમકહરામ થતાં વિલંબ લગાડતો નથી. સ્વાર્થીઓ હમેશાં જ બુદ્ધિને કોરાણે મૂકી દે છે. તેને ધર્મનો ઢોંગ

કરતાં આવડે છે. તે પ્રમાણિકપણાનું ડોળ ઘાલવામાં ચતુર છે; પણ અંદરથી તેનાં કૃત્યો એવાં તો કાળાં મેંસ જેવાં હોય છે કે, જ્યાં સુધી કોઇ વિદ્વાન વૈદરાજ તેનાં કાળજાં કાપીને બતાવે નહિ, ત્યાં સુધી તેનો ખ્યાલ પણ આવે નહિ. નાગર દિવાન મોટું ત્રિપુણ્ડ્ર કરતો, ભેંસ ભડકે તેવી રાખ ચોળતો, દોઢ મણ ભભૂતિ કપાળપર ચોળતો. પણ તેના જેવો અધમ પાપી બીજો સુરતમાં નહિ હશે. 'મુખમાં રામ બગલમાં છૂરી, ભગત ભયા પણ ધાનત બૂરી' તેમ ગૂજરાતમાં ઘણાં રાજ્યોનું સત્યાનાશ વાળનાર નાગરો છે! કરણને પાયમાલ કરવાનું કારણ નાગર થઇ પડ્યો હતો. આજે સુરતને પાયમાલ કરવા પણ નાગર તૈયાર થયો છે અને સુરતને વેચનાર પણ નાગર હતો.

નવનીતલાલ દીવાને શિવાજીના પત્રથી લોભાઇ વજીર સાથે વાતચીત કીધી; અને એમ ઠરવ્યું કે જેવો શિવાજી આવે કે નવાબને મારી નાંખીને શિવાજીને દંડ આપી તાબે થવું અને ગાદીપર ચઢી બેસવું.

મોતી બેગમ જાતે અતિ ચંચળ હતી. તેણે વજીરની રીતભાતપર શકની આંખથી જોવા માંડયું હતું. આ તો નિયમ છે કે પાપી માણસ હમેશાંજ બિહતો રહે છે, તેમ વજીરે પણ સાવધ રહેવા માંડયું હતું. જે દિવસની આપણે વાત કરીએ છીએ, તે દિવસે તેને ખબર હતી કે, આજે શિવાજીની ચઢાઇ આવનારી છે, ને તે લૂટફાટ કરવાને તત્પર છે; તેટલામાં આપણું કામ કહાડી લઇયે અને તે દુષ્ટ વિચારથી દારૂના ગ્લાસમાં કંઇક કેફી વસ્તુ નાંખી નવાબને બેભાન કીધો હતો.

જે બે જાસૂસ વજીર પાસે આવ્યા હતા, તેની પછાડી મોતી બેગમે પોતાના જાસૂસોને મોકલ્યા હતા. તેઓ છુપે વેશે તેની પછાડી ગયા હતા. પ્રથમ જાસુસોએ રસ્તામાંથી શહેર બહાર જવાનો વિચાર કીધો. પહેલાએ બીજાને કહ્યું; "સૌથી સારો તડાકો આપણો છે; જો વજીર, નવાબની ગાદીએ બેસે તો તેઓએ મને ત્રણ ગામ બક્ષીસ આપવા કહ્યાં છે." બીજો બોલ્યો; "દિવાનજીએ પણ મને સારી

આજ્ઞા આપી છે; ને તેની જામીનગીરીમાં આ મહારાજા શિવાજીનો પત્ર આપ્યો છે. એ જો હું કોઇને પણ આપું તો દિવાનજીના મહા બુરા હાલ તાત્કાળ થાય." આમ બોલી પોતાના ખીસામાંથી કાગળ કહાડ્યો ને તે પોતાના સોબતીને વંચાવ્યો. એકદમ મોતીના દૂતે તેઓની સમક્ષ જઇને તે પત્ર માગ્યો. બંનો જાસૂસો તો આભા જ બની ગયા. તેઓ ઘણા ગભરાટમાં પડ્યા. પણ બીજાએ હીંમત લાવી પોતાના ગજવામાં કાગળ મૂકવા માંડ્યો, એટલે નવાબી દૂતે તેના હાથપર પોતાનો હાથ મૂકી કહ્યું; "દોસ્ત, યાદ રાખ કે તારો જાન સલામત છે, જો આ પત્ર મારા હાથમાં આપશે તો;–પણ વધારે ગડબડ કીધી તો કંઇપણ સાંભળ્યા વગર હમણાં જ કાપી નાંખવાની સત્તા ધરાવું છું." આમ બોલી રહ્યા પછી એકદમ પોતાના ગળામાંથી એક સીસોટી કહાડી વગાડી ને બે મીનીટમાં ત્રીસ ઘોડેસ્વાર તેની આસપાસ ફરી વળ્યા, બોજો દૂત, જેનું નામ સેનાદીન હતું, તેણે હુકમ આપ્યો કે, "આ બંનેને પકડીને એકદમ કાળી કોટડીમાં લઇ જાઓ, હું ત્યાં હમણાં આવી પહોંચું છું." એકેક સ્વારે બંનેને પોતાના ઘોડાપર બેસાડી એકદમ કાળી કોટડીમાં લઇ જઇને પૂર્યા.

બંને જાસૂસોને જેલમાં નાંખ્યા કે પછી તેઓ થોડીવારે સ્વસ્થ થયા. સેનાદીને બેગમને આવીને સવિસ્તર હકીકત કહી. બેગમે પોતાના આમ મંડળના મંત્રીને બોલાવી વિચાર કીધો, કે હવે શું કરવું? જે પત્ર શિવાજીએ દિવાન અને વજીર ઉપર મોકલ્યો હતો, તે જોઇને તેમના કાવતરાં માટે સંશય રહ્યો નહિ. આમ મંત્રી ઘણો લાંબો વિચાર કરીને કંઇ બોલવા ગયો પણ તેટલામાં મોતી બોલી–જે આટલો વખત પેલા પત્રપર જ નજર કરતી હતી.

"ઓ બેરહેમ પ્રભુ, મારું શું થશે?" ધણી ચમકીને ડચકીયાં ખાતી ખાતી તે બોલી. "આ બન્ને યમદૂત રાજ્યનું લૂણ ખાઇને હરામ કરે છે ને તે વળી સૂર્યપુરની ગાદીપર–જાણે ઈંદ્ર શચિને લઇને

બેસે તેમ, મને લઇને બેસવા ઇચ્છે છે. અરે! કમભાગ્યે એમ બન્યું તે ઓ! હું શું કરીશ?"

"બેગમ સાહેબા! તમે બીહીશો નહિ!" ભાઈ જેવા પ્યારથી આ હિંદુ બોલ્યો. તે જાતે ઘણો નમ્ર ને કોમળ મનવાળો તરુણ હતો. "જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે, ત્યાં સુધી તમારે કોઇપણ પ્રકારે ડરવાનું નથી; હું કોઈ પણ પ્રકારે તમારું તો રક્ષણ કરીશ જ. એટલું જ નહિ, પણ મારી માતૃભૂમિનું પણ રક્ષણ કરીશ!"

"પણ તું જો, આ પત્રમાં શું છે તે;" મોતીએ પોતાના હાથમાંનો પત્ર તેના હાથમાં આપીને કહ્યું.

"મને સર્વ માલમ છે!" ધીમેસથી આ હિંદુ બોલ્યો. "પણ વજીર હમણાં ક્યાં છે? તેને ઘણો જલદીથી પકડીને તાબે કરવો જોઇયે. જો તે છટકી જશે તો—"

"તે આપણા તાબામાં આવ્યો છે ને મહેલના ભોંયરામાં હમણાં પોતાના પાપનો પસ્તાવો કરતો બેઠો છે!" અકસ્માત્ ઓરડાનું ખાનગી બારણું ઉઘડયું ને ખોજા શુમરુરે કહ્યું; "જનાબના હુકમથી હું એકદમ વજીર પછાડી દોડ્યો; અને મને એમ ભાસ્યું કે તે પોતે દરવાજા બહાર શહેર છોડી જાય છે. થોડે ગયા પછી, તેણે આસપાસ દૂર લગણ કોઈ માણસને માટે નજર કીધી, પણ કોઇ જણાયું નહિ, ત્યારે તે થોભ્યો. મને લાગ્યું કે તે કોઇ બીજાની રાહ જોતો હતો. પાએક કલાક વીત્યો ને કોઇ ન આવ્યું ત્યારે તેણે ઘોડાને એડ મારી; પણ ઘણે લાંબેથી ઘોડો દોડાવીને હું તેની પાસે ગયો. મેં તેને જણાવ્યું કે; "ખુદાવંદ! આપ પાછા ફરો! આપ મારા બંધીવાન્ છો! જો કોઇ પ્રકારે લાંબી ટુંકી કરશો તો એક ઝટકે છપ્પન ટુકડા કરી તમને સોનાની શૈયામાં પોઢાડવાને બદલે કુકરને ખાવા માટે મૂકીશ!" હું આટલું બોલી ન રહ્યો, તેટલામાં તો વજીરે સમશેર ખેંચી કહ્યું; "અલહમદીલુલ્લા! એ કુત્તા સમાલ! મારી સમશેરનો ઘા, અને પછી તારા પૃથ્વીનાથના

હુકમની બજાવણી કર !" તે જ ક્ષણે પોતાની સમશેરનો ઘા તેણે મારા પર કર્યો. પણ 'અલાહી હાફેઝ,' તે મેં ચૂકાવ્યો ને ઉલટો ઘા મારો પડવાથી તેની સમશેર હાથમાંથી ઉડી ગઇ ને તે તાબે થયો. તેને મેં સાથે લીધો ને હથિયાર વગરનો બનાવી, કંઈ પણ ચેં કે ચું કર્યા વગર જ્યાં સૂધી તેને ભોંયરામાં ગોંધ્યો નહિ ત્યાં સૂધી તેણે એક પણ શબ્દ ઉચ્ચારવાની હીંમત કીધી નથી. તેના ખીસામાં જે કાગળોનો જથ્થો હતો તે, સરકાર ! આપની હજુર મૂકું છું, આપ તપાસો."

ત્યાં બેઠેલા હિંદુએ સઘળા પત્રો વાંચી જોવાને બેગમ સાહબા પાસેથી માગી લીધા. બેગમે કંઇ પણ આનાકાની વગર ઘણી ખુશીથી આપ્યા અને તે હિંદુએ જણાવ્યું કે, "જે બે જાસૂસને કેદ કીધા છે, તે બન્નેની હું જેલમાં જઇને તપાસ કરું છું અને કંઇ વિશેષ હકીકત મળશે તે લઇને પાછો સત્વર આવું છું." બેગમે સર્વ પ્રકારની રાજ-સત્તાનો ઉપયોગ કરવાની તેને પરવાનગી આપી ને પોતાની રાજ્ય મહોર જેવી વીંટી પણ તેને સોંપી—કે જેથી કંઇ સંકટ સમયે તેનો ઉપયોગ કરવો હોય તો તે કરી શકે.

જે હિંદુ ગૃહસ્થને આપણે આ સ્થળે જોયો, તે એક શૂરવીર અને રણ-ધીર નાગર બચ્ચો જ હતો. તેની વય માત્ર ત્રીસની હતી ને તે બેગ-મનો હમેશનો ખાનગી સલાહકાર હતો. તે દેખાવે ઘણો ગંભીર અને વિચારમાં પુખ્ત હતો. જુવાન સ્ત્રી પુરુષો ઘણું કરીને અતિશય પ્રેમાળ હોય છે, તેવો જ એ પણ હતો. જ્યારે મોતી બેગમ બાળવયમાં હતી ત્યારે એ તેનો શિક્ષાગુરુ હતો. ઘણું કરીને બન્ને જણનો વાતના પ્રસંગથી એટલો તો ઘાડો પ્રેમ બંધાયો હતો કે, એક દિવસે સુરલાલે પોતાનો પ્રેમ છચોક બતાવ્યો. મોતી પહેલ વહેલી તો ચમકી, પણ તેનું મન આકર્ષાયું હતું, તેથી જણાવ્યું કે, 'જો મારાં માતાપિતા કબુલ કરે, ને તું અમારો ધર્મ સ્વીકારે તો કંઇ પણ મારા તરફની હરકત વગર તારી સાથે નેકાહ પઢીશ. પણ એ જો ન બને તો ફરીથી એ

વાત ન કહાડતો, માત્ર મારી પોતાની ખાતર જ—રે કોઇ બીજા ખાતર નહિ, તોપણ મારી તરફના પ્રેમને ખાતર જ—તારે એ વાત મનમાંથી કહાડી નાંખવી; ને એક બહેન ભાઇને ને એક ભાઈ બહેનને જેટલા ને જેવા પ્રેમથી જોય તેવા પ્રેમથી વર્તજે.' અંતે એ જ પ્રમાણે થયું. બક્ષી કોઇ દિવસે પોતાની દીકરી આવા માણસને આપે એ ન ભૂતો ન ભવિષ્યતિ જેવું હતું. એ દિવસથી સુરલાલ હમેશાં દિલગીર રહેતો ને થોડોક કાળ તો મોતીને મળતો પણ નહિ; તથાપિ મોતીના આગ્રહથી—વચનથી બંધાયલો હતો, માટે સમયે સમયે તેને મળવા જતો હતો. મોતીનો એનાપર અપૂર્વ પ્રેમ હતો, જો કે તે સ્વચ્છ અને બંધુત્વ દર્શાવનારો પ્રેમ હતો.

આજે સુરલાલને તેડાવ્યો, તેથી તે આવ્યો હતો. તે મોતીને મળીને પાછો ઘેર ગયો ને સઘળો પત્રવ્યવહાર વાંચી જોયો. તેમાં દિવાનનાં કાવતરાં ઘણાં અઘોર માલમ પડ્યાં.

* * * *

રાતના આઠ વાગ્યા ને જેલનાં બારણાં ઉઘડ્યાં. અંધારામાં બે કેદી નિરાશ થયલા લાંબા છટ થઇને પડ્યા હતા. કેટલીકવાર એમ બને છે કે, દુઃખમાં નિદ્રા ઘણી આવે છે. અણધાર્યું બેહદ દુઃખ આવ્યા પછી માણસ એક રીતે નચિંત થઇ જાય છે. “જે થા સો ડાલ દિયા” એમ સમજીને તે ઉદાસીમાં મનનો ભાર ઉતારવાને, કોઇ પણ પ્રકારની દુનિયાની દરકાર વગર ઘસઘસાટ, તે દુઃખી મનુષ્ય નિદ્રા લે છે.

બંને જાસૂસોની પાસે સુરલાલ ગયો ને દરવાજાપર બે માણસો બેસાડ્યાં. બંનેને ઊઠાડીને તેણે જે સર્વ વૃત્તાંત જાણ્યો, તે આપણે ઉપર વાંચી ગયા છીએ. તેને વિશેષ ખાત્રી એટલી જ મળી કે, દિવાન આ કાવતરાંમાં અસલથી જ સામેલ છે અને તે સવારના શિવાજીને શરણે જઇને શહેર તેને તાબે કરવાનો છે.

આ ખબર સાંભળીને સુરલાલ ઘણો જ ગભરાયો અને તેણે

પ્રથમ જૂદા વિચાર કીધાં; પણ પછી તાત્કાળ નક્કી કીધું કે, શાહજાદા નવરોઝપર પત્ર મોકલી દિવાનને પકડવાનો બંદોબસ્ત કરવો. જેલમાંથી બહાર નીકળીને ઘેર જઇને તેણે ઝટ એક પત્રિકા લખી કહાડી ને પોતાના એક વિશ્વાસપાત્ર માણસ સાથે શાહજાદા નવરોઝપર મોકલાવી અને પોતે શિવાજી જે બાજુએ પડેલો છે તે બાજુના દરેક દરવાજા-પર દશ દશ સ્વારની ચોકી મૂકી સૌ સ્વારને હુકમ આપ્યો કે, "જેવા દિવાનને દેખો કે તેનું કંઇ પણ સાંભળ્યા વગર તમારે તેને એકદમ પકડી લાવવો."

જે સંદેશો લઇ જનારને શાહજાદા નવરોઝને ઘેર મોકલ્યો હતો, તેને ખબર મળી કે અત્યારે સઘળા નવાબના મહેલમાં પધારેલા છે, એટલે તે ત્યાં ગયો. દરવાને પ્રથમ તેને અટકાવ્યો, પણ તેના કાનમાં કંઇ કહ્યું ને 'પાસ પોર્ટ' બતાવી એટલે તે વગર મુશ્કેલીએ દિવાન-ખાનામાં જઇ શક્યો; ને ત્યાં જઇ શાહજાદા નવરોઝના હાથમાં ચિઠ્ઠી આપી.

શાહજાદા નવરોઝે ચિઠ્ઠી વાંચી કે તાત્કાળ—વાંચતાં વાંચતાં તેનાં રોમેરોમ ઉભા થઇ ગયાં. તે એકદમ જોસ્સામાં અને ગુસ્સાના આવેશમાં બોલી ઉઠ્યોઃ

"અરે આ તે કેવી વિચિત્ર વાત, મને ખબર નથી પડતી કે આ ગુનેહ-ગારને યમરાજા કેવી શિક્ષા દેશે." એક ક્ષણ ચૂપ રહ્યા પછી તે દિવાન તરફ નજર કરી બોલ્યોઃ "તું જાણે છે એ સયતાનના બચ્ચા! કે તારાં કાળાં કર્મ કેવાં પ્રસિદ્ધ થનારાં છે? પાપી ચંડાળ! તું જેનું નિમક ખાય છે તેનો દ્રોહી થવા માગે છે? યાદ રાખ કે, તારે માટે દોજખ શિવાય બીજી જગ્યા નથી!"

"ખબરદાર! તારી જીભડી સંભાળ, નહિ તો હું હમણાં તારા અમીરીપણાને ઝાંખ લાગે તેવા તારા આ કર્મને યોગ્ય તને શિક્ષા કરીશ;" દિવાને કહ્યું.

"ચાલ્યો જા, મૂર્ખ! નહિ તો મારે મારી સત્તાની રૂયે તને યોગ્ય સજા કરવી પડશે;" શાહજાદા નવરોઝે ધિક્કારીને જવાબ વાળ્યો.

"નહિ, નહિ;" દિવાને કૃતજ્ઞપણાનો ડોળ ધારણ કરીને શબ્દ કહાડ્યો. "જેવા તમે જાતે મૂર્ખ છો, તેવા બીજાને ધારવામાં મોટી ભૂલ કરો છો."

"કુતરા! રસ્તો પકડ" ક્રોધાંધ થઇ શાહજાદો નવરોઝ બોલ્યો. "નહિ તો મુક્કીએ મુક્કીએ તારા ચુરેચુરા કરી નાંખીશ. જાણતો નહિ કે, તારાં દુષ્ટ કામોની કોઇને ખબર પણ નથી, પરંતુ એટલું યાદ રાખજે કે, તે જ કામો તારી ગરદન કપાવશે!"

"તું જાણે છે કે કોની સાથે વાત કરે છે?" પોતાની દિવાનગીરીની સત્તાના તોરમાં જ દિવાને સવાલ કીધો.

"હા! એક નિમકહરામ પાપિષ્ઠ હેવાન સાથે?" નવરોઝે ઉભા થઇને, તરવારપર હાથ મૂકતાં જવાબ દીધો; ને આંગળી બતાવીને બોલ્યો કે, "જલદી ચાલ્યો જા અહીંથી, નહિ તો હમણાં તને તારી સત્તાનો સ્વાદ ચખાડીશ!"

"સુવરના બચ્ચા! તું તારૂં પરાક્રમ આજે બતાવે છે?" પોતાની ખુરસીપરથી ઉભા થતાં દિવાન બોલ્યો:-"પણ યાદ રાખજે કે તેનું પરિણામ તારે કેવું ચાખવું પડે છે. તને શી સત્તા છે કે, તું આજે આ દિવાનખાનામાંથી મને જવાની ફરજ પાડે. પણ તું જાણ ને યાદ રાખ કે હમણાં હું જઇશ, પણ કાલે સવારના કાગડા કકળે તે પહેલાં તારૂં લોહી વહેતું જોઇશ ને તારો આ સામો ખડક માફક ઉભેલો મહેલ જમીનદોસ્ત થઇ જશે અને ત્યાં ગધેડા ભૂંકશે." આમ બોલીને તે નાસવાની યુક્તિ કરવામાં મનથી ગુંથાયો. પણ જે શબ્દ દિવાન બોલ્યો હતો, તે શબ્દ શાહજાદા નવરોઝના મનમાં એવા તો કારી ઘા પેઠે લાગ્યા, કે તેણે પોતાની તરવાર મ્યાનમાંથી ખેંચવા માંડી.

"ખબરદાર !" બંને જણુ તરફ પોતાની નજર નાંખીને તેમને શાંત પાડવાના હેતુથી મોતી બોલી; "તમારે મારી સત્તાને માન્ય રાખીને વર્તવું. જે બનાવ આ પ્રસંગે અહીંયાં બન્યો છે, તેમાં શો ગૂઢ ભાવાર્થ રહ્યો છે, તે અમે કોઇ સમજી શકયાં નથી. મારી વિનતિ શાહજાદા નવરોઝને એ છે કે, તેણે સર્વ હકીકત સવિસ્તર અમને જણાવવી."

"હું તૈયાર છું" એમ કહી શાહજાદાએ તુરત સુરલાલનો પત્ર બેગમના હાથમાં આપ્યો. બેગમ વાંચે છે તેવામાં દિવાને જોયું કે, સર્વની નજર બેગમ તરફ છે, માટે એકદમ તે બારણા ભણી જવાને તત્પર થયો. તેણે થોડાંક પગલાં મૂકર્યા નહિ હશે, તેટલામાં તો એકદમ સુરલાલ આવી પહોંચ્યો. તેની નજર દિવાનપર પડતાં, ને તેને ગભરાયલો જોતાં, તે તરતજ ચેતી ગયો કે, આ નિમકહરામ માણસ ખરેખરો ચોર છે. દિવાને સુરલાલપર છુપી નજર નાંખી, ને જ્યારે તેણે જોયું કે એની નજર બીજી બાજુએ છે, ત્યારે એ એકદમ બારણા બહાર, બેદરકાર હોય તેમ ધીમે ધીમે પગલે, દીવાનખાનામાં આગળ ને આગળ જતો હોય તેવા ડોળમાં ચાલ્યો ને દાદરપર ઘણી ત્વરાથી પગલું મૂક્યું, કે તુરત સુરલાલે પોતાની સાથેના સીપાહીને હુકમ આપ્યો:-

"બાદશાહી મહોરની સત્તાથી હું તમને એવો હુકમ કરું છું કે, આ રાજકેદી છે તેને પકડી લો."

"શા માટે ?" ગભરાટમાં દિવાન બોલ્યો: "મને રાજકેદી કહેવાની તને શી સત્તા છે ?"

"મને સઘળી સત્તા છે, તમે તાબે થાઓ, પછી જે પૂછવું હોય તે પૂછજો," તિરસ્કારથી સુરલાલ બોલ્યો.

"કયાં છે રાજનો હુકમ ને મહોર !" ગળગળી જઇને ઘણી નમ્રતાથી દિવાને સવાલ પૂછયો. "સુરલાલ, તું જાણે છે કે કોની સામા તેં તારી સત્તાનો ઉપયોગ કરવા માંડ્યો છે ? જે લોકો મારી તરફ શકમંદ આંખે જોય છે, તે જાતે જ ચોર છે. હું જાણતો નથી

કે મેં શો ગુન્હો કીધો છે ! મને જણાવશે નહિ ત્યાં સૂધી હું તારા હુકમને અને આ મહોરને માન આપવાને બંધાયલો નથી. હું તને જણાવું છું કે, તું એક મોટો રાજકેદી છે, કોની સત્તાથી તેં મહેલમાં પ્રવેશ કીધો ?" જેમ ઓલાઈ જતો દીવો આખરે ઘણો ઝબકારો મારે તેવા ઝબકારાથી દિવાને છટકી જવાનો માર્ગ શોધ્યો; જો કે તેણે જાણ્યું કે, હવે આપણા દહાડા ભરાઈ ચૂકયા છે.

"દિવાનજી ! આપ તો મોટા લોક છો, આપની સામા કોઇ ચૈં કે ચું થઇ શકે નહિ ને કોઇથી આપને પકડાય પણ નહિ; પણ સીપાઇઓ ! એને પકડીને એકદમ બેગમ સાહેબ પાસે લાવો." સુરલાલે જરાક કરડાકીમાં જવાબ દઇ સખ્ત હુકમ કીધો.

"કોણ કમબખ્તની તાકાદ છે કે, અમારા સરદારને આંગળી લગાવે ?" દિવાનના બે બોડીગાર્ડ એકદમ ઉપર ચઢી આવી, નાગી તરવાર સાથે ઉભા રહી બોલ્યા.

"તમે તમારે માર્ગે ચાલ્યા જાવ, રક્ષકો ! આ જગ્યાએ તમારાથી તમારા સરદારનું રક્ષણ નહિ થઇ શકે. તમારો સરદાર નિમકહરામી માટે ગુન્હેગાર છે !" સુરલાલે તેમને સમજાવ્યા.

"તમારો હુકમ અમારા શિરપર છે. એ નિમકહરામ હોય તો હમે એની સાથ કદી પણ રહીશું નહિ." રક્ષકોએ જવાબ દીધો. પણ તેટલામાં સુરલાલે સીસોટી વગાડી ને નીચેથી છ સીપાઇઓ નાગી તરવાર સાથ ઉપર દોડી આવ્યા; અને દિવાનખાનામાં બીરાજેલા સઘળા દરબારી પણ એ શું થયું છે, તે જાણવા આવી પહોંચ્યા.

"મારા સિપાહો ! આ બે રક્ષકો કંઇ પણ ચૂં ચાં કરે તો તેમને પણ પકડી, એમના સરદાર સાથે કેદ કરી બેગમ હજુર લાવો."

"ના, ના; કંઇ હુજ્જતી ભરેલું પગલું ભરતા નહિ," બેગમે અગાડી ધસી આવીને સઘળા સિપાઇને વારી રાખી હુકમ આપ્યો. "દિવાનજી ! આપ દિવાનખાનામાં આવીને બિરાજો. આપની યથાસ્થિત તજવીજ થશે."

"હું આપની સત્તાને માન આપવાને ધર્મથી બંધાયલો છું. હું તાબે છું." ઘણે ધીમેસથી દિવાન બોલ્યો; અને સૌની અગાડી દિવાનને લઇને સર્વ દરબારીઓ સુરલાલના રક્ષકો સાથે દિવાનખાનામાં આવ્યા.

સૌ પોતપોતાની જગ્યાએ બેસી ગયા. દિવાન જીવતો મુવા જેવો થયો હતો. તેણે પોતાનું મરણ સમીપમાં જોયું. હવે બચવું એ માત્ર પ્રભુકૃપા વગર બીજું કંઇ નથી, એમ તેણે સ્પષ્ટ જાણ્યું. શાહજાદો નવરોઝ દિવાનની સામી જગ્યાપર બેઠો હતો, તે મૂછપર તાવ દેતો બોલ્યો:–

"કેમ કુત્તા! તેં કયાં નાસવાનો રસ્તો લીધો હતો? કાલે સવારના મહેલને ખેદાનમેદાન કરનાર હતો તે કરશે કે બકીજ જશે?"

"તમારે વધારે બોલવાની જરૂર નથી." બેગમ બોલી. "શાહજાદા નવરોઝ! તમે જાણો છો કે આપણે મોટા સંકટમાં છીએ, તે પ્રસંગે જેમ બને તેમ સલાહસંપથી કામ કહાડી લેવું જોઇએ." દિવાન તરફ ફરીને બેગમે જૂદી જ છટામાં કહ્યું: "દિવાનજી આપ અમારા ને પ્રજાના રક્ષણ કરનારા છો, તેથી તમને શિવાજી સાથે મળી જવું ઘટે નહિ. તમારે જાણવું હતું કે, આ નવાબી જેટલી સુખદેણ છે તેટલી મરેઠી થનાર નથી. તમે જણાવશો કે શિવાજીથી આ શહેરને બચાવવાનો ઇલાજ શો છે? સઘળો આધાર પ્રધાનપર હોય છે. સતરંજની રમતમાં પણ પ્રધાન મુખ્યત્વે કરીને સૌનું રક્ષણ કરે છે, તો સર્વનું રક્ષણ કરવાનું જોખમ તમારા શિરપર આવી પડયું છે. માત્ર તમારી સલાહથી જ વર્તવું, એવો મારો દૃઢ નિશ્ચય છે." આમ કહેતાંની સાથે મોતીએ નજર ફેરવી શાહજાદા નવરોઝને સાનમાં જણાવ્યું કે, એનો જવાબ મળે ત્યાં સુધી થોભજો.

"આપનો હુકમ હોય તે બજાવવાને હું તત્પર છું;" બેગમનું દાવપેચનું બોલવું સમજ્યા વગર દિવાને જણાવ્યું. મારા ઉપર વિનાકારણે જે બટ્ટો મૂકવામાં આવ્યો છે તેમાંથી મને મોકળો કરવો, એવી પ્રથમ મારી બેગમ સાહેબને વિનતિ છે. હું કોઇપણ દિવસે શિવાજીનો પક્ષ ખેંચતો નથી, શિવાજીને હાથે શેહેર લૂટાય તે જોવાને કોણ

રાજી થાય? મારો વિચાર એવો છે કે, કંઇક દંડ આપીને શહેરને બચાવવું. તે મારા જાણવા પ્રમાણે ઘણો જબરો છે, ને આપણા યોધાઓ મુડદાલ ને સરંજામ ઘણો નબળો છે, તેથી તેની સામે થવામાં આપણે ફાવીશું નહિ."

"પણ તમને તો શિવાજી સાથે કંઈ સંબંધ નથીને?" સુરલાલે પૂછ્યું.

"ના, બીલકુલ નહિ;" ગભરાતો ગભરાતો દિવાન બોલ્યો.

"જુઓ, આ કોના અક્ષર છે?" એક કાગળ દિવાનના હાથમાં મૂકીને પૂછ્યું.

એ જોતાંને વાર જ તે બોલ્યો; "હું મુઓ! હવે મારો ઇલાજ નથી. બેગમ સાહેબ! તમારે શરણે છું, મારું રક્ષણ કરો!" નિરાશ થતાં તેણે કહ્યું કે, "હું રક્ષણ માગવાને લાયક નથી."

"કાફર! ચાંડાલ! દેશદ્રોહી! તારું રક્ષણ થાય નહિ! જે માણુસ પોતાના સ્વાર્થ માટે નગરની રાંક પ્રજા ને નિર્દોષ નવાબનો નાશ કરવા ઇચ્છે તેનું રક્ષણ?" કંઇ પણ દયા વગર શાહજાદો બોલ્યો; "બેગમ સાહેબે એને કાપી નાંખવાનો હુકમ આપવો."

"જો સુરલાલે આ કાવતરું શોધી કહાડ્યું નહત, તો આપણી અવદશા કેવી થાત?" બીજો અમીર બોલ્યો, "હમણાં ને હમણાં એને ખાટકીને હવાલે કરવો જોઇયે. બોલ! તું આ ભયમાંથી બચવાને શી સરત કબુલ કરે છે?"

"જે કહો તે; વગર સરતના દસ્તાવેજપર સહી કરી આપવા તૈયાર છું," નીચા નમીને દિવાને હિચકારાપણાથી કહ્યું.

"વગર સરતના દસ્તાવેજપર?" બેગમે પૂછ્યું.

"હા, કોઇપણ પ્રકારના દસ્તાવેજપર;" દિવાને જવાબ દીધો.

"ત્યારે જે જાણુતા હો તે સઘળું જણાવો;" સુરલાલે કહ્યું. "દિવાન સાહેબ! તમો રાજસ્થંભ છો, ને જે બન્યું તે ન બન્યું થનાર નથી. પરંતુ જે જાણુતા હો તે બોલો, કે તે સર્વનો ઇલાજ થાય."

તુરત દિવાને શિવાજી સાથે જે પત્રવ્યવહાર ચાલ્યો હતો, તેની સઘળી હકીકત જણાવી અને તેમાં વજીર ને બીજા બે કારભારી સામેલ હતા તેનાં નામ જણાવ્યાં. તેણે વધુ કહ્યું કે, "સઘળા દરવાજાના ચોકીદારોને ફોડેલા છે. તે હવે થોડા વખતમાં દરવાજા ઉઘાડી નાંખશે અને શહેરમાં લશ્કર દોડી આવશે, માટે તેનો ઇલાજ જલદી થવો જોઇયે. જો તેમ નહિ બનશે તો હું નથી ધારતો કે, આપણી જીંદગી સલામત રહી શકશે."

"પણ મને કહે, ઓ પાપિષ્ઠ દિવાન! બચવાની આશા જરાએ નથી?" નિરાશ મુખડે ગભરાતી બેગમ બોલી; "નવરોઝ! મને નથી સમજાતું કે હવે શો ઇલાજ લેવો, ને આ કયા પ્રકારનો માણસ છે!"

"અમે કોઇ પણ પ્રકારે યત્ન કરીશું;" સૈન્યાધિપતિ બોલ્યો, "દિવાનને કેદમાં મોકલો, એ છૂટશે તો કરેલી મહેનત વૃથા થશે, પણ હવે તૈયારી રાખીને બેસજો." અને પછી તેણે સઘળા અમીર ઉમરાવને નિરાશાથી કહ્યું કે, "જો બને તો સૌએ દરેક દરવાજે જઇને દરવાનોને અટકાવવા." આમ બોલીને દરબાર બરખાસ્ત કીધી. મોતી ધ્રૂજતી ધ્રૂજતી પોતાના મહેલમાં જઇ નિઃશ્વાસ નાંખતી છત્રપલંગપર આંસુ ઢાળતી પડી. સઘળા અમીર ઉમરાવો ઘોડાપર બેસતા બારે દરવાજા તરફ દોડ્યા.

# પ્રકરણ ૮ મું

## શહેરમાં ચાલેલી લૂટફાટ

ક્ષિતિજમાં ઝઘડો ચાલુ થયો હતો. સૂર્ય ને અંધકાર લડવાને તત્પર થયા હતા, તે પહેલાં શહેર બહાર શિવાજીનું ઘોડેસ્વાર લશ્કર પડેલું હતું ત્યાં છાવણીમાં શું શું થાય છે તે હવે જોવા જઇએ. રાત્રિના બે વાગ્યા, પણ દિવાન કે વજીર કોઇની તરફથી કંઇ પણ સંદેશો આવ્યો નહિ, ત્યારે શિવાજીએ પોતાની મંડળી બોલાવી શા ઉપાય લેવા, તે વિષે વિચાર કરવા માંડ્યો.

"મોરો! હવે કરવું શું?" શિવાજીએ પૂછ્યું. "શહેરમાં પેસવાનો માર્ગ કંઇ સુગમ નથી; ને હજી સુધી કોઇપણ પ્રકારની સહાય મળે તેવાં ચિહ્ન જણાતાં નથી. આપણી પાસે કોટપર ચઢવાનો સામાન નથી કે હલ્લો કરીએ; તેમ વખત અનુકૂળ નથી કે લાંબો સમય ઘેરો ટકાવી રાખીએ. તાત્કાળ થાય તેવો કંઇ ઉપાય છે?"

"બાવાજી! તમે કંઇ યુક્તિ બતાવશો કે?" મોરો તીમલે તેમની ભણી મોં કરીને પૂછ્યું, "તમે નગરના વહીયા છો, તેથી બીજે માર્ગે જઇ શકાય તેવો કોઇ ઇલાજ બતાવો. તેમ નહિ થશે તો આપણો શ્રમ વ્યર્થ જશે."

"ક્યા રસ્તા લેના એ હમેરા ધ્યાનમેં આતા નહિ!" બાવાજી ગણગણતા બબડ્યા. "લેકીન અબ દેખો, મેં કૂછ માર્ગ દિખલાતા હું." આમ કહી બાવાજી તો તંબુ બહાર નીકળ્યા.

"ના, ના, આ કામ મારે શિરે મૂકો, હું બજાવીશ." એકદમ આગળ આવીને એક પઠ્ઠી યુવાન સુંદરી બોલી. આ શિવાજીની ગુલામડી હતી અને તેણીને અહમદનગરની પાસેના એક ગામમાંથી બળાત્કારે ઘસડી લાવ્યા હતા. શિવાજીનો વિચાર તેની ખૂબસૂરતી જોઇને રાખ તરીકે રાખવાનો હતો, પરંતુ આ સ્ત્રી કે જેનું નામ રમા હતું,

તેણીએ એ વિચાર માટે શિવાજીને ધિક્કારી કહાડ્યો હતો, બહુ બહુ રીતે સમજાવ્યો હતો; અને શિવાજીને દહેશત આપી હતી કે, જો મારી પવિત્રતાને લાંછન લાગે એવાં કંઇ પણ કૃત્ય કરવા યત્ન કરીશ, તો તુને શાપિત કરીશ, જેથી તારી સઘળી ઇચ્છાઓનો નાશ થશે; ને તેજ ભયથી શિવાજી રમાના સંબંધથી વેગળો રહેતો હતો. રમાએ આ સમયે ધાર્યું કે, જો કોઇ તેવું મોટું પરાક્રમ કરી બતાવું તો તેના ઇનામના બદલામાં મારો છૂટકારો થશે.

"જો સૌની ઇચ્છા હોય તો આ કોટપર ચઢી, અંદરના પહેરે-ગીરોને મહા દુઃખી છું એમ સમજાવીને નીચે ઉતરી પડી સીપાઇઓને શરણ જાઉં ને કોઇ અકસ્માતથી દરવાજો ઉઘાડી નાંખું, એટલે સૌને દોડી આવવું ઘણું સહેલ થઇ પડશે. કદાચિત્ હું તેઓના હાથે પકડા-ઇને છૂટકારો ન પામી, તો મારી જીંદગી કંઇ વધારે કીંમતની નથી;" આટલું બોલી રમાબાઇ પ્રત્યુત્તર માટે શિવાજી સામું જોઇ રહી.

"મહારાજ રમાબાઇનું કહેવું મને ઠીક ભાસે છે," મોરોપંત બોલ્યો.

"જો ભરોસો પડે તો, આ કાર્યથી ફલસિદ્ધિ થશે. રમા આ કામ ઇમાનદારીથી કરશે, તો આપણો જય છે:" નાથજી પલકરે પુષ્ટિ આપી.

"સ્ત્રીઓનાં ચરિત્ર અતિ મોટાં છે, ને રમાનું ચરિત્ર આજે જોવા જોગ છે. પણ એ કોટપર ચઢશે શી રીતે?" બહિર નાયક બોલ્યો.

"કૌન કોટપર ચઢનેકી ઇચ્છા રખતા હૈ?" તેણુ માંહેથી એક અવાજ સંભળાયો. "મેં તૈયાર હું;" આમ બોલી પાસે આવીને એક પાટલા ઘો બાવાજીએ રજુ કીધી. "દેખોજી! અબ કીસકાભી ઇરાદા હોવે તો ઉપાય અજમાઇયે. એ જાનવરકી કયા ખૂબી હૈ, ઓ સબકું માલમ હૈ ચાહે વાં તલક રખ્ખો, ઔર ચાહે વાં તલક ઉંચે ચઢ જાઓ, કૂછભી હરકત ન હોનેકી."

"રમા! તૈયાર થા અને તારી શક્તિ બતાવ!" દામોદર પાસબાન બોલ્યો.

"ઉતાવળ શી છે?" શિવાજીએ વિચારીને શબ્દ કહાડ્યો. રમાની જીંદગી મને અમૂલ્યની છે, તેથી એને માટે વિચારથી ઠરાવ થવો જોઇયે."

"ઠરાવની શી જરૂર છે? ચાલો, તમે સૌ તૈયાર થઇ દરવાજાની નજીક ઉભા રહો; દરવાજો હમણાં ખુલશે!" આમ બોલતી કે રમા પોતાની સાથે પાટલા ઘો લઇ તે કોટ તરફ ધસી ને તેણે ઉપર ફેંકી જે આબાદ કોટના મથાળાને જઇને વળગી. હરપ્રસાદે તેને ચઢવામાં મોટી મદદ કીધી; ને કોટપર ચઢી કે તરત–રમાએ બૂમ મારી "કોઇ રક્ષણ કરો, બચાવો, મરાઠાઓ મને મારી નાંખે છે;" આમ બરાડા નાંખતી તે ઉલટી બાજુએ કોટની અંદર ઉતરી પડી. બે સીપાહી દોડી આવ્યા. રમાને પકડીને દરવાન પાસે લઇ ગયા. માત્ર ત્રણ સીપાહી જાગતા પડેલા હતા. બે સીપાહી, જે રમાને પકડી લાવ્યા હતા, તેઓ તેની ખૂબસૂરતી જોઇ છક્ક થઈ માંહોમાંહે વાતે વળગ્યા. આ તકનો લાભ લઇ એકદમ દરવાજાની ભુંગળ રમાએ ખસેડી, ને બારણાં ઉઘાડ્યાં કે, એકદમ મરાઠા સીપાઇઓ અંદર ધસી આવ્યા ને બૂમ મારી; "જય મહારાજ શિવાજી! મરાઠાનો જય! મુસલમાનોને મારો! રામદાસ સ્વામીનો જય!" અને એકદમ તે જ ક્ષણે દરવાજાનું રક્ષણ કરવાને રાજના સલાહકારોમાંનો અલીબખસખાન ત્યાં આવી પહોંચ્યો.

અલીબખસખાન એક સમર્થ લડવૈયો હતો. તેણે જોયું કે, હવે શહેરનો નાશ પૂરેપૂરો થયો કે તે તુરત દોડી દરવાજા નજીક ગયો; ને પોતાની સમશેરથી દરવાજામાં પેઠેલા ત્રણમાંના બે મરાઠા સ્વારને કાપી નાંખ્યા કે ત્રીજાએ પોતાનો લાંબો ભાલો ઘોંચી, તેને જમીનપર ચત્તોપાટ નાંખ્યો; ને બંને દરવાજા ખુલ્લા કીધા. પાંચસો ઘોડેસ્વાર સૈન્ય એક સપાટે દોડી આવ્યું.

શહેરમાં ગભરાટનો પાર નહતો. લશ્કરની કશી પણ રીતિની તૈયારી નહોતી. એટલે સામા થવાને માટે કોઇ પણ આવ્યું નહિ. જૂથના જૂથ દેખીને, જે થોડુંક લશ્કર લડવાનો વિચાર કરતું હતું તેની હીંમત ડગી ગઇ ને સૌ સીપાહી આઘાં પાછા થઇ ગયા.

સહરાના દરવાજામાંથી લશ્કર આવ્યું, તેનો પહેલો વિચાર નવાબના મહેલપર હલ્લો કરવાનો હતો. પણ શિવાજીએ વિચારથી ઠરાવ્યું કે, પ્રથમ તો શહેરમાં જવું, કેમકે જો આ ઠેકાણે પ્રથમ જ માર ખાધો તો અગાડી વધવાનો તદ્દન અટકાવ થશે. એમ ઠરાવ કરી નવાબના મહેલના પાછલા ભાગમાંથી લશ્કર ચાલ્યું ને દિલ્લી દરવાજાને માર્ગે થઈ દાણાપીઠ તરફ ઘોડેસ્વાર સૈન્ય વળ્યું. એ અરસામાં લાલ ને માનના દરવાજા ખુલી ગયા હતા; અને શહેરમાં જોઇતું લશ્કર દાખલ પણ થઇ ચૂકયું હતું.

દિલ્લી દરવાજા આગળ લશ્કર એકઠું થયા પછી મોરોપંતે એ લશ્કરને થોભાવી, કયાં કેમ અને કેવા પ્રકારે લૂટ ચલાવવી, તેની સૂચના આપી. સઘળી મળીને ૧૧૨ ટૂકડી દશ દશ માણુસની કરી અને તે સર્વને કોઈ પણ પ્રકારની સત્તા આપી. સૌ સ્વારો લૂટવાને તૈયાર થઇ રહ્યા હતા. જેમ એક ભસ્તામાં શબને ચુંથી નાંખવાને કાગડા ને ગીધ તૈયાર હોય, ને ટાંપ્યા જ કરતાં હોય કે કયારે સૌ ખસી જાય કે આપણે તૂટી પડિયે, તેમ સઘળા મરાઠા સ્વારોને માત્ર હુકમની જ ખોટી હતી.

શહેરમાં આ સમયના ભયનું પૂછવું જ શું! હાય ને અફસોસના પોકાર જારી થયા. કેટલાક જબરા માણુસો તો લડવાને તૈયાર થઇને મોહોલ્લાઓની ખડકીનાં નાકાં ઘેરીને બેઠા. એ વખતમાં શસ્ત્ર દરેક માણુસના ઘરમાં રહેતાં ને તેની કસરત કરવામાં આવતી તેથી કણ'બી ક્ષત્રી અને શ્રાવકો બાથમ્ બાથની લડાઇમાં કાંઇ ગાંજ્યા જાય તેવા નહતા; અને જ્યારે પોતાના હાથમાં હથિયાર છે, ત્યારે તો તેઓ

બીહીકને કોરાણે મૂકીને મરવું કે મારવું, એ જ નિશ્ચય કરીને તૈયાર થયા. શહેર કરતાં પરામાં વધારે મર્દ આદમીઓ હોય છે, તેથી ત્યાંના કામગરા લોકોને હઠાવવા મુશ્કેલ પડે એવું ધારી, અને નાણાવટ, ગોપીપુરામાં ઉજળી વસ્તી છે એમ વિચારીને, બહિરજીએ કહ્યું કે, "ચાલો, સૌ લૂટવાને નાણાવટ અને ગોપીપુરા." અને સૌ સ્વાર મારતે ઘોડે ચાલ્યા. પ્રથમ જઇને નાણાવટમાં આત્મારામ ભૂખણની પેઢીપર હલ્લો કીધો. જ્યાંથી પુષ્કળ ધન હાથ આવ્યું અને તેની પછી બીજાં ઘણાં શરાફી ઘરોપર ગીધની માફક તૂટી પડ્યા. મોટા મોટા શરાફોના ઘરોમાં પુષ્કળ પૈસા જોઇને જાણે સુપડે ને ટોપલે ઉસેડી જતા હોય તેમ જ ઉસેડવા મંડી પડ્યા. દરેક જણ ઘોડાપર માલ ભરીને શહેર બહાર શિવાજીની છાવણીમાં લઇ જતો હતો. મરાઠા જનુનીઓ જે ઘરમાં જતા ત્યાં વિકાળ દેખાવ કરતા હતા. ઘરનાં બારણાં ભાંગીને અથવા નીચી બારીઓ હોય તો તેપરથી ચઢીને અગાસીમાંથી એક છાપરા-પરથી બીજાપર જઇ કૂદીને દરેક ઘરમાં ઘુસી જતા. ઘરમાં જતા સાથ એકદમ એકાદ નાના બાલકને પકડી તેનાં માબાપ આગળ ઘસડી લાવીને કહેતા કે, "જે હોય તે બતાવ, નહિ તો તારા બાલકને મારી નાંખીશું;" એટલું બોલતાં સાથ બાલકના ગળા આગળ તરવાર ધરતા; અને જો સહજ વિલંબ લાગે તો તુર્ત બાલકને કાપી નાંખવામાં વિલંબ લગાડતા નહતા; આ દેખાવ જોઇને ઘરનાં માણસો ત્રાહે ત્રાહે પોકા-રતાં, ને જે હોય તે બતાવી દેતાં હતાં. પુરુષોના કાનમાં કોકરવું હોય ને તે કહાડતાં વાર લાગી, અથવા સ્ત્રીના હાથના ચુડાને સુનાના પટા હોય ને ઉખેડી કહાડતાં મુશ્કેલી નડી, કે પગના તોડાના અઠાસિયા સજડ બેસી ગયલા જણાતા, તો કાન, હાથ કે પગને કાપી નાંખવો, એ તો એક ચાંચડ કે માંકડ મારવા જેવું મરાઠા રાક્ષસો ગણતા હતા. એક ઘર મૂકી બીજું ને બીજું મૂકીને ત્રીજું, એમ લૂટફાટ ચાલતી હતી. કોઇ ઘરવાળો સામો થતો ને મારામારીપર આવી જતો તો

ત્યાં મરાઠા સીપાહીઓ મરણીઆ થઇને તૂટી પડતા. શ્રાવકોના મોહોલ્લામાંથી લૂટ કરવી એટલી તો મુશ્કેલ પડી કે, ત્યાં સો પચાસ શ્રાવકોનાં માથાં રખડતાં પડ્યાં હતાં; પરંતુ ઘણા આગળ થોડાનું જોર ઝાઝીવાર ટકે નહિ, તેથી મોટ મોટા ઝવેરીઓનાં જવાહીરો લૂટાયાં. મરાઠાઓ જ્યાં સુધી સોનું રૂપું મળે ત્યાં સુધી કદી પણ બીજી ચીજને હાથ અડકાડતા નહિ; પણ ઘરમાં પેસતાં જે ધાંધળ ને મારફાડ કરતા, તેથી સઘળી જ અવ્યવસ્થા થઇ જતી: ગોપીપુરા ને સગરામપુરામાંથી જે માલ મરાઠા સરદારોને હાથ ગયો, તેટલો બીજા મોહોલ્લામાંથી એ દિવસે ગયો નહતો. સુરતના લોકપર આવું અંધકારમય વાદળ અગાઉ કદી પણ આવ્યું નહતું અને તેની ગર્જના સાંભળીને લોકોમાં જે ભય વર્તાયો હતો, તે તો અતિશય શોકકારક જ હતો.

રાત પડી. આખા દિવસના થાકેલા મરાઠાઓ બીજા દિવસની રાહ જોતા કિલ્લાનું મેદાન, સહરા, વરીઆવી, માન ને નવસારીના દરવાજા ઘેરીને સ્વસ્થ થવા પડ્યા. ઠામ ઠામ રૌન ફરતી તે મરાઠાની જ હતી. આખા શહેરમાં રાજ એ દિવસે મરાઠાનું હતું. કિલ્લામાં કેટલાક માણસો અગાડીથી ભરાઇ બેઠા હતા. તેમાં, દરવાજા ઉઘાડવાની ગડબડમાં નવાબ, તેની બેગમ અને બીજા સલાહકારો પણ ભરાઇ બેઠા હતા. મહેલમાં પુષ્કળ ખજાનો હતો, ત્યાં આરબ અને સિંધી સીપાહો પૂર્ણ વફાદારીથી જીવપર આવીને બેઠા હતા. કેટલાક પરદેશી ભૈયાઓ અંગ્રેજની કોઠી આગળ જીવ આપવા તત્પર હતા. તેમ અંગ્રેજોનું કેટલુંક માણસ પણ પોતાના બળપર પીસ્તોલ બંદુક સમશેર લઇ આખી રાત ચોકીપર હતું. બહારથી કોઇપણ પ્રકારની વહાર આવે તેને માટે રાત્રિના દરવાજા બહાર મરાઠી સૈન્ય તૈયાર હતું. શિવાજી એ દિવસની લૂટ જોઇને ઘણો ચકિત થયો નહિ, કેમકે તેના ધારવામાં તો એમ હતું કે, એક જ દિવસમાં અનરગળ દોલત હાથ આવશે. એ જેટલા આનંદમાં હોય તે કરતાં વિશેષ ચિન્તા અને શોક-

ભયમાં હતો. એની બે પ્રિય રાખેલીઓ એની આસપાસ બેઠી હતી, અને તેઓ પાસે પડેલા ઢગલામાંના હીરા માણેકના હારો જોઇને તેપર તલપી રહી હતી. પણ શિવાજીએ તેમની સામા એક મટકું પણ માર્યું નહિ. તેનું કારણ શું? શિવાજી જેમ લડવૈયા તરીકે એક મોટો સરદાર હતો, તેમ જ પ્યાર કરવામાં પણ બડો એક્કો હતો. આખા દિવસમાં તો તેની વૃત્તિ લૂટ તરફ જ હતી, પણ હવે તેને પોતાની રમાં સાંભરી આવી. રમા કયાં હતી? દરવાજો ઉઘડ્યા પછી તે કયાં જતી રહી હતી!

થોડોક સમય વિચાર કર્યો પછી તેણે પોતાની આગળના કેટલાક ખાસ માણુસોને રમાની તપાસ માટે મોકલ્યા. શિવાજીનો જીવ તો આ સમયે રમામાં ભરાયો હતો. જો તે ન મળે તો તેનો જીવ જાય એવો તે બેહોંસ થઇને પડ્યો. તેણે "રમા, રમા" એમ બે ચાર બૂમ એકદમ મારી ને એકવાર તેની પ્રાણપ્રિય હતી એવી તાની આવીને ઉભી રહી.

"કયાં છે રમા?" શિવાજીએ પૂછ્યું. "તાની! આજે આખો દિવસ રમા દેખાઇ નથી. તેણે એક મહા અદ્‌ભુત કાર્ય કીધું છે, ને તે ઉપકારનો બદલો વળે તે પહેલાં તો એ અલોપ થઈ ગઈ? અરે કોઈ રમાને લાવો, લાવો!"

એટલામાં તાણાજી મુલસરે આવી પહોંચ્યો. તેણે આવતાંનેવાર ધીરજ આપી, ને કહ્યું કે "રમાબાઇ શહેરમાં છે અને તે લશ્કરથી છૂટાં પડ્યાં છે, તોપણ થોડા સમયમાં આવી મળશે." આ સાંભળીને શિવાજીને કંઇક ધીરજ આવી; ને તે પછી બીજે દિવસે કેમ કરતું તે સંબંધી નક્કી કરી તાણાજી મુલસરે પોતાની ટુકડીમાં ગયો.

પ્રાતઃકાળ થયો. કાગડા કકળે તેટલામાં શિવાજીનું લશ્કર શહેરના બીજા ઘણા ભાગમાં ફરી વળ્યું. લૂટ, લૂટ, મારો, મારો! શિવાય બીજો શબ્દ સંભળાતો નહિ. ફીરંગીની લાટીમાં લૂટારા પેઠા. પણ ત્યાં તેઓને ફાવવા દીધા નહિ. પણ તે માર્ગે સલામત પસાર થયા, તેથી

બસરાના એક મોટા મુસલમાન વેપારીના ઘરપર તૂટી પડ્યા. તેના મહેલમાંથી અનરગળ દોલત મરાઠાઓને મળી આવી, જેટલી કોઇ પણ ઠેકાણેથી મળી નહોતી ને મળતે પણ નહિ. મરાઠાઓ આનંદમાં આવીને સઘળી નગદી ઘોડાપર ને ગાડામાં ભરીને મોકલાવવા લાગ્યા, ને કેટલાક મરાઠાઓ બંગલાના ચોગાનમાં બેસી હુક્કો ગગડાવવા લાગ્યા. લગભગ અર્ધોઅર્ધ દોલત મોકલી દીધી. પણ એટલામાં મોગલની એક સોળ વર્ષની છોકરી, ઉછળતા લોહીની નવોઢા આ પાપીઓની નજરે પડી. છ સાત મરાઠા તેને પકડી લાવવા દોડ્યા. જે છોકરીની પછાડી હજારો માણસ ખમાંખમા કહેનારા, તે બાળકી આજે દુશ્મનોના હાથમાં શિયળ સચવાય નહિ તેવી અવસ્થામાં ક્ષણવારમાં આવી પડી.

બે મરાઠાઓએ તેણીને ઉંચકી લીધી, ને તેનાં વસ્ત્ર કંઇપણ કારણ વગર અવ્યવસ્થિત કરી નાંખ્યાં. પણ તેટલામાં એક અકસ્માત્—સંજોગાસંજોગથી એવો બનાવ બન્યો કે, તે કુમારિકાનું રક્ષણ થયું.

જે લૂટારુ ટોળી આ ઠેકાણે લૂટ કરતી હતી તેનો નાયક ત્યાં આવી પહોંચ્યો. આ નાયક લંપટ હતો-લજ્જા, નીતિ ને ઇશ્વરભય દૂર મુકી બેઠેલો હતો. તે આ સુકુમાર કોમલાંગીને જોઇને પોતાનું મન મારી શકયો નહિ. તેણે હુકમ કીધો કે, 'એ સ્ત્રીને મારે તાબે કરવી.' બે મરાઠામાંના એકે ના કહી. નાયકનો ગુસ્સો હાથ ન રહ્યો. તેણે એકદમ સમશેર ખેંચી. સામો મરાઠો જબરદસ્ત હતો. નાયક સમશેર ઉગામે છે, તેટલામાં પોતે સામી ખેંચી. બંને જણ દ્વંદ્વયુદ્ધમાં ઉતર્યા. થોડીકવાર મારામારી થયા પછી બંને જણ ઘણા જખમાયા. જહાન, જે આ કોમલાંગીનું નામ હતું તેનો બચાવ અલાહથી થયો. બીજા મરાઠાઓ સઘળું પડતું મૂકીને માંહોમાંહેની લડાઇ જોવા ઉભા રહ્યા હતા, તેટલામાં મોગલનો એક હબસી ગુલામ, પોતાના શેઠની દીકરીનું રક્ષણ માથે લઇ, આ તરુણીને લઇને નાઠો; તેને જો એક હિંદુએ પોતાના ઘરમાં આશ્રય ન આપ્યો હોત

તો પાછળ પડેલા મરાઠાઓ આ સુકુમાર બાલકીની લજ્જા લુટી તેને જીંદગીથી રદ કરત.

બીજે સ્થળે પણ કંઇ કંઇ માંહોમાંહેની મારામારીથી એ દિવસની લુટ પુરી થઈ હતી. શિવાજીને આ ખબર પડતાં તે ઘણો ગભરાયો. તેણે હરપ્રસાદને મોકલી સંધ્યાકાળ ન થયો, તેટલામાં એ દિવસની લુટ બંધ કરાવી. તોપણ આજની લુટ જોઇને શિવાજી ધરાઇ ગયો હતો. ધાર્યું કે સૂર્યપુરના જેવું બીજું એકે નગર ધનવાન્ હશે નહિ.

રાત્રિના સર્વ સરદારોની મીજલસ કરી ને કિલ્લો કેમ હાથ થાય તેને માટે બે જાસૂસ મોકલવાનો ઠરાવ કીધો. સઘળા સરદારોને શાંત રહેવાને અને પોતાનું કામ યથાર્થ કરવાને બહુ સમજુતી આપી, પણ એટલામાં હરપ્રસાદ ગુસ્સે થઇ બોલી ઉઠયો;

"મહારાજ, મને જે વચન આપ્યું છે, તે આમ પળાશે?"

"ખિન્ન ન થા, તારે માટે હું તૈયાર છું;" બહિરજી બોલ્યો.

"તારી શી ઇચ્છા છે?" શિવાજીએ પૂછયું.

"એકસો સ્વાર ને મારી મહેનત; નાગરોના મોહોલ્લામાં જઇશ, ત્રણ ઘર લુટી તેત્રીસ કુટુંબને રડાવીશ."

"સવારના તારા હુકમનો બરાબર અમલ થશે."

હરપ્રસાદ શાંત થયો. મહારાજે હુકમ આપ્યો કે, એના તાબામાં સો માણુસ સોંપવાં, જેથી સ્વતંત્ર રીતે એ કામ કરે. લૂંટારુ મંડળ, બીજે દિવસે બાકી રહેલા ભાગમાં લુટ કરવાનું નક્કી કરી વેરાઇ ગયું; ને જલજંપ્યું થયું.

# પ્રકરણ ૯ મું

## કિલ્લાની મંડળી

દિલ્હીમાં રાતના શહેરના સર્વ અમલદારો ને નવાબ, શહેરના રક્ષણ માટે વિચારમાં બેઠા હતા. નવાબ આખો દિવસ પોતાની મૂર્ખાઈનો પશ્ચાત્તાપ કરતો હતો. જો તેણે તે દિવસનું મોતીનું બોલવું લક્ષમાં લીધું હોત અને શહેરના રક્ષણ માટે ઉપાય યોજ્યા હત તો આજની વિપત્તિ આવી પડત નહિ. પણ "શહેરમાં આફત નથી, એ તો મોતીની ભ્રાંતિ છે." એ વિચારથી આજે શહેરનું સત્યાનાશ વળ્યું છે. કિલ્લા નજીકની ખાઈનો પુલ ઉપાડી લીધો હતો, નવાબે પોતાના રક્ષણ માટે ઘણા પઠ્ઠા પઠાણ રક્ષકોને સાથે રાખ્યા હતા. પોતાના મહેલના રક્ષણ માટે પણ પાકો બંદોબસ્ત એક જ રાતમાં કરી દીધો હતો, તથાપિ નવાબને ઘણી ભીતિ હતી કે, રખેને શત્રુઓ કિલ્લામાં દોડી આવે. નવાબને વારંવાર મોતી ધીરજ દેતી હતી કે જે થયું તે ન થયું થનાર નથી; પણ હવે કેમ વર્તવું તેનો વિચાર કરવા માટે સૌ પશ્ચિમ બાજુના કિલ્લાના ભાગમાં બેઠા. સૌ મળીને બાર સરદાર, ચાર સ્ત્રીઓ, સાત હિંદુઓ, પાંચ ખોજા ગુલામ અને બે લોંડીઓ, એટલાં જણ તે સ્થળે હાજર હતાં.

"સરદાર નવરોઝ, તું હવે શું કરવાની સલાહ આપે છે?" નવાબે ઘણી ગમગીનીથી પૂછ્યું.

"મારી તરફથી હવે કંઇ નહિ."

"દુશ્મનો મારી રાંક પ્રજાને રંજાડે તે મારે સુખેથી જોવું?"

"તેનું જેવું નસીબ, ખુદાવંદ મારો શો ઉપાય?"

"એ મરાઠા સરદાર કોણ છે તે માલુમ છે? કદાચિત્—"

"નવો લૂટારો શિવાજી હશે."

"તે તો ઘણું સત્યાનાશ વાળશે ને મારી પ્રજા ખેદાનમેદાન થશે!"

"ખરેખર, ખુદાવંદ!"

"નવરોઝ, અત્યારે આપણે મરાઠા લુટારાની હીલચાલ જાણવી જોઇયે."

"હા, ખુદાવંદ! પણ તમને પ્રજાની ઘણી થોડી કાળજી છે. જો તેમ ન હત તો તમે ઘણી સારી રીતે પ્રજાના રક્ષણના ઉપાય યોજત. ખેર, જે તકદીરમાં હોય છે તેના આગળ તદબીર નાચાર છે. રાતના મરાઠાની યુક્તિ જાણીને બનતા ઉપાય કરીને એ સૌને જલદીથી દેશ છોડવાની યુક્તિ કરવી જોઇયે."

"રાસ્ત છે!" નવાબે કહ્યું. "કોણ એ ખબર લાવે એવો માયનો પૂત છે? આ પરાક્રમના બદલામાં એક હજાર મહોરનો આ કંઠો પ્રથમ તેના ગળાને સુશોભિત કરશે."

બીજા સરદારો એક બીજાનું મુખ જોઇ રહ્યા, કોઇ હીમતથી બહાર પડયું નહિ. નવાબ પણ આવી રીતભાતથી બહુ આશ્ચર્ય પામ્યો. દરેકે દરેક સરદારના મ્હોંપરની લાલી જતી રહી હતી અને માત્ર નવરોઝ સરદાર શિવાય સૌ શબવત્ થઈ પડ્યા હતા. સૌના મનમાં એવો ધાસ્કો પેઠો કે, જો આપણને બાતમી મેળવવા મોકલ્યા તો નક્કી પાછા બચ્ચાં છોકરાનું મ્હોં જોવા પામનાર નથી.

"શું સઘળા મારા નોકરો જનાની, હીચકારા, બાયલા છે?" રૂમીએ ખિન્ન મને પ્રશ્ન કીધો. "મારા સરદારો જેઓ મોટા મોટા પગારો ખાય છે અને મોટા સીપેહસાલારના ઇલકાબ ધરાવે છે, તે નામર્દ સ્ત્રીઓથી લજાય તેવા છે? તોબાહ! તોબાહ! હું મોટો મૂર્ખ કે નામર્દના સમૂહમાં વાસ કરી નચિંત જીવે રહ્યો. 'મર્દકી ગર્દમેં રહેના, નામર્દકી સરહદમેં ન જાના.' પણ શરમ મને કે, મારા સરદાર બકરાં ચરાવવાને લાયક છે તે મેં જાણ્યું નહિ."

"ખુદાએ હાફેઝ! મને એવા અપમાનમાંથી બાતલ કરજો. આ બાલ તદ્દન ભુરા થઇ ગયા છે, તોપણ દિલોજાનીથી જીવ દેવાને તત્પર છું;" નવરોઝ સરદારે કહ્યું.

"મારા ખાતર અને ખુદાને ખાતર, શાહજાદા, તારે શાંતિ ધરવી. તું હવે વૃદ્ધ છે અને આ કાર્ય તરુણ પુરુષનું છે. તું આ કામમાં ઝીંપલાવશે તો ખચીત તારો જાન જોખમમાં આવી પડશે. ભયને સમયે બચાવ કરવાની અને કમભાગ્યને સમયે નાસવાની શક્તિ હવે તારામાં રહી નથી, તો તું શું કરીશ?"

"હારકે સમયે રાહ દેખાનેવાલા જવાંમર્દ ચૈયે."

"જો મર્દ નામર્દ બને! તો હું ને મણી એકવાર મર્દ બનીને "હાર"માંથી "રાહ" દર્શાવીશું?" મોતીબેગમ આગળ વધીને બોલી.

"નહિ, નહિ, એમ નહિ જ બને!" પાંચ સાત અવાજનો સામટો જ કોરસ થયો.

"મોતી ને મણીની જીંદગી ઘણી કીમતી છે, તે આ કામને લાયક નથી;" નવાબે કહ્યું.

"પ્રિય પતિ! નહિ, અમને હુકમ આપો, પછી જે કામ તમારા સરદાર કરી શકતા નથી, તે અમે બજાવીશું;" મોતી જોસ્સાથી ઉભી થઇ બોલી.

"અને ખુદાવંત! મારા દેશને માટે એકવાર ખરી સેવા બજાવવાને હું તૈયાર છું. તે માટે આજ્ઞા દીજીએ;" મણી જે મોતીની સાથે પોતાના પતિ સહિત કિલ્લામાં આવી ભરાઇ હતી તે બોલી.

"તમે જઇને શું કરશો?" નવાબે પૂછ્યું.

"જે કોઇ નહિ કરશે તે!" મણી બોલી.

"ભયને સમયે સ્ત્રીઓ બ્હીક ધરે છે."

"ને તેવા જ સમયે સૌને બચાવી પણ લે છે."

"મોતી, જે કામ તું કરવા તૈયાર થઇ છે, તે કેટલું જોખમ ભરેલું છે, તે જાણે છે?"

"મને જાણવાની શી જરૂર છે! મોત ને લજ્જા એ બે કરતાં કંઇ વધારે નથી, તે આપ જાણો છો, પ્રિય; ને તેને માટે આપ શંકાશીલ

ન થશો ! ! બહાર ગયા પછી કેમ વર્તવું તે કહેવાની કંઇ જરૂરત નથી. 'શેઠની શીખામણ ઝાંપા સૂધી' કિલ્લો છોડ્યા પછી અમારી અક્કલે લડત કરવાની છે."

"આલમેપનાહ ! યાદ રાખજો કે અમે અમારા રક્ષણ સાથે લજ્જા નીતિનું ને રાજ્યનું રક્ષણ ઘણી સારી રીતે કરી શકીશું. એકવાર અોના પરાક્રમનો ઇતિહાસ જુઓ;" મણીએ, નવાબના ચરણ નજીક પડીને વિનંતિ કીધી.

"એકવાર, હાલ તો તમારો ભોગ આપવાને હું તૈયાર છું;" એક ક્ષણ મૌન ધરી નવાબે અવાજ કહાડ્યો—લગાર પણ બેચેની કે દિલગીરી બતાવ્યા વગર, પોતાના દરજ્જાને શોભે તેવી રીતે. "અગર જો કે તમારે બદલે દશ હજાર માણસના જાન જાય તે જોવાને રાજી થઇશ, પણ તમે જાઓ, એમ કહેવાની મારી જીભ ચાલે નહિ ! મારા સરદારો ! તમે ઘુઘરા બાંધીને મારી દરબારમાં નાચવાને લાયક છો ! જ્યારે હું સરદારોને જવાંમર્દ જોવાને ઇચ્છું છું, ત્યારે તેઓ રામજણીનું કામ કરે છે !"

મણીગવરી અને મોતીબેગમ આ હુકમ મળતાંની સાથે બહુ આનંદથી ઉઠર્યાં. કિલ્લાના પાછલા ભાગપર સરદારો અને નવાબ સાથે મોતી ને મણી આવ્યાં. કિલ્લાની આસપાસની ખાઇમાં પુષ્કળ પાણી ભરાઇ ગયું હતું; ને નદીને જોબનના બહારમાં ઉછાળા મારતી જોઇ મોતી બોલી; "બહેન ! તું તારા પતિને તૃપ્ત કરવા ઉછળતી ઉછળતી જાય છે, તેમ અમારી પ્રજાના રક્ષણ માટે અમે પણ દોડિયે છિયે, તેમાં તું આશ્રય આપજે." તુરત પાછલા ભાગનો છુપો દરવાજો ઉઘાડી બહાર નીકળી, મણીએ સીસોટી વગાડી. બે ખારવા હલ્લેસા મારતા એક નાની હોડી લઇ આવ્યા. સૌના દેખતાં ઘણા હર્ષથી બંનો નવજોબના હોડીમાં કુદી પડી. તેમની સાથે એક હબસી પણ ચાલ્યો. તેણે જણાવ્યું કે, "હું હંમેશ તમારી સાથે રહીશ." સરરરર કરતી

હોડી ચાલી ને પૂંઠનો પવન હતો તેથી પાંચ મિનિટમાં લક્કડકોટ આગળ આવી પહોંચ્યાં. ત્યાં બે ઘોડા તૈયાર હતા. બંનો શૂરી સ્ત્રીઓએ, સ્ત્રીનો પોશાક તજી મરાઠા પુરુષના જેવો પોશાક પહેરી લીધા ને ઘોડાપર બેસી કોટના એક તૂટેલા ભાગમાંથી શહેરમાં પેઠાં. હબસી, જે ખરો નિમકહલાલ હતો, અને જે મોતીનો હંમેશનો અંગ રક્ષક હતો, તે વરીઆવીના દરવાજા નજીક હોડી ગયો ને બક્ષીની પાયગામાંથી એક ઘણો સરસ ઘોડો લઇ આવી, આ બે વીરાંગના સાથે ત્રીજો ઉમેરાયો. બંનો જણે આ વેળા કોઇ પણ પ્રકારનું ભય બાજુએ મૂકી દીધું હતું. ઉભયે ફરીને પોતાના પતિઓને મળવાની આતુરતા જરેજર મનમાંથી કહાડી નાંખી હતી. થોડીકવાર વિચાર કરી બંનો જણે નક્કી કરી લીધું કે, મરાઠાની હાલત કેવી છે તે પ્રથમ જાણવી. સહેજ દૂર ગયા, એટલે મરાઠા ઘોડેસ્વાર મળ્યા. તેઓએ મરાઠીમાં બીજી બાજુના ખેરઆરીયતના સમાચાર પૂછ્યા ને મણીએ તેનું જોઇતું ઉત્તર આપ્યું. મણી ઘણી સારી રીતે મરાઠી બોલી શકતી હતી; તેથી બંનો મરાઠી સ્વારોએ ધાર્યું કે રૉન ફરતો આપણામાંનો કોઇ સ્વાર હશે. મણીએ કિલ્લામાં પેસવા પહેલાં પોતાના એક માણસથી સારી પેઠે મરાઠાઓની ખબર કહાડી હતી, ને જે કાંઇ અધુરું હતું તે મોતીથી જાણ્યું હતું; એટલે આ પ્રસંગે વાતચીત કરવાનું તેને ઘણું સુગમ પડ્યું. અગર જો સર્વના મનમાં ભય હતો, તથાપિ બહારથી યત્કિંચિત્ પણ બતાવ્યા વગર મરાઠીમાં વાતચીત કરવા માંડી.

"તમો ક્યાંથી આવ્યા, ને કંઇ નવા જુના સમાચાર દોસ્ત ?" મણીએ પૂછ્યું.

"નવા સમાચારમાં જાણવા જોગ એ છે કે, કિલ્લાનો ભેદ જે કોઇ બતાવે તેને વીશ હજારનું ઇનામ મહારાજ આપશે, એમ તાનાજી મુલેસરે લશ્કરમાં જણાવ્યું છે," એક ઘોડેસ્વારે જણાવ્યું.

"તેને માટે તમે ઉમેદવાર છો ? કિલ્લાનો ભેદ મેળવવો, એ શું બહુ ભય ભરેલું નથી ?"

"હા, પણ તે અમે બે જણુ શોધી કહાડીશું."

"શાબાશ! તમારા જેવા મહારાજના લશ્કરમાં છે, તો મહારાજનો જય છે. પણ મોટા ભયમાં જતાં બહુ સંભાળ રાખજો."

"તમે ક્યાંથી આવ્યા? આ શોધ માટે તમે કંઈ કર્યું નહિ? તમારો સોબતી કેમ મૌન ધરી રહ્યો છે?" બીજા ઘોડેસ્વારે પૂછ્યું.

"એને જ માટે, અમે નદીતટપર ગયા. ત્યાં કંઇ એમ જોવામાં આવ્યું કે, કિલ્લામાંથી કોઇ બેજણુ બહાર નીકળી શહેરમાં ગયા. એ જણોની અમે પૂંઠ પકડી, પણ તે ક્યાં સંતાયા તે જણાયા નથી; તમે કોઇને જોયા?"

"નહિ, પણ હવે અમે જઇશું ને આ રેશમની નીસરણીથી કિલ્લાપર ચડીને માંહેનો ભેદ મેળવીશું, રામરામ!"

"રામરામ! તમે તમારું કામ યથાર્થ બજાવો ને અમે પણ અમારા કામમાં પાર પડીએ, એટલે મહારાજનો જય! રામરામ!"

આટલું બોલતાં ચારો સ્વાર જુદા પડી ગયા ને બે પશ્ચિમ બાજુએ ને બે પૂર્વ બાજુએ ચર્ચા જોવાને ચાલ્યા.

# પ્રકરણ ૧૦ મું

## રાત માતાકા પેટ

આપણા બે સ્વાર દમ મારતા ને ચોકીઓ ચુકાવતા, નવાબના મહેલ તરફ ચાલ્યા આવ્યા. રસ્તામાં મરાઠાઓની સેના ને શિવાજીનું શહેરમાં એ દિવસનું જોર જોઇને બંનો બહુ ખિન્ન થતા હતા. જે મોહોલ્લામાંથી પસાર થતા હતા ત્યાં કોઈ ઠેકાણે હાય અફસોસ ને કોઇ ઠેકાણે રડારોળ થતી સંભળાતી. ઘણા ખરા તો ઘરબાર બંધ કરીને જાગતા બેસી રહ્યા હતા—જાણે ભયની રાહ જોતા હોય. દરેક ઘરમાંથી કોઇ કોઇનો પણ અવાજ આવતો, પણ રસ્તાપર એક ચલિયું પણ ફરકતું જણાતું ન હતું. જે મોહોલ્લામાંથી બંનો સ્વાર પસાર થતા હતા, ત્યાં ઘોડાની પડઘી સંભળાય એટલે લોકો બૂમ મારી ઊઠતા કે, “આ આવ્યા ! એ આવ્યા !” ને ઘોડા દૂર જતા કે વળી સૌ શાંત થઇ જતા. દરેક ઠેકાણે મરાઠાઓના જુલુમથી કેર વર્તાઇ રહ્યો હતો. આ સમયે ગોપીનું વસાવેલું નગર એક સ્મશાન જેવું હતું, જ્યાં ત્યાં ઘડીએ ઘડીએ શોકકારક રાગડો નીકળતો સંભળાતો હતો.

મણી ને મોતી બેઉમાંથી કોઇ બોલતું હતું નહિ. બંનેનો એ વખતનો દેખાવ વધારે વિસ્મયકારક હતો. ઘોડા દોડાવવામાં બંને ચતુર ને ચપળ હતી. એક મુસલમાની ને બીજી વાણિયણ હતી, તે છતાં બંને બહાદુર હતી. બાળપણથી લાડમાં ઉછરેલી ને ઘોડે બેસવાની ટેવ પડેલી તેનો લાભ આજે બંનોને મળ્યો હતો. સ્ત્રી જાતિ છતાં આવી રીતે છચોક બહાર ફરવું, એ મર્યાદાની બહાર ગણાય, અને તે પણ કટાકટીના ભયને સમયે પુરુષનો વેશ ધરી ફરવું, એ લજ્જાનું ઉલ્લંઘન જણાય. એ વેશ આજે પણ અદ્‌ભુત ગણાય, તો તે કાળની વાત જ શી કરવી ! પરંતુ જ્યાં દેશરક્ષણનું કાર્ય આવી પડે ત્યાં લેશ પણ સંકોચ પામ્યા વગર મેદાન પડવું, એ માત્ર રાજપુતા-

ણીનો ધર્મ છે. એ ધર્મ બે વિજાતીય સ્રીઓ સાથે સાથે બજાવવા જાય છે. બંનો તરુણીઓએ માથાપર ફેંટા બાંધ્યા હતા, બચાવ માટે છૂટી તરવાર હતી. જો કે મણીને, તે કેમ પકડવી તે માલુમ નહતું, તે છતાં તેનો હાથ તરવારપર જ હતો. શહેરની અવસ્થા જોતાં જ્યારે બંનો તાનાજી મુલેસરની છાવણીમાં પહોંચ્યાં, ત્યારે ત્યાં એક ખાનગી મંડળી ભરાયલી જોઈ. નિડરતાથી બંનો બાજુએ પહોરો ભરવા લાગ્યાં ને મંડળીના આગેવાનોએ પહોરેગીરો હશે, એમ ધારી પોતાની વાત ચલાવી.

"તાનોજી! બાર તો વાગી ગયા. હવે થોડા સમયમાં આપણે પાછા મેદાનમાં નીકળવું પડશે. આરબ ને મકરાણીઓ નવાબના મહેલપર ચોકી કરે છે; નવાબ માલમત્તા લઇને કિલ્લામાં ભરાઇ ગયો છે, તેથી તે અમૂલ્ય ખજાનો હાથ આવવો દોહેલો છે—જો કે તે વિકટ નથી;" બહિરજીએ વિચાર બતાવ્યો.

"વિલાયતીઓની કોઠી ને નવાબનો મહેલ લૂટાય નહિ, ત્યાં સૂધી કદી પણ જોઇયે તેટલો લાભ થવાનો નથી, રામસેન!" એક બીજા આગેવાને વિચાર બતાવ્યો.

"પ્રભુ ખાતર!" નાથજી જેવી આ સૂચના થઇ કે, તેને પોતાનું ધાર્યું મળ્યું હોય તેમ નાથજી એકદમ બોલી ઉઠયો; "આપણે એકદમ તેઓનાપર હલ્લો કરીને ચકિત કરવા ને તે માટે વિલાયતીઓને તથા મહેલના ઉપરીને જણાવો કે, અમારે લુટવાની મરજી નથી!"

બંનો નવાબદૂત આ સમયે બહુ બારીકીથી આ વાત સાંભળતા હતા.

"એને માટે આપણે શું કરવું?" તાનોજીએ પૂછ્યું.

"દૂતો પોતાનાં કાવતરાંથી આ કામ પાર પાડશે; પણ કિલ્લામાં જવાની કોની હામ છે?" એક દૂતે જ પૂછ્યું.

"એમાં ઘણો ભય છે અને એ વાત મૂકી ઘો. આપણને વિલા-યતીની કોઠીને મહેલની દોલત મળે તો બસ; તેનો ઉપાય કરવા ઉઠો." રામસેને જણાવ્યું અને મંડળી વિખરાઇ ગઇ.

જે અગત્યની બાતમી મળી હતી તે લઇને થોડોક સમય વીત્યા પછી નવાબના બંને દૂતો મહેલ તરફ આવ્યા. ખોજો મશરુર દરવાજા-પર બેઠેલો હતો. તેની પાસે મોતી ગઇ. ખોજો પ્રથમ ચમકયો ને તરવાર ખેંચી. પણ તેટલામાં મોતીએ પાસે આવી આંગળીએથી મુદ્રા બતાવી, એ જોઇ ખોજો સમજી ગયો ને કુનસ બજાવી ઉભો રહ્યો. મરાઠાનો ઠરાવ ને તેમનાં કાવતરાં તેને જણાવી, જોઇતી સંભાળ રાખવા કહી, વધારે સાવધતાથી વર્તવાનું સુચવી બંનો જણ શહેરમાં આવવા નીકળ્યાં; શહેરપનાહ—બુરાનપુરી ભાગળના દરવાજાના કોટ નજીક આવ્યાં કે મુસલમાન સરદારના હાથ નીચેની હિંદુ ઘોડેસ્વાર પેદલવાળી ટૂકડી આવતી દેખાઇ. બંને જણ ચકિત થયાં, બાજુએ ખસી ગયાં. ઘોડેસ્વારની વચ્ચે આસરે છસો માણસ હતાં. આવી ભયંકર કાળરા-ત્રિએ આ માણસોએ જે બહાદુરી બતાવી હતી, તે કંઇ કારણસર હતી કે એમને એમ, તે આપણે પાછળ ફરી જોઇએ.

* * * * *

રાત અંધારી હતી; નદીમાં જળ જંપ્યું હતું. શહેરમાં કોઇપણ સ્થળેથી કોઇ પણ જાતનો મનુષ્યધ્વનિ સંભળાતો નહોતો. સુરત શહે-રમાં આજે સંધ્યાકાળે જેવી દશા હતી તેવી દશા કવચિત્ થઇ હશે. કિલ્લામાં નવાબ પોતાના કેટલાક કારભારીને લઇને ભરાયો હતો, ને શહેરમાં શિવાજી લુટારો દમ બાંધીને લુટ ચલાવતો હતો. ભયંકર દેખાવ એવો થઇ પડ્યો હતો કે, કેટલાક જવાંમર્દ આદમીઓ છતાં કોઇપણ મરવાને તૈયાર થાય તેવું જણાયું નહિ. પણ આજે તારીખ ૮ મીની સાંઝના વલંદાની કોઠી આગળ ત્રીસ ચાલીસ માણસ એકઠાં થયાં હતાં. નદીમાં પાણીનો ખળખળાટ થતો હતો, તેથી કોઇનો પણ અવાજ

બહાર જવા પામતો નહતો. એક મોટા ઓરડામાં વલંદાની કોઠીનો ઉપરી અને બીજા માણસો બહુ છુપી રીતે વાતો ચલાવતા હતા. તેઓમાંના કેટલાક હિન્દુ અને કેટલાક મુસલમાન હતા, પણ તે સઘળા શહેરના જ રહેવાસી હતા. શિવાજીને જેર કરવો અથવા ભગાડવો કેમ, એ૫ર વિચાર કરવાને આ મંડળ મળ્યું હતું.

વલંદાની કોઠીનો ઉપરી એક ઘણો લાયક ને મર્દ જવાન આદમી હતો. જો શિવાજી લુટ ચલાવતો ચલાવતો કદી ત્યાં પેઠો, તો સત્યાનાશ વાળશે એવો તેને ભય હતો; પોતે વળી શુરો હતો; વય તો માત્ર ૩૫ વર્ષનું હતું; પણ વેપાર કરવામાં બહુ નિડર ને કુનેહબાજ હતો. તેણે શહેરના બળિયાઓમાંના કેટલાકોને તેડાવી મંગાવ્યા. તેઓ છૂપે રસ્તે જુદા જુદા પેહેરવેશમાં ઘણા જલદી હાજર થયા. આ શૂરા વલંદાનું નામ જોન્સ હતું.

જ્યારે ઘણા માણસો આવી ચૂકયા, ત્યારે જોન્સ બોલ્યો; "શિવાજીને કહાડવાને તેની સામા થઇ મરવા જવાને કોઇ તૈયાર છે?"

"જો કોઇ સરદાર તૈયાર હોય ને અમને દોરવવા તત્પર હોય તો અમે તૈયાર છીયે;" દશ વીશ અવાજ સામટા નીકળ્યા.

"આ વખતે જે શહેરનો બચાવ કરવાને તૈયાર થશે ને પાપી લુટારાથી લોકોનું રક્ષણ કરશે તે અમર નામ મૂકી જશે!" એક કણબી બોલી ઉઠયો. "શહેરમાં ત્રણ ત્રણ દિવસ થયા હડતાલ પડી છે, ખાવા પીવાનું કંઇ મળતું નથી. નવાબ તો બાયલો–પાવૈ–હીજડો છે. તે જનાનખાનામાં જઇને ભરાયો છે. સૌની મરજી હોય તો મારા બળ-પર હું તૈયાર છું. દાવપેચ કેમ કરવા ને પટા કેમ ખેલવા, તે હું જાણું છું; ડાબી બાજુએ દુશ્મનનું જોર હોય તો જમણે કેમ ઉતરવું ને જમણે જોર હોય તો પુઠનો ઘા કેમ કરવો, તે મને ખબર છે. આ દોઢસો કણબી પોતાના હાથમાં સોટા લઇને ઉભા છે. બીજા દોઢસો હોય, તો ત્રણસો મરણિયા, શિવાજીના ત્રણ હજારનો ઘાણ કહાડવા માટે પૂરતા છે. કોણ મરવા તૈયાર થાય છે?"

"શાબાશ! શાબાશ! ધન્ય છે શહેરના નાકને." ચોમેર શબ્દઘોષ થઇ રહ્યો.

સુરતમાં એ કાળે લોકોમાં જે શક્તિ હતી, શૂરાતન હતું, બુદ્ધિબળ હતું, તેવું ગુજરાતમાં કોઇ સ્થળે ન હતું. પ્રસંગોપાત્ત ઘણા જુવાનો હોંસ ઉમંગમાં આવી મેદાન પડવાને તત્પર થતા હતા, ને બાજબથાની યુદ્ધકળા—મારામારીમાં કોઇની પણ સામે ઉતરવાને તૈયાર થતા હતા. તેનું પરિણામ કસરતશાળાઓ હતી. આ શાળાઓનો દેખાવ દુર્બલ હતો, પણ તેમાં જે ઉસ્તાદો હતા, તેઓ યુદ્ધકળાના નિયમ તો નહિ, પણ થોડાક દ્વંદ્વયુદ્ધના ભેદ બહુ સારી રીતે જાણતા હતા. તેઓ તનબળમાં બહુ જબરા હતા. આમાં વાણિયા શિવાય ઘણું કરીને સઘળી જાતના લોકો હતા. તેઓ બહુ કાબેલ હતા. એમાંના ઘણાક લોકો, જો કોઈ રણસિંગડું ફુંકનાર મેદાન પડે તો તેની પછાડી ચાલવા તત્પર થાય તેવા હતા. કણબી, શ્રાવક ને બ્રાહ્મણ વર્ગમાં જે શિરજોરી હતી તેને લીધે આ વલંદા બંદરની સભામાં તે લોકોનાં લોહી તો ઘણાં જ ઉકળી આવ્યાં હતાં.

આજે જેમ પરદેશી કે દેશી, કોઇના પણ હુમલાથી બચવાને માટે, એક પણ શસ્ત્ર ઘરમાં રાખવામાં આવ્યું નથી, ને કોઇ પિંડારો લુટવાને માટે દોડ કરે તો, એકેવારે ઘડીના છઠ્ઠા ભાગમાં ગુજરાતનું કોઇપણ નગર લુટી લેવામાં વિલંબ લાગે નહિ, તેમ તે કાળે નહતું. જો સાવધતા રાખી હોત તો નવાબને ઘણીક રીતે શહેરી પ્રજામાંથી જ ઘણા વીરપુરુષો આવી મળત ને શહેરની ધૂળધાણી થતી અટકત. શહેરના દરેક બહાદુર નરના ઘરમાં તરવાર, બરછી, ફરસી કે પટાકડીના ઘાટની બંદુકડી તો ખરી જ; અને જેટલું કામ શસ્ત્ર ન સારત, તે કરતાં વધારે શિરજોરીથી કામ થાત. લોકો લઠ્ઠા, પઠ્ઠા, બળિયા ને દશ વીશ સામા મરણિયા થઇને ઘૂમનારા હતા. આજના જેવા માંઇકાંકલા, લપુલપુ થતા, 'તીન દિને અઢાઇ કોશ' જેવી હાલતના બાયલા નહતા. નાનપણથી

કસરતનો લાભ લેનારાઓ હતા. કસરતશાળાના સારા ઉસ્તાદો તો નાના લશ્કરનું કામકાજ કરવે લાયક હતા, પણ મુસલમાની રાજ્યને લીધે કોઇ તેઓનો ભાવ જ પૂછતું નહતું. દિલ્લીના બાદશાહો પોતાનાં જ વગનાં માણસો લશ્કરમાં રાખવાની ગોઠવણ કરતા, કે વખતે નવાબ બેવફા થાય તો બાદશાહીને હાનિ પહોંચે નહિ: તેઓ તેના પક્ષમાં રહે ને નવાબને ખસેડી ખદેડી કાઢે ! તેથી શહેરના લાયક માણસો ધંધાધાપા વગર પડી રહેતા. એમ હિંદુઓનાં દીલ મુસલમાનો તરફ અપ્રીતિવાળાં હતાં. પણ જ્યારે શહેરને માથે સામાન્ય આફત આવેલી જોઇ ત્યારે આગલું પાછલું સઘળું વીસારી દઇને, આ સભામાં સઘળા જ એકદીલથી ભેગા થયા હતા. જ્યાં ઐકય હોય ત્યાં વિજય તો હાથ જોડી હાજર રહે છે.

રામભાઈ કણબીએ પોતાનો ઉભરો બહાર પાડ્યો ને દઢ ઠરાવ જણાવ્યો કે તુરત મિયાં બહાદુરજંગ બોલ્યા; "મેં મહમદ પેગંબરકે કસમસે કહેતા હું કે મેરે જીગરસે મેં મરનેકુ તૈયાર હું, લેકીન સબ અપને અપને તાનમેં મશગુલ તો હમ કયા કરે ? ચલો, સબ લોક ઊઠો, ઓર મરો યા મારો, પીછા પગ મત ધરના. અપને શહેરમેં ઓ સસૂર તીનતીન રોઝ હુવે મારકાટ કરતે હૈ, ઓર અપન દેખાં કરે ? વલ્લાહી બીલ્લા ! કયા ઝમાના આયા હે કે, અપની કોઇ જાનફેસાનીકી પરવાહ રખતા નહિ. કુછ પરવાહ નહિ. હમ સબ પૈગંબરકે ફરજીંદ અપના દીલોઝાનસે કહેતે હૈ કી અપના રુહ ઓર કલીબ નઝર કરેંગે. હઝરત પેગંબરકે ખાતર હમ સબ કરનેમેં તૈયાર હૈ."

"આગેવાન કયાં છે ?" જોન્સ ટટાર થઇ ખુરસીપર સીધો બેસતાં બોલ્યો; કેમ કે લોકોનો આ ઉમંગ જોઇને તથા હજી શસ્ત્ર વગરના ને સહાયતા વિનાના લોકોમાં આટલું પાણી છે એ જોઇને, તે બહુ આશ્ચર્ય પામ્યો હતો. "તમારે માટે હું તૈયાર થાત, પણ મારાથી આ કોઠી છોડીને બહાર નીકળાય તેમ નથી. કોઇ પણ તમારો દોરવનારો હોવો જોઇયે. કોઇ શૂરો આગેવાની લેનારો નથી ?"

"મારી જીંદગીને ખાતર હું તૈયાર છું;" સુરલાલ અકસ્માત્ ત્યાં આવી પહોંચી બોલ્યો. "લશ્કર અવ્યવસ્થિત છે, ને સમયસર ગોઠવણુ થઇ નથી, તેથી જો ત્રણુસો માણુસ દ્વંદ્વયુદ્ધમાં ઉતરવાને તૈયાર હોય તો કંઇ કરી શકવાનું મારામાં સામર્થ્ય છે. શિવાજી સામા લડીને મરીશ અથવા મારીશ."

"એસા નહિ બનેગા, તેરી જુવાનીકી ખાતર મેં મરનેકું તૈયાર હું. મેરા હાથ નીચે સબ લોક તૈયાર હો, તો અબીકા અબી ચલો!" સરદાર નવરોઝ, એકદમ દરવાજામાં પેસતાં જ બોલ્યો. "સુરલાલ, તું એસા મત જાન કે મૈં તુઝે અપમાન કરતા હું, લેકીન મૈં મરુંગા તો કુછ દેહેશત નહિ હૈ, ઓર તુઝકું ચઇયે ઇતની લડાઇકી વાકફગારી નહિ હૈ, ઉસ સબબસે તું મેરી પીછે ચલ."

સુરલાલે તે કબુલ કીધું. તેનો સોબતી ખરો હતો. સઘળી મંડળીને પણુ આ વાત ગમી. કેટલાક માણુસો પાસે હથિયાર ન હતાં, તે એકદમ મંગાવીને સોંપવામાં આવ્યાં. વલંદાની કોઠીમાંથી જેટલાં મળ્યાં તેટલાં લીધાં. બીજાં પારસીઓએ આપ્યાં; અને તેઓ પણુ હોંસથી સામેલ થયા. પારસી, હિંદુ ને મુસલમાનનું એકઠું થએલું ટોળું "હર! હર મહાદેવ! ભવાની માતકી જે!" "અલાહ અકબર!" એમ ગર્જના કરતું છસો માણુસ ઊઠી એકદમ સરદાર નવરોઝ ને સુરલાલના હાથ નીચે સંફ સમારીને ઉભું રહ્યું.

જોન્સે એક યુક્તિ બતાવી, કે જેથી શત્રુને કાને ઠેઠ લગણુમાં કંઇ ખબર જ ન પહોંચે. તેથી પહેલો ચોકીવાળો મળ્યો તેને એકદમ કતલ કરી નાંખ્યો. એ મરાઠાની લાસ સાથે લગભગ બીજા ત્રીસ મરેઠા સીપાહીનાં માથાં રડવડતાં થઈ ગયાં.

શૂરપર આવેલા યોધાઓ ધબધબ પગલાં મૂકતાં, જોમપર આવીને ઘર, કુટુંબ કશાનો વિચાર કર્યા વગર મેદાન પડ્યા હતા. ભયંકર કાળરાત્રિએ મરવા જાય છે એટલું પણુ ઘરકુટુંબને જણાવ્યા વગર નીકળી પડ્યા હતા. એ તેઓની હીંમત અને બહાદુરી ધન્યવાદ આપવાની ફરજ પાડે છે. સઘળા કિલ્લો છોડી ભાગળ નજીક આવ્યા ને બે ઘોડે-

સ્વારને મોટાં લશ્કરે દૂરથી જોયા, તેમ એક મોટા ટોળાને ધસમસ્યું આવતું તે ઘોડેસ્વારોએ પણ દીઠું. એક મોટા લશ્કર સામા બે માણસનો શો હિસાબ? તેમાં જેણે લડાઇનું મ્હોં જોયલું નહિ, પણ નામ સાંભળતાં થરથર કાંપે, તેના મ્હોં આગળ તરવારોનો ઝગઝગાટ જણાય ત્યાં પછી તેનું હોસાન કેવું રહે? પ્રજારાજ્યના લશ્કરે, (હવે આપણે એ નામે એને ઓળખીશું. તેના નિયમ ને તેની સ્થાપના કંઇ આવાજ સ્વરૂપપર થઇ છે.) જેમ નજીક આવવા માંડયું, તેમ તેમ બંને ઘોડેસ્વાર ગભરાયા ને તેનાથી બચવા બાજુની ગલીમાં પેસી ગયા. પણ તેટલામાં બે ઘોડેસ્વાર નાગી તલવાર સાથે સામા આવી ઉભા. આ વખતના ભયનું પૂછવુંજ શું? આ બે સ્વાર તે મોતી બેગમ ને મણીગવરી હતાં, તે વાંચનારને જણાવવાની કંઇ જરૂર નથી.

સ્ત્રી જાતિ કોમળ હોય છે. તેનાથી ભય સામા ઝાઝીવાર ટકાતું નથી. અકરમાત્ સમયે કયો માર્ગ લેવો તે તેને સુઝવું મુશ્કેલ છે. તેની શક્તિ હમેશાં ઘરસંસાર ચલાવવાને અને મૃદુ મૃદુ હાસ્યવિનોદનું પ્રેમાળ બોલવાને નિર્માણ થયલી છે. તેનું સ્વરૂપ શીતળછત્ર નીચે રહેવા યોગ્ય છે. તેનો જોસ્સો શત્રુને મારવાનો નહિ, પણ તેનાં કાળજાં વિંધવાનો છે. તેના હાથ શીતળતા પમાડવાને અને તેનું મસ્તક ઘા ખમવા કરતાં ઉંફ આપવા માટે વધારે લાયક છે. આ સાધારણ સ્વરૂપ છે, તે છતાં સ્ત્રીઓ, સમયે જે પરાક્રમ બતાવે છે તે અતિ વિસ્મયતા પમાડનારૂં હોય છે.

"કૌન હૈ ઉધર!" આ બોલની સાથે બે તરવાર સામી ઝબૂકી.

"મારો! મારો! સબ સાલા પિંડારા હૈ!" એક સ્વાર બીજો ઉમેરાયો તે બોલ્યો.

"ગોલી મારકર એકદમ જાન નિકાલ લેના, અપનકું બહોત દૂર જાના હૈ;" એક ચોથા પીસ્તોલ લઇને આવનાર સીપાહે કહ્યું.

"કિસ ખાતર ઇતની દેર લગાતે હો, તરવારકા કામ તરવારકું કરને દો."

આ કેવો બારીક સમય છે. સ્ત્રી જાત, પુરુષના લેબાસમાં!

કેવી સ્થિતિમાં ! એક ક્ષણ બોલતાં વાર લાગે તો છપ્પન ટૂકડા થતાં વાર ન લાગે. હવે ત્યાં તે શો જવાબ દે !

મણી તો ધ્રૂજવા લાગી. મોતીની ઇન્દ્રિયો પણ બહેર મારી ગઇ. પણ ઉપાય શો ! ઉપાય વગર રક્ષણ નથી ને રક્ષણ ન કરે તો કમોતે મરે !

"બડા શયતાન ! લ્યાનત હે તુઝપર કે હમેરા મુલ્કમેં કૂછ કારન બિના હલ્લા કિયા, તો લે તુઝે એહી નતીજા મીલના ચઇયે;" એમ બોલનાર એક સ્વારે ધા કરવા તરવાર ઉગામી. મોતીનો ઘોડો આથી ચમકીને થોડાંક કદમ પાછો હઠયો.

"ખબરદાર ! એકભી કદમ પીછા હઠા તો તેરા છપ્પન ટુકડા હોનેમેં દેર લગને વાલી નહિ."

"રબકી ખાતર, કુછ હમેરા સુનો;" મોતી, જીવ સટાસટનો સોદો જોઇને જેમ તેમ કરતી બોલી.

"કયા કહેના હે, બોલ, તુ કયા પિંડારા નાહિ ?" એકદમ નવરોઝ ને સુરલાલ બંનો નજીક આવી પહોંચી સવાલ કીધો.

"નવાબકી રૈયતકું મારનેકા હુકમ તુઝે કીન્ને દિયા હૈ, નવરોઝ ?" નવરોઝને જોતાં ને સાથે સુરલાલને જોઇ ઘણી હીમતથી મોતી બેગમ બોલી.

નવરોઝ પોતાનું નામ સામા સ્વારથી સાંભળી, એકદમ ચકિત થયો અને સુરલાલ પણ આશ્ચર્ય પામ્યો.

"મેં એ સ્વર બહોત દફે સુણ્યો છે !" નવરોઝ ચકિત થતો બોલ્યો.

"અને મારા કાનમાં પણ તેની મોહિની ચાલુ જ છે;" પ્રેમના ઉમળકાથી સુરલાલે શબ્દ કહાડ્યો. "મિયાન ! મિયાન ! તરવાર ને બંદુકનું કંઇ કામ નથી. સઘળા દૂર જાઓ."

"નહિ, સુરલાલ કશી જરૂર નથી. તમે તમારું કામ કરવામાં તૈયાર થાઓ. ચલો અમે પણ તમારી સાથે છિયે." મણી જ્યારે સઘળું ભય દોઢ ગાઉ દૂર નાસી ગયું ત્યારે ઘોડાને એડી મારી આગળ આવીને બોલી. "મરાઠાનો કાલનો હલ્લો ને લૂટ ઘણી જબ્બર થનારી છે, માટે તેની હકીકત લક્ષમાં લઇ સૌએ પોતાનું કામ ચલાવવાનું છે."

# પ્રકરણ ૧૧ મું

## પ્યારની વૃદ્ધિ

"આફરીન! આફરીન! હું તમને બંનેને જાણું છું. ચલો, આપણે સર્વે સાથે મળીને કંઇ નવું જૂનું કરીશું;" સુરલાલે કહ્યું.

"ધસીને એકદમ દોડ કરો. હમણાં અમે ત્યાં જઇ આવ્યાં છિયે; તેઓ નિરાંતે પડેલા છે. ત્યાં ભય પણ નથી ને કાર્યસિદ્ધ કરવાને ભુજબળ આપણી પાસે મજબૂત છે."

"હમને સબકું પીછાના! ખોદા અપના નિઘેબાન હો! નવાબ બડા ચબરાક ઔર ચાલાક હૈ, ઔર ઉસકી બેગમ મહાતાબસે બી કુચ દો ચંદા સરસ પાવરધી હૈ." નવરોઝ મનમાં બડબડ્યો.

આ ગડબડમાં અડધો કલાક નીકળી ગયો. બારપર બે વાગ્યા હતા; ને જો હવે મોડું થાય તો સઘળી હાથ આવેલી બાજી ધૂળ મળી જાય; એપર વિચાર કરી, કંઇ પણ તુર્તાતુર્ત ખુલાસો મેળવ્યા વગર આ બે સ્વારોને સાથે લઇને નવરોઝ અને તેના સાથી સુરલાલે એકદમ સૌને ચાલવાનો હુકમ કીધો.

હવે પ્રજાકીય સેનામાં બે અધિકારી ને એક સરદાર હતો. મણી આ કામને બીલકુલ નાલાયક હતી, પણ મોતીએ તેને સાથે રાખી હતી. નવરોઝની પછાડી સઘળું લશ્કર ચાલતું હતું. જે જે મરાઠા સીપાહો એકલવાયા રસ્તે મળતા તેને કાપી નાખવામાં જરા પણ વિચાર કરતા નહોતા. થોડીક પળ સઘળું શાંત ચાલ્યું. નવરોઝ બેગમની ચતુરાઇ ને હિંમતપર આફરીન કરતો વિચારતો વિચારતો ચાલતો હતો, ને એવા વિચારમાં વધારે વખત ન રહેવા દેતાં, કંઇક ખુલાસો કરી, શિવાજીના સૈન્યના કયા ભાગપર પહેલો છાપો મારવો, તે સૂચવવા માટે મોતી નવરોઝ પાસે આવી.

"એ શૂરા પહેલવાન!"—આ છુપા સ્વારે કહ્યું—"મારા અકસ્માત્ મિલાપથી કંઇ એવો ખ્યાલ બાંધીશ નહિ કે એમાં કંઇ ભેદ છે! હું

મ કિલ્લો છોડીને નીકળી અને શું શું થયું છે તે વિસ્તારી કહેવાનો સમય નથી. આવવાનું કારણ તું જાણે જ છે. ટુંકામાં એટલું જ તારે જાણવાનું છે કે, અમે મરાઠાની છાવણીમાં જઇ આવી તેઓના મનસૂબા સારી પેઠે જાણી શકયાં છિયે. પણ નવરોઝ! તું જણાવશે કે, તારી સ્વારી શી રીતે અકસ્માત્ આવી પહોંચી? તું કિલ્લામાં હતો, ત્યાંથી શી રીતે છૂટો થયો?"

"મહાતાબ નૂરની બેગમ મોતી!" નવરોઝે નમન કરી, મોતીને માન આપતાં ખુલાસો કીધો. "કિલ્લામાંથી તમે બે જણ બહાર પડ્યા પછી મારા મનમાં, તેમ જ નવાબના મનમાં મોટી ચટપટી થવા માંડી ને અમે અવશ્ય ધાર્યું કે, અકસ્માત્થી તમે કોઇ પણ સ્થળે ઘેરાઇ જશો. આથી હું ને નવાબ બન્નો બીજી ગમના નદીપરના દરવાજામાંથી બહાર નીકળી પડ્યા અને સામે પાર થઇને ખાડીમાં આવી ઉતર્યા. અહીંથી એક છુપા જાસૂસે ડચ–વલંદા–લોકોની કોઠીમાં મળેલી સભામાં મને જવાની સૂચના આપી અને હું ત્યાં ગયો. પણ કર્મ સંજોગે નવાબ ને મારો સંબંધ તૂટી ગયો. તેઓ કોઈ બીજી બાજુએ ગયા છે, તે આપણને આવી મળવા જોઇયે."

"શું નવાબ–મારો દિલોજાન બહાર મેદાન પડ્યો છે, નવરોઝ? એ તો બહુ આશ્ચર્યની વાર્તા છે. જો એ મળી જાય ને આ કીર્તિના કામમાં સામેલ થાય તો કેવું સારું? તેનું નામ ને અમર કીર્તિ હમેશાને માટે પ્રદીપ્ત રહેશે."

"મને સંપૂર્ણ આશા તો છે કે, આ પ્રસંગમાં મોટો ભાગ લેવા માટે તે ઘણા જલદી આવી પહોંચવા જોઇએ;" આમ બોલતાં દમ બાંધીને કૂચ કરતાં બેગમપુરા વટાવીને, સ્વતંત્ર રાજ્યના યુદ્ધ માટે, ને શત્રુનો નાશ કરવા માટે, શૂરા યોદ્ધાઓ નવાબના મહેલની લગભગ આવી પહોંચ્યા.

અહીંઆ આવીને નવરોઝ અને સુરસાલે સૈન્યના બે વિભાગ પાડી, દરેકને પોતાની સરદારી નીચે લીધા. સઘળાને જોઇયે તેવા પ્રકારે ઉત્તે-

જનના શબ્દોથી ઉશ્કેરાયા ને છેલ્લે નવરોઝે કહ્યું; "આજનો દિવસ મરવાનો છે. જેમને ઘરબારના સુખની અભિલાષા હોય, જેમને પોતાનો પાપી પ્રાણ પ્યારો હોય તે આ પ્રતાપી કર્મથી દૂર જાઓ! અમે પાંચ હઇશું તો બસ છે. દેશ રક્ષણ માટે મરવું એમાં શું છે? પોતાનાં બાળકોને પીડામાંથી બચાવવાં એમાં મોટાઇ નથી કે? પણ જે પાછા જવા તૈયાર થાય તેમણે યાદ રાખવું કે, જેઓ આજે સમરાંગણમાં જશે તેઓ કીર્ત્તિ મેળવી મરશે, ને કાયરોને કાલે સવારના ઘરને ખૂણે શિવાજી રીબાવી રીબાવીને મારશે. જો આપણને જીત મળી તો—અને તમારે યાદ રાખવું કે આપણી બાજુએ હિંદુઓનો કાર્તિકસ્વામી ને મુસલમાનોનો મહમદ એ વીર યોદ્ધાઓ છે, તે જય અપાવશે જ—લૂટાયલો ખજાનો પણ પાછો હાથ આવશે. ખૂણે રીબાઇને મરવું છે કે કીર્ત્તિ મેળવી નામના કરી મરવું છે?"

"કીર્ત્તિ મેળવી નામના કરીને મરવું છે!" એક સ્વરે છસેં યોદ્ધાએ ગર્જના કીધી. અને આ ગર્જનાનો અવાજ મરાઠાની છાવણીમાં સંભળાયો, તેમ જ નવાબના મહેલમાંનો ખોજો પણ ઝબકી ઉઠયો.

મરાઠી સરદાર બહિરોજીએ ચેતી જઇને ડંકો કીધો અને નગારખાનાને ઘણા જોરથી ઠોકયું. નવાબના મહેલમાંથી ત્રણસેં સ્વાર એકદમ મેદાન ભણી દોડી આવ્યા. તેમને મોતીની કહેલી ભવિષ્યવાણી સત્ય લાગવાનો ભાસ થયો કે મરાઠાઓ આવ્યા ને મસરૂર અગાડી આવી ઉભો.

"નગારખાનાનો અવાજ મરાઠાનો છે!" મસરૂરે પોતાના માણસોને કહ્યું; "પણ સાવધતા પકડી આપણે આપણું તપાસવું છે, એકદમ ખસતા નહિ. બીજા સાથીને બોલાવવા નગારું ઠોકો." અને તુરત મુસલમાની ડંકો પીટાયો.

નવરોઝ આથી ઘણો ગભરાયો, પણ આગળ આવી બોલ્યો:

"આ નગારાનો અવાજ તો મોગલાઇ છે. બેગમ સાહેબ, તમે આ સૌને સાચવો છો? હું તપાસ કરી આવું?"

"બેલાશક, મારી શક્તિ પ્રમાણે તપાસ રાખીશ." મોતીએ ઉત્તર દીધો. નવરોઝે ઘોડાને, રેન પકડી દોડાવ્યો ને મહેલ લગણુ ગયો. મોતી ને સુરલાલ સર્વ રીતે ચાલાકી બતાવી સઘળા શહેરી લશ્કરને હરોલમાં મૂકી બે વખત આસપાસ ફરી વળ્યાં.

એક બે ક્ષણુમાં નવરોઝ પાછો ફર્યો ને જેમના જીવ ઉચે તાળવે લટકયા હતા, તેમને ધીરજ આપી.

"તે આપણા મદદગાર છે !" શ્વાસ મૂકયા વગર નવરોઝે કહ્યું. "ભય ન રાખો ! તે નવાબના સ્વાર આપણુને મદદ કરવા તૈયાર છે. ચાલો આપણામાં સારી ભરતી થઈ !"

જેમ જેમ લશ્કર ચાલે, તેમ તેમ મોતીનું હૈયું તો ધપધપ ધબકાર લેવા લાગ્યું. તેનો પગ ઘોડાના પાવડામાંથી ખસી ખસી જવા માંડ્યો. રેન પણુ ખેંચી શકાય નહિ ને આગળ વધવાની હિંમત પણુ રહી નહિ. મણી વળી તેનાથી વિશેષ ભયથી ધ્રૂજવા માંડી. તે તો બે વખત ઘોડાપરથી પડતાં પડતાં બચી ગઇ, ને એકવાર તો હાથમાંથી લગામ પણુ છૂટી ગઇ.

મરાઠાની સામા થવાને બસો આરબ સુનંદા સ્વાર નવાબના મહેલમાંથી ખોજા મસરૂરની સરદારી નીચે નીકળી આવ્યા; અને એક ક્ષણુમાં દરવાજાની બહાર આવીને લશ્કરે મરાઠાઓને ચેતવણી આપવા "હર ! હર !" ને "અલ્લા અકબર"ની બૂમ મારી.

દક્ષિણુ અને પૂર્વ બાજુએ મરાઠાનું લશ્કર પડયું હતું, રાત્રિના ટાઢ પડી હતી, તેમાં અડધા માણુસો અકડાઇ ગયા હતા. મરાઠા સરદારે ભય નજીક જાણીને ડંકો પીટયો; મરાઠા સિપાહો કાવરા બાવરા ઉઠયા. બે દિવસ લૂટ કીધી હતી તેમાં તે સઘળા થાકી ગયા હતા. તેમના મનમાં નિરાંત હતી કે નવાબ પાસે લશ્કર નથી, ને તેનામાં કંઇ દમ બચ્યો નથી, તો તે કયાંથી અગાડી પડી લઢવા આવવાનો હતો; તેથી જ્યારે મરાઠાનો ડંકો પીટાયો ત્યારે સૌ મરાઠા સિપાહોએ જાણ્યું કે, લૂટપર જવા માટે ઊઠવાની ચેતવણી હશે, પણુ ધાડનો તો તેમને ખ્યાલ જ આવ્યો નહિ.

સામાન્ય રીતે આ પ્રમાણે ઘણે ઠેકાણે ભૂલ થતી આવી છે. હિંદુ સિપાહો લડવામાં જેવા બહાદુર હોય છે, તેવી બીજી પ્રજા હજી સુધી થઇ નથી. ભય આવે તેને ધૂતકારી કાઢવામાં ને શત્રુ સામા ઉમંગથી જવામાં તેઓ મોટાઇ માને છે. યુદ્ધોમાં કદીપણ રજપૂત યોદ્ધો પીઠ બતાવતો નથી, મોતનો ખ્યાલ તેના મનમાં રહેતો નથી ને રણક્ષેત્રમાં મરવું એમાં જ ખરી મોટાઈ માને છે. રણમાં મરે તેને માટે ઇંદ્રની અપ્સરા વરમાળા પહેરાવવા તત્પર થઇ રહે છે એવો ધર્મનો બોધ છે. ગીતામાં કહ્યું છે કે स्वर्गद्वारमपावृतम् યુદ્ધ એ સ્વર્ગમાં જવા માટેનાં ઉઘાડાં દ્વાર છે.

ભરતખંડમાં જેટલાં યુદ્ધો થયાં છે તે સર્વમાં કોઈ કાળે કોઇએ પીઠ બતાવી હોય તેવો દાખલો નથી. કેસરિયાં કર્યાં જવાં ને કીર્તિ મેળવવી એમાં જ પોતાનો ધર્મ આર્ય વીરો માને છે, એમાં જ સર્વનું કલ્યાણ છે, એમાં જ પ્રિયા પ્રિયનું પ્રેમદર્શન અચલિત રહે છે—એ આર્ય યોદ્ધાનાં સમરાંગણનાં વચનો છે. રણક્ષેત્રમાંથી પાછા ફરનારનું મોઢું તેની પ્રિયા પણ જુએ નહિ, તો બીજાની શી વાત?

પણ સૌથી મોટી ખોડ એ છે કે, દરેક કામમાં આળસાઇ; તુચ્છ મોટાઇ ને વહેમીલાપણું ડગલે ડગલે હોય છે. શત્રુ ચઢીને શહેરના કોટ લગી આવ્યો હોય તો પણ આળસાઇ ને વહેમીલાપણામાંથી બહાર નીકળે નહિ. તે ઘડી શકુન જેવા બેસે! માથાપર તરવાર ફરે ત્યારે જોસીડાંને પૂછે. અસાવધતા, રણક્ષેત્રમાં ઘણીવાર જેવામાં આવે છે. "ભેદ"ની યુક્તિ રમવામાં તે પછાત પડે છે તેથી ઘણું કરીને સઘળી વેળાએ રજપૂત કે મરાઠા કે શિખ્ખ સોને માર ખાઇને પાછા હઠવું પડેલું કે મરવું પડેલું છે.

શિવાજીના યોદ્ધા ઘણા તીવ્ર શક્તિના હતા. પણ આજે નીરાંત રાખનારા થઇ પડ્યા હતા. તેમનાં હથિયારનું ઠેકાણું નહોતું, તેઓ લોથપોથ થઇને પડ્યા હતા. કોઇ કયાં ને કોઇ કયાં, એમ સઘળું અવ્યવસ્થિત હતું. તે આળ-

સુઓને ઉઠાડવાને માટે પાછો જોરમાં ડંકા ઠોકવામાં આવ્યો, ત્યારે થોડાક આંખ ચોળતા બહાર નીકળ્યા, ને કેટલાક ઉઠેલા પાછા લેટી ગયા.

બહિરોજી, મોરોપંત, તાનાજી માલુસરે, હરપ્રસાદ, વિશ્વાસરાવ વગેરે સરદારો ઘણા ગભરાયા. જેટલા ઘોડા તૈયાર હતા, તેમને હથિયાર સજવાનો તાકીદે હુકમ કીધો. લશ્કરનો કેટલોક ભાગ જુદી જુદી દિશામાં વહેંચાઇ ગયો હતો.

હવે વખત હતો નહિ. નાગરિકસૈન્ય સામું આવી પહોંચ્યું હતું. તેણે એકદમ જોરમાં કીકીયારી પાડી, મરાઠી લશ્કરમાં ખળભળાટ કરી મૂકયો.

આ પ્રમાણે આપણી વાર્તાના યુદ્ધ સંગ્રામના મથકનો દેખાવ છે. પણ એક ક્ષણમાં શું થનારું છે, તેને માટે કંઇ પણ કહી શકાતું નથી. આપણી નાયિકાના મનમાં નક્કી હતું કે, થોડીક ક્ષણમાં બંને સૈન્યોની સામસામી ભેટ થઇ જશે. આ કંઇ નિયમિત સંગ્રામ નહોતો. નહોતા મોરચા મારેલા, નહિ વ્યૂહ રચના, નહિ સરદાર, કે નહિ સારાં શસ્ત્ર; પણ કેળવાયલા લશ્કરને વિશેષ ભયનું કારણ હતું તે એ જ કે બીનકેળવાયલું લશ્કર ઉમંગી ને મરવાના રસપર હતું; કવાયદી લૂટારા લશ્કર સાથે એક બીનકેળવાયલા લશ્કરની ભેટ હતી. અકસ્માતથી આવેલો, શિવાજીના લશ્કરને ભય હતો; સામા સૈન્યનું જોર ઘણું જણાતું હતું; હુમલાને પાછો હઠાવવાનો હવે મજબૂત સમય હાથમાં નહોતો અને સામા લશ્કરની સંખ્યા માલમ નહોતી. વળી બુમો પડતી તેમાં "જય માતભવાની"ને "અલ્લા અકબર" બંને ધ્વનિ સાથે સંભળાતા, તેથી બે જાતનું લશ્કર છે, એમ મરાઠાઓને સમજાયું. પણ તે બહારનું છે કે નવાબનું છે, તેનો નિશ્ચય થયો નહિ. તેમ કમનસીબથી થોડીક લૂટ મોકલાવી દઇને થોડાક માણસો પણ શિવાજીએ રવાના કીધા હતા ને ઘણા માણસો શહેરમાં વિખરાયલા પડ્યા હતા. ટાઢ કહે કે મારું કામ, થાક પણ પુષ્કળ લાગેલો, આગલા દિવસની માંહોમાંહેની મારામારીમાં કેટલાક માણસ ઘવાયલા આમ તેમ પડેલા હતા, તેવામાં શિવાજીની "કેવલરી"

તૈયાર થઇ, તે નિયમ વગરની ચાલથી એકેક સાથે અથડાઇ પડી. કેટલાક પોતપોતાના ભાલા નીચે કચડાઇ મુઆ, અને એવામાં ભૂલમાં શહેરમાં પડેલા લશ્કરને કેંદ્રમાં ભેગું કરવા માટે શિવાજીએ બે હવાઇ આકાશમાં ફેંકાવી; તેથી ઘોડાઓ ચમક્યા ને તે પાસેની ખાઇમાં એકેકના ઉપર પડી ગયા. અંધારામાં કોઇ કોઇના અવાજને ઓળખે નહિ; એક બીજા બૂમો પાડ્યા કરે. ખાઇના કાદવમાં કેટલાક તો ઠરી ગયા. આવી અવસ્થામાં મરાઠાઓ મુડદાલ જેવા થયેલા, મોતના મોંમાં જવા તૈયાર થતા હોય તેમ થોડા ઘણા ગભરાટમાં ઉભા થયા હતા.

આવી અવસ્થા દૂરની મશાલોની વચ્ચે દૂર્બીનમાંથી જોઇ, મોતીને ઘણી હિંમત આવી. તે એકદમ નવરોઝને ચેતાવી આગળ કૂદી પડવા તત્પર થઇ। તેની પછાડી બસો આરબ સ્વાર તૈયાર હતા, પણ નવરોઝે અટકાવી તેમને સબૂરી પકડાવી. આકાશ કાંઇ ઘોર હતું, મરાઠા સ્વારોમાંના એક બાજુએ બેઠેલા કેટલાક તો હજી વાતોના તડાકા મારતા હતા, હુક્કા ગગડાવતા હતા ને એમ નચિંત જીવે પોતાનો ધંધો ચલાવ્યા જતા અને પતરાજી મારતા હતા. આવાઓ પણ હવે તો તૈયાર થવા લાગ્યા. એક જાસૂસ સઘળા લશ્કરમાં ફરી વળ્યો. અહીંથી ત્યાં ને ત્યાંથી બીજીગમ દોડ કીધી; સૌને ઉશ્કેર્યા, ભાલાની અણી ઘોંચી સૂતેલાને ઉઠાડ્યા, ઉઠેલાને ચાલતા કીધા, ચાલતા હતા તેમને અગાડી કાઢ્યા, તથાપિ મરાઠાઓ ઘણા અવ્યવસ્થ હતા. કોઇ કેમ ચાલે તો કોઇ કેમ ચાલતું હતું. સામાં ભયંકર વાદળાં તરપી રહેલાં જોયા છતાં પણ એક નિયમ નક્કી કીધા વગર જ્યાં ત્યાં ચાલ્યા. આ દેખાવ યુરોપિયન લશ્કરી સરદારની આંખમાં ઘણો ભય ભરેલો દેખાયા વગર રહે નહિ. યુરોપિયન સોલજરોએ જે મોટો જય મેળવ્યો છે, તેનાં કારણોમાં આ પણ મોટું એક કારણ છે કે તેમનું કવાયદી કે બીનકવાયદી લશ્કર, ગમે ત્યારે પણ નિયમિત ચાલ્યા વગર રહેતું નહિ.

પણ આ નીવેડો કેટલેક પ્રકારે હિંદી લશ્કર માટે ખોટો છે. જેને

અમે "કવાયદી સૈન્ય" કહીએ છિયે, તેવા સરદારોનું લશ્કર ઘણીક રીતે, જેમણે પોતાની જિંદગી આખો વખત યુદ્ધ કૌશલ્યમાં કહાડી હોય, તેવા પ્રકારના સરદારવાળું સૈન્ય—અનુભવ મેળવેલા સરદારના હાથ નીચેનું લશ્કર, સઘળી "વલણુ" (drill) સારી રીતે જાણે છે; અને શક્તિમંત ને સારા 'કમાંડરો,' અર્જુન કે દ્રોણની વ્યૂહરચના જાણી તે પ્રમાણે અથવા નેપોલિયન અને વોશિંગ્ટનની યુદ્ધકળા પ્રમાણે વર્તે છે. પણ માત્ર તેમાંનો અંશ શોધી, સમયને વર્તી યુદ્ધરીતિએ કેમ વર્તવું, તે ઘણીક વેળા જાણતા નથી, અને કેવા પ્રકારે અવ્યવસ્થા સમયે વર્તવું, તેનો નિયમ નક્કી ન કરવાથી, ઘણીવાર સંકડાસમાં આવી પડે છે. ખરી રીતે દરેક સિપાહે વાવટાના ધોરણપર પોતાને ચાલવાનું છે. તેની નજર તેના સામાજ રહેવી જોઇયે; તે તરફથી મટકું પણ ખસેડવાનું નથી. જ્યારે નગારાવાળા કે રણસિંગાવાળાએ બહુ સાવચેત રહીને "વધવું" (advance), "હઠવું", (retreat), "આશ્રય લેવો" (rally), "ભરાવું," કે "હરોળ બદલવી" (charge) એ કમાન્ડરના હુકમ મુજબ બજાવી, વાવટાવાળાને એક સરખો સાવધ રાખવો પડે છે, ત્યારે જ સરદારનું ચાતુર્ય જણાય છે. વળી "પરા"ની રચના સ્થાપવી અથવા પાંચ પાંચ કે છ છ માણસની હાર બાંધવી, જેથી ડાબી જમણી, પૂંઠ કે સામી બાજુએ ફરવાને સહેલ પડે અથવા ખરી રીતે શત્રુ સામા કેવા પ્રકારે વર્તવું તેમાં સર્વ રીતે તરત ઉપયોગી થઈ પડે તેવા નિયમ સ્થાપવા.

આ નિયમો ઘણીક રીતે જાણવા જેવા હોય છે. લશ્કરને કેમ તૈયાર કરવું, દૂતોને કેમ જાગ્રત કરવા, કેવા પ્રકારનો ડંકો કરવો અને ક્યાં અને કેમ ઝંપલાવવું એ જાણવાની ખાસ જરૂર દરેક સરદારને છે. હિંદી લશ્કર તે જાણતું હોય છે, પણ તેની વ્યવસ્થા બરાબર હોતી નથી. આરટિલરી એક બાજુએ ગમે તેવો મારો ચલાવે, કેવલરી ગમે ત્યાં તૂટી પડે, "કમાન્ડર" હુકમ આપવામાં સાવધતા ન વાપરતાં ગમે તેવો હુકમ આપે ને છાવણીમાંથી ગમે તેમ બહાર પડે, તેથી ઘણો

ઘોટાળો વળી જાય છે. ડંકા ગમે તેવો એક રાગી સ્વર કાઢ્યો જાય છે, ને તે ક્યાં જવાને બદલે ક્યાં લઇ જાય છે. લશ્કરી "કોલમ"ની રચના પણ ઓર પ્રકારની હોય છે; હમેશાં નિયમિત યુદ્ધ વખતે બહુ ગભરાટ થઇ પડે છે; તો આ થોડી કવાયદવાળાને, લૂટવા આવેલા લશ્કરમાં ગભરાટ જણાય તેમાં નવાઈ નથી. શિવાજી જાતે મોટો સૈન્યાધિપતિ હતો, પણ તેનું લશ્કર "રીતસર" (રેગ્યુલર ટ્રુપ) ન હતું. સિપાહો ગભરાયલા, રણુસ્થંભની યોજના નહિ, સરદારો પણ પાકા ને ઘડાયલા નહિ, "કોલમ" ગોઠવાયલા નહિ ત્યારે ગભરાટ, ભય, મુશ્કેલી કેમ ન જણાય? તો પણ શત્રુને બળવાન ધારી, ઉશ્કેરણીથી મરાઠાઓ અગાડી વધ્યા; ને 'રામદાસ સ્વામીચા જય' એમ બૂમ મારતા બહાર નીકળ્યા.

# પ્રકરણ ૧૨ મું

## દુમાલનું મેદાન

પ્રજારક્ષક સૈન્યની ઝડપ, હિંમત અને સાહસનો વિચાર કરતા મરાઠા સિપાહો મેદાન પડ્યા કે "હરહર મહાદેવ!" નો એક મોટો ધ્વનિ થયો અને તેનો પ્રત્યાઘાત પાછો તેટલા જ જોરમાં પડ્યો.

"પેલા! પેલા!" મરાઠાઓએ પોતાની આંગળી બતાવી, જે લશ્કરને આપણે પૂર્વમાં વર્ણવી ગયા તેને બતાવ્યું. "પેલા કાફરો, નવાબના કૂતરા અને તેના સરદાર આવે છે. આપણે હવે તેમનાપર એકદમ તૂટી પડિયે?"

"હા, શૂરા જવાનો!" સરદાર તાનાજી માલુસરેએ કંઈપણ વિચાર વગર હુકમ આપ્યો, પણ તેના મનમાં જે ઢચુપચુપણું હતું તે તેની આસપાસના યોદ્ધાઓ બરાબર જોઈ શક્યા, ને તેથી તેમની હિમ્મત પાછી હઠી ગઇ. તેમના મનમાં તુર્ત આવી ગયું કે સરદારના મનમાં જ આજની ઝ...ીનું પરિણામ શકમંદ છે, તો પછી જયની આશા ક્યાંથી હોય? મરાઠાઓ આ સમયે ઘણા શૌર્યાવેશમાં આવ્યા હતા, પણ તાનાજીનો સ્વર સાંભળતા સાથે તેઓ અટકી ઉભા રહ્યા.

મરાઠા લશ્કરની જગા અને પ્રજારક્ષક સૈન્યની જગા વચ્ચે આ વખતે લગભગ પા મૈલનો અંતર હતો. શિવાજી એક ઘણા વર્ષના પુરાણા વડના ઝાડ તળે ઉભો રહી ક્ષણભર વિચાર કરતો હતો. વખત રાત્રિના ચાર વાગ્યાનો હતો. બન્ને લશ્કર વચ્ચે માત્ર એક ખાઇ કે જે નદીનાં પાણી રેલને વખતે આવે તેને રહેવા માટે, હમણાં છે તે કરતાં ત્રણ ગણી મોટી હતી. તેમાં આ વખતે પુષ્કળ કીચડ ભરાયલો હતો. મરાઠાઓએ પોતાને શહેરમાં જવા આવવા માટે નાનો લાકડાનો પુલ બાંધીને દરવાજા આગળ મૂકયો હતો, કે જેનાપર હમણાં પ્રજારક્ષક સૈન્યની સત્તા હતી

નિયમિત લડાઇ લડવાની ટેવ મરાઠાઓને હતી નહિ, પણ આ સમયે તેઓ આવા યુદ્ધને માટે તૈયાર થયા; ને તેમ થાય તો જ આપણને જય મળે, ને વધેલી લૂટ લઇ જઇ શકિયે એવો વિચાર પોતાના મન સાથે શિવાજી કરતો હતો. પણ "રણસ્તંભ" રોપવાની આ જગ્યા નહોતી, ને તે માટે કશી તૈયારી પણ નહોતી. સંજોગથી આ સમયે શિવાજીને આ વિચાર થતો હતો ત્યારે નવરોઝ, મરાઠાના વિલંબનું કારણ શું છે તે શોધવાને મથતો હતો. તેના મનમાં વિશેષ ભય પ્રાપ્ત થયો કે જો નિયમિત યુદ્ધ ચાલે તો ખચિત ઘણી ખરાબી થાય. એક તો સૈન્ય નાનું ને બીજું એ કે તે બીનકવાયદી હતું. પણ નવાબના મહેલમાંથી આવેલી "કેવલરી" (હેદલ) સૌથી સરસ હતી, તેમાં હિરાતી ને તુરકેમાની ઘોડાઓ એવા તો સરસ હતા કે, તેવા સરસ તેના મુકાબલામાં ભાગ્યે જ મરાઠામાંથી ચોથો ભાગ પણ નીકળી શકે; ને તેથી નવરોઝ સરદારના જીવને લગાર વધારે ઠંડક હતી કે કદાચિત્ શિવાજી "રણસ્તંભ" રોપીને લડાઇ ચલાવવા માંડશે તો તેમાં નવાબ કરતાં વિશેષ હાનિ તેને જ થવાની. આ વિચાર ખરો હતો ને તે ધારવામાં નવરોઝની ગણત્રી આ વખતે બહુ અનુભવી ને આબાદ ઉતરે તેવી હતી.

ડુમાલનું મેદાન, જો કે ઘણું મોટું હતું, તથાપિ તેમાં ઉંચી નીચી જમીન, બાજુએ ટેકરા ટેકરી અને વળી ઝાડોથી ભરેલું હતું, ત્યાં નિયમિત યુદ્ધ થવા માટે કોઇ પણ મોટી જગ્યા હતી નહિ. લડાઇમાં જેઓ પહેલે સપાટે ફતેહ મેળવે, તે જ બાજુને સઘળી વેળા ફાવતું આવે, પછી બીજી બાજુ ગમે તેવી સબળ હોય તોપણ તેનું કશુંએ વળે નહિ. ખરી રીતે, આ જગ્યા માત્ર છુટી છવાઇ મારામારી માટે જ યોગ્ય હતી. જો લુટારાઓ એકવાર ચઢી આવી પછી પાછા નાસરકું લે તો ક્યાં ભરાઇ બેઠા છે તેની કેટલીકવાર કંઈ ખબર પણ પડે નહિ. આવી રચનાવાળી જગ્યા, કે જે અવર્ણનીય પંચરંગી હતી, ત્યાં કોઇ

પણ પ્રકારે ખરું યુદ્ધ થશે નહિ એવો વિચાર બંને પક્ષના સરદારોને આવ્યો—ને તે એક જ સમયે, તેથી એક સરદાર વધારે સબળ ને એક નિર્બળ થયો. બંનેએ ભવિષ્ય શું નીવડે છે, તેપર આધાર રાખ્યો. બન્ને સરદારોના મનમાં આ વખતનો રંગ નવો જ હતો ને બંને જણ એમ સારી રીતે જાણતા, સમજતા ને માનતા હતા કે, કોઇ પણ રીતે લડાઇ બંધ પડે તો વધારે સારું. નવરોઝના મનમાં વિચાર થતો કે શિવાજી કંઇ બે ત્રણ હજાર માણસ વગર આવ્યો ન હશે, વળી તેનું કવાયદી લશ્કર છે, તેના મોં આગળ આ મુઠ્ઠીભર માણસોનો હિસાબ નથી, તેથી જો એ ભાગી જાય તો શહેર હવે પછીની પીડામાંથી મુક્ત થાય. જે ગયું તે પાછું આવવાનું નથી, ને તેનો બદલો લેવાના મૂર્ખાઇ ભરેલા વિચારો નકામા છે. નાશ વહોરી સંહાર કરાવવો એ ખોટું છે. વળી ઔરંગજેબ જાલમ છે. તે આ તકનો કદાપિ વ્યર્થ લાભ લે તો ‘બકરું કાઢતાં ઉંટ પેસે,’ ને લાભ કરતાં હાનિ વધારે થાય. વળી નવાબી હુકમ મળ્યો નથી, ને લડાઇ વધારે વખત ચાલી તો તે માટેનાં સાહિત્ય લશ્કર પાસે નથી. હાર્યા તો શિવાજી પ્રજાને કચડી નાંખશે, માટે બને ત્યાં સુધી રક્ષકનીતિ પકડીને એને ભગાડવો.

શિવાજીના મનમાં પણ આવો જ વિચાર હતો. તે મનમાં બોલ્યો કે, “કદાપિ નવાબનું લશ્કર પૂરેપૂરું ચઢી આવ્યું હશે તો તે આ મરાઠા, જે માત્ર પંદરસોથી વધારે નથી તેનો નાશ કરશે; હાથ આવેલી લૂટ તેઓ લઇ લેશે, ને માણસો કપાઇ મરશે તે જૂદાં. આટલા માટે નાસવાનો લાગ મળે તો લડાઇ અટકાવીને ચાલ્યા જવું એ વધારે સારું છે. પણ નસાય કેમ? નવાબી સેના પૂંઠે પડે તો રહેલાં સઘળાં માણસોને ક્ષણમાં કાપી નાંખે; મેળવેલી કીર્તિ ને મેળવેલી લૂટ ઘડીના છઠ્ઠા ભાગમાં જતી રહે. મને માણસ કરતાં આ હાથ આવેલી કીમતી દોલત વધારે ખપની છે.” આમ મન સાથ બડબડ્યા પછી તે ક્ષણભર

હોઠપર આંગળી લગાડી બોલ્યો; "નવાબ સાથે સલાહ કરું? તે માટે દૂત–સંદેશ કહાવું! પણ તે તકનો લાભ લઇ કદી એકદમ તે તૂટી પડે તો પછી ઇલાજ શો? તેઓ દગાખોર છે, સત્ય ને ન્યાયને જોતા નથી, ને હાથ આવેલી તક ચૂકશે નહિ. મારી નબળાઇ જોઇ વધારે જોરમાં આવશે. મારી નબળાઇ જોઇ મરાઠાઓ પછી મારા હુકમને પત કરશે નહિ; તેઓ પોતાનો જુસ્સો અજમાવતા અટકી પડશે; ને અત્યાર સૂધીમાં મેળવેલી કીર્તિ ને નામના જતાં રહેશે. મરાઠાઓ ભરતખંડના ઇતિહાસમાં નામના કરવાના નહિ જ કે? ના, ના, મને મારા જોરનો તો અવિશ્વાસ છે, પણ રામદાસ સ્વામી પોતાના શિષ્યને મદદ કરશે જ. ચાહે તે થાઓ! મુસલ્લાઓને તેમનું જોર અજમાવવા દો! તેઓ શું નુકસાન કરી શકવાના છે? નુકસાન તો આમે ને તેમે છે જ. સુલેહ કરીશું તો અપમાન ભરી ગણાશે, નાસીશું તો અપજય મળશે, માણસો કપાઇ મરશે ને મેળવેલી લૂટ ગુમાવીશું! શા માટે બહાર નીકળતી મરાઠી પ્રજાના તરુણોને પોતાનું નસીબ અજમાવવા ન દેવું? એ કાફરોને તો બકવાની ટેવ છે તે બકબક કરશે જ. મારે લૂટ તો લેવી જ." એવા વિચારથી શિવાજી વડના ઝાડ આગળથી, વિચાર કરતો આગળ આવ્યો ને લશ્કરમાં સામેલ થયો.

ભગવો ઝુંડો લઇને અગાડી લડવાને મેદાન પડવા માટે મરાઠા સિપાહો હવે તત્પર થયા. શિવાજી બહાર આવ્યો. પોતાનાં માણસોને ઉત્તેજન આપવા મહાદેવ ને ભવાની માતાને પ્રસન્ન કરવા એક બકરાનું બળિદાન આપ્યું, ને તેનાપર ઘાસની પુળીઓ મૂકી એક મોટો ભડકો કીધો. એ જોઇને પ્રજારક્ષક સૈન્યના સરદારો જરાક ગભરાયા, પણ તુરત નવરોઝે એક યુક્તિ શોધી કાઢી. લશ્કરને વ્યૂહમાં ગોઠવ્યું. એ ગોઠવણથી દરવાજાનાં મોં લગણ ને ઠેઠ અંદર સૂધી નજર કરે તો પણ લશ્કર જણાય ને મરાઠાઓ પોતાની ગણત્રીમાં નિષ્ફળતા પામે. હવે પ્રાતઃકાળ થયો હતો. નવરોઝ, સુરલાલ, મોતીબેગમ, ખોજો મશરૂર

ને હમણાં પાંચમો સરદાર એક તદ્દન તરુણ પણ અજાણ્યા સિપાહ તરીકે દાખલ થયો હતો ને જેનો વેશ તદન વિચિત્ર હતો તેને સેનાપતિ નીમ્યો. નવરોઝે એક ફેરો બધી બાજુએ મારી લીધો. તે ઠેઠ પછાડી ગયો, ને ક્યાં સુધી મરાઠાની નજર પહોંચતી નથી તે તપાસી લીધું.

પણ એટલામાં એક અકસ્માત થયો. નવરોઝની રચનાનો ભેદ એક મરાઠા સિપાહે જાણ્યો. એક મરાઠો પોતા સાથે શિવાજીની ગુલામડી રમાને લઇને આવી પહોંચ્યો ને તે લશ્કરના પાછલા ભાગપરથી નીકળવાની ગોઠવણુ કરતો હતો.

નવરોઝની તેનાપર નજર પડતાં તેણે એકદમ તરવાર ખેંચી પેલા મરાઠાને કાપી નાંખ્યો, ને તે જોતાં જ આકસ્મિક બનાવથી ભયભીત થઇને રમા મૂર્છા ખાઇને પડી ગઇ.

"યે કૌન હય? દેખો, જાસૂસ તો નહીં?" નવરોઝે ઘોડાપરથી હુકમ કીધો.

"એ મરાઠેણુ છે ને ભયથી વિભ્રાંત થઇ ગઈ છે. કાલે તે શહેરમાં ફરતી હતી, ને લાલા જેવી જણાતી હતી;" એક કણબી સિપાહે જણાવ્યું.

"પનાહ અય સરદાર પનાહ! મયઁ ગરીબ હું. મયઁને કિસીકા કુછભી બિગાડા નહીં હય. ઔરત જાતકો મારના તુમ્હકું લાજિમ નહીં." ભયથી મૂક્ત થતાં થરથર ધ્રુજતાં, બેસતા અવાજે રમા હિંદુસ્થાનીમાં બોલી.

"તુમ જાસુસ ન હોગી તો હમ તુમકો બચાયેંગે;" નવરોઝે કહ્યું. "સચ બોલના, ઝૂટ બાત મત કરના. તું કહાંસે આઇ, કિધર જાતીથી, ઔર કામ કૌનસા થા?"

"મહારાજ! મયઁ ગરીબ ઔરત અહમદનગરકી રેહેનેવાલી હું. શિવાજી મુઝે પકડકર ઇધર લે આયા હૈ, ઔર મયઁ કલ શહેરમેં દેખનેકો ગઇથી. વહાંસે યે બદબખ્ત મુઝે પકડકર શિવાજીકે પાસ લે

જાતાથા. મયઁને ન લે જાનેકો બહોત સમઝાયા, લેકિન મેરા કુછભી સુના નહીં, ઔર યે નતીજા પાયા. યહી મેરી જિંદગાનીકી હકીકત હય'' રમાએ કહ્યું.

"તેરી મરજી શિવાજીકે પાસ જાનેકી હય ?"

"મહારાજ! આપકી કુછ કરમ બખશીશ હોવે તો વહાં સલામત પહોંચા દેના, જાકર બહોત તારીફસે શિવાજીકો કહુંગી કે જૈસા મરાઠા બેરહેમ હય, વેસા બેરહમ મુસલમાન નહીં. મરાઠેને મુઝે ગુલામ બનાઇ, લેકિન મુસલમાનને આજાદી દેદી."

"હમારે નવ્વાબ આલીશાનકી શાનકે ખાતિર એક ઔરત જાતપર એહસાન કરના કોઇ બડી બાત નહીં." મોતી કે જે આ ગડબડ થતી સાંભળીને પાસે આવી લાગી હતી તે બોલી. "અય હસીન ઔરત, જાકર ઉસ શયતાન ખસ્લત શિવાજીકો કહ દેના કે, તૂને જિસ હવયાનીયતસે હમારી ગરીબ રેયાયાપર જુલ્મો સિતમકા બારિશ બર્સાયા હય, વયસા કમીનાપન હમારે હાથોંસે હોનેવાલા નહીં. ઇસે પહોંચાને કૌન પહલવાન જાયગા ?"

"બન્દા તૈયાર હય. અગર નવરોઝકા ફર્માન હો તો ઔર દો સિપાહોંકે સાથ મયે શિવાજીકે પાસ જાઉં ઔર ઇસ નાજનીનકો બે ખૌફ મરહટ્ટોંકી છાવનીમેં પહોંચાઉં." પેલા પાંચમા નવા સરદારે એકદમ આગળ વધી આવીને કહ્યું. મેરી જિન્દગીકી આપ કોઇભી ફિકર ન કરેઃ બન્દેકા હાફિજ પરવરદિગાર હય—મેરી તલવાર આબદાર ઔર હાથ જોરદાર હય!"

ચાર માણસની ઘોડેસ્વાર ટૂકડી મરાઠાની છાવણી તરફ આવવાને નીકળી. સઘળા પ્રજારક્ષક સૈન્યના યોદ્ધાઓ આ તમાશો જોઇ રહ્યા ને શું બનાવ બન્યો છે, તે જાણવા માટે ગણુગણાટ કરવા લાગ્યા.

જે ક્ષણે શિવાજી મહાદેવ ને ભવાનીને ભાવથી ભોગ આપી, ભાવીનો ખ્યાલ કરતો બહાર આવ્યો, તે જ ક્ષણે આ ટૂકડી આવી.

પહોંચી. મરાઠો સિપાહ બંદુક લઇને ઉભો હતો, તેની નજીકમાં જતાં તે બૂમ મારી ઉઠયોઃ "કોણ આવ્યું છે?"

"માશાઅલ્લા આદમકે બચ્ચે;" પેલા સરદારે કહ્યું. એટલામાં જાણે ઘેરી લેતા હોય તેવા વેશમાં સૌ મરાઠા ભેગા થઈ ગયા. તે આ નવા મુસલમાન જવાન સરદાર તથા એક ઘોડેસ્વાર સ્ત્રી, જેનું મુખ બુકોંથી ઢંકાયલું હોવાથી તેઓ જોઇ શકયા નહિ તેનું સામૈયું જોઇને એમ જ માન્યું કે કંઈ સલાહ માટે આવતા હશે, તેથી આસપાસ ફરી વળ્યા.

"વાહ! કેવો સરસ ઘોડેસ્વાર છે?" કંથાજી ભોસલેએ કહ્યું; "એનો ભપકો તો ભારી છે."

રમા આ વખત કાંઈ બોલવા જતી હતી, પણ તે શું થાય છે તે જોવાને ઇંતેજાર હતી તેથી અબોલી રહી ને તેથી નવા મુસલમાન સરદારને ઘણું જાણવાનું બન્યું.

"તમે કંઇ સંદેશો લાવ્યા છો? તમે જાસુસનું કામ કરનાર છો કે કોઇ સરદાર છો? તમારો નવાબ આજે અમારી સાથે લડાઇ ચલાવવા માગે છે કે સલાહ કરવા? જો આવા કોઈ સંદેશા માટે આવ્યા હો તો તેમને શિવાજી ઘણી સારી રીતે માન આપશે." અગાડી આવેલા હરપ્રસાદ નાગર સરદારે મુસલમાન સરદારને પોતાની નજીકમાં આવેલો જોઇ પૂછયું.

"હમ કુછ હમારે નવ્વાબકે હુકમસે તુમ્હારે લુટેરે સરદારકો મિલ્નેકે લિયે નહીં આયે હયઁ. આપકી કોઇ કીમતી ચીજ કલસે હમારે શહરમેં ગુમ હો ગઇથી ઔર વો ચીજ તુમ્હારે મરહટ્ટે કુત્તોંકે બહોત ખોજનેપરભી હાથ ન આઇ. વો અમાનત તુમ્હારે સરદારકો દેનેકે લિયે હમારી તશરીફ્યાવરી હુઇ હય. હમે તુમ્હારે સરદારકે પાસ લે જાઓ; ક્યોં કે, વો ચીજ ઉન્હેંહી રૂબરૂ દેનેકા હમારે આલી નવ્વાબકા ખાસ ફરમાન હય."

"ક્યા હમકો કુત્તે કહતા હય! શયતાન, સુવર, કાફિર!" એકદર ગભરાવી નાંખે તેવો આસપાસ ઉભેલા મરાઠાઓએ દાંત કચકચાવી પોકાર કીધો–"એકદમ આ સોમનાથનો નાશ કરનાર શેતાન સુવરને કા નાંખો–" તરત એકદમ પાંચપચાસ તરવાર મ્યાનમાંથી બહાર ઝગઝગી રહી

"ઓ રહજન, ડાકૂ, હલાકૂ! તૂ અપને દિલમેં ક્યા જાનતા હય બહાદુર મુસલ્માનકોભી પહચાનતા હય? અગર હિમ્મત હય, તો એ એક કરકે મયદાનમેં આજાઓ. વલ્લાહ. તલવારકા વો વાર કરું કે એકહી વારસે ફિનાર કરું!" એમ બોલતા સાથે મરાઠાઓ સામા ત્ર તરવાર તુરત જોસમાં મ્યાનમાંથી નિકળી ને તે જોઇ સઘળાઓ સ્તંભ રહ્યા. આ સ્થળે મોટું યુદ્ધ થતાં પહેલાં નાની ઝપાઝપી થાત, પ હરપ્રસાદે વારીને સૌને અટકાવ્યા.

"ક્યા હય?" હરપ્રસાદે પૂછ્યું.

"કુચ નહીં" તે સરદારે જવાબ દીધો. "હમકો તુમ્હારે સરદાર પાસ લે જાઓ. હમ ઔર કોઈ બાત સુનના નહીં ચાહતે." આ નં મુસલમાન સરદાર હંમેશાં જેટલો બહાદુર ને શૂરાતન ને પુરુષાતનવાળે હતો, તેના કરતાં વિશેષ આજે બન્યો હતો ને તે ધારે તે કરતાં પ આજે તેનામાં જુસ્સો વધારે આવ્યો હતો. મરાઠાઓની રીતભા ધર્માંધપણું ને બહાદુરી આદિના રહસ્યને તેણે માત્ર રસ્તાની પાંચ મિનિ ટની રમાની વાતપરથી જાણ્યું હતું, ને તેનો જ લાભ લીધો હતો. તે શત્રુવટ બતાવી નહિ, પણ બહાદુરી બતાવી; તે લડવા તૈયાર હતે તેના કરતાં મરવાને વધારે હતો. પોતાના બે સાથીઓને સાનમાં જણાવ કે, મારવા કરતાં મરવાને તત્પર રહેજો ને લડવાના વખતની તૈયારી કરત તે કરી બતાવવાને વધારે તૈયાર રહેજો. તેઓ આ બરાબર સમજ્યા હત

જે અપમાનવાચક શબ્દો મુસલમાન સરદારે કહ્યા હતા, તે મર ઠાઓના કાળજામાં કોતરાઇ ગયા હતા, ને તેથી તેઓ તેનું વેર લેવા તત્પર હતા. પણ હરપ્રસાદે વાર્યા તેથી લગાર થોભ્યા, છતાં મન મરા

નહિ. બે ઘોડેસ્વાર કે જેમનામાં મરાઠી લોહી, પૂરતા જોસમાં દોડતું હતું તેઓ પોતાના ઘોડા દોડાવી, છલંગ મારતા અગાડી આ ચાર સામા પક્ષના યોદ્ધાની સમક્ષ આવીને ગર્જના કરતા બોલ્યાઃ—

"કોણ પહેલવાન અગાડી છે કે આ સુવરને મારવામાં સામેલ થાય? જય મહાદેવજીકી! હર! હર! મહાદેવ! માતા ભવાનીનો જય!" એમ બોલી તેમણે તરવાર ઉંચકી.

આવા ભયની આશા નવા સરદારે રાખી હતી, પણ આટલી જલદી નહિ. પરંતુ સમય જોઇ, જેમ સિંહ ધુરકે તેમ તે ધુરક્યો, ને પોતાનો સંદેશો લાવેલો પોતાને ઠેકાણે રહી ગયો. મનમાં જે ધારેલું હતું તે પણ અમલમાં આવે તેમ જણાયું નહિ. તે પોતાની લગામ ખેંચી પકડી ઘોડાને, જે એક ઘણો સરસમાં સરસ આરબી ઘોડો હતો, ને જે પોતાના સ્વારની સઘળી ઇચ્છા પ્રમાણે વર્તી શકે તેવો હતો, તેને પાછો હટવાનો હુકમ કીધો ને પોતાના બે સાથીની સાથે જોડાયો. પછી તેણે પ્રત્યુત્તર દીધો—

"સુઅ્વરકે બચ્ચે, ખુદા ઔર મહમ્મદકે નામકે ખાતિર અભીકા અભી તુઝે આબાદ શયતાનકે દરવાજે તક પહુંચાઉંગા, ચલા તેરી સમશીર!"

બે મરાઠા કંઇ પણ ડગ્યા વગર સ્થિર રહ્યા ને જવાનનાં તોર, જોર ને સીનો જોઈ સૌ ખડખડ હસી પડ્યા. "આટલી ત્વરાની શી જરૂર!" મુસલમાન સરદાર સામા તાકીને જોઇને તે દક્ષિણીઓ, જેમાં તાનાજી માલુસરે પણ એક હતો તેણે કહ્યું, ને પોતાનો ઘોડો આગળ વધતો હતો તેને અટકાવીને ફરી બોલ્યો; "બેશક, જનાબ, આપ બડે અમીર સીનેદાર સરદાર હોંગે. લેકિન ઇસ વક્ત તુમ એક સિપાહી હો, ઔર મયઁ એક સરદાર હું, ઇસ લિયે એક સરદારકા સિપાહી બચ્ચેકે સાથ લડના લાજિમ નહીં હય. કોઇ મુગલ સરદાર મેરે સામને આજાતા, તો મયઁ અપની શમશીરકા ઉસે બરાબર મજા ચખાતા—જીતેહીજી બાગે રિજવાં દિખાતા."

"જે હું છું તે છું જ, તેમાં લેશ માત્ર પણ ફેરફાર થવાનો નથી. મને તું તારી બરોબરીનો નથી ગણતો પણ યાદ રાખ કે મારી સાથે તું લડવાને લાયક જ નથી. મારી સત્તા ગ્યાસુદ્દીન રૂમી કરતાં વધારે છે." આ પ્રમાણે વાણી ફેરવી તે સરદાર બોલ્યો અને મરાઠાને વધારે વિસ્મય કરી નાંખ્યા.

"ત્યારે તારે શું જોઇએ છે ને શા માટે આ અમારી છાવણીમાં આવી પહોંચ્યો છે?" તાનાજીએ મરેડીમાં જ તે મુસલમીન સરદારને પૂછ્યું.

"તે લૂટ કરનારા શિવાજીને આ નગરની ભેટ આપવા માટે!"

રમા ગુસ્સામાં હસી પડી; પણ તે ભેદ તાનાજી અંધારાને લીધે સમજી શકયો નહિ.

"હું ઘણી ખુશી સાથે તમને મહારાજની મુલાકાત કરાવીશ ને તમારા અપમાનના શબ્દો વિસરી જઇશ."—આટલું બોલતાં તાનાજી મનમાં સમજ્યો કે, આ કોઇ જેવો તેવો સરદાર નથી.

બંને જુવાનો શિવાજી, જે તંબુમાં બેઠો હતો ત્યાં જવા લાગ્યા. રસ્તામાં મુસલમાન સરદારની પદવી જાણવાની જિજ્ઞાસા થઇ, તેનો જવાબ મુસલમાન સરદારે એટલો જ દીધો કે "વખત આવશે ત્યારે મારી પદવી જણાશે. હમણાં કહેવાની જરૂર નથી."

તંબૂમાં પ્રથમ તાનાજી દાખલ થયો.

# પ્રકરણ ૧૩ મું

## મહારાજ શિવાજીની મોટી કચેરી

શિવાજીની કચેરીમાં જવાનો સમય આવતામાં પ્રાતઃકાળ થયો. પૂર્વમાં ઝળઝળાટ મારતો દિનકર પોતાના પહેરાપર હાજર થયો ને સર્વને જાગ્રત કીધા. મરાઠાઓ થોડા ઘણા જોરમાં આવ્યા કે, હવે વખત ઘણો સારો છે. પ્રજારક્ષક સૈન્યના સરદાર ને લશ્કર જરા કચવાયા કે સારો વખત વહી ગયો ને 'અણી ચૂકયો સો વર્ષ જીવે' તેમ હવે મરાઠાની માઠી ગ્રહદશાનો વખત ગયો. તથાપિ નવરોઝ ને મોતીબેગમ, બંને ઘણા જુસ્સામાં હતાં ને તેઓ નરમ પડેલા સૈન્યના માણસોને ઉશ્કેરવાને પૂરતા ઉમંગથી કામ કરતાં હતાં.

મરાઠા સરદારો અવ્યવસ્થિત હતા તે વ્યવસ્થિત થયા. તેઓએ પોતાના લશ્કરને પાકી હરોલમાં મૂકયું. હરપ્રસાદને પોતાના વેરની ખુમારીની ધુન હતી ને તાનાજી માલુસરેને મોટી પદવી મેળવવાની આતુરતા હતી; તેથી બંને એક વિચારના થયા નહિ. પણ મરાઠા ગીધ પેઠે તમતમી રહ્યા હતા કે કયારે શબ પડે કે તેને ખાઇ જઇએ. તેઓનો ઉમંગ, તેઓની વંશપરંપરાની વૃત્તિ, તેઓનાં કામકાજ સર્વ રીતે આશ્ચર્ય પમાડે તેવાં હતાં ને તેમાં તેઓ ચૂકતા તો ઘણી મોટી ભૂલ કરતા હતા. તેઓનો આ વખત ભૂલોથી ભરેલો હતો. જે મુસલમાન સરદાર તેઓની છાવણીમાં આવ્યો, તેને ત્રાસ વર્તાવવા એકદમ પહેલે સપાટે કાપી નાંખ્યો હોત તો ખરેખર અડધી ફતેહ ઘણી જલદીથી મેળવત. પણ ગણિકાના સ્વરથી મોહિત થઇ તે દાવ ચૂકયા ને પાયમાલીમાં જતું સુરત બચ્યું.

આપણા પહેલવાન સાથે પાંચ જણ તંબુમાં પેઠા કે, પહેલવાને આસપાસ પોતાની સલામતી ને શત્રુની રીતભાત તપાસી લીધી. મરાઠા લૂટારાનો તંબુ હીરા, માણેક, સોનું રૂપું વગેરેથી ઝગઝગી રહ્યો

હતો. વચોવચ જે સ્તંભ હતો, તેનાપર ભગવો ઝુંડો જે મરાઠાનું રાજ્યચિહ્‌ન છે, તે ફરફર હવામાં ઉડતો હતો. વચલા સ્તંભની બે બાજુએ બીજા ઓરડામાં જવાના માર્ગ હતા. આવવાનો રસ્તો પશ્ચિમથી હતો. દક્ષિણ મુખથી શિવાજીની કચેરી ભરાઇ હતી. પાંચ દશ નાના સરદારો બેઠેલા હતા ને બે પહેલવાન મહારાજના રક્ષણ માટે ભાલા ખુલ્લા મૂકીને પહેરો ભરતા હતા. ગામોજી નાયક, શિવાજીની માનો કાકો, જાદોરાવ, ચંદરરાવ મોરેનો ખુની રાઘો બલ્લાળ કેટલાક માવલા આસપાસ બેઠા હતા. તેઓ ત્રણ મુસલમાન સર એક સ્ત્રી ને એક મરાઠાને સાથે આવતા જોઇ ચકિત થયા. આ સરદારો હવે મુસલમાન સાથે શું કરવું, તેનો વિચાર કરતા હતા.

મુકામ માટેનો તંબુ, જે આવી લૂટફાટને વખતે પણ ઘણો અ શણગારેલો હતો, તે જોઇને મુસલમાન પહેલવાનને આશ્ચર્ય લાગ્યું બાજુએ થોડીક લૂટનો ઢગલો હતો તે જોઇને તેના મગજમાં વે ધુવો ભરાયો. સુનેરી કસબનો ગાલીચો બીછાવ્યો હતો, ને સુન્નેરી કસબના ઉંચા કસબી કામથી ભરેલાં ફુમતાં ઝુલતાં મરાઠાની અહમદનગરની કેટલીક લૂટમાંથી જે સારો માલ હતો, વાપરવા માટે આ સરદારે પોતાની સાથે રાખ્યો હતો. બિછવાની તથા સરદારને માટે ઉત્તમ પાણીદાર તરવારનો એક ઢગલો બાજુ પડેલો હતો, એક બાજુએ નગારખાનું હતું ને ત્યાં બે પહેરેગીરો ચો કરતા ખડાજ હતા. તેઓની પાસે રૂપાના હાથાવાળાં ખંજર ઘોડેસ્વાર માટેનાં હથિયાર પહેર્યાં હતાં. ગામોજી નાયક, પોતાના ડાચા દોઢ શેર પાન સોપારીનો ડુચો ભરીને હલાવ હલાવ કરતો ને મોંમાં "પચપચ" પીચકારી મારતો. તે વખતનો તેનો દેખાવ જોઇને બી ઉભેલા ને ફરતા પેહેરેગીરો હસી, બાજુએ મોં ફેરવી નાંખતા હ એ ડોસો ગમે તેવો વૃદ્ધ છતાં પણ કાળાં કર્મ કેમ કરવાં, તે બતા વારંવાર શિવાજીને યુક્તિપ્રયુક્તિથી પ્રસન્ન કરતો ને તેથી શિવાજી

"દાદાજી દાદાજી" શિવાય બોલાવતો નહિ. અને ત્યારે ૯ ફુલાઇને, બીજા હસનારાને કહેતો કે "બેટયાનો ! આહ્મા ત્યાચા શતાંશ દેખીલ તુમચ્યાને હોણાર નાહીં!" એ બોલતાં એનો દેખાવ કંઇ વિચિત્ર જ દેખાતો હતો કે જેની નકલ માત્ર ઉત્તમ શક્તિનો વિદૂષક જ કરી શકે. પ્રાચીન રિવાજ પ્રમાણે એ ડોસો, બારીક બખિયાથી સીવેલો ઉંચી મલમલનો જામો પહેરતો; માથે સફેદ પાઘડી, જે વારંવાર માથાપર બરાબર બેઠી છે કે નાહ તે તપાસતો ! તેના હાથપર બંને બાજુએ બાજુબંધ તો ખરાજ—જે ભાગ્યે જ દુઃખી અવસ્થામાં આવેલો વૃદ્ધ પુરુષ પહેરવાને ઇચ્છા કરે. એ ડોસાના મનમાં એવું અભિમાન હતું કે, તેના જેવો ઘોડેસ્વાર, પેદલ લશ્કરની સરદારી કરવામાં બીજો કોઇ નથી, ને ખરેખર તેના જેવો "નાઝાબાજી" "બિછવા" નો પ્રયોગ ને "સમશેર"ની લડત કરવામાં તે કાળમાં મરાઠા કે મોગલમાં કોઇ જ નહોતો.

શિવાજીની બીજી બાજુએ રાઘો બલ્લાળ બિરાજતો હતો. જુવાનીના જુસ્સાની માફક કર્મ કરવે, અવિચારી એવો એ સરદાર હતો. કાવત્રાંબાજ, વિષયી અને ગોત્રદ્રોહીપણાથી એ સરદારના મોંપર દેખીતી જ કાળપ આવી ગઈ હતી. તેથી જો કે પોતામાં શક્તિ છે, પોતે એક મોટો સરદાર છે, પોતાપર શિવાજીનો ચાહ છે તથાપિ તેના પાપી અંતઃકરણને કશાથી કળ વળતી નહોતી. વિષયી એવો એ જ્યાં જાય ત્યાં; પછી તે ગમે એટલી વિકટ હોય કે શાંતિની સવારી હોય તો પણ પોતા સાથે એ ગણિકા તો ખરી જ. સવારના નહાતી વેળા તેલમર્દન આ નાયિકાઓ કરે ત્યારે જ પોતાને જંપ વળે. એવા નિર્લજ્જ માટે વિશેષ શી ઓળખ આપવી ? મૂછપરનો મૂછપરજ હાથ રહે ને શિવાજીનો વહાલો થવા માટે મિથ્યા પ્રશંસા કર્યા કરતો હતો. છતાં એ ભલો ને દયાળુ એટલો હતો કે, કોઇએ આર્જવતા કીધી તો પાસે હોય તે સઘળું આપી દેવામાં લગાર પણ

હતો. વચોળરતો. ધાકાની મલમલ કરતાં સૂરતી કીનખાબનો ડગલો રાજ્યચિહ્ન એને ઘણો શોખ હતો. એનો ડગલો બબ્બે હજારનો થતો હતો. પણ જો દરજીએ કંઇ ડગલામાં ખામી રાખી તો તેનો જીવ લેવો બાકી રાખતો. ડગલાના સઘળા પૈસા તેની પાસેથી ભરી લઇ તે ડગલો કોઇ અંધપંગુને દાનમાં આપી દેતો. ગુલખાર રંગનો ચંદેરી ફેંટો ને ડોકમાં ઉત્તમ પ્રતિનાં મોતીની માળા પહેરીને એ આજે બેઠેલો હતો ત્યારે એના મનમાં એટલી ફિકર પણ નહોતી કે, આ બારીક વખતમાં સરદારી કેમ થશે.

દક્ષિણમાં ઉગતો પ્રતાપી સૂર્ય આ વખતે એક સુંદર ખુરસીપર બેઠેલો હતો. તે ઘણા વિચારમાં ગુંથાયો હતો. જેનો અતિ મોટો લોભ, જેની અતિ મોટી તૃષ્ણા ભ્રષ્ટ થવાની અણીપર આવી હતી તે ગુંચવાય એમાં આશ્ચર્ય શું છે ? શિવાજી લોભી, વહેમી, ઘાતકી, દગાખોર હતો, ને તેના વિચાર તેમાં જ ઘૂમ્યા કરતા હતા. તે સાડત્રીશ વર્ષનો જુવાન, બાંધી દાઢીનો, ઉંચો, ભભકતા કપાળ ને નાકવાળો, ઉપસેલી છાતીથી સીનાભેર, આજાનુબાહુવાળો હતો; કપાળ તસતસતું ને તેજ મારતું હતું; રંગે શામળો, પણ મજબૂત હતો; દૃઢ ઠરાવવાળો ને જુસ્સાદાર હતો, છતાં આ વેળા, તે ગુંચવાય તેવી સ્થિતિમાં હતો. થોડાક સારા સરદારો ચાલ્યા ગયા હતા ને પોતે ઉપડવાની તૈયારીમાં હતો. તેવામાં આ અચાનક મામલો બગડી ગયો. પોતાની ભરાયલી કચેરીમાં પ્રથમ વાતચિત થઇ હતી કે, કેવી યુક્તિ રમવી ? દાદાજીએ પાછા જવાનો વિચાર બતાવ્યો, તે ન રુચવાથી આ વખતે મહારાજ નવો ઘાટ ઘડવા મંડેલા હતા. શરીરપર ઉંચી કાશ્મીરી સાલનો ડગલો પહેરેલો હતો, ને ટાઢને લીધે તેપર બુટ્ટાદાર શાલ ઓઢી હતી. માથે મંદિલ બાંધ્યું હતું ને તેની જમણી બાજુએ મોતીની સાત સેર કાનને અડીને લટકતી હતી; પાઘ બાંકો હતો; પાયજામો પણ કસબી કોરનો ભરેલો હતો; જમણા હાથપર જીનીવાના

પાણીની લાંબી તરવાર મ્યાનમાં પડેલી હતી, જે ભાગ્યે જ વાપરવામાં આવતી હોય તેવી જણાતી હતી; કેમકે મ્યાનના દોરાના બંધ મજબૂત બેઠેલા જણાતા હતા. શિવાજી આ વખતે તો વિચારમાં એવો તલ્લીન થઇ ગયો હતો કે, તેને આસપાસ શું થાય છે ને કોણ કોણ છે તે જરા પણ સૂઝતું કે જણાતું નહોતું. માત્ર એક બાજુએ પડેલો એક ઘણો ઉંચો તેમ પૂરતા જવાહીરથી મઢેલો હીરાનો ડગલો લુટમાં આવ્યો હતો તેનાપર એની નજર ફર્યા કરતી હતી. કોઈ કવિ એવી પણ તેથી કલ્પના કરી શકે કે, તેના મનમાં એવો વિચાર આવતો હોય કે આનું શું થશે! ને હશે પણ તેમ જ. મોટી લૂટની આશા ભંગ થવાનો આ વખત નજીક હતો. આ વખતે તે નિઃશ્વાસ મૂકતો, તેથી તેની મોટી ભરાઉ મૂછો શ્વાસના જોરે ઉડતી હતી. એ ઉપરથી એની વૃત્તિ કળી શકાશે.

પ્રથમના દરવાજામાં પેસતાં જ એક નેઝાદારે આપણા પહેલવાનને અટકાવ્યો, કેમ કે માલુસરે અગાડી ગયો હતો.

"થોભ! કોણ છે? કોની પાસે જાય છે?" નેઝાદારે પૂછ્યું.

"કોણ રે! એ કોણ આવ્યું છે?" જમાદાર જનકોજી, જેની દુંદ ઘણી વધેલી હતી તે ધીમે ધીમે પેટ પંપાળતો અગાડી આવ્યો ને પૂછ્યું. "વિઠોજી, એ કોણ છે?"

"જમાદાર સાહેબ! એ કોઇ સરદાર છે; તે આ બાઈ સાથે મહારાજને મળવાને શહેરમાંથી આવેલો છે." વિઠોજી સીપાઇએ બડા મોટા દબદબાથી જમાદારને સલામ કરીને જવાબ દીધો.

"હં! એ મ્લેચ્છ સરકારની હજુર જવા માંગે છે! કેમરે તારામાં અક્કલ છે કે નહિ?" જમાદારે પોતાનો ઘાડો ખોખરો અવાજ કાઢી સિપાઇને દમ ભરાવ્યો. "એ કાફર ત્યાં જઇને કંઇ નવું જૂનું કરે તો શું થાય તે જાણતો નથી? એ તુરકડો ત્યાં જઇને શું કરશે!"

એ સાંભળતાં જ નવા પહેલવાનનું લોહી ઉકળી આવ્યું. દર-

વાજામાં પેસતાં જ આ તકરારથી તેણે તલવાર ખેંચવાનો વિચાર કીધો, પણ પોતે જે કામસર આવ્યો હતો તે કરવાનો પૂરતો વિચાર હોવાથી ગુસ્સાને દબાવી આ બીજા વિઘ્નને પાછું વાળવાના ઠરાવથી અબોલ રહ્યો. પણ આપણા ઘકડે તીકડે મીરચી ખાંઉની લુલી હાથમાં ઝાલી ન રહી. તેણે આ પહેલવાનને કોઈ હલકો તુરકડો સમજી પાછી લુલી ચલાવી.

"અયે કાફર ! કોણ લોંડી સાથે લાવ્યો છે? સરકારને પોતાની બઇરી ભેટ આપવા આવ્યો છે કે? વાહ! વાહ! અચ્છી ભેટ લાવ્યા મિયાં સાહેબ ! મિયાં તમે કોણ છો ?"

"તુમ્હારા બાવા !" ઘણો ગુસ્સો ચઢવાથી તપી જઇને પહેલવાને રોબમાં જવાબ દીધો. "હમકો નહીં પચચાના સુવ્વર, ક્યા ટિક ટિક કરતા હૈ?"

"શયતાન ચુપ રહો!" જમાદારે દમામમાં જવાબ દીધો. "બહુ કરશે તો હમણાં કાપી નાંખી સુવ્વરને ખાવાને આપીશ."

"હરામજાદે, જિયાદા ગુસ્તાખાના કલામ મુંહસે ન નિકાલ-વર્ના ખીંચ લુંગા ખાલ!" આમ કહી તેણે પોતાની સમશેર ઘા કરવાને ઉગામી.

"ખામોશ ! ખામોશ !" કચેરીમાંથી અવાજ આવ્યો ને તુરત જાદોરાવની નજર ટંટાપર પડી હતી તે ઉઠીને દરવાજાપર આવ્યો. તાનાજી એ વખતે કંઇ કારણસર તંબુ બહાર ગયો હતો. શિવાજી, દાદાજી, રાઘો બલ્લાળ તથા બીજાઓ તે શું છે, તે જાણવાને આતુર થયા.

"એ શું તકરાર છે દરેદાર ?" જાદોજીએ પૂછ્યું.

આ વખતે શું થાય છે તે પહેલવાન, તેના બે સાથી ને રમા બાજુએ ઠરીને જોવા લાગ્યાં.

રમાની મરજી આ વેળા એમ થઇ આવી કે, શિવાજીને જઇને ચકિત કરી ટંટો મટાડવો, પણ મન મારી તે પાછી હઠી કે "ફરતા ફરતી છાંયડી" ના રંગ જોવા.

"એ શી તકરાર છે દફેદાર ?" જાદોજીએ પૂછ્યું. "એ ક્યા સરદાર

સાથે વાતચીત કરી હમણાં તું નકામી ખટપટ ઉભી કરે છે? નથી ખબર કે કેટલા રોકાણમાં પડીને કામ કરવાનું છે તે? વખત વિચારવો અને કામ કરવું તે તમો જાણતા નથી. મહારાજ કેટલા વિચારમાં પડ્યા છે ને હવે કેમ રક્ષણ કરવું તેના ઘોટાળામાં પડ્યા છે ત્યારે તમે માંહોમાંહે લડવા તૈયાર થાઓ છો! પરમેશ્વર પાસેથી રસ્તો માગ કે આમાંથી બચાવે!" આ પ્રમાણે પ્રથમ દફેદારને દમ ભીડાવ્યા પછી પૂછ્યું:—"શી તકરાર છે?"

"મહારાજ, કંઇ નથી. આ કાફર મહારાજ હજુર કંઇ ભેટ આપવા આવે છે. તે ધણીક રીતે મહારાજને અપમાનવાચક શબ્દથી હીણતો બોલે છે, તે આ સીનામાં કેમ ખમાય?" પોતાનો જય થયો હોય ને જાદોરાવ ઉપર કંઈ અસર થઈ હોય તેમ પાછો ગર્વથી ફુલાઇને તે બોલ્યો:—"મહારાજનો જય થાઓ, પણ આ કાફરને અબઘડી કાપી નાંખ્યા વગર મને જંપ વળવાનો નથી," પાછું મોં પહેલવાન તરફ ફેરવી કહ્યું કે—"કમબખ્ત! તારા ખુદાને યાદ કર. હવે આ ઘાથી તું તારાં બચ્ચાં કચ્ચાંને મળવા પામવાનો નથી."—એમ બોલતાં તરવાર ઉંચકાય નહિ તોપણ ઉંચકી.

"સંભાલ! હરામજાદીના! આજે બચ્યો તો તારું નસીબ, પણ એક ઘા ખાલી જનાર નથી!" આમ કહી પહેલવાને જેવી તલવાર મારવાને પટો કીધો કે વચ્ચે જાદોજીએ ઢાલ ધરીને તેપર ઘા ઝીલ્યો, નહિ તો દફેદાર પોતાના પૂર્વજ સમીપ પહોંચ્યો હોત.

"તૂ એક બારબરચા! મગર અબ બચનેવાલા નહિ. ઔર તુઝે કોઇ બચાનેવાલાભી નહી રેહેગા!" આંખમાં ખૂન વરસાવી સૂરતી સરદારે પાછી તરવાર ઉંચકી.

"ખામોશ! પહેલવાન ખામોશ! તેરે લાયક એ ખુરાક નહીં. શેરકા લડના શેરકે સાથહી હોતા હય, ભેડિયેકે સાથ નહીં." પહેલવાનની યુક્તિ પ્રયુક્તિ ને તેની સમશેરબાજી જોઇને ચકિત થઇ,

જાદોરાવે સમય સાધ્યો. તેણે જાણ્યું કે આ જેવો તેવો નર નથી, કોઇ માઇનો પૂત છે! અને આ નકામા ટંટામાં વખત જવાથી એ સરદારનો ખરો ભેદ શું છે તે માલમ પડતો અટકી પડશે; અથવા તેણે એમ પણ ધાર્યું કે કોઇ પ્રપંચી માણસ હશે તે દાવપેચથી આ ટંટામાં નાંખવા આવ્યો છે, ને તેનો લાભ લઇ શહેરમાંનું લશ્કર તૂટી પડશે તો ઘણું બગડી જશે; માટે પોતામાં જે વિનય હતો તેનો લાભ લીધો.

"દરીયા–એ–હાફેઝ, તલવાર મ્યાન કરો, ઔર કુછભી કહના હો વો મહારાજકે રૂબરૂ આકર કહો!" જાદોજીએ નમ્ર વેણે પહેલવાનને શાંત કીધો. જોકે જાદોજી કંઇ ઉતરતી શક્તિનો નહોતો; તે આપણા પહેલવાનને ભરૂ જાય તેવો હતો.

કોઈ પણ ટંટાનો નિવેડો આણવાને આવા જ માણસોની ઘણી જરૂર છે. બીને સમજાવી પટાવીને કામ કાઢી લેવામાં ઘણી શાંતતા, ઘણી ધીરજ, ને સમયસૂચકતા સાથે ધીટતા ને નિડરતા પણ જોઇયે. કામ કાઢી લેનાર માણસે પ્રથમ સામા પક્ષનો ભેદ જાણવો અને પછી કંઇ પણ જવાબ દેવો. તે વગર પોતે પોતાનું પણ બગાડે ને પારકાનું પણ બગાડે છે. દફેદાર, મોટી વાત કરનારો હતો, પણ લડવામાં કંઇ નહોતો, તેથી જો આ વખતે જાદોજી આવ્યો ન હોત તો તેના રામ રમી જ ગયા હતા, અને તે કલહમાં પડત તો તેનું પરિણામ શું આવત તે કહી શકાય નહિ. કદાપિ પ્રજારક્ષક સૈન્યના ઉપરી દાવ સાધીને તૂટી પડત કે મરાઠા શૂરભેર દોડ્યા આવીને શહેરનો નાશ કરત! આ તુરતના આવતા નાશને જાદોજીએ અટકાવ્યો ને મોટો વિનય વાપરી પહેલવાનને શાંત કીધો.

"હજરત, આપકી મુલાકાતસે મહારાજ બહોત ખુશ હોંગે–આપકી આમદ મુબારક હોં! યે દફેદાર આપકે સામને ખડા રહેનેકેભી લાયક નહીં; ઔર ઇસપર તલવાર ચલાના નારવા હય. શેર કભી ભેડિયેકા મુકાબલા કરનેપર આમાદા નહીં હોતા."

"અબ ઇસે મારના હરામ હય. મયઁ ગોકે આપકો નહીં પહેચાનતા, તાહમ આપકી ગુસગૂસે ઇતના કયાસ જુરૂર હો સકતા હય કે, આપ કોઈ લાયક ઔર આલી ખાન્દાન હયઁ. અય દોસ્ત! મહારાજસે આપ જાકર ઇતના કહ દેં કી મયઁ આપકે લીયે એક ઉમ્દા તોફા લાયા હું. હમારી લડને ઝગડનેકી મરજી નહીં. ફિરભી ખામખાં હમારી જાત ઔર હમારે પાક દીનકી કોઇ તૌહીન કરે, તો ઉસ વકત હમ ખામોશ નહીં રહ સકતે."

"આપકા ઇસ્મે મુબારક ઔર આલી દરજા કયા હય?"

"મયઁ જિયાદા ઔર કુછ કહના નહીં ચાહતા. મેરા સિર્ફ યહી મન્શા હય કે, તુમ્હારે ડાકૂ સરદારને હમારી ગરીબ રૈયાયોંકો બેસબબ તકલીફ પહોચાઈ હય, તો ઉસે ગે બતાના કે જયસા વો બેરહમ સંગદિલ હય વયસા યે મહમ્મદકા નૂરેનજર બેરહમ નહીં."

"શાબાસ! શાબાસ! રાસ્ત હય સરદારને બહોત અચ્છા કહા!" ત્રણે સ્વારોએ 'કોરસ' કીધો.

"હમારા નામો કામ જાનનેકી તુમ્હે કયા જુરૂરત હય?" પહેલવાને પાછું બોલવા માંડ્યું. "વો જાનના ઔર ન જાનના તુમ્હારે લિયે યકસાં હય. મયઁ જો ચીજ દેને આયા હું વો ચીજ દેના ઔર રુખસત લેના, ઇસ્કે ઇલાવા ઔર બાત કરના નહીં ચાહતા. કસમ હય પંજતનપાકકી કે મુઝે ઔર કુછ કામ નહીં. ઔર તુમ્હારે રાજાકે રુબરુ આનેકાભી મેરા ઇરાદા નહીં હય. જબ મયદાને જંગમેં દોન્હો સાહબને આ જાયઁગે, ઉસવકત બતાયઁગે કે હમ કૌન હયઁ ઔર કયસે હયઁ? મગર જબ ઇસવકત મયઁ પયગામ લાયા હું, તો લડાઇકી બાતેં કરના ફુજૂલ હય."

"આફરીન! આફરીન!" રમા સાથે બે સરદારોએ બુમ પાડી.

"તુમ દખ્ખન કે લોગ હમકો કાફિર કહકે બુલાતે હો, મગર દરઅસલ કાફિર કૌન હયઁ યે તુમ નહીં જાનતે. તુમ હિન્દુ લોગ અપની જાન ઔર અપને દીનો ઇમાનકા બચાવ નહીં કરતે ઔર ગયરોંકા નીંદમેંભી હલાલ કરતે

હો—બે ગુનાહ ઔરત ઔર બચ્ચોંકોભી કત્લ કરતે હો. અબ યે કુફ્ર હય યા હમ તુમ્હારી ઔરતોંકો બચાતે હયઁ યે કુફ્ર હય?"*

"અમીરુલ્ઉમ્રા! આપકે સવાલોંકા જવાબ મુશ્કિલ નહીં, મગર આપ મહારાજ:—"

"અરે; જાદોજી, એ શું છે? કોની સાથે ખટપટ કરે છે! અહિં લાવ જે હોય તેને"—તુટક તુટક શબ્દમાં દાદાજીએ જાદોજીને બૂમ મારી પોતા પાસે બોલાવ્યો.

શિવાજી નજીક સઘળા જઇને ઉભા. મહારાજને પહેલવાન જરા પણ નમ્યો નહિ; પણ તેનો તેના સરદારે સત્કાર કીધો. તે પહેલવાન કોણ છે, તેની સામા ટગર ટગર જોતાં મહારાજે વિચાર કીધો, કે આ કોઈ ઘણો હિંમતવાન્ નર છે. તે શામાટે આવ્યો છે, તે જાણવાને શિવાજી ઘણો આતુર થયો.

---

* શિવાજીએ સુરતને ઇ. સ. ૧૬૬૪ માં પહેલી વાર લૂટ્યું ત્યારે તેણે પોતાના માણસોને સખત તાકીદ આપી હતી કે કોઇએ સ્ત્રી બાળકોને રંજાડવા નહિ કે કતલ કરવી નહિ; પણ લૂટારાઓમાં આવો નિયમ કડક રીતે પળાતો નથી. ઇતિહાસમાં લખાયું છે કે શિવાજીએ લૂટ વખતે સ્ત્રીઓ, બાળકો, ધર્મગુરુઓ અને ધર્માત્માઓને બચાવ્યા હતા. એક શ્રીમંત વીરજી વોરાના આખા કુટુંબને પાયમાલ કરી તેના ઘરબારને આગ લગાડી નાશ ક્યોં હતો, અને બે મુસલમાન ધનાઢયોને લૂટી પાયમાલ કર્યા હતા.

## પ્રકરણ ૧૪ મું
## દ્વંદ્વયુદ્ધની માગણી

કચેરીમાં સઘળાઓ આવ્યા પછી આસપાસના બીજા સરદારો આ ચમત્કાર જોવાને દોડી આવ્યા. તેઓએ પોતપોતાની જગ્યા લીધા પછી ચોબદાર જે નવી જ છડી લઇને ઉભો હતો તેણે, પોતાના હમેશના રીવાજ પ્રમાણે નેકી પોકારી સૌને સાવધ કીધા. સભામાં આ વખતે તદ્દન ચુપકીદી પથરાઈ ગઈ હતી, ને સૌ જાણવા આતુર થયા હતા કે આ શો રંગ છે!! લડાઇના વિચાર લડાઇને ઠેકાણે રહ્યા હતા ને હવે આ અકસ્માતમાં તેઓ કંઈ નવું જોવા-થવાની આશા રાખતા હતા. જે તે સ્થળે હોય તેના જોવામાં પ્રત્યક્ષ આવતું કે, હાલનો બનાવ કંઈ ઘણો ગંભીર વિચારશીળ છે, અને શહેરમાંથી અવરોધ માટે નહિં, પણ લડવા માટે આવતું લશ્કર જોઈ-વળી તેમાં મુસલમાન ને હિંદુ બન્ને છે એ જાણતાં મરાઠા સિપાઇયોની મુખમુદ્રા કંઇક તેજરહિત થઈ હતી ને તેઓનો શ્વાસ ઘણો ઉંડો હતો.

મુસલમાન પહેલવાને સામા આવતાં વાર ઘણી કડવી નજર શિવાજીપર ફેંકી, અને જ્યારે તે થોડો સમય ઉભો રહ્યો ને કોઇએ સન્માનાર્થ બેસવાને આસન ન દીધું, ત્યારે તે ઉગ્રતા પામી, પાસે એક ઘણી સુંદર ખુરસી પડેલી હતી તે ખેંચી લાવી મ્યાનમાંથી તરવાર કાઢી, બરોબર શિવાજીની સામા બેઠો. આથી તુરત કચેરીમાં ઘણો ગભરાટ થયો. શિવાજી પણ તેની આ નિડરતા અને ધીરતાને જોઈ આશ્ચર્ય પામ્યો. તેણે નક્કી કીધું કે, આ જેવો તેવો નર નથી, તેમ અપમાન સાંખી જાય તેવો પણ નથી.

સર્વ કચેરી શાંત હતી. કોઇનો હોઠ પણ હાલતો નહોતો.

અંતે શિવાજીએ શાંતિ તોડી.

"જાદોજી, એ કોણ જવાંમર્દ આપણી કચેરીમાં આવ્યો છે?" તે બોલ્યો.

જાદોજી શું જવાબ દે છે તે જાણવાને સૌ ચાતક પેઠે આતુર થયા. સર્વેનું લક્ષ જાદોજીના મોં તરફ હતું. ક્ષણભર વિચાર કરી તેનો હોઠ ફાટ્યો.

"આ કોઈ મુસલમાન સરદાર મહારાજ સમક્ષ આવવા માંગતો હતો;" તેણે નમન કરતાં કહ્યું. "દરવાને કંઈ અપમાન કીધું ને તેથી તે રીસે ભરાયો ને ક્ષણભર વિલંબ લાગત તો એ વિંકોજીને ધૂળ ચાટતો કરત."

"હં! એ મ્લેચ્છ એટલો બધો શક્તિમાન્ છે?" દાદાજીએ તૂટક તૂટક શબ્દમાં કહ્યું. "ભાઈઓ રે! આજે એ વિંકોજીને ધૂળ ચાટતો કરવા શક્તિમાન્ થાત તો એ બેરેહેમ પછી મને જમ રાજા પાસે પહોંચાડત, ને પછી મહારાજપર એ ચોર પોતાનો કીનો કેમ ન લેત?"

"હા! માબાપને સાચું કહું છું, એ તરકડાને તેથી મારી નંખાવવો જોઈએ." વિંકોજીએ ઘણી છટાથી ત્રણ કકડે પોતાનું વાકય પૂરું કીધું.

"એ તરકડાને તો મારવો જ જોઈએ, ભરતખંડમાં તરકડા ન રહેવા જોઈએ." સો પચાસ મોંમાંથી આ વાકય નીકળી પડ્યાં.

"મહારાજને શું કહું! દરવાજામાં પેસતાં જ હજારો ગાળો દઈ મને રોષે ચઢાવ્યો;" વિંકોજીએ પૂરવણી કીધી. "મેં ઘણી નમ્રતાથી કહ્યું કે, "ભાઈ, મહારાજ, સાક્ષાત્ પરશુરામના અવતાર પાસે મ્લેચ્છથી જવાશે નહિ, પણ એ તરકડાએ કંઇ પણ ગણકાર્યા વગર અગાડી વધવા માંડ્યું." અહીંઆ વિંકોજી જરાક અટકી પડીને પછી પાછો બોલ્યો. "સાક્ષાત્ અર્જુન સ્વરૂપને મોઢે બોલતાં લજ્જા પામું છું કે, એ તરકડાએ મહારાજને ઘણી 'આયચી માયચી' દીધી છે. એ સાંભળતાં જ મારો પિત્તો તપી આવ્યો ને જો જાદોજીરાવ ન આવ્યા હોત તો એના બોલવાનું ફળ એ તરકડાને ચખાડત!"

"મહારાજને અપમાન કરનાર મ્લેચ્છને ભવાની જીવતો ન જવા દેશે." ફરીથી મોટો પોકાર ઉઠ્યો.

પણ આપણો પહેલવાન તો અડગ રહ્યો. તેણે તો જાણે કંઇ સાંભળ્યું જ નહિ હોય તેમ ખરેખરો શાંત રહ્યો, ને તેથી શિવાજી જે આ

સઘળી ચર્ચા જોતો હતો તે વધારે વિસ્મય થયો. પહેલવાનની પીઠ પાછળ બે સ્વાર ને તેની પૂઠે રમા બુરખામાં હતી, જેનાપર હજી સુધી શિવાજીની નજર ગઈ નહોતી. તે ત્રણે જણ ઘણાં જ શાંત હતાં. શિવાજીની હવે ખાત્રી થઇ કે, આ પહેલવાન, જે સામો નિડરતાથી બેઠો છે તે દ્વંદ્વયુદ્ધમાં પણ પાછો હઠે તેવો નથી.

જ્યારે વિંકોજી બોલી રહ્યો ત્યારે શિવાજીએ ઘણી જ ગંભીરતાથી પૂછ્યું કે, "એ સરદારે બીજું કંઈ કીધું છે?"

"મહારાજને ઘણી ગાળો દીધી એથી વધારે શું?" ત્રણ ચાર મુખમાંથી શબ્દોચ્ચારનો ધ્વનિ સંભળાયો.

"કંઇ ફિકર નહિ!" ટુંકામાં મહારાજાએ જવાબ દીધો. "ગાળ દેવી એને જ જે સરદારો પુરુષાર્થ માનતા હોય તો તેઓને તે જ માટે જન્મ આપેલો આપણે જાણવો. શૂરપુરુષની ગાળો ઘણી મોંઘી છે તે શું તમે જાણતા નથી?" આસપાસ કચેરીમાં નજર કરી પૂછ્યું. "આપણે કંઇ ગાળો દેવા કે તમાશો જોવા આવ્યા નથી, પણ લડવાને આવ્યા છિયે. પણ તેમ છતાં તમે કહો છો કે આ અમીરુલ્ ઉમરાએ પોતાનો દરજ્જો ભૂલી જઇને ગાળો ભાંડી હોય, તમારા મહારાજના પદને અપમાન પહોંચે તેવાં વચન કહ્યાં હોય તો તમારે શું કરવું છે, તેનો મારે વિચાર કરવો જોઇએ છે. તમારો વિચાર આપો, મારે તેની જરૂર છે."

"કોની કોની પાસેથી વિચાર માંગવામાં આવે છે?" તાનાજીએ એકદમ આવતાં વારને પ્રશ્ન પૂછ્યો.

—અને સઘળાઓ એક મોટા તોફાની આંચકાથી ચમક્યા હોય તેમ સ્તબ્ધ થયા. "મહારાજ આ અમીરુલ્ઉમરા માટે કંઇ પૂછો છો ની?" તાનાજીએ પૂછ્યું.

"હા." દાદાજીએ ડોકું ધુણાવી જવાબ દીધો.

"ઠીક, તમે આજે આવા બારીક સમયમાં ઘણી સારી તપાસ લઇ બેઠા છો! જ્યારે આપણે આપણા અગત્યના કામમાં મચવાનું છે

ત્યારે આ ન્યાયનો દરબાર ઠરાવી તેમાં તમે પોતાનો વખત ગાળો છો! આ અમીર, કે જે આપ મહારાજની હજૂર કંઈ મોટા કારણસર આવ્યો છે ને મહારાજને પોતાના નગર તરફથી ભેટ આપવા આવ્યો છે, તેને મળવા આવતાં નાહક જે અટકાવ કરે તેને પહેલાં શાસન કરવું અગત્યનું હતું, તેને બદલે મહારાજ, બીજાને પ્રશ્ન પૂછો છો એ આશ્ચર્ય જેવું છે. દરવાજાપર પલટણો ખડી છે ને આપણા ને સામા પક્ષના માણસો જોઇએ તેવા લડવાને તત્પર થયા છે, તેવા વખતમાં આ સરદારનું આવવું જો આપણા લાભમાં હોય તો તેનો લાભ લેતાં વિલંબ ન કરો. મહારાજ! આપણે આપણા કામ સાથે કામ છે, મિથ્યા વખત ગાળવાની કંઇ જરૂર નથી."

"રાસ્ત હય! રાસ્ત હય!" બે સ્વારે સાબાશી આપી.

"વખતસર ઠીક ચેતવણી દીધી." જાદોજીએ ટાપસી પૂરી.

"સાબાશ! કેવી યુક્તિથી નકામી પંચાતીને અટકાવી!!" દાદાજી બોલી ઉઠ્યા. "તાનાજીભાઇ, તેં બરાબર કહ્યું છે."

"તાનાજી, હું જાણું છું કે તું કંઇક માહીતગાર છે, તેથી બોલ એની હકીકત, ને કેમ કરવું તેનો તું જ ઠરાવ કર." શિવાજીએ તાનાજીને આગળ બોલાવી કહ્યું.

"પણ નકામું તાનાજીને પૂછીને શું ફળ મેળવવું છે? એ સરદારને જ પૂછોની?" બલ્લાળ, જે તાનાજીની ચઢતી જરાપણ જોઈ શકતો નહિ હતો, તેણે મહારાજ સમીપ તાનાજીને બેસતો જોઇ રંજક મૂકયું.

"બસ, બહુ થયું." આજ્ઞાવાચક શબ્દથી શિવાજીએ હાથ ઊંચો કરી બલ્લાળને બોલતો અટકાવ્યો. "આપણે નકામી તકરાર બંધ પાડીને રસ્તાસર આવવા માંગીએ છીએ ત્યારે આ ટંટો શાને જોઇએ? જે જાણે છે તેને બોલવા દો ને લડનારા અથવા જેનાથી ખમાતું ન હોય તે બહાર જાઓ. શું મારે બધા નચાવે તેમ નાચવું?"

"મહારાજને એમ કહેનાર કોણ છે?" જાદોજી બોલ્યો. "જો

તાનાજીની મરજી બોલવાની હોય તો ભલે બોલી ખુલાસો કરે, પણ તેમ ન હોય તો આ સરદારને બોલવા દેવો એ ઘણું સારું."

"ત્યારે હમણાં સર્વે જણ પોતાના માલિક થયા છે, ને સૌ પોતપોતાના રાજા છે કેમ ? અહીંઆ જય કે મોત એપર વાત આવી અટકી છે, ત્યારે શી રીતે આપણું કામ આગળ ચાલવાનું હતું ? આ વખતે દરેક જણે ખરા મરાઠાના બચ્ચા થવાનું છે, કંઈ હોંસાતોંસી કે નકામી તકરાર ઉઠાડીને ચડભડવાનું નથી. આનો નિવેડો આવે કે સૌએ ઉઠીને તાનાજી પાછળ પોતાનો પ્રાણ આપવાને ઉઠવાનું છે, ને જેની મરજી એની પછાડી જવાની નહિ હોય તે ભલેને ચાલ્યા જાય પોતાને દેશ. એને મેં આજના દિવસનો સરદાર ઠરાવ્યો છે. જે કાયર હોય તેણે તો સુંગા જ મરી રહેવું."

જ્યાં મહારાજ આ પ્રમાણે બોલી રહ્યા કે એકદમ "હરહર મહાદેવ ! ભવાનીકી જો!"નો મોટો પોકાર આખી કચેરી ને સૈન્યમાં ગાજી રહ્યો. બલ્લાળ ને જાદોજી તો વીલા પડી ગયા. આથી પહેલવાનને મોટો ભય ઉપજ્યો, પણ તે જરાએ ચળ્યો નહિ.

"ચૂપ ચૂપ !" ગણગણાટ અટકાવવા માટે ચોપદારે છડી ફેરવી પોકાર કીધો. મહારાજે તાનાજીને હુકમ કીધો કે સર્વ વર્ત્તમાન નિવેદન કરવું.

"મહારાજના હુકમથી બોલવા તત્પર છું. આ શેરદીલ સમશેર જંગ એક એવો નર છે કે, એના મોંથી સાંભળેલું વધારે અગત્યનું થઈ પડશે; ને માધવરાવ ને બીજાઓને પોતાને જોઈતો ખુલાસો થશે. હું માત્ર એ દરીઆએ હાફેજના ગુણથી એટલો જ વાકેફ છું કે, તે કોઈ ઘણા મોટા અગત્યના કારણસર આવ્યો છે. તે મોટા કુળનો નામીચો નર હોવો જોઈએ."

"શેરેનર" પહેલવાન તરફ નજર કરી તાનાજીએ પૂછ્યું—"મહારાજને આપ આપનું વર્ત્તમાન નિવેદન કરશો ? આપ મહારાજ હજુર કંઈ વિશેષ જાણવા યોગ્ય હકીકત લાવ્યા હશો, ને તે કહેવામાં આપને કંઈ હરકત નહિ હશે. આપની પછાડી જે બીબી છે, તેને પણ લાવવાનું કારણ છે કે નહિ ? દિલાવર જંગ, આપે જાણવું કે આપ જે

રીતે મ્યાનમાંથી તલવાર કહાડીને બેઠા છો તે રીતિ જો કે આ કચેરીમાં અપમાન પહોંચાડનારી છે, ને મહારાજને તેથી દુઃખ પેદા થાય તેમ છે, તોપણ હજરત, ખૂબ યાદ રાખો કે, આપની જિંદગી આપના નગરમાં જેટલી સલામત છે તે કરતાં અહિંયાં ઓછી નથી. આપે બેધડક જે કંઇ કહેવું હોય તે કહેવું. આપને કંઇ હરકત હોય તો તે પણ જણાવશો, અમીર સાહેબ."

"હરકત કુછભી નહીં. જિસ બાઇસસે મેરા યહાં આના હુવા હય, વો સબબ જાહિર કરનેસે મયઁ કભી ડરનેવાલા નહીં." પહેલવાને કહ્યું.

"તો આપ, આપકી જો હકીકત હો વો જિગર ખોલકે કહિયે." શિવાજીએ ખુરશીપર ટટાર બેસીને કહ્યું.

સૌ તે સાંભળવા તૈયાર થયા; ને ત્યાં ક્ષણભર શાંતિ પથરાઇ ગઈ.

"મયઁ કૌન હું, કયા હું ઔર કયા દરજજા રખતા હું ઇન સારી બાતોંસે આપ વાકિફ હુવા ચાહતે હયઁ; મગર ઇન બાતોં કે જાનનેસે આપકો કોઈ ખાસ ફાયદા હોનેવાલા નહીં. અપની પહચાનકે બારેમેં મયઁ સિર્ફ ઇતનાહી કહ સકતા હું કે, ગિયાસુદ્દીન રુમીસે મેરા દરજા જિયાદા હય, ઔર મુઝે લોગ પહલવાન કે નામસે પહચાનતે હયઁ. ઇસસે જિયાદા તાકુબામત આપકો કુછભી માલૂમ ન હોગા. આપને હમારે શહરકો લૂટ લેનેકી ધૂમ મચાઈ, ઘરોંકો આગ લગાઈ ઓર બે ગુનાહ રૈયાયાકી ગર્દનપર નાતરસ કાતિલ જલ્લાદકી તરહ ફૌલાદકી છુરી ચલાઈ! અરે ઓ નાસમઝ! ઇન્ સબ જુલ્માતોંકા સબબ કયાથા? કયા અયસી શયતાનીયત કરનેવાલે હી આલમપનાહ બાદશાહકે નામસે પયચાને જાનેકે સઝાવાર હયઁ? અય મહારાજ, સિર્ફ મેરે ઇસ સવાલકા જવાબ દીજિયે ઔર બાદ મેરે આનેકા સબબ સુન લીજિયે." પહેલવાને કહ્યું.

"તુમ ગયરમઝહબ કે લોગ હમારી સરજમીનમેં-હમારે મુલ્કમેં કિસ સબબસે આયેથે, ઇસ સવાલકા જવાબ આપકે પાસ હય?" તાનાજીએ સવાલનો જવાબ સવાલથી જ આપ્યો.

"સિર્ફ જવાબ નહીં બલ્કે મજ઼બૂત જવાબ હય. હમારે પાક પયગંબરકા અયસા ફર્માન હય કે, જો કાફિર હયઁ ઉન્હેં દીનમેં લાના, બુતપરસ્તીકો બરબાદ કરકે એક ખુદાકા મજહબ દુનિયાભરમેં ફયલાના; મગર યહાં હિન્દુ ઔર મુસલ્માનોંકી લડાઇકા મૌકા નહીં હય. આપ અભી તો અપનેહી જાતવાલોંપર ગલ્બા કરનેકે લિયે આયે હયઁ—અપને હમ઼જાત ઔર હમ્મજહબોંકો હી દાંતોંમેં ચબાયે હયઁ! પયસા તુમ્હારા ખુદા હય—જો પયસા નહીં દેતા વો અપની જાનસે જુદા હય. મારના કાટના ઔર તબાહી કરના યહી તુમ્હારા પેશા હય—જર મિલાતો ફિર ઔર કયા અંદેશા હય? અયસી હયવાનીયત્ હમ નહીં કરતે, ઔર જિન મુસલ્માનોને અયસી હયવાનીયત્ કી હોગી ઉસ્કો કયામત કે રોજ઼ જુરૂર પરવરદિગારકે સામ્હને જવાબ દેના પડ઼ેગા—અજ઼ાબ કે બદલે અજ઼ાબ લેના પડ઼ેગા, લુબ્બે લુબાબ યે કે, હમ તુમ્હારે જયસે નાતરસ ઔર બેરહમ નહીં હયઁ. ખૈર ઇસ તકરારકો મયઁ આગે બઢ઼ાના નહીં ચાહતા. હમારે નવ્વાબ લાજવાબકા યે ફ઼રમાન હય કે, આપલોગ હમારે મુલ્કસે ચલે જાયઁ ઓર રૈયાયાકો ફુજ઼ૂલ તકલીફ઼ ન પહોચાઁય. અગર સીધી તરહ ન જાઓગે, તો ફ઼ૌરનહી તેગ઼ે બુરાંસે કાટ દિયે જાઓગે—જહન્નમકી હવા ખાઓગે. અબતક તુમ્હારે હાથસે જો ગુનાહ હુવે હયઁ, મોઆફ઼ કિયે જાતે હયઁ ઔર લૂટ કે અસ્બાબભી તુમ્હે દે દિયે જાતે હયઁ. અગર યૂંહિ ચલે જાઓગે, તો હમારે હાતમદિલ નવ્વાબસે એક બહોતહી ઉમ્દા તોફ઼ા પાઓગે. વો તોફ઼ાભી મયઁ અપને સાથ લાયા હું—હમારી બાત મજ઼ૂર હો તો પેશે નજ઼ર કરું."

"તમારા મ્લેચ્છોના હાથથી અમને શું મળવાનું હતું વારુ?" શિવાજીએ પૂછ્યું. "તમારી પાસે હતું શું અને છે પણ શું? તરકડાઓ જ્યારથી આ દેશમાં આવ્યા છે, ત્યારથી તેમણે આખા દેશનું સત્યાનાશ વાળ્યું છે, ને તેથી અમારો ઉદ્દેશ એ જ છે કે, તેમનો નાશ કરીને પાછી હિન્દુઓની સત્તાનું સ્થાપન કરવું."

"જવાબ તો આલી જનાબકે મુંહસે વો આયા કે, જિસ્ને દુનિયાકે સબ જવાબોંકો શરમાયા." પહેલવાને કરડાકીમાં જવાબ આપ્યો. "અબ આપ હમ મુસલ્માનોંકો સરજમીને હિન્દસે નિકાલ દેતે હયઁ યા હમ આપ કાફ્રિરોં કો યહાંસે હકાલ દેતે હયઁ, યે તો જબ વક્ત આયગા તબ દેખા જાયગા;–

'બકવાસ યે ફુઝૂલ હય કરના જ઼બાનસેં;
બેહતર હય કર દિખાના ઇસ ખ઼ાલી બયાનસે.'

—જબ પહલા વાર આપને કિયા હય, તો હમભી મયદાને જંગમેં કુછ અપના હાથ દિખાયેંગે. તુમ્હારે તાનાજીકો મેરે સામ્હને લડનેકે લિયે ભેજિયે. અગર વો ફ્તાયાબ હોગા, તો હમારે નવ્વાબ ફ્કીર બનકર રિયાસતકો છોડ ચલે જાયેંગે; મગર ફ્તાહ મેરી હુઇ, તો આપ ક્યા મેહરબાની ફ્રમાયેંગે ?"

"અબસ બકવાસ ન કીજિયે–સિર્ફ ગુસ્સેસેહી નહીં, કુછ અકલસેભી કામ લીજિયે." તાનાજીએ તાનો માર્યો. "હમ લડનેકેલિયે તૈયાર હયઁ. એક અકેલા સિપાહી દૂસરેકી હદમેં કુછભી નહીં કર સકતા. આપ બેચયન ન હૂજિયે–મયઁ ઔર આપ દોનોં મૌતસે ડરનેવાલે નહીં–ચલિયે મયદાનમેં મયઁ ઔર આપ તલવારબાજી કરેંગે ઔર યે સબ લોગ હમારી હારજીતકા ફ્યસલા કરેંગે."

તાનાજીએ તરત મ્યાનમાંથી પોતાની તલવાર બહાર ખેંચી કાઢી અને આગળ વધી પહેલવાનને સલામ કરી હાથપર ચુંબન કરી તેને મુબારકબાદી આપી. બન્ને જણ ચાલવાને તૈયાર થયા; પણ એટલામાં શિવાજીએ પૂછ્યું કે; "ખાં સાહેબ, આપ કોણ છો ?"

"મયઁ સૂરત શહરકા એક જ઼બરદસ્ત પહલવાન હું ઔર સૂરત શહરમેં સિવા મેરે ફ્ર્માનકે ઔર કિસીકા ફ્રેર્માન ચલ નહીં સકતા. આપમેં લડનેકી તાક઼ત નહીં, ઇસીસે આપને અપને સરદારકો મયદાને જંગમેં રવાના કિયા હય. એક બેગુનાહકો શમાપર જલાનેકેલિયે પર-

વાના ક્યા હય. અગર આપ આ જાયઁ, તો રંગત બરાબર હો, કિસીકા ધડપર તો કિસીકા હાથમેં સર હો!"

"બસ, બહુ થયું! મિયાં સાહેબ, તમારી બધી વાતો મેં સાંભળી લીધી છે. ચાલાકી અને હુશિયારી બતાવવાનો વખત દૂર નથી." એ પછી શિવાજીએ તાનાજીને ઉદ્દેશીને કહ્યું કે:-"તમારે બહુ જ હુશિયા-રીથી કામ કરવાનું છે. સઘળો આધાર તમારાપર છે. આ મુસલ્લાને નસાડવો, એ તમારું કામ છે. જાઓ-'વીરવિજય તવ કરશેરે માતા ભવાની!' આજે કંઇક નવો જ રંગ દેખાશે."

શિવાજીએ મહાદેવ અને હરહરનો ઘોષ કર્યો અને તેનો અન્ય જનોએ તેવો જ પ્રત્યાઘાત કર્યો. ચોપદારે તરત ભીષણસ્વરથી જણાવ્યું કે:-"કચેરી બરખાસ્ત થઈ! મહારાજાધિરાજ શિવાજીનો જય!" તરત સઘળા ઊઠીને બહાર મેદાન તરફ જવા નીકળ્યા.

## પ્રકરણ ૧૫ મું

## શત્રુની છાવણીમાં શત્રુથી બચાવ !

"અમીર સાહેબ લગાર ઉભા રહેશો !"

કચેરી બરખાસ્ત થઈ અને ચોપદારે નેકી પોકાર્યા પછી સઘળા સભાજનો દુમાલની સામેના મેદાનમાં એકઠા થયા અને દ્વંદ્વયુદ્ધનો જે રંગ અખાડો મચવાનો હતો, તે જોવાને ઘણા જુસ્સાથી તંબુની બહાર નીકળી ગયા. તાનાજીના મનમાં ભય હતો કે, એનું પરિણામ કેવું આવશે! ને જો હાર થઇ તો ફજેતી થશે, ને મુવા વગર છૂટકો નથી, તેમ અમીરના મનમાં પણ એટલી જ દેહેશત હતી. બંનેનાં કલેજાંપર કોઇ પણ ત્રાહિત શખસ હાથ ધરે તો તે ઘણાં ધબકતાં જણાતાં હતાં; તથાપિ જેવા જુસ્સાથી તાનાજી માલુસરે ઉઠીને ઉભો થયો તેવા જ જુસ્સાથી, જરાપણ ખંચાયા વગર એણે પણ પોતાનું પગલું આગળ ભર્યું.

પણ રમા, જે એક ઘણી કાબેલ સ્ત્રી હતી, અને જે આ જવાનની હિમ્મત, ચતુરાઇ અને સાહસિકપણું જોઇ મોહિત થઇ રહી હતી, તેણે જોયું કે કદાચિત્ અમીર જિતશે તો પણ તે જીવતો જવા પામશે નહિ. મુસલમાનોમાં જે કેટલાક અમીરી ગુણો છે, તે અમીરી ગુણો હિન્દુઓમાં નથી, તે રમા ઘણી સારી રીતે જાણતી હતી, ને તેથી એના મનમાં લાગ્યું કે જે મારા રક્ષણ માટે આ છાવણીમાં આવ્યો છે, તેનું રક્ષણ કરવું એ મારું કામ છે. જે વખત કચેરીમાં ખરેખરી તકરાર ચાલતી હતી, તે વખતે જ તેણે કેટલીક સૂચના કરવાનું નક્કી ધાર્યું હતું; પણ આસપાસ જે ચોકી પહેરા હતા તેમાંથી વાતચીત કરવી ઘણી ભય ભરેલી છે એમ ધારી તે અબોલ રહી, પણ તક જોયા કરતી હતી.

સઘળાઓ તંબુ છોડીને આગળ નીકળી ગયા ને સહુથી છેલ્લાં રમા અને આપણો જવાન અમીર બે જ રહ્યાં, ત્યારે લાગ જોઇને રમાએ આ અમીરને ઉભો રાખવાને માટે પોતાનો મોહક સાદ કહાડ્યો.

"અમીર સાહેબ, કેમ સંભળાયું કે ?" રમાએ ધીમા સાદથી કહ્યું.

"ગુલરુ ! હમકો બુલાતી હય !" અમીરે પાછા ફરી ઘણી નરમાશથી પોતાનો શબ્દ કહાવ્યો.

"હા, મારે કંઇક સંકેત આપની સાથે કરવો છે. તમને કંઇ હરકત તો નથી ?" રમાએ પૂછ્યું.

"જબ જીનેકી ઉમ્મીદકો છોડા—દુનિયાસે મુંહ મોડા, તબ હરકત ક્યા ઔર ડર કિસ્કા ? હાં—મગર બેગમકી યાદ આતી હય, તો તબીયત બિગડ જાતી હય. મેરી બેગમ ભી લડનેમેં ચાલાક હય.—ઉસે જાકર યે સબ કયફીયત કોઇ સુનાં સકતા હય ? હમારા ગમ મિટા સકતા હય ?" અમીરે જરાક ગભરાટથી પૂછયું, કેમ કે પોતાના જાનની સઘળી આશા—તેણે છોડી દીધી હતી. એ મરાઠા, જે અમીરની અગાડી ગયા હતા, તેમની વાતચીત ઉપરથી આ અનુમાન કરવાનું તેને કારણ મળ્યું હતું. તે મરાઠાનું બોલવું એવું હતું કે, 'જો લડતાં ન હારશે તો બચતાં પણ મરશે,' અને તેનો અર્થ ઘણો ખુલ્લો હતો.

"સરકાર ! જે કામ ઉઠાવ્યું છે તેમાં પેગંબરપર વિશ્વાસ રાખીને ઘુમવું. કંઇપણ ડરવાનું કારણ નથી. તાનાજી જેટલું જોર બહારથી બતાવે છે તેટલું તેનામાં જોર નથી, ને તેને તમે મારી ઉતારશો એવી મને પૂર્ણ આશા છે. તમે આટલા બધા જુસ્સાથી મેદાન ઉતરી ગયા છો, અને સઘળી હિમ્મતથી મને હેમખેમ પોહોંચાડવાને આવ્યા છો, તેમાં એ પ્રમાણે નાઉમેદ થશો તો પેગંબરને ત્યાં તમે શું જોખમદાર નથી ? હિમ્મત રાખીને ઉતરી પડો, એ નાકૌવત, કે જેણે પોતાને શરણે આવેલી અબળાઓને કાપી નાખી છે તેને તેના અપુરુષાર્થનું ફળ ચખાડો. જેણે સત્યને માટે ખડ્ગ હાથમાં લીધું છે, તેને ઇશ્વરની સંપૂર્ણ સહાયતા છે."

"લડકી ! તેરા કહના રાસ્તો દુરુસ્ત હય. ઇન સબોંકો મયઁ અચ્છી તરહ જાનતા ઔર પંયચાનતા હું. મરનેકા મુઝે જરાભી ગમ નહીં. યે તો મયઁ ખૂબ જાનતા હું કે, ગર મયઁ ફતેહમંદ હુઆ, તૌભી યે મુઝે દગાસે

મારેંગે. અફસોસ સિર્ફ ઇસ બાતકા હય કે, મેરી બેગમ મેરે સિવા ઘડીભર ન રહેગી ઓર વોભી મેરે સરપર ઇલ્જામ ધરેગી કે નામર્દોકે હાથસે એક મર્દ મારા ગયા. પહલે જો તુઝે કહના હો કહ દે, ઔર બાદ મેરા એક પયગામ શહર મેં પહોંચાનેકા કૌલ દે.

કસમ હય તેગે બુરોંકી, કસમ હય દીનોઇમાંકી;
ખબર લૂંગા બરાબર જંગ મેં મયઁ દુશ્મને જાકી.”

“તમે લડવાથી ડરો છો ને બચવાનો કંઇ માર્ગ જડતો નથી?”

“મયઁ લડને યા મરને સે તાકયામત ડરનેવાલા નહીં—મગર યે વહમો ગુમાન તેરે દિલમેં કહાંસે આયા?”

“કંઇ પણ નહિ. પણ મારી એટલી આજીજી છે કે, આ લડાઇના મેદાનમાંથી કોઇ પણ રીતે બચી જવાય તો ઠીક. એના મારી પાસે ઘણા ઉપાય છે. તમે જાણો છો કે હું કોણ છું?”

“તુઝે જાનનેસે કયા ફાયદા? ઔર ન જાનનેસે કયા નુકસાન! મુઝે કુછભી દરકાર નહીં. તૂ ફરિસ્તા હય, ઇન્સાન હય, યા શયતાન? મગર લડકી, તૂ કયા દુશ્મનોં કે હાથોં મુઝે કટવાના ચાહતી હય? મેરી તનહાઇકા ફાયદા લેકર વો કાફિર શયતાનજાદે મુઝે ગિરફતાર કરેંગે ઔર તલ્વારકા વાર કરેંગે, તો મેરી બહાદરી પર્દેમેંહી રહી જાયગી. મેરે સરપર નામર્દપનકી બદનામી આયગી. મયઁભી એક શેરનર ઔર આલીખાન્દાન હું, ઔર મયદાને જંગમે લડાઇકા વો હુનર દિખા સકતા હું કે, કોઇ દેખતાહી રહ જાય. ઇસ હુનરકો બતાનેકે લિયેહી આજ મયઁ મરનેકો તૈયાર હું—તાનાજી બડા સૂરમા ઔર બહાદર હોગા, મગર યારોકે સામને આયગા તો માલૂમ હો જાયગા કે, ચૂંટીકા પીલે યસીમકા સામના હય. ગર કોઇ હરકત નહી, તો મુઝે અપની પયચાન બતા દે, તૂ કોન હય યે રાજ સુના દે. નહિ તો, ચલ હમારે સાથ લડાઇકે મયદાનમેં ઔર દેખ સૂરતકે નવ્વા—”

આટલું બોલતાં સાથે તે છેલ્લું વાક્ય પૂરું કર્યા વગર એકદમ અટકી પડ્યો ને રમા ચમકીને ઉભી જ થઇ રહી. તેનાથી જરા પણ બોલાયું નહિ, ને તે અમીરની સામા ટગર ટગર જોવા લાગી. ન ધારેલો ખુલાસો એકદમ થઇ જવા જેવો વખત પાસે આવ્યો, ને પોતાને હાથે જ પોતાનો ધાણ બગાડ્યો હતો, એમ માની અમીર સાહેબ પણ દિગ્મૂઢ થઇ ગયા. પણ પેલી મોહિનીનો વિચાર કોઇ પણ રીતે ઇજા કરવાનો નહોતો. તે તો પોતાના બચાવનારને બચાવવા ઘણી આતુર હતી, પણ જે જવાન માટે મરાઠાની છાવણીમાંથી ઘણીક ખોટી ખોટી વાતો સાંભળી હતી તે જુવાન આટલો બધો સીનેબાજ છે, અને આટલી બધી હિમત ધરાવે છે, એનાથી તે એટલી બધી તો મૃદુ બની ગઇ કે, આ જવાનને પોતાનો પ્રાણપ્રિય ગણવા લાગી. તે હવે તેને બીજી જ રીતે જોવા લાગી અને જેમ બને તેમ તેનું રક્ષણ કરવું, એ જ મુખ્ય ઠરાવ કરી બેઠી.

જે અમીરની આપણે વાર્તા કરીએ છીએ તે બીજો કોઇ જ નહિ, પણ સૂરતનો નવાબ ગ્યાસુદ્દીન રૂમી છે. વલંદાની કોઠી તરફ એ ગયો ત્યાંથી આપણે એને છૂટો મૂકી ગયા હતા; તેથી ટુંકમાં એટલું જ કહેવાનું છે કે ખબર મેળવતાં તે દોટ મૂકતો જ્યાં લશ્કર આવી પહોંચ્યું હતું ત્યાં આવી પહોંચ્યો. રમા જ્યારે ત્યાં આવી પહોંચી ત્યારે તેણે મનમાં નક્કી કીધું કે એ નિમિત્તથી મરાઠાનું લશ્કરી બળ કેટલું છે તે જાણી અવાય તો ઠીક પડે; અને તેથી જ પોતે છૂપો રહી એકદમ ઝંપલાવી પડ્યો શિવાજીની કચેરીમાં જે જે પ્રસંગો બન્યા તે આપણે જાણી ગયા છીએ, પણ ત્યાં હોંસાતોસી કીધી અને ધારેલું કામ પાર ન ઉતારતાં ઉલટું નકામું દુઃખ શિરપર હોર્યું, તેને માટે એ પોતાના મનમાં હમણાં સેહેજસાજ પસ્તાવો કરતો હતો.

જવાનીના જુસ્સા ઘણા સારા હોતા નથી. જવાન માણસો હમેશાં પોતે હોય તેના કરતાં પોતાની શક્તિ ઘણી વધારે જાણે છે, પણ જ્યારે વૃદ્ધપણાના લાંબા અનુભવથી પળિયાવાળા ડોસાઓ સો ગળણે ગાળીને પાણી પીએ છે

ત્યારે જવાનીઆઓ યાહોમ કુદી પડે છે અને તેમાં જ્યારે પછડાઇને પસ્તાવામાં પડે છે ત્યારે પણ સમજતા નથી; ઘરડા ડોસાઓ અનુભવી હોવાને લીધે ઘણીક રીતે બારીક પ્રસંગો કાઢી લે છે, અને પોતાનું ધાર્યું પાર પાડે છે. તેઓ કાવાદાવા ને છળકપટથી ભરેલા હોવાને લીધે દુનિયાને સારી રીતે પિછાની શકે છે, ત્યારે જવાનીઆઓ ભોળા અંતઃકરણના, ઉછળતા લોહીના, પોતાનું કેમ બગડે છે તે કોઇ પણ પ્રકારે ન જાણ્યા વગર એકનિષ્ઠ અંતઃકરણથી મેદાન પડે છે; તેમાં ઘણી વેળાએ જશ કમાઇને આવે છે, ત્યારે તેઓ ઘરડાઓને શરમાવી પણ નાંખે છે. પણ આટલું ખરું કે, પ્રસંગ વિચારવો અને ધારેલું પાર પાડવું એમાં ઘરડાઓ જેવા હોશિયાર હોય છે તેવા જવાન હોતા નથી. પણ જવાન જે કામ કરે છે તે ઘરડાથી થતું નથી. જવાનીઆ ધીટ, ધીર, વીર હોય છે, ને તેથી ગમે ત્યાં ઝંપલાવી પડે છે.

અમીર નવાબે પણ એક તરુણપેરે પગલું ભરયું હતું અને તેથી તે હવે કંઇક વિચારમાં પણ પડી ગયો હતો. નવાબ એ જ છે એવો વિચાર થતાં રમાની મનોવૃત્તિ નવાબપર પ્રેમથી પ્રેરાઇ. તે એક સદ્‌ગુણી સુંદરી હતી, એટલે તેને માટે કંઇ પણ લાંછનયુક્ત બોલવું, એ ઘણું ખોટું કહેવાય.

એક પળ અને માત્ર તે એક જ કીમતી પળ બંને જણ અબોલ રહ્યાં; પણ પછી રમાએ જ પહેલ કીધી.

"નવાબ સાહેબ! આપે કંઇપણ ગભરાવું નહિ. મેં તમારો ભેદ જાણ્યો, ને હું તમારે ખાતર નહિ, પણ મારે પોતાને ખાતર તમારો પ્રાણ બચાવીશ. જ્યારે તમે મારા માટે આટલું જોખમ ખેંચ્યું છે ત્યારે મારો ધર્મ છે કે તમારું રક્ષણ કરવું; અને ખાત્રીથી માનજો કે જે ગુપ્ત ભેદ તમે મને કહ્યો છે તેથી જરા પણ ખિન્ન થયા વગર બેધડક તમે લડાઇના મેદાનમાં ઝંપલાવો. ત્યાં તમને જ ઇશ્વરી યારી આપશે. હું શિવાજીની ઘણી જ પ્રિયમાં પ્રિય નાયિકા છું. એ મને

પોતા સાથે લગ્ન કરવાનું કહી લઇ આવ્યો છે, પણ એની પાપી વાસના મને પસંદ ન પડવાથી મેં એનો સ્વીકાર કીધો નથી. તમારો બચાવ સહજમાં થાય તેવો છે, પણ હું તેમ કરવા માગતી નથી; તો પણ એક ઇલાજ છે, તે રીતે હું કરી શકીશ."

"કિસ તર્હસે ?" નવાબે પૂછ્યું.

"મારી જેમ અક્કલ ચાલશે તેમ હું કરીશ." રમાએ જવાબ વાળ્યો.

"મુઝે ઇસકા યકીન કયોંકર હોસકતા હય ?" નવાબે પ્રશ્ન કીધો.

"મારા જીવના સમ, ઇશ્વરપર વિશ્વાસ રાખીને મને વિશ્વાસયુકત કરો. હું તમને બચાવવા મારો પ્રાણ પણ આપી ચૂકી છું, તો પછી શું જોઇયે છે ? આજે કાં તો તમારી નગરી લૂટાય છે કે કાં તો મરાઠાઓની લોથો આ મેદાનમાં પડે છે તે તમે જીવતા જ જોશો. તમારા તનને કંઇ પણ ઇજા થશે નહિ. પણ કદી તમે સપડાયા તો આ ત્રણ ગોળા હું તમને આપું છું તે, જ્યારે ખરેખરી આફ્ત તમારા શિરપર આવી પડે ત્યારે ઘણા જોરથી, જેટલું તમારામાં જોર હોય તેટલા જોરથી વારાફરતી પાંચ પાંચ પળને અંતરે જમીનપર અફાળજો, ને તેથી તમને જોઇતી હોય તે સઘળી મદદ મળી આવશે. આ ખંજર લો. એને છાતી આગળથી દૂર ખસેડતા નહિ અને ખરા ઉપયોગનો સમય આવે નહિ ત્યાં સુધી તે શત્રુની છાતીમાં ભોંકતા નહિ. એ ખંજર જેની છાતીપર એકવાર પડ્યું તે ક્ષણમાત્રમાં ઇશ્વર સમીપ પહોંચી જશે. એ સઘળા કરતાં વધારે જરૂર તમને હોય ને તમારો જાન જ બચાવવો હોય ત્યારે કોઈ પણ મરાઠાને આ દાબડી બતાવજો, જેથી ખૂનમાં આવશે તો પણ તમને જતા મૂકશે. લડવામાં તમને બે વાત જણાવું છું; મરાઠો જે લડવા આવે ને તેમાં માલુસરેને જે ઘા તમે મારો, તે પગપર મારજો, એમાં જ તમારો જય થશે; કેમકે એના ડાબા પગમાં જે ખોડ છે તેથી તે પર ઘા પડતાં જ તે લાંબો થઈ જશે, ને તમે તે લાંબો થાય કે જોઇએ તો ગોળાનો

ઉપયોગ કરજો, ને જોઇએ તો ખંજરનો!" આ સઘળું તે એટલી તે ઝડપથી બોલી ગઇ કે નવાબથી તેના ખુલાસામાં એક પણ પ્રશ્ન પૂછાયે નહિ. એ શા માટે આટલી બધી યુક્તિ બતાવે છે, ને તેમાં કંઈ પ્રપંચ તો નથી એમ પણ એના મનમાં આવ્યું, પણ "ખુદા હાફિજ હય! એમ મનમાં બોલી તે ચૂપ રહ્યો.

રમાની ઝડપ, તેની ચપળતા અને ખૂબસૂરતી જોઇને તે ચકિ થયો, કેમકે ઘણી ઝડપને લીધે તેનાથી ભૂલમાં પોતાનો બૂરખો ઉંચે થઇ ગયો, ને એ ખૂબસૂરતી જોઇ તે આશો જ બની ગયો. પ્રીતિ મજબૂત બીજ એના અંતઃકરણમાં રોપાયું.

"અય દિલરુબા! જબ તૂને મેરી જિન્દગીકે બચાનેકા બી ઉઠાયા હય, તો હમારીભી યહી દુઆ હય કે ખુદા તેરા નિગાહબા રહે—તૂ હમેશા શાદમાન રહે. મગર જિસને ઇતની મહેરબાની ફરમા હય ઉસકા એહસાન માનનેકે વક્ત ઉસકા નામ જબાનપર લાઉં—મોહ સિનકો કિસતરહ પયચાનું?"

"ખુદાવંદ! એ માટે આપને કંઇ પણ દરકાર રાખવાની જરૂ નથી, ને એ જાણવાની કંઇ અગત્ય નથી. વખત ઘણો થોડો છે, કામ ઘણું કરવાનું છે, માટે હવે શું કરવું તે મારે જ નક્કી કરવા છે. હવે આપ સિધારો, કેમકે આપણો આ સંકેત શો છે, ને હું કો છું ને કયાં છું તે ઘણા જ થોડા મરાઠા જાણે છે, એટલે જે મા કરવાનું છે તે ઘણી સહેલાઇથી કરી શકીશ. હવે તમે દૂર જાઓ ને તમારું કામ કરો."

"અય નાજનીન! મયંને આજસે અપની જાનકી માલિક તુ બનાઇ હય. તેરે એહસાનોંકા બદલા દેના મેરી તાકતસે બાહર હ મગર વકત આયગા તો જરૂર એહસાનોંકા કુછ ન કુછ યવજ દિ જાયગા. એહસાનોંકે ઇલાવા તેરી ખૂબસૂરતીકા મયં પરસ્તાર હું ઔ તેરે ખાતિર અપની જાનકા સદકા દેનેકો તૈયાર હું." નવ્વાબે પોતા પ્રેમના આવેશમાં તેનો અત્યંત આભાર માન્યો.

"પૃથ્વીનાથ ! હું એક ગરીબ છોકરી માટે આપનો આટલો બધો ઉપકાર ન હોય ! મેં શું કીધું છે? માત્ર જે કામ તમે મારા રક્ષણ માટે કીધું છે, તેનો એક ઘણો હલકો બદલો આપવા માંડ્યો છે." પછી નીચે નમીને પગે લાગવાના ડોળથી બોલીઃ—"જગત્પાલનકર્ત્તા, એ નવાબ, તારી જેવી મહેર મારાપર છે, તેવી હંમેશાં રાખજે, પણ જરા પણ મને હીણતો નહિ. હું તારી જૂતીની ખાક છું, ને ગરીબ દાસીની સેવા કબૂલે છે તે તારી લાયકી છે. રામ કદી સવરીનાં અજીઠાં બોર આરોગે નહિ, પણ રામની ઘણી મહત્તા છે કે તેણે ગરીબ રાંકનો અનુગ્રહ કીધો ને તે જેટલી મોટાઇ પામ્યો છે તેટલી મોટાઈ તું પણ પામશે." એમ બોલતી કે તે હઠી અને પાછી બોલીઃ—"હવે રામરામ સરકાર સાહેબ !"

"અયે ગુલ, ઓ ગુલાબ !" ઘણાં ગદગદિત વેણથી નવાબ બોલ્યોઃ—"અબ તૂ કિધર જાયગી ? મયઁ જંગકે મયદાનમેં ખડા રહુંગા ઔર તૂ કયા કરેગી? તેરા કયા હુકમ હય, ચાંદકે ટુકડે ?"

"મારો હુકમ સરકાર? હું કિસ ગણતીમાં છું? આ દાસી તમારો કોઈ પણ હુકમ બજાવવાને માટે તત્પર છે, હુકમ હોય તે ફરમાવો." ઘણા પ્રેમથી રમા બોલી.

"મેરી યહી તમન્ના હય કે તુઝપરસે જાન કુરબાન કરૂં ?"

"નહિ સરકાર, હવે વખત નથી. તમારે જોઇયે તે કરજો, પણ હવે વખત ઘણો થોડો છે ને કામ ઘણું કરવું છે." એમ કહીને બંને તંબુના દરવાજા પાસે આવ્યાં. રમા નવાબનો ઘણો ફક્કડ ઘોડો હતો તેપર એકદમ ચઢી બેઠી અને ઘોડાને એડી મારી દોડાવવાની તૈયારી કીધી."

"જાનેમન, કિધર જાઓગી ?" નવાબે પૂછ્યું.

"સરકારને પાછી મળીશ, અને ત્યારે આ લોંડીને યાદ રાખજો."

એમ કહેતી કે ઘોડાને એડ મારી ઘણા જુસ્સામાં તે મરાઠાની છાવણીમાંથી બહાર નીકળી ગઇ.

## પ્રકરણ ૧૬ મું
## લશ્કરની હાલત

તે જ દિવસે, કે જ્યારે મરાઠાની છાવણીમાં આ ગડબડ ચાલતી હતી, અને સૂરતનો નવાબ ઘણી હિમ્મત બતાવતાં ફસી પડ્યો હતો, ત્યારે હરપ્રસાદપર શિવાજી કોપ્યો હતો, અને તેને પોતા સમીપ બોલાવી, હવેની કેમ વ્યવસ્થા કરવી તે માટે ઘણા જોરથી પૂછ્યું હતું. આગલે દિવસે અનાજની મોટી ખૂટ પડવાથી ઘણાં માણુસો ભૂખ્યાં રહ્યાં હતાં, અને આજે શત્રુસામા લડવા જવાનું હોવાથી, અનાજ ન હોવાને લીધે હવે પછી કેમ કરવું, એ વિષે ઘણી ચિન્તાતુર હાલતે મહારાજ બેઠા હતા.

આપણે અગાડી જોઇ ગયા છીએ કે, સઘળું લશ્કર એવી જગા પર હતું કે સામસામાં થતાં બેમાંથી એકને ઘણું નુકસાન થાય. દક્ષિણી લશ્કર પૂર્વ બાજુપર હતું, કે જ્યાં ટેકરાટેકરીવાળી જગ્યા હતી, અને કાંકરાખાડીમાં ભરતીનું પાણી આવે તેના શિવાય તેઓને બીજું પાણી પણ મળી શકે તેમ નહોતું. એ ખાડીમાં પાણી હોય તેના કરતાં વધારે કાદવ હતો, અને તેમાંથી પસાર થવું એ પણ ઘણું મુશ્કેલ હતું. તેમ જ એ વર્ષે પાછળથી મોટી રેલ આવવાથી ઘણા ભાગમાં પાણી ભરાઇ રહેવાથી જગ્યા ઘણી ખરાબ થઇ ગઇ હતી. જો મરાઠા નાસવા માંડે તો તેઓને ઘણી હેરાનગતી ભોગવવી પડે. જો રહેવા ઇચ્છે ને લડવા જાય તોપણ ઘણી વિપત્તિ વેઠવી પડે—જોઇએ તેવો મારો શત્રુપર ચલાવી શકે નહિ, અને અનાજ પાણીની સોઇ જરાએ મળે નહિ તેથી ઘણા બુરા હાલ સહજમાં થાય. જ્યારે કલ્યાણીથી શિવાજી આવ્યો ત્યારે લૂટની મોટી લાલચે લશ્કરને માટે જોઇતી વ્યવસ્થા રાખવાનું હરપ્રસાદે કબૂલ્યું હતું, પણ આજે જેવી સ્થિતિમાં લશ્કર છે તેવી સ્થિતિમાં જો બપોર સુધી લશ્કર રહે તો તેઓનો સઘળો જુસ્સો ભાંગી જાય અને લડવાને બદલે તેઓ નાસવાનો વધારે મનસૂબો કરે. પણ નાસ-

વાને માટે કોઇ પણ સારો રસ્તો ન હોવાથી લડ્યા વગર છૂટકો જ નથી, એમ શિવાજીને પોતાના વિચારથી માલમ પડ્યું. કોઇ પણ એવી જગા પાસે નહોતી કે જ્યાં જઇને રક્ષણ કરી શકે. પૈસા ઘણા હતા, પણ તેને શું કરડે ? કોઇપણ પૈસા લઇને અનાજ વેચનાર નહોતું અને કોઇ ઠેકાણે અનાજ મળે એવી સ્થિતિ પણ નહોતી. લશ્કરી યોધાઓને તો ખાવાને પેટપૂર જોઇયે, તેમાં આગલા દિવસનો કડાકો હતો એટલે આજે તેવો કડાકો ખેંચવા તૈયાર નહોતા. એ પ્રમાણે મરવું કે મારવું એવો એમનો વખત આવી રહ્યો હતો. લડવું ને મરવું એ વધારે સારો રસ્તો છે, એમ માનવામાં આવ્યું અને જેવી સ્થિતિ શિવાજીએ જોઇ તેવી સ્થિતિ બીજો સરદાર ભાગ્યે જોઇ શકત. આ વિચાર જેવો પહેલ વહેલો મનમાં આવ્યો કે લશ્કરના પેટમાં પૂરતી પોષણની વસ્તુ નથી તો તે કેમ લડશે, એટલાથી જ શિવાજી શિથિલ થઇ ગયો. લશ્કરમાં માણસો ઓછા થયેલા, કેટલાક સારા પાણીદાર સરદાર ગયા હતા; અને જે હતા તેમાં કામ કરવા કરતાં તડાકા મારનારા વધારે હતા. વળી ઘોડેસ્વાર લશ્કર ઘણું થોડું હતું, ને જે હતું તે ભુખાળવું હતું. ઘણો લાંબો સમય થયાં રાયગઢમાંથી સર્વ નીસર્યાં હતા, એટલે ઘણા ભાગનો વિચાર એવો પણ હતો કે, જેમ બને તેમ જલદી દેશમાં એકવાર જઇ પહોંચવું. વળી વિજાપુરના હાકેમની ઇતરાજી દિનપ્રતિદિન વધતી જતી હતી, અને રાયગઢપર તે ઘણો જલદી ચઢી જશે, ને ત્યાં પોતાના લશ્કરનાં બૈરાં છોકરાં રહેતાં હતાં, તેમના રક્ષણ માટે જોઇતું લશ્કર નહોતું. એ સંધી વાતનો વિચાર કરતાં હમણાંની સ્થિતિ ઘણી બારીક જણાતી હતી. જો હારે તો દુઃખનો ડુંગર સામો ધસી પડતો ઉભો હતો, ને જિતે તો પણ ઘણો થોડો લાભ હતો. એ પ્રમાણેની ખરાબ સ્થિતિમાં મરાઠાનું લશ્કર ઉભું રહ્યું હતું.

જે જગાએ મરાઠાનું લશ્કર હતું, તે જગા ઘણી કઢંગી અને લડવાને માટે કંઇ સારી નહોતી. તેમ ત્રણ દિવસ રહ્યા, તેટલા અરસામાં એવી

પણુ યોજના કીધી નહોતી કે, એ આફતને વખતે શું કરવું. પહેલ વહેલું એમ જ ધારવામાં આવ્યું હતું અને હરપ્રસાદ વગેરે એમ જ સમજાવતા હતા કે નવાબ દમવગરનો છે, ને તેની પાસે જોઇએ તેટલાં લડવાનાં સાધન નથી. તે લડવા આવે એવો હોય તો શહેરની આવી ખરાબ સ્થિતિ કેમ કરવા દે, અને જ્યારે એવો જ વિચાર મજબૂતપણે બંધાય ત્યારે પછી બચાવનાં સાધન શા માટે તૈયાર રાખે ! જે સાધન ખોળવાં સૌથી જરૂરનાં હતાં, તે જો પહેલેથી શોધી મૂકયાં હોત તો, જ્યારે પેલા દ્વંદ્વયુદ્ધની તૈયારી થઇ, ત્યારે શિવાજીને ગુંચવાડામાં પડવાની કશી જરૂર પડત નહિ. લશ્કરી બાબત જેટલી સારી રીતે એક સરદાર જાણે તેવી રીતે બીજા સિપાઇઓ જાણી શકે નહિ. પણુ શિવાજીએ હરપ્રસાદના બોલવાપર ભરોંસો રાખી તે એક જબરો સરદાર છે એમ માની, 'બચાવ બરાબર છે' તેમ ધાર્યું. પણુ આ ભૂલ હવે એને ભારે થઇ પડી અને ખરેખર આ ભુલ જ હતી. નાસવા જાય તો કોઇ પણુ પ્રકારનો માર્ગ ન હતો. બંને બાજુએ ટેકરા હતા. તે ઉપરથી ઉતરી આવી જો આ ખીણુમાં આવેલા લશ્કરપર મારો ચલાવે તો એક પણુ માણુસ જીવતું જવા પામે નહિ. આસપાસનાં નાનાં નાનાં ગામોનાં માણુસો પણુ આ લૂટારાઓની સામાં થાય ને જે બચે તેને ઘણા જલદીથી તેઓ ઝબે કરી નાંખે. જોકે પૂર્વ તરફનો રસ્તો ઘણો પાધરો ને સારો હતો, તોપણુ તે બાજુએથી ભય ઘણો હતો. નવસારીનો દેશાઇ લશ્કર લઇ આવશે એવો ભય હતો. કેમ કે આગલે દિવસે જ સંધ્યાકાળે બૂમ પડી હતી કે સુરતની વાહારે નવસારીથી લશ્કર આવે છે. દક્ષિણુ બાજુએ કાંકરાખાડી પાણીથી છળાછળ ભરપૂર હતી ને રસ્તો ઘણો ખરાબ કાદવ કીચડથી ભરેલો હતો. ઉત્તર બાજુએ તાપી નદી પોતાના શહેરને બચાવવા તત્પર હતી ને સામા તો શત્રુઓ જ હતા એટલે ખરેખરી સંકટની ઘડી તે એ જ હતી. પડોસમાં નહિ કોઇ મૈત્રી દર્શાવનારો દેશ, નહિ પાસે જોઇતું લશ્કર ને "ઊમેરણી"નું લશ્કર, નહિ પીઠની સહાયતા, નહિ

સારી જગ્યા કે જ્યાં સારી છૂટથી લડી શકાય, અને લશ્કર પણ એવી હાલતમાં કે તેઓને જો બરાબર ખાવાનું મળે તો જ કંઇ પણ શૂરાપણું બતાવવાને શક્તિમાન્ થાય.

શહેરી લશ્કરને આ વખતે ઘણી સારી સહાયતા હતી. જો કે તેઓ ઘણા થોડા હતા તોપણ તેમનામાં નવું જોર હતું, અને આસપાસની સઘળી જગ્યાથી માહિતગાર હતા. શહેરની નજીક હતા તેથી થોડા વખતમાં તૂટેલો દરવાજો ઘણો મજબૂત કરાવી લીધો અને કદાપિ ભય આવી પહોંચે, તોપણ પોતાના બચાવનાં સાધન પોતાની પાસે સારી રીતે રાખી મૂકયાં હતાં. આસપાસની બધી સહાયતા તેમને મળે તેવી હતી ને જો નવસારીના દેશાઇઓ પોતાનું લશ્કર લાવીને મદદ કરે તો બંને બાજુના મારાથી આ લૂટારાને છુંદી નાંખવાને પૂરતા શક્તિમાન્ હતા. તેમનું મથક ઘણું મજબૂત હતું, ને જ્યારે મરાઠા નીચાણમાં હતા ત્યારે તેઓ વધારે ઉંચી જગ્યામાં હતા, ને ત્યાંથી મારો ચલાવે તો પછી મરાઠામાંથી ઘણા થોડા જીવતા જવા પામે. નવરોઝે હમણાં પોતાની લશ્કરી રચના તદ્દન ફેરવી નાંખી હતી, ને સુરલાલ ને એ, જૂદા જૂદા વિભાગના સૈન્યાધિપ થયા હતા. નવાબના મહેલનું રક્ષણ કરનારા તથા કિલ્લામાં ને બીજે ઠેકાણે જે અરબો હતા તેમના હાથમાં બંદૂકો આપી અને તેવા ચારસો ને બીજા ૩૦૦ લશ્કરી સિપાઇઓના હાથમાં તીરકામઠાં આપી તેની સરદારી નવરોઝે લીધી હતી, ને પ્રજામાંથી આવેલા માણસોની સરદારી સુરલાલને આપી હતી—કે જે પછાડી સહાયતામાં હતો. મોતી બેગમે પોતાનો જનાની પોષાક કાઢી નાંખીને મરદાનગીવાળો સજ્યો હતો, ને તેવા જ પોષાકમાં મણીને પણ એક સરદાર બનાવી હતી. આ બંનેની હાજરીથી સિપાઇઓને ઘણું શૂર છૂટયું હતું. જ્યારે મરાઠા લડવાને આનાકાની કરતા હતા ત્યારે પ્રજારક્ષક સૈન્ય લઢવાને તલપી રહ્યું હતું.

આમ એકેકની સ્થિતિમાં મોટા ફેર હોવાથી આ લડાઇ કેમ ચાલે

છે તે બહુ જોવા જેવું હતું. મરાઠામાં બસેં ઘોડેસ્વાર હતા ત્યારે પ્રજા-રક્ષકમાં ચારસો ઘોડેસ્વાર હતા, ને તેથી તેમનો પક્ષ વધારે જયવંત હતો. પણ માત્ર શિવાજી શિવાય સઘળા જ મરાઠા સરદારો પોતાના વિશ્વાસપર હતા. તેઓ લશ્કરની હાલત શી છે તે જરાપણ જોઇ શક્યા નહિ, તેમ તેઓએ જોવાને યત્ન પણ કીધો નહિ. તેમના લક્ષમાં પણ નહોતું કે પ્રજારક્ષકસૈન્ય કેવી સ્થિતિમાં છે. અરબો અને અફગાનો કેવા વિકરાળ વાઘ હતા, ને તેઓ તૂટી પડે છે ત્યારે કેવી ખરાબી કરે છે તેનો સહજ પણ ખ્યાલ લાવ્યા વગર સરદારો એક નજીકના મેદાનમાં હમણાં થનારું દ્વંદ્વયુદ્ધ જોવાને આવ્યા હતા, તથાપિ એથી કંઇ શિવાજી રાજી થયો નહિ. તેણે પોતાનું સંભાળવાનો પહેલો વિચાર કીધો. પોતા સમીપ હરપ્રસાદ આવ્યો. તેને અનાજની સોઇ કરવાનો હુકમ આપ્યો ને એક કલાકમાં સઘળા લશ્કરમાં અનાજ પહોંચે તેવી ગોઠવણ થવી જ જોઇયે એમ જણાવ્યું. અનાજ લાવવું ક્યાંથી ને કેમ ? શહેરના રસ્તા બંધ હતા, ને પાસે કોઇપણ ઠેકાણેથી તે મળે એમ પણ નહોતું. એટલે બસેંક માણસ પોતાની સાથે લઇને, ગમે તેમ કરતાં સચીન અને તેની આસપાસના ગામોમાંથી લૂટ કરીને અનાજ લાવવાનો ઠરાવ કરી તે ઉઠયો. જે માણસોને લઇ ગયો હતો, તેમાં સો ઘોડેસ્વાર હતા, એટલે અધૂરામાં પૂરું એવું બન્યું કે, ઓછા લશ્કરમાં ઓછું થયું; અને આ 'દુકાળમાં અધિક માસ' જેવો બનાવ પ્રજારક્ષકસૈન્યને ઘણો લાભકારી થઇ પડ્યો.

શિવાજીની યોજના લડવા કરતાં લૂટફાટ કરવાની વધારે હતી ને તેમાં તેનું લશ્કર નિયમિત યુદ્ધ માટે બરાબર હતું જ નહિ, એ તે સારી પેઠે જાણતો હતો. તેની ગણત્રી હમેશાં જુદી જ હતી, ને જો આ વેળા તેની ગણત્રીએ કામ ચાલ્યું હોત ને તેની યોજના પ્રમાણે લશ્કરે વલણ લીધી હોત તો જે સંકટ આવી પડયું તે પડત નહિ, પણ તાનાજી માલુ-સરેની યોજના પ્રમાણે હાલની વ્યવસ્થા ચાલી હતી; જેમાંથી આ માઠું પરિણામ આવ્યું હતું. તેમાં અધુરામાં પૂરું તેનું જ ઘર ફૂટયું હતું. રમા

આ વેળાએ જે લશ્કરની સઘળી રીતભાત શિવાજી પાસે રહીને સારી રીતે જાણી ગઇ હતી, તે જ તેના શત્રુરૂપે કામ કરવા લાગી. જે લૂટમાંથી રમાને લાવ્યા હતા, તે લૂટમાં માલુસરેને હાથે એ પહેલી પકડાઇ હતી. માલુસરેએ આ મરાઠણ છે એમ માની તેની સાથે લગ્ન કરવાનો કોલ આપ્યો, પણ ઘણા દિવસ સુધી રમાને કેદમાં પૂરી રાખીને પોતાના કોલનો ભંગ કીધો. શિવાજીના એક ચાકરે કેદખાનામાંથી આ કેદણને છોડવી. શિવાજી તેની મોહકમૂર્તિ જોઇને મોહિત થયો. આ વખતે એની મરજી લગ્ન કરવાની હતી, પણ પછી જ્યારે એમ માલમ પડયું કે, તેની મા મુસલમાની છે ત્યારથી તેણે પોતાના વિચારમાં ફેરફાર કરી નાંખ્યો. લગ્ન કરવાને ઘણી વેળા માગણી કીધા છતાં તે તેને ઉડાવ્યા કરતો હતો. રમા મૂળથી માલુસરેપર મોહી પડી હતી, પણ જ્યારથી તેણે તેને કેદખાનામાં સપડાવી, ત્યારથી તે વેરીલી આંખથી તેના પ્રત્યે જોતી હતી; તેમાં જ્યારે શિવાજીએ લગ્ન પણ ન કીધું અને તેનો છૂટકો પણ ન કીધો ત્યારથી તે વધારે ખૂનપર ચઢી હતી. શિવાજી માટે ગમે તેમ કહેવામાં આવે, તથાપિ આ તો સર્વથા સિદ્ધ છે કે તે લંપટ ન હતો; તો પણ રમાને ન જવા દેવામાં તેનો શો હેતુ હતો, તે સમજાય તેમ નથી. આવી ખરાબ ગુલામી સ્થિતિમાં રહેવાનું રમાને પસંદ ન હોવાથી તે છૂટવાનો વિચાર કરતી, અને તેને વારંવાર અટકાવવામાં આવતી હતી. આથી એમ કરતાં નિરંતર દુઃખ ધરીને, કાં તો મરવું કે કાં તો વેર લેવું, એ ધૂન તેના મનમાં ઘૂમી રહી હતી. આવા જ હેતુથી તેણે કોટપરથી તૂટી પડીને શહેરના દરવાજા ઉઘાડ્યા હતા, પણ 'જેને રામ રાખે તેને કોણ ચાખે,' તેમ એનું રક્ષણ થવાનું હતું. એ પોતાનું વેર લેવાની હતી ને એના નસીબમાં નવલ સુખ હતું, તેમાંથી કોણ અટકાવ કરી શકે?

રમા ઘોડાને એડ મારતી દોડી ત્યારે કેટલાક મરાઠાની નજર તેની તરફ ગઇ ખરી, પણ કોઇએ બરાબર લક્ષ દીધું નહિ; કેમકે મેદાનમાં જ્યાં અખાડો મચવાનો હતો, તે તરફ સર્વની વૃત્તિ હતી.

શહેર નજીકના લશ્કર પાસે આવતાં તે જરાપણ ગભરાઇ નહિ, અને આવતાંની સાથેજ તે મોતી બેગમની નજીક પોતાના ઘોડાને દોડાવતી ગઇ. જો કે હમણાં મોતીનો પોષાક તદ્દન જૂદા પ્રકારનો હતો, છતાં તેણે એને બરાબર પારખી હતી. નજીક જતાંજ બન્નો એકમેકના મોઢા સામું જોઇ રહ્યાં. એક ક્ષણભર તો કોઇથી જરા પણ બોલાયું નહિ.

નવાબ રમાને જતી જોઇને સ્તબ્ધ થઇ ગયો હતો, ને તેણે છેલ્લી ઘડી સુધી તેના ઘોડાને જતો જોયો. પછી પોતાના નસીબમાં જે બનનાર છે તે મિથ્યા થનાર નથી એવો વિચાર કરતો તે ઉભો રહ્યો. મેદાનમાં હરપ્રસાદને અનાજ માટે મોકલવામાં આવ્યો તે ગડબડમાં આ શૂરો પહેલવાન ક્યાં છે, તે કોઇના જાણ્યામાં આવ્યું નહિ. પણ જ્યારે સઘળા મેદાનમાં તૈયાર થયા ત્યારે મુસલમાન ક્યાં છે તેની દોડાદોડી ચાલી. કોઇ કહે કે તે નાસી ગયો, ને કોઇ સંતાયો એમ બતાવવા લાગ્યા; ને કેટલાક તો બોલવા લાગ્યા કે એ તો વીર વૈતાલ હતો તે આપણને છેતરીને ચાલ્યો ગયો! આસપાસ જોવાને માટે દોડાદોડ થઇ રહી. માલુસરે ઘણો જુસ્સામાં ઉભો હતો, ને વારંવાર મૂછપર તાવ દેતો હતો. શોધવા જનાર સિપાઇઓ તો આપણા સરદારને એક ઘણો કમીન—હીચકારો સમજતા હતા, "એને પકડીને કાપી નાંખો, એ ચોર ચંડાળ છે" એમ બૂમ પડી, તે આપણો સરદાર જે જગ્યાએ ઉભો હતો ત્યાં સંભળાઈ, ને તે ખિન્ન થતો અગાડી ધસ્યો. ધીરજ જે અત્યાર સૂધી વેરણછેરણ થઇ ગઇ હતી, તેને એકઠી કરીને તેણે સામી બમ મારી કે "કાટનેવાલા કહીં ખુદ ન કટ જાય, અપના કિયા અપનેહી સામને ન આય. ઇરકે સમ્હાલના—બેહૂદા કલામ મુંહસે ન નિકાલના!" એ ધાડા શબ્દે ઉડતા, ઉછળતા ને દોડતા મરાઠાઓને એકદમ અટકાવ્યા.

મરાઠાઓ એ અવાજ સાંભળતાં જ લગાર અચકયા ને તાનાજીએ આ અવાજ સાંભળ્યો તે પણ જરાક ખંચાતાં મનમાં બોલ્યો કે, "એ

રાણી જાયો છે. લોંડી જાયો નથી." સૂરતના નવાબ આસુદ્દીન રૂમીએ પોતાની તરવારથી પટો કીધો ને તે ખેલતો ખેલતો અગાડી ધસ્યો ને જ્યાં તાનાજી ને બીજા સરદારો ઉભા હતા ત્યાં જઈને પહેલવાનપણાનો દાવો સાબિત કરવાને માટે ઉભો રહ્યો. રમાના આપેલા ત્રણ ગોળા કમરબંધમાં ખોસ્યા, ને અંગુઠી પોતાની આંગળીમાં રાખી તે પોતાના પૂરતા ઉમંગમાં દેખાયો. આ વખતની તેની છબી ને ધીરજ જોઈને મરાઠાઓથી પણ "શાબાશ! શાબાશ! તરકડા તને શાબાશ છે!" એમ અકસ્માત્ બૂમ પાડ્યા વગર રહેવાયું નહિ. "શત્રુની ભીણમાં આટલી ધીરજથી કોણ ઉભો રહે?" એમ દાદોજી બોલ્યો; આથી મુસલમાન સરદારનું તેજ વધ્યું ને તાનાજીનું તેજ હરણ થયું—જાણે શલ્યે કર્ણનું તેજ હર્યું હોયની તેમ બન્યું!

# પ્રકરણ ૧૭ મું

## રમા ને મોતીનો સમાગમ

રમા, મોતી બેગમ હજૂર જઇને ઉભી રહી, ત્યારે આ કોણ સ્ત્રી પાછી આવી છે, એમ વિચારી બેગમ તદ્દન સ્તબ્ધ થઇ ગઇ. ધારી ધારીને જોયા પછી સરદાર સાથે ગયેલી તે જ આ મરાઠણ છે અને કંઇ માઠા સમાચાર લાવી છે એમ માની, તે તદ્દન ગમગીન થઇ ઉભી રહી. રમાના મુખમાંથી શું નીકળે છે, તે જાણવા તે બહુ આતુર થઇ ગઇ. જે જગ્યાએ આ બન્ને ઊભાં હતાં, તે જગ્યા લશ્કરથી વેગળી હતી, એટલે બીજા કોઇનું લક્ષ તે તરફ નહોતું અને મોતીનો જીવ લશ્કર, પોતાની રાજધાનીનું રક્ષણ અને પ્રીતમપરનો અથાગ પ્રેમ, એ સઘળામાં એવો તો રસબસ થઇ ગયો હતો કે, આ અચાનક પ્રસંગ ન આવ્યો હોત તો કદી પણ તે નિરાશ થાત નહિ; ને પોતાના મોઢાનું નૂર ઉતારી નાંખત નહિ. તે એક સ્ત્રીવર્ગને દીપાવે તેવી, કૃશાંગી પણ શૂરી, પાવરધી અને સૌંદર્યની પ્રતિમા હતી અને રાજકાજમાં થોડાં પણ કાવતરાં સમજતી હતી, તેથી આ વેળા આ મરાઠણને જોઇને તેણે ધાર્યું કે, મારા સરદારનો એનાથી ઘાટ ઘડાયો છે, અને તે મોંકાણના સમાચાર કહેવા એ પાછી ફરી છે.

બન્ને ઘણો વખત અબોલાં રહ્યાં. રમા ઘોડાપરથી ઉતરીને નિરાશ થઇ ગઇ હોય તેમ થાકથી લોથપોથ બની ભોંયપર બેઠી. તેના મોંમાં શ્વાસ માતો ન હોતો. બેગમનો ઠંડો સત્કાર જોઇ તે ઘણી નમ્ર થઇ ગઇ ને માથે હાથ મૂકી જાણે ખરેખરી ખેદકારક હકીકત કહેવા આવી હોય તેમ એકીટસે મોતીના સામું જોઇ રહી. આથી બેગમનો વહેમ વધતો ગયો. તે પણ એકદમ ભોંયપર બેસી ગઇ અને પોતાનો આટલો બધો આગ્રહ ને આટલો બધો યત્ન છતાં આ મહાસંકટ કેમ આવ્યું, તે સમજી શકી નહિ. તેની મનોવૃત્તિ પોતાના નિકટના સંબંધીપર આવતી આપત્તિને માટે એકદમ કુદરતી રીતે જ બદલાઇ ગઇ. એ પ્રેમપાશનું આકર્ષણ,

ખરેખર ઈશ્વરપ્રેરિત જ જાણવું. રમા સાથે જે નવો સરદાર ગયો તે તેનો પ્રીતમ છે એવી તેને ખબર હતી જ નહિ, પણ રમાના પાછા ફરવાથી તે સરદારનો નાશ થઇ ગયો હશે જ, અને પોતાનો પ્રીતમ છૂટો પડ્યો છે તે કદાપિ એ સરદાર તો ન હોય એમ શંકા આવતાં પ્રીતિનું આકર્ષણ ખરેખરું ખડું થયું. એ શંકા તો ખરી હતી. સરદાર મોતી બેગમનો પ્રીતમ–પતિ હતો. એ હમણાં જે સંકટમાં હતો તે સંકટ ઘણું ભારી હતું. એ જીવ સટોસટના સંકટમાંથી ઈશ્વર છોડવે ત્યારે છૂટાય એવો બારીક મામલો હતો. નવાબને પણ પોતાની જિંદગીની જરાપણ આશા નહતી, તથાપિ તે જીવતો છે, અને તેના મરણનાં અપશુકન માન્યાં, તે માત્ર સ્ત્રીઓની અધીરતા શિવાય બીજું કશું નહોતું.

બંને જમીનપર બેઠા પછી લગભગ દશ મિનિટ વીતી ગઇ ત્યાં સુધી કંઇ પણ ખુલાસો થયો નહિ. થોડા વખતમાં મોતી બેગમ સ્વસ્થ થઇ, જેવા સમાચાર હોય તે જાણવાને આતુર થઇ. આ મરાઠણ કે જેનું નામ તેને માલમ નહોતું, તેની નજીક જઇને પરોણી કોણ છે, શા માટે આવી છે, ને શા સમાચાર લાવી છે તે જાણવાને ઉદાસ થઇ બેઠી. પણ આ મરાઠણ તો હમણાં તદ્દન બેદરકાર જણાઇ. તેનો અડધા કલાકપરનો ઉમંગ ને મોંપરનું નૂર હમણાં ઉડી ગયાં હતાં. પોતાના બે પગ વચ્ચે માથું નીચું નમાવી, પગની આસપાસ હાથ વીંટાળી નિરાશ થઇને તે બેઠી હતી. મોતી બેગમની ચપળતા, તેની કાંતિ અને તેનું લાવણ્ય એ સઘળું જોઇને એ એટલી તો ખિન્ન થઇ કે, તે વારંવાર "હર હર" એમ ઈશ્વરનું સ્મરણ કરી પોતાના કોઇ અઘોર પાપ માટે માફી માગતી હોય તેમ પ્રાર્થના કરીને મનનો તાપ સમાવતી હતી. બોલવાની શુદ્ધિ જતી રહી હતી, ને પોતાની જીભ ઉપાડવાને તેને હિમ્મત થતી નહિ. તે મનમાં ધારતી હતી કે, મારા મનોવિકાર વિપરીત થયા છે, ને તેની શિક્ષા, એ મને કર્યા વગર રહેશે નહિ. એથી તે દિગ્મૂઢ બની ગઇ. એ સમયે રમા શું બોલે છે, તેની વાટ મોતી જોતી હતી અને મોતીના બોલવાની વાટ રમા જોતી હતી.

રમાને આ અચાનક શું થયું? જે મનુષ્ય પાપકર્મના વિચાર બાંધે છે તે મનુષ્યને વહેલો કે મોડો પોતાના કૃત્ય માટે પરિતાપ થાય છે. મનુષ્યપ્રકૃતિ વિકારી છે. તે પોતાના સ્વાર્થ માટે સૃષ્ટિમાં ગમે તેનું અહિત ઇચ્છે છે; પણ ઈશ્વર ગમે તે દ્વારે તેની શિક્ષા કરે છે જ, એ સિદ્ધ થયેલું છે. રમાએ જ્યારે નવાબપર ઉપકાર કીધો ને નવાબ તેની ખૂબસૂરતીપર મોહિત થયો, ત્યારે નવાબ સાથે લગ્ન થાય તો પોતે પૂરા વૈભવસુખને પામે, એમ વાંછના કીધી; ને થોડા સમયમાં આ મુસલમાન નવાબ સાથે લગ્ન કરવાને તત્પર થઇ. તેણે ધાર્યું કે જો નવાબની હાલની બેગમ મરણ પામે તો હું બેગમ થઇ સર્વ સુખ ભોગવું. આ વિચારથી તેણે મનમાં સંકલ્પ કીધો કે, આ યુદ્ધક્ષેત્રમાં ગમે તે દ્વારે એની સ્ત્રીનો નિકાલ થાય તો સારું. આને માટે તેણે ઘણા પાપિષ્ઠ સંકલ્પવિકલ્પના વિચારો કીધા. આ વિચાર કરતી તે નજીક આવી ત્યારે આવી સુંદર મનોહર મોહનમૂર્તિ જોઇ, પોતાના પાપ માટે અતિશય પશ્ચાત્તાપ કરતી વિચારવા લાગી કે, "રે! રે! મેં મારા ક્ષણિક સુખ માટે આવી સુંદર કોમળ સુંદરીનું મરણ ઇચ્છયું! હું તે કેવા ઘોર નરકમાં પડીશ, હર હર!" આ વિચારના વમળમાં પડવાથી તેનાથી બોલાતું, હલાતું કે ચલાતું નહોતું ને તે શરમિંદી પડી ગઇ હતી. મનની સ્વસ્થતા અને વિચારની નિશ્ચલતા ન હોવાથી આમ સાધારણપણે બને છે. દૃઢ વિચારવાળા મનુષ્યો પોતાના વિચારમાંથી પાછા પડતા નથી. પણ આ તો એક કોમલાંગી સુંદરી જ કેની, તેના વિચારનો નિશ્ચય શો? પોતાની એક સજનીને જોઇ, તેના ચેહેરામાં જે મોહિની રહી હતી તેપર મોહિત થઇ રહી અને પસ્તાવામાં પડી એમાં ઝાઝું આશ્ચર્ય જેવું નથા. કેમકે મોતી બેગમનો સુંદર ચેહેરો એવી તો આકર્ષણશક્તિ ધરાવતો હતો કે, એ જગ્યાએ મોટા ક્રૂર પ્રાણી કે રાક્ષસ હોય તો તે પણ દિગ્મૂઢ થઇ જાય. સ્ત્રીઓ પ્રેમાળ ને શરમાળ હોય છે, ને તે ગમે તેવી સબળ હોય છે તોપણ પ્રેમ પામતાં પીગળી જાય છે એટલું જ નહિ, પણ પવિત્ર પ્રેમ નિરખ્યો કે તુરત ગમે તેવું કઠિન મન હોય તે પણ નરમ માખણ જેવું થઇ જાય છે.

આમ જ રમાને બન્યું ને તે સ્વાભાવિક હતું.

"બહેન, તું થાકી ગઇ છે ?" અંતે ઘણો વખત થવાથી મોતી બેગમે ખુલાસાની આશાથી પૂછ્યું.

રમાએ જાણે સાંભળ્યું જ નહિં હોય તેમ સ્વસ્થપણે માથું નીચું નમાવીને પડી રહી. ક્ષણેક પછી તે માત્ર "હર હર" એટલો શબ્દોચ્ચાર કાઢીને ચૂપ રહી.

મોતી બેગમની આતુરતા આથી ઘણી વધી ગઇ.

"સખી !" પોતાનો હાથ તેની પીઠપર લગાડી ફેરવતાં મોતી ધણી ધીમેથી બોલી:–"સખી ! તમે ઘણા શોકાગ્નિથી તપ્ત થયાં છો, નહિ ?"

હજી પણ જવાબ મળ્યો નહિ–માત્ર માથું નીચેથી ઉંચું કરીને રમાએ આસપાસ નજર ફેરવી, ને પાછી શરમાઈ ગઇ હોય તેમ જરાક ચેહેરાપર કરચલી ચઢાવી નીચું માથું કીધું. મોતીની મીઠી વાણી સાંભળતાં જ રમાને ઘણી શરમ ઉત્પન્ન થઇ.

"તમે સાંભળ્યું બેહેની ? શા સમાચાર છે કે તમે બોલતાં નથી ? શું જે સરદાર તમારી સાથે આવ્યો હતો તેનો નાશ પેલા શત્રુવટ દર્શાવનારા મરાઠાઓએ કીધો ? અને તે શું મારા પ્રીતમ"–

"ના ! ના ! બેહેન તમે તમારા પ્રીતમ માટે એટલી બધી આતુરતા ન રાખો." એકદમ ચમકીને રમાએ જવાબ દીધો.

"તમે મને શું કહેવા માગો છો ? તમારું એકદમ આવવું કેમ થયું તે માટે ખુલાસો કરશો ?" મોતીએ કંઇક ધીરજથી પૂછ્યું; "તમે દિલગીર છો કે થાકેલાં છો ?"

"બન્ને છું," રમાએ જવાબ દીધો. "આજે મારાપર અને તમારા પ્રીતમ નવાબ ગ્યાસુદ્દીન રૂમીપર જે જે વિડંબના આવી છે, તેવી કદી કોઇ પર પણ આવી હશે નહિ, ને તેથી આજે મારા દુઃખનો પાર નથી." ધીરજ ધરી સઘળી પાપી ઇચ્છાઓને દૂર કરીને રમાએ પ્રત્યુત્તર દીધો.

"ત્યારે આજે તમે જેની સાથે ગયાં હતાં, તે મારા ખાવિંદ હતા ? તો તેમનું શું થયું ? તેઓ કયાં છે ? મરાઠાઓએ કેદ કીધા કે

સ્વર્ગમાં મોકલ્યા કે પોતાની સાથે લઇ ગયા? શું છે બહેન, તે મને ઘણી જલદીથી જણાવ, તારો આભાર ભૂલીશ નહિ.” આ સઘળું મોતી એટલી તો ઉતાવળમાં બોલી ગઇ કે, પહેલો કયો જવાબ દેવો, તે રમા સમજી શકી નહિ. સ્ત્રીઓની રીતિ પ્રમાણે જેટલી અધીરતા મોતીમાં હોવી જોઇએ તેટલી અધીરતાથી આ પ્રશ્નો તેણે કીધા.

પણ રમા જરાએ ઉતાવળી થઇ નહિ. તે પણ ઘણી સમજુ હતી, વળી હવે નિર્મળ હિમાલયના વાયુ જેવા સ્વચ્છ અતઃકરણની થઇ હતી, ને પોતાના પાપીષ્ઠ વિચાર ઈશ્વરે આ પશ્ચાત્તાપથી માફ કીધા છે, એમ જાણી તે ધીરી પડી હતી.

“ધીરજ રાખો મારી પ્રિય સખી! તમારા ખાવિંદ કુશળ છે, માટે તેમના વિશેની ભીતિ કહાડી નાંખો.” ધીમે ધીમે રમાએ જવાબ દીધો. “તમારા પ્રીતમપર સંકટ છે, પણ તેનો ઉપાય થશે તો ઈશ્વર સહાય કરશે ને એ સંકટમાંથી મુકત થશે.”

“યા ખુદા! મારા ખાવિંદને તે કૃતાંત જેવા કાળા મોંના શત્રુ-ઓથી બચાવ!” ઉંચે મુખે મોતીએ પ્રાર્થના કીધી. “પણ઼ ઓ બહેન તુ શી રીતે તે સંકટમાંથી છટકી આવી?”

“તમારા પ્રીતમને બચાવવા માટે ઈશ્વરે મને એ મરેઠાની છાવણીમાંથી સહીસલામત છટકવા દીધી છે. ‘જેને રામ રાખે તેને કોણ ચાખે!’ એમાં કંઇ નવું નથી.” રમાએ ઉત્તર દીધો.

“એમાં કંઈ નવું નથી, ખચીત; પણ આ તરફના રહીશ કરતાં દક્ષિ-ણીઓ ઘણા ક્રૂર અને નિર્દય હોય છે.” મોતીએ પોતાનો વિચાર બતાવ્યો. “તમે ખરેખર કોઇ મહાદુઃખથી દુઃખી છો અને તમને જિંદગી અકારી દેખાય છે, તેથી આ યત્ન કીધો હશે?”

મોતીના આ સઘળા પ્રશ્નોના ઉત્તર રમાએ દીધા નહિ. તેણે પોતાની વિપત્તિ જણાવવા ચાહી, પણ જે દુઃખ બીજાને કહેવાથી દૂર થનાર નથી તે દુઃખ કહેવાથી લાભ શો? એમ ધારી તે કંઇપણ

બોલી નહિ. તે માત્ર એટલું જ બોલી કેઃ–"આજે તો મને જિંદગી અકારી લાગે છે. મારી પ્રાણપ્યારી બહેન, મેં જે તારો મહા ઘોર અપરાધ કીધો છે, તેની માફી જ્યાંસુધી તું મને નહિ આપે, ને મને ખરા પ્રેમથી હૈયા સરસી નહિ ચાંપે ત્યાંસુધી આ જિંદગી માત્ર થોડા વખતમાં મરવાને સરજાયલી છે." પોતાનો ઉભરો રમાએ કાઢ્યો.

"તારું શું છે, ને તેં મારો એવો તે શો દારુણ અપરાધ કીધો છે કે એટલી માફીની આતુરતા રાખે છે?" મોતીએ પૂછ્યું.

"બહેન, એ ઘણી લંબાણ વીતકવાર્તા છે. એ તમને પ્રિય તો થશે નહિ, પણ તે પાપનું પશ્ચાત્તાપથી વિમોચન કરવાથી મને કરાર વળશે. હમણાં તમે નથી જોતાં કે, એ પાપને લીધે હું તદ્દન સિહાવિહા થઇ બેબાકળી બની છું તે?"

"બેલાશક તારી વીતકવાર્તા તને અડચણ ન હોય તો કહે, ને જા હું તને પહેલાંથી માફ કરું છું!" મોતીએ ક્ષણભર વિચાર કરીને કહ્યું.

"બસ! બસ! હવે મને નીરાંત વળી!" એકદમ રમા જમીનપરથી ઉભી થઇ મોતીનો હાથ પકડી બોલી. "હવે માત્ર જે કારણસર હું આવી છું તે જ લક્ષમાં લઇ, તમારા પ્રીતમ, જેમને મેં એકવાર મારા પ્રાણ કરતાં પણ અતિશય વહાલા ગણ્યા હતા તેમના રક્ષણ માટેના ઉપાય લેવા તયાર થાઓ. હમણાં તેઓ ખરેખરા સંકટમાં પેલા સામેના મેદાનમાં દ્વંદ્વ યુદ્ધમાં ખેલવાને ઉભા છે. એ ક્ષેત્ર કાળામોંના તમારા શત્રુઓનું છે, ને તમે તૈયાર નહિ થશો તો તમારા ખાવિંદની આશા ઘણી થોડી જાણજો."

"તમારા કહેવાનો ભાવ જાણ્યો, પણ હવે ખરેખરી સ્થિતિ શી છે તે મને જણાવશો?" મોતીએ પૂછ્યું.

"હા." રમાએ જવાબ દીધો.

"ગ્યાસુદ્દીન રૂમી! તે જ તમારો પતિ ને પ્રીતમ છેની?" ક્ષણભર થોભી રમાએ પૂછ્યું. "આ તેની મુદ્રિકા લો, તે તમને આપવાની છે. એ એંધાણી લક્ષમાં રાખી તમે તમારા સૈન્યને તૈયાર

રાખો. ભયની નીશાની જણાતાં પૂરતા આશ્રયની જરૂર છે. જો તુરત ઉપાય નહિ લેશો તો તમારા ખાવિન્દની સ્થિતિ શી થશે, તે અનુમાનથી અત્યારે કહી શકાય તેમ નથી."

"એટલો બધો ભય છે? હાય! હાય!" મોતી એકદમ ગગડીને પાછી બેસી ગઇ. "રે ઉપાય શું કરીશું? મારા પ્રીતમની શી અવસ્થા થશે ને તેમને આશ્રય કોણ આપશે? ક્યાં છે મારો સુરલાલ? તે કેમ આ વખતે સુસ્ત થયો છે?" એમ બોલતાં તે મૂર્છાગત થઇ પડી.

"બ્હેન! બ્હેન! અરે આ શું?" રમા ઘણા ગભરાટમાં પડી ગઇ. તેને શું કરવું તે સૂઝ્યું નહિ, પણ પાસે પાણી હતું તેમાંથી પાણી લાવી બે ત્રણ છાલક મારી, એટલે વિભ્રાંત સ્થિતિમાંથી મોતી સાવધ થઇ.

"બ્હેન! તમે આટલાં બધાં અધીરાં ને નમ્ર કેમ થયાં છો? તમારા કરતાં મને કંઇ ઓછું લાગતું નથી, તે મારા મનમાં શું શું થાય છે, તેનો તમને ખ્યાલ માત્ર પણ નહિ હોય. પણ માન મારી આલી! એ તમારો ગ્યાસુદ્દીન રૂમી તમને જેટલો વહાલો છે તેનાથી જરાપણ મને ઓછો નથી. પણ ચાલો ઉઠો ને સાવધ થઇ જે કરવાનું છે તે કરો."

"અરે સખી! આ વખતે તેં મને જીવનદાન દીધું છે, પણ મારા પ્રીતમ વગર મારી જિંદગી વ્યર્થ જાણજે. તેના માઠા સમાચાર આવતાં પહેલાં આ જીવ તેના કિરતારની હજૂર ચાલ્યો જશે."

"પણ હવે તમારી એ પ્રેમવાર્તા પછી કરજો. હમણાં જે કરવાનું છે તે કરો. આ મુદ્રિકા તમે ધારણ કરો, એનાં માલિક તમે જ છો, ને તેથી એ તમારી આંગળીએ જ શોભશે. મેં નવાબ સાહેબના બચાવ માટે જોઇતા ઉપાય લીધા છે, એટલે તેમની જિંદગી માત્ર ધાસ્તીમાં છે એટલું જ જાણજો, પણ તે સોએ નવ્વાણું ટકા સલામત છે. હમણાં થોડા વખતમાં મોટો અવાજ થાય તો તમારે જાણવું કે બહુ સંકટ છે, ને તેને માટે પૂરતી તૈયારી કરવી જોઇએ. તમારા સૈન્યના સરદારોને આ વર્તમાન નિવેદન કરીને સૌએ સજ્જ રહીને કામ કરવાનું છે.

જો તમે મારાપર ઇતબાર મૂકતાં હો તો, વહાલાં બહેન, ખાત્રી રાખજો કે, એ કાળા મોંના ચંડાલ લૂટારાઓને મારી ઉતારી આ શહેરને સ્વસ્થ કરીશ અને તમારો પ્રીતમ તમને આવીને ભેટશે."

"ભલે, તને જ હું આજથી મારી રાહબર સમજીશ." મોતીએ મોટા ઉમંગથી રમાને ભેટીને કહ્યું અને તેના હાથને ચુંબન કીધું. "બહેન, મારી એક બીજી સખીમાં તું આજે ત્રીજી થઇ. મારી જીંદગી સૂધી તું દુઃખી થશે નહિ ને તારાથી હું વિખૂટી પડીશ નહિ."

"એ બધી વાતો નવરાશે કરવાની છે. હાલમાં જે કરવાનું છે તે કરવામાં વિલંબ શો?"

"તમે મને કહેશો વારુ કે મારા પ્રીતમ ત્યાં શું કરે છે?"

"તે હમણાં એક એવા સંકટમાં છે કે, જો તેમાંથી ઉગરે કે વિનાશ પામે તો પણ જગતમાં અમર કીર્ત્તિ ભોગવશે."

"તેમના બચવાની આશા છે ખરી?"

"તમે ધારો છો તેથી વધારે."

"તમારો ઘણો ઉપકાર માનું છું."

"એ ઉપકારની વાતો હમણાં કરવાની નથી જ."

"ત્યારે ચાલો આપણે લશ્કરને સજ્જ કરીએ."

"અને તેમાં આજે આપણે ત્રણે સ્ત્રીઓ યાહોમ કરી ઝંપલાવીએ."

"તમે પણ અમારી સાથે રણસંગ્રામમાં આવશો?!"

"કેમ નહિ? તમે જેટલું કરશો તેથી વધારે કરીશ–મારા હાથ જોજો."

"શાબાશ હય! ઓ નાજ઼નીન, તુમ દોનોંકા તાબએ ફ઼રમાન હમારા સારા લશ્કર તૈયાર હય! ખ઼ુદા તુમ્હારા નિગાહબાન હો!"

છેલ્લું વાક્ય રમા બોલી તે નવરોજ઼ે આવતાં સાંભળ્યું ને તે ઘણા ઉમંગથી એ પ્રમાણે બુમ પાડી ઉઠયો.

## પ્રકરણ ૧૮ મું

## મારવું કે મરવું!

જ્યારે દરવાજાનજીક એક બાજુએ રમા, મોતી ને નવરોજ આ વેળાએ વાતમાં મશગુલ થયાં હતાં, ત્યારે શહેરી લશ્કરમાં સુરલાલ, મણી અને બીજા નાના નાના સરદારો ફરીને સિપાઇઓને ઉશ્કેરતા હતા. પણ સિપાઇઓનો જુસ્સો હવે જાગી ચૂકયો હતો અને તેઓનાં પાણી વળતાં થયાં હતાં. ધીરજની હવે આખર અવસ્થા આવી હતી એટલે સિપાઇઓ ચાહતા હતા કે, જેમ બને તેમ જલદી તૂટી પડી આ પાર કે પેલે પાર કરવામાં આવે તો ઠીક. ઘણીવાર જોશમાં ને જોશમાં ઉભા રહી પછી લડાઇમાં ઝંપલાવવામાં આવે તો પરિણામ સાનુકૂળ ન આવે. સામા શત્રુ જોરાવર થાય ત્યારે બીજો પક્ષ મંદ પડી જાય. એટલા માટે તાતે ઘાયે લડાઇમાં એકદમ ઝંપલાવવામાં આવે તો જ જય પરાજયની આશા બહુ જાણવા યોગ્ય થઇ પડે.

સુરલાલ સઘળાને જોશ ચઢાવતો હતો, પણ દાંત કચકચાવીને બેઠેલા અરબો ને પઠાણો તો કહેતા હતા કે "કયારે અમને હુકમ આપો છો ? શામાટે અટકાવ્યા છે ? અમને કેમ જવા દેતા નથી ?" આ ડોળા ઘુરકાવતા જવાનોનાં શબ્દબાણ સાંભળી સુરલાલ ગભરાયો, પણ તે નિડર રહ્યો ને શહેરી લશ્કરના બળથી તેમને જણાવ્યું કે, "હવે વિલંબ નથી, હમણાં જ તમે દોડીને શત્રુઓને કાપી નાંખશો."

"અમે અમારો આવો અમૂલ્ય સમય વ્યર્થ ગાળવા માગતા નથી. અમને હુકમ આપવામાં ઢીલ નહિ જ થવી જોઇએ." પઠાણો-માંનો એક એકદમ આગળ ધસી આવીને બોલ્યો. "શી હરકત છે કે હવે શત્રુને મારી હઠાવવામાં આનાકાની થાય છે ? જનાબ, કાફર લોકો લઢવાને નારાજ છે કે આપણાથી જબરા છે કે તેઓ ભાગી ગયા છે ? અમારો નવાબ બેવકૂફ છે તો પછી અમે કોનાપર આધાર રાખીએ

ને કેવી રીતે કામ કરીએ ? હમણાં અમને હુકમ દીધામાં આવે તો પછી અમારો હાથ જોજો; પણ બેગમ સાહેબ એશઆરામમાં મઝા મારવા કોણ જાણે કયાં ભાગી ગયાં ને અમને આકાશ વચ્ચે ખડા કીધા!"

"ચૂપ રહે ખાન!" સુરલાલ બોલ્યો. "તું જાણે છે તે કરતાં વધારે સારી રીતે આ લશ્કરને દોરવનારા જાણે છે કે ભય કેમ છે અને હવે કેમ વર્તવું જોઇએ. પણ તારી બેમર્યાદ લૂલીને આગળ ચલાવીશ તો આ તરવારનો સ્વાદ ચખાડવો પડશે. બેગમસાહેબને માટે કુવાક્ય બોલનાર તું બેમુરવ્વતને જાનથી દૂર કરવો એમાં જરા પણ હરકત જેવું નથી."

"કાફિર, બહુ બોલે છે તો આવી જા, તારી તરવાર ને મારી તરવાર બંને કેવા જુસ્સાથી કામ કરે છે તે જો. સંભાળ." આમ બોલતાં પઠાણોના એક આગળ પડેલાએ તરવાર કાઢી અને સુરલાલને મારવા ઉગામી, તેમ સુરલાલે પણ સાવધ થઇને પોતાની તરવાર મ્યાનમાંથી ખેંચી. એક ક્ષણમાં શત્રુ સાથે લડવા જતાં માંહોમાંહે લડાઈ થઇને શહેરનું સત્યાનાશ વળવાનો સમય આવ્યો હતો, પણ એક આકસ્માત્ બનાવથી આ ખાનસાહેબની તરવાર તેને ઠેકાણે રહી ને તે ખુદાતાલાની બંદગી કરવાને પહોંચી ગયો ને વળી લશ્કરમાં પણ બેદીલી ઉત્પન્ન ન થઈ. જો આ બારીક પ્રસંગે માંહોમાંહે લડાઈ સળગી હોત તો બાકીની લૂટફાટ શિવાજી સુખેથી કરત, અને જે રીતે તેને હવે સૂરતની પ્રજા તરફથી ત્રાસ બતાવવામાં આવ્યો હતો તેનો પૂરેપૂરો બદલો લેત. શિવાજીનો સ્વભાવ ઘણો ચીડિયો હતો અને તેમાં પણ જ્યારે એની કરેલી યોજના સામા કોઈ દુર્ઘટ પહાડ આવી અટકાવ નાંખે ત્યારે એ અતિશય ક્રોધથી તે પહાડના ટુકડેટુકડા કરી નાંખવાને તૈયાર થતો હતો. ઘણે સ્થળે તેણે અક્ષમ્ય વૈરની ખુમારી–હિન્દુ કે મુસલમાન કોઈ પણ તરફ બતાવી છે તેનું મુખ્ય કારણ એ જ છે. તે

એમ જ સમજતો કે મારા સામા કોઈ પણ થવો જોઇએ નહિ. આવા તેના વિચાર હમણાં સુધી હતા. જે સામા મેદાનમાં એ હમણાં રાતો પીળો થતો બેઠો હતો ત્યાં પણ એ એવા જ વિચાર કરતો હતો ને તે આવી કોઈ તકની ચાહના તો ચાતક પેઠે રાખતો હતો. તો પછી સમય આવે એ કેમ ચૂકી જાય ! પણ શિવાજીના ત્રણ દિવસના સંહારથી અને સ્ત્રી ને બાળકપર જે અસહ્ય જુલમ કીધો હતો તેથી, ઇશ્વર પણ દુભાયો હોય ને તે જ હવે એનાં કાર્ય સામે નડતરરૂપ હોય તેમ જ ગમે તેવી એની બાજુ સબળી થવાનો પ્રસંગ આવે તોપણ તેમાંથી એનું નસીબ આડું જ ફાટતું હતું. ખાનસાહેબે હમણાં તરવાર ખેંચી છે ને સુરલાલ તેનાપર તરવાર નાંખવાનો વિચાર કરે છે; જો સુરલાલની તરવારથી ખાનનું મરણ થાય તો પઠાણો સુરલાલને એક કાફર સમજી કાં તો રીસાઈ જાય કે કાં તો સામા થઇ માંહોમાંહે જ કતલ ચલાવે. પણ એ વખત ઘણો વેગળો હોવાથી એક ત્રીજાના હાથથી જ તે પઠાણનું મરણ થયું ને તેથી તુરત ઉલટી શાંતિ પથરાઈ ગઇ.

મોતી ને રમા વાતમાં હતાં તે વખતે અકસ્માત્ નવરોજ ત્યાં જઇ પહોંચ્યો, તે આપણે ગયા પ્રકરણમાં જોઇ ગયા છીએ. નવરોજ આ નવી નાઝનીનને તુરત પીછાની ગયો ને તે કંઇક ગભરાયો ખરો, પણ મોતીએ સર્વ રીતનો જલદીથી ખુલાસો કીધો. નવરોજને પણ કેમ કરવું તે તુરત તો સૂઝયું નંહિ તેથી ચિત્તભ્રમ જેવો થઇ પડ્યો પણ આવો બારીક કાળ ઘણીવાર આવેલો ને તેમાંથી બચેલો ને બીજાઓને બચાવેલા, તેથી તુરતાતુરત પોતાના મનસાથે સર્વ પ્રકારે નક્કી કરીને તે બોલ્યો:—

"મોતી, આ પ્રસંગ ઘણો બારીક છે, ને હવે કેમ વર્તવું તે જો કે મને સૂઝતું નથી, તોપણ મારાથી બનશે એટલું કરી તારા ખાવિંદને બચાવીશ."

"બસ, મારે બીજું કંઇ જોઇતું નથી. માત્ર એટલું જ જોઇયે છે કે, હું મારા ખાવિંદને બચાવી શકું." મોતીએ જુસ્સામાં જવાબ દીધો

"અને તેમાં ઝાઝી હરકત પડનારી નથી." રમાએ વાક્યપૂર્તિ કીધી; "હમણાં મરાઠા જે રીતે રોકાયા છે તે રીતમાં તેમને ઝબે કરવા એ બહુ વિસાતની વાત નથી."

"વફાદાર બેટી! તેં જે રીતે આશ્રય આપવાનો વિચાર કીધો છે ને અમારા માલિક ગ્યાસુદ્દીન રૂમીને બચાવવા તેં જે શ્રમ લીધો છે તે શ્રમને માટે તારો ઘણો આભાર માનવાને હું ચૂકીશ નહિ, પણ હવે તું જ કંઇક યુક્તિ બતાવ કે જેથી સહીસલામત કામ પાર ઉતરે." સરદારે વિનયથી રમાને પૂછ્યું.

"યુક્તિ! યુક્તિ બહુ સહેલી છે!" રમાએ આશ્ચર્યથી કહ્યું. "ઓ વૃદ્ધ સરદાર, તને યુક્તિ નથી જડતી કે આ તારી બેટીની આવી મશ્કરી કરે છે?"

"નહિ, નહિ લડકી! એ ખ્યાલ તું દૂર કર," નવરોજે સફાઇબંધ ઉત્તર આપ્યો. "તું જે આજે અમારા હિતમાં આટલો શ્રમ લે છે તેને માટે આવી ઠઠ્ઠામશ્કરી હોય? એવા ખ્યાલી વિચાર કદાપિ કોઇ બીજે પ્રસંગે કરું, પણ જે બારીક વખત હમણાં આવ્યો છે, તેમાંથી જ્યારે તું આટલાં બધાં સંકટોથી બચીને અમારા રક્ષણ માટે આવી છે, ત્યારે તારા જ કોઇક વિચારથી અમે બચીશું એવી મારી ખાત્રી છે. તને કેવાં કેવાં સંકટથી બચાવી છે એ વાતના વિચારે મને લાગે છે કે તારી બાજુએ પેગમ્બરનો સાયો છે."

"તેં ખરું કહ્યું, મારા ધર્મના પિતા!" મોતી બેગમ બોલી. "એના સંકટથી એમ જ ખાત્રી થાય છે કે, એ આજે કંઇ ઇશ્વરની મદદથી આ પરાક્રમ કરવાને શક્તિમતી થઇ છે." તે પછી રમા તરફ ફરીને બોલી, "આજે તેં જે કર્તવ્યકર્મ કીધું છે અને જે સંકટથી તું બચી છે તેથી અમને આશા છે કે હવે તું જ અમને બચાવશે. હવે તું વિલંબ ન કર, અને તારા વિચાર હોય તે જણાવ."

"મારી દિલોજાન બહેન! બેફિકર રહે, તારા ખાવિંદને કોઇપણ ભયથી બચાવી તને સુખી કરીશ." તે ઘણા મમતાળુ શબ્દમાં તાબે-

દાર માફક અને અતિ અપરાધી માફક બોલી. "હું કોઇ પણ સમયે તારી તાબેદાર છું, તારો હુકમ હોય તે ફરમાવ. હું જાણું છું કે તારો પ્રીતમ જે સંકટમાં છે, જે અત્યંત ભયમાં છે, તેમાંથી ઈશ્વર બચાવે તો જ બચે, પણ જેની પક્ષે વિઠોબા છે તેને કંઇ પણ ભય આવવાનો હોય તોપણ તેમાંથી તેનો બચાવ થશે. આપણી જ ફતેહ છે એમ જાણી તું ઉમંગમાં સઘળી તૈયારી કરાવ, જો વિલંબ કરીશું તો વખત હવે ઘણો થોડો છે. હવે એકદમ ઝંપલાવવાનું છે, ને મારો વિચાર છે કે પહેલાં ઘોડેસ્વાર ટૂકડીને આગળ રાખી ભયચિહ્ન જણાતાં એકદમ ઝોકાવી દેવું એ સર્વથી વધારે યોગ્ય છે. કદાચિત્ તેમાં આપણો પરાજય થયો તોપણ યાદ રાખજે કે, તારા પતિને તો મારા શિરનો મુકુટ ગણીને બચાવી લાવીશ, પછી કદાપિ મારો શિરચ્છેદ થયો તો તેની મને દરકાર નથી. હું તારી ને તારા અમીર ઉલ ઉમરા ખાવિંદની સેવા એક લોંડી માફક બજાવીશ; અને હમણાં હું પવિત્ર કોલથી જણાવું છું કે, જ્યાં સૂધી તારો પતિ તને ભેટે નહિ ત્યાંસૂધી હું કદી પણ અન્નાહાર કરીશ નહિ.

"હું મારા પવિત્ર પ્રભુ, જગન્નિયંતાના ચરણારવિંદપર મસ્તક ધરી કસમથી કહું છું કે, હું કદી પણ તને વીલી મૂકી તારા જાનને જોખમમાં જવા દઇશ નહિ." મોતી એકદમ પ્રેમાવેશમાં બોલી ઉઠી.

"ત્યારે હવે આપણે જલદી તૈયારી કરવી. એક ક્ષણ પણ હવે ખોવી હાનિકારક છે. હવે એકદમ તૈયારી કરીને પગલાં ઉપાડવાને તૈયાર થાઓ." રમાએ કહ્યું.

"ચાલો આપણે લશ્કરની બરાબર ગોઠવણ તપાસીએ ને તેમને આગળ કરીએ." નવરોજે વિચાર બતાવી લશ્કરની બાજુએ ચાલવા માંડ્યું. થોડે દૂર ગયા એટલે બે સમશેર હવામાં ચમકતી માલમ પડી અને પઠાણ ને સુરલાલને પીછાની હમણાં સુરલાલનું શિર ગયું છે એમ જાણી નવરોજે પોતાના ઘોડાને એડ મારી એકદમ મારને ઘોડે

તરવાર મ્યાનમાંથી કહાડી, જતાં વારને એકે ઝટકે તે પઠાણનું શિર ધડથી છૂટું કરી નાંખ્યું, અને એકદમ પઠાણના લશ્કરમાંથી શાબાશીનો પોકાર ઉઠ્યો.

જે મારામારી થનાર હતી તેમાં પઠાણોનાં લોહી ઉભરાઇ આવ્યાં હતાં, તે ઠેકાણે પડ્યાં, ને જે વિચાર એક ઘડીપર હતા તે હવે તદ્દનજ બદલાઇ ગયા. સુરલાલપર જે વેરની ઝૂમ હતી તેને બદલે દયાની ઝૂમ છુટી અને તે બચી ગયો ને પઠાણ મુવો તેથી તેઓ રાજી થયા.

“સરદારે અચ્છી બજાની દીધી!” લશ્કરમાંથી એક પઠાણ બોલ્યો.

“યે કમજાત, બડી હયવાનીયતકા કામ કરતાથા! કુરાન, ઔર પયગમ્બર દોનોકી મનાથી, લેકિન કાફરને શરાબ પીથી, ગુનાહગારકો ગુનાહકી સજા અચ્છી મિલી.” બીજા પઠાણે તેનાપર લ્યાનત નાખી.

“તુમ સભોંકા બોલના બજા ઔર દુરુસ્ત હય!” નવરોજે કહ્યું. “યે કમ્બખ્ત અપને ગુનાહકી સજા પા ચુકા હય. મગર તુમ સબ મેરે તાબયે ફરમાન હો યા નહીં? અગર તુમ હમસે બેદિલ યા નારાજ હો, તો અપના રાસ્તા લેકે ઇસીવક્ત ચલે જાઓ; મેરા ખુદા મેરે સાથ હય. લુટેરોંકી પામાલીકે લિયે મેરા જબરદસ્ત હાથ હય. કભીભી અપને દિલમેં અયસા ખિયાલેખામ ન લાના કે નવરોજ કાફિરોંકે સામને જાનેસે ડરતા હય. અપને કૌલસે મુકરતા હય! હાં-મગર તુમ લોગોંને પાકપયગમ્બરકી કસમ ખાકર જો હમારે સાથ મયદાને જંગમેં ચલનેકા વાઅદા કિયા હય ઔર કૌલ દિયા હય; ઉસ અપને કૌલપર સાબિત કદમ રહેનેકે લિયે તુમ તૈયાર હો યા નહીં, યહી જાન લેનેકી મુઝે ખ્વાહિશ ઔર તમન્ના હય. યાદ રખના કે, અબ જો ભાગ જાયગા, વો નામર્દ ઔર હેચકારા કહાયગા-હરામજાદા ઔર કાફિરકે નામસે પયચાના જાયગા! મગર હાં, ભાગનેપર ભી જાનકી અમાન નહીં. અગર હમ હારેંગે, તો મરહદે તુમ સભોંકા જાનસે મારેંગે-જીતેહીજી બદનસે ખાલ ઉતારેંગે. મૌત તો આનેવાલીહી હય,

તો ફિર કુત્તેકી મૌત મરનેસે ક્યા ફાયદા ? ઓ જવાંર સિપાહો, સુનો–અપને મુલ્ક, દીન ઔર હમવતન મજલૂમોંકે લિયે મયદાને જંગમેં તલવાર ચલાઓગે, તો કયામતકે દિન બિહિશ્તેબરી કે લાયક ગિને જાઓગે ઔર કાફિરોંકી તલવારસે કટ જાઓગે, તો જહન્નમમેં રહનેકે સજાવાર ઠહરાયે જાઓગે. અબ કહીએ ક્યા કુબૂલ હય જન્નત યા જહન્નમ્ ?"

"જન્નત !" એક સ્વરે સર્વેએ એક મોટા અવાજથી કહ્યું.

"મયઁ પાક પયગમ્બરકી કસમકે સાથ કહતા હું કે, જો તુમ્હારે એક બાલકોભી ઇજા પહોંચેગી, તો વહાં મયઁ અપના ખૂન બહાઉંગા–હર તૌર તુમ્હારી સલામતીકે લિયે આફતકો ગલેસે લગાઉંગા ! જબ મૌકા આયા હય તો અપના જોર આજમાઓ–દુશ્મનોકો તેગેબુરાઁકી લજ્જત ચખાઓ !" આમ બોલી નવરોઝ એકદમ બેગમને સાથે લઇને ત્યાંથી ચાલ્યો ગયો. પઠાણો જોરમાં આવ્યા. તેઓ પ્રથમ બીજા લશ્કરમાં ફરી વળ્યા અને ત્યાર પછી તેમણે સુરલાલ સાથે કેટલીક વાતચીત કરી. સુરલાલ પોતાની તૈયારીનો વિચાર કરતો હતો. અચાનક તોપનો એક મોટો ધડાકો થયો.

"એ શું થયું ?" નવરોજે પૂછ્યું.

"નવાબ બહુ ભયમાં છે !" રમાએ જવાબ દીધો અને મોતીના મોંનું નૂર ઉતરી ગયું.

# પ્રકરણ ૧૯ મું

## દ્વંદ્વયુદ્ધ

જે રીતની યોજના, અને જે રીતનું ભય હમણાં મોં આગળ આવ્યું છે તે અતિશય ઈંતેજારી લાવે તેવું છે (અગરજો કેટલીક રીતનાં પ્રકરણો જિજ્ઞાસુને પણ જણાય છે), અને તેથી સુશીલ વાંચનારાને જણાવીએ છીએ કે, હાલનો બનાવ સૂર્યપુરની પૂર્વ બાજુના મેદાનમાં બને છે. જ્યાં કંઇ મજલિસ નથી જે વાતોના તડાકા ચાલે, અથવા ટોલટપ્પા અથવા પ્યારના ઉભરા અથવા નીતિનાં વ્યાખ્યાનો અથવા ધર્મનો બોધ આપવામાં આવતો હોય તેવું પણ નથી. એ જિંદગીના સાધારણ બનાવો બહુ ચમત્કારિક છે, પણ આ બનાવ તો દિલને કંપાવે તેવો અને જીવ સટોસટના સોદાનો છે, અને કંઇ સેંકડો જીવોનો બે ત્રણ અમૂલ્ય પ્રાણીની જિંદગી ઉપર જ આધાર રાખવામાં આવ્યો છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે છેઃ—મોતી, પોતાના પ્રીતમથી વિખૂટી પડેલી છે, જેમ એક ઘેટીનું બચ્ચું પોતાની માથી વિખૂટું પડ્યું હોય ને ઘેટું પોતાના પોષણકર્તાથી વિખૂટું પડ્યું હોય! નવાબ પોતાના હજારો શત્રુ સામા મરવાને તત્પર થયો છે, જ્યારે તેના મોં આગળથી દુનિયાની જંજાળ જતી રહી છે, અને માત્ર બે જ છબીઓ સાક્ષાત્ સન્મુખ આવીને ઉભી છેઃ રમા ને મોતીઃ રમાનું લક્ષ નવાબની જિંદગીના આધાર ઉપર છે અને તે એટલુંજ ઇચ્છે છે કે, તાનાજી માલુસરેનું મોત થાય અને પ્રભુ વિઠોબા નવાબ યવનની વાહારે ધાય. આ ત્રણ-માંથી કોણ બચે છે ને કોણ સંસારવિલાસ સુખ ભોગવે છે, એ મોટો ચમત્કાર દૈવાધીન હોવાથી હમણાં સૌનું લક્ષ તેપર ખેંચાયું છે.

આજ બનાવના રંગને હમણાં અમે ઘાળીએ છીએ—પછી તે કૃત્રિમ હો, કદી મતલબસર હો, વાસ્તવિક હો, કે અદ્ભુત હો, તોપણુ તે રસજ્ઞ વાંચનાર માટે લક્ષપૂર્વક અવલોકન કરવા યોગ્ય છે.

નવાબ મેદાનમાં એકલો ઉભો છે—જેમ સહરાના રણમાં એકાદ નાજુક છોડવો ઉભો હોયને! તે એમ ચિંતાક્રાંત થયો હોય કે કોણ જાણે પશ્ચિમનો સુસવાટો ક્યારે આવશે કે તેના જડમૂળને પણ ઉખેડી નાંખશે!! તાનાજી માલુસરેએ એક તાલીમબાજના જેવો વેશ લીધો છે ને શિવાજી, દાદાજી, બલ્લાળ વગેરે તેના સહાયકો સામા વિરાજ્યા છે, અને સઘળા ચિંતાતુર છે કે પરિણામ કેવું આવે છે! પણ તે સઘળા કરતાં નવાબ વધારે ચિંતાને આધીન થયો છે. તેનું મોં ફીકું પડી ગયું છે, જાણે મોંપર લોહી જ નથી; પણ તેણે પોતાનું હીર જવા દીધું નથી. ઉમંગથી ઉભો રહ્યો છે, અને થોડુંક કૃત્રિમ ને થોડુંક સ્વાભાવિક બળ પોતાના મનમાં લાવીને અલ્લાહનું નામ દઇને લડવાને હામ ભીડી છે.

"પરશુરામ અવતાર! જુઓ જુઓ! પેલો મ્લેચ્છ કેવી રીતે સીનાથી ઉભો છે!" બલ્લાળે શિવાજીને કહ્યું. "એ ગમે તેવો છે, તોપણ ઘણો સારો અને વિરલો છે; જોઇએ માલુસરે કેમ ભીડાવે છે તે!"

"બલ્લાળ, તું માલુસરેનું તેજ ન હણ!" શિવાજીએ ઘણી દિલગીરી સાથ કહ્યું. "એના જય પરાજયપર ઘણી મોટી આશા છે, અને જો એ હાર્યો તો મેં નક્કી કીધું છે કે, આપણી દોલત ધૂળ મળવાની. મને ઘણાં અપશુકન થાય છે; અને એ શકુનનું ફળ ખચીત નબળું આવશે. દાદાજી, હવે ઇલાજ શો છે? તમો કંઇ બતાવો કે સુખરૂપ એકવાર જઇએ. પણ તમે ખચીત યાદ રાખો કે, રામદાસસ્વામી જીવત છે તો હું સૂર્યપુરના લોકોને છોડીશ નહિ. આ તેમની કરણીનાં ફળ ઘણાં ભૂંડાં ચખાડીશ."

"ભાઇરે, હવે તો જે બને તે તું જો. માલુસરે કંઇ ગાંજ્યો જાય તેવો નથી તો પછીની ચિંતા શું કામ કરે છે?" દાદાજીએ હિમ્મત આપી.

"મને ચિંતા નથી, પણ મહાશ્રમે મેળવેલું આ દ્રવ્ય સહજમાં લૂંટાઇ જશે, તેનો કંઇ વિચાર કીધો? આ યવનોથી ભરતખંડ સ્વચ્છ કરવું છે, તેમાં આ પહેલું વિઘ્ન ઘણું દિલને કંપાવે તેવું છે. મહારાજે

મને કહ્યું હતું કે, જ્યાં યવન હશે ત્યાં તું ઘણી સારી રીતે જય મેળવીને આવશે, ને પુષ્કળ દ્રવ્ય પણ હરણ કરશે; પણ આ જોઇને તો હું ઘણો દિલગીર છું કે, મારી મુરાદ મારા મનમાં રહી ને યવનરાજ્યમાં આ પહેલો પરાજય થવાનો વારો આવ્યો છે."

"મહારાજને દોષ ન દે! તેમણે તને રુડું જ કહ્યું હતું અને તેનાથી તને લાભ જ થયો હશે. પણ કાંઇક તારો દોષ હશે, તેથી જ આવી અવસ્થાએ તું પહોંચે છે. પણ હવે આ બધા વાતોના ગપાટા છોડી દે, ને ઝટ આ રંગ અખાડો મળે ને પટ છેવટ આવે તેમ કરવાપર મહેનત લે; કેમકે કદાચિત્ આ બાંડિયાઓએ એવી રચના કરી હોય કે પાછી રાત્રિ પડે તો એકદમ હલ્લો કરી ઘાસની પેઠે સૌને કાપી નાખવા ને તેને માટેજ આટલી તાલમેલ કરતા હોય તો પછી એક તરણા મિસાલે આપણી અવસ્થા થઇ જશે, ને રાત્રિના બચાવ વગર એકલા અટવાઈ જઇશું! શહેરના લોકો તો સઘળી જગ્યાથી વાકેફ હશે, તેઓ કોઇ પણ રીતે ઝાડી લાગશે તો ઇલાજ નથી, ને કદાપિ નવસારીવાળાઓ આવશે તો બન્નો બાજુથી બોરકુટો વળી જશે. મારી મરજી તો હવે વિલંબ કરવાની નથી. મને તો એ જ સૂઝે છે કે, જેમ બને તેમ આજ રાત્રિના નાસતી પકડવી. કાલનો દિવસ ઘણો વિપરીત છે, ને આજે જાણે આપણાપર ઇશ્વર જ રૂઠેલો હોય તેમ આકાશ પણ જોની, કેવું કાળું થવા આવ્યું છે! આ વાદળાં શાં હમણાં? પણ એ વિપરીત અવસ્થા દર્શાવે છે!" આમ નિરાશ મુખડે દાદોજી બોલ્યા અને તેની અસર પરશુરામ અવતાર મહારાજપર એટલી થઇ કે, તેની ડાબી આંખ ફરક ફરક થવા લાગી, ને તેથી તે ઉલટો વિશેષ ચિંતાતુર થયો.

"મને પણ મોટો ભય જણાય છે, ને હું ચાહું છું કે દાદોજી, ભવાનીને ભોગ આપવો જોઇએ."-શિવાજીએ શિથિલતાથી દાદોજીને જણાવ્યું. "મારી ડાબી આંખ ફરકે છે, ને નક્કી આજનો દિવસ ઘણો વિકટ જણાય છે. મેં તો ધાર્યું જ હતું કે, આટલું બધું દ્રવ્ય આપણને

પચવાનું નથી, ને તેમ જ થયું. પણ હવે તો જેવી વિઠોબાની ઇચ્છા. તેના આધારપર સર્વેનું જીવન છે; પણ મહાદેવ આપણી વાહરે ચઢે અને આજે બચીએ તો મોટો યાગ કરી પછીથી જ આપણી લડાયક શક્તિનો ઉપયોગ કરીશું."

"હશે, એ બધી વાત પડતી મૂકો, નકામી યાગ ને ફાગની પીડા કાં કરો છો મહારાજ?" બલ્લાળે કહ્યું. "આપણે આપણા નસીબપર હમણાં હાથ મૂકો કે માલુસરેનો જય થાય. જુઓ હવે બન્ને તત્પર થયા છે. હવે તો ખરેખરો રંગ જામ્યો છે!"

આ કચેરી મંડળે પોતાની નજર ફેરવી તો બન્ને પ્રતિપક્ષીઓ ઘણા જુસ્સામાં આવી રહ્યા હતા, ને બન્નેની મરજી ઘડી પળમાં પોતાના શત્રુને સ્વર્ગમાં મોકલી દેવાની હતી. નવાબ તો હવે રાક્ષસ જેવો બન્યો હતો; ને રમાએ જે વીંટી ને ચમત્કારિક ગોળા આપ્યા હતા, તેથી ધાર્યું કે, "એનું ઘર ફૂટયું છે તો મારો જય જ છે. ખુદા જેને આ તેને ભલું, પણ મારે પણ બે હાથ છે, ને એને પણ છે; હું તરવા બરછી ને ભાલો સારી રીતે વાપરી જાણું છું તો પછી એ શી રી મારાપર ફાવી શકશે?"

એમ વિચારી એકદમ એણે પોતાનો ડગલો કાઢી નાંખી અંદર જે બખ્તર પહેરેલું હતું તે બતાવ્યું અને શત્રુને મોહ ઉપજાવ્યો. ભાલો હાથમાં લઇ, તેની ધાર તપાસી ને જમૈયો બાજુએ બરાબર સંભાળ્યો, ને સૌને પોતપોતાની જગ્યાએ ગોઠવી દીધા. ગોળાઓને નીચે મૂકયા. જેનાપર કોઇની નજર પડી, અને કોઇની નહિ; પણ સઘળા આ ગોળાથી ઘણા ખરા બેદરકાર રહ્યા. જો કે તેમનો લડાઇમાં કેમ ઉપયોગ કરવો એ કેટલાક મરાઠા જાણતા હતા, તોપણ તેમના લક્ષમાં આ વાત રહી જ નહિ, ને કદી એમ પણ હોય કે, તેઓ એવા વિચારમાં રહ્યા હોય કે મરાઠાઓની શોધેલી વસ્તુ મુસલા કયાંથી જાણે!

મુસલમીન નવાબે પોતાની છાતીનો સીનો કાઢયો. માલુસરે તેથી

લેવાયો ને રમાપર જે પાપદૃષ્ટિ કીધી હતી તે આ વેળાએ તેને સાંભરી આવી ને તેના વિચારમાં એક પળ ગમ ખાઇ ગયો.

તે જો કે પાછો તૈયાર થયો, પણ જ્યાં એકવાર તેજ ઉતર્યું તે ઉતર્યુંઃ પાછું ચઢવું મુશ્કેલ થઇ પડે છે; તેમ જ માલુસરેની અવસ્થા બની. એટલામાં એકદમ નવાબ ગ્યાસુદ્દીન રૂમીએ, સામી છાતી જરાક દબાયલી જોઇ કે બૂમ મારી–

"ઓ કાફિર! હવે ખુદાની દરગાહમાં જવાને કેટલી વાર છે?" આ વાક્ય તે એવા તો જુસ્સામાં બોલ્યો કે, બીજા આસપાસ ઉભેલાઓ તો શરમિંદા જ પડી ગયા. માલુસરેને ઉત્તર દેવો સૂઝયો નહિ, પણ જાતે કાબેલ તેથી જ્યાં બીજી વેળાએ નવાબે બૂમ મારી કે, "ઓ કાફિરના બચ્ચા, હવે તારા ખુદાને યાદ કર, તારી ગરદનપર મારી તલવાર આવી ચૂકી છે." એટલે માલુસરેએ જવાબ દીધોઃ–

"ઉભો રહે, ઉભો રહે! ઓ ગૌહત્યા કરનાર પાપી ચંડાળ! ચોર! ઓ નપુંસક! અરે વેશ્યાપુત્ર, ગોત્રગામી તું ઉભો રહે! હવે નાસતો નહિ, ને તારો બચાવ તારા જ ખુદા પાસે થશે! તમે મુસલ્લાઓ શું આ ભરતખંડમાં ગૌહત્યા કરશો? ધિક્કાર છે, તને–તારા ખુદાને યાદ કર, ને હવે મરવાને તૈયાર થા."

"ચલ! ચલ! છોકરી! લોંડી! તું શું કરી શકે છે તે હમણાં બતાવીશ!" નવાબે તેનો પૂરતો ધિક્કાર બતાવ્યો અને પોતાની તરવાર મ્યાનમાંથી કાઢી કહ્યુંઃ "ખુદાના કસમ, હવે તને જીવતો છોડીશ નહિ. તારી મુરાદ બર આવશે, અને તારા પેલા પાપી ચોર ચંડાળ શિવાજીની પણ હાડકે હાડકી કાપી નાંખીશ, કે જેણે સૂર્યપુરનાં નાજુક સ્ત્રી ને બાળકને રડાવ્યાં છે. એ પાપનો બદલો શું તને નહિ મળશે? હવે તારો અને મારો ખુદા છે, જો કોણુને સહાય થાય છે! સંભાળ!" એમ કહી ધસી જઇ પોતાની તરવાર તાનાજી માલુસરેની તરવારપર એ તો સખ્તાઇથી મારી કે તાનાજીના હાથમાંની તરવાર ઉડી ગઇ

માત્ર મૂઢ પકડીને જ ઉભો રહ્યો ! નવાબે આ ચમત્કાર એટલી તો ઝડપથી કીધો હતો કે, સઘળાઓ જોઇ રહ્યા ને એ કે બીજા કોઇ બોલી શકયા નહિ, ને મનમાં જ સમજીને બેસી રહ્યા હતા. તોપણુ દાદાજી ને ચાર મુસલમાન પઠાણોએ શાબાશીનો ઘણો મોટો પોકાર કરી નવાબની આ ચમત્કારિક ફતેહ આકાશ સુધી પહોંચાડી દીધી, તે જાણે તેને વરવાને હુરીઓ આવે તેટલા જ માટે !

તાનાજી તદ્દન અશક્ત, દિગ્મૂઢ અને જમીનમાં ગરક થઇ ગયો, અને શિવાજી આ પોતાના જવાંમર્દની સહાયતાથી ઘણો આનંદ માની ગર્વથી ફૂલાતો હતો, તેનું મોં લેવાઇ ગયું.

"રાવ સાહેબ, હવે પાછા જાઓ ને તમારા શિવાજીને કહો કે મુસલમાન સાથે લડવાથી કદી હિંદુઓ જિત્યા નથી." નવાબે તાના-જીને ટાણો માર્યો ને તે સઘળા હિંદુઓને ઘણો લાગ્યો. પણ કરે શું ? થયું પણ તેવું જ, એટલે સૌ તો અબોલ રહ્યા, પણ અંતે પોતાની આબરુના બચાવ માટે જ તાનાજીએ નવાબને જવાબ દીધો.

"અરે બાંડિયા ! તું ગર્વથી ફૂલાઇશ નહિ ! કદી બકરાએ વાઘપર જય મેળવ્યો સાંભળ્યો છે ? ગમે તો હવે મારો હાથ જો ને પછી તારી અવસ્થા કેવી થાય છે તે તને બતાવીશ. ખબરદાર ! અહિંઆથી પગલું પાછું ભર્યું તો." નવાબે હસીને પોતાના સાથીઓ તરફ નજર કરાવવાને પાછા ફરીને જોયું, એટલે તેનો ઉલટો જ અર્થ લઇને તાના-જીએ કહ્યું; "ઉભો રહે, તને નાસવાથી હવે કશું પણ ફળ મળવાનું નથી, તારું આવી જ બન્યું છે ! બચ્ચાજી, તમે જશો કયાં ? છાવણી મરાઠાની છે, મુસલ્લાની નથી."

"મોં સંભાળ ! બુતપરસ્ત ! કૃત્ય કરી બતાવ, મોંની ફડાકી માર-વાથી શું યશ મળશે ? કદી પણ આશા રાખતો નહિ કે તને હું જવા [illegible] ને હવે તારે જવાની આશા રાખવી પણ નહિ. જોજે હવે મારો [illegible]રને તું છોકરો ગણે છે તે મહમ્મદના કુળનો છે ને તેની પીઠ-

પર મહમ્મદનો આથો છે. તે તને અંધને સૂઝશે નહિ, પણ હવે તપાસતો રહેજે કે તારે નાસવું ન પડે."

નવાબનાં આ વેણ તો તેના કાળજામાં કોતરાયાં. બોલવાનું બોલવાને ઠેકાણે રહ્યું ને ધીમે ધીમે તેજ હરાઇ જવાથી તે તદ્દન ગાફેલ થતો ગયો. આ મોંપર થતો ફેરફાર શિવાજીએ જોયો ને તે ઘણો ગભરાયો. એ તેનાથી બને તો આ રીતના દ્વંદ્વયુદ્ધનો અંત લાવવા માગતો હતો, કેમ કે મુસલમાન સરદારની હોશિયારી જોઇને તે ઘણો આશ્ચર્ય પામ્યો હતો.

તાનાજીએ હવે તો મરવું કે મારવું, એવો જ નિશ્ચય કીધો. હવે કંઇ તેનો ઉપાય નહોતો કે, આમને આમ અપમાન લઇને પાછા હઠાય; કેમકે પાછા હઠવાથી તે જીવતી નહિ પણ મુઆ જેવી જીંદગી ગુજારત. તેણે ધાર્યું કે આમ લડવાથી કદી ફાવિયે કે નહીંએ ફાવિયે, તેથી મરાઠાઓની હમ્મેશની રીત મુજબ પ્રપંચ કરવો ધાર્યો. તે નક્કી જાણતો હતો કે, મુસલમાનો આ છાવણીમાંથી પાછા જઇ શકવાના નથી, પણ તેટલું છતાં એણે પોતાના એક શાગિર્દને—જો બને તો—સરદારનું કાટલું કરવાના વિચારથી ઉશ્કેરી મૂકયો હતો, તેને બોલાવ્યો:

"તપાસ તો યશવંત!" તાનાજીએ બૂમ મારી,—"એને નાસતો અટકાવજે, એ હવે બચવાનો નથી. હમણાં હું એનું માથું ધૂળ ભેગું કરું છું, ને એના આત્માને એના વડવાઓ પાસે નરકમાં મોકલાવી દઉં છું."

યશવંત નવાબની પીઠપર ગયો ત્યાં ચારે પઠાણો, પોતાના પ્રાણ આપવાને તત્પર હતા. તેઓએ યશવંતને તરવારથી સલામ આલેકુમ કીધી. યશવંતે પોતાની મદદે બીજા પાંચને રાખ્યા હતા. તાનાજીએ પોતાનું ખડ્ગ કાઢયું. તે તપાસીને દુશ્મનપર ધસવાને તૈયાર થયો. નવાબ પણ હવે સાવધ હતો. તે સઘળું ચેતી ગયો હતો ને યશવંતને તપાસવાને પોતાના પઠાણ—અંગરક્ષકો તરફ આંખ ફેરવી, અને પોતાની કમરમાંથી ઘણો સરસમાં સરસ જમૈયો કાઢયો; ને તેને એવી રીતે બતાવ્યો કે, સૌએ એમ જ માન્યું કે આ છાતીમાં ભોકવાની નિશાની છે.

"પંઢરપુરવાળા વિઠોબાના કસમ ખાઇ કહું છું કે," આ દક્ષિણીએ ઊંચા હાંથ કરીને કહ્યું—જ્યારે નવાબ તો ઇશ્વરની પ્રાર્થના કરતો જ હતો "આજે એને સધામ મોકલીશ."

હવે કંઇ વખત નહોતો કે એક બીજા સામસામા જોયા કરે. તાનાજી ને નવાબ બન્ને પૂરતા ગુસ્સામાં આવ્યા હતા, અને નવાબે પોતાના પડાણને કહ્યું કે. "પીઠ સંભાળજે, શત્રુ પીઠપર ખડો છે." એટલું બોલીને તે તાનાજીપર ધસ્યો ને ઘણી જ ત્વરાથી તાનાજીના હાથમાંથી ખડ્ગ પડાવી નાખ્યું અને જોરમાં ધક્કો મારી પાછો હઠાવી બીજી વેળાએ પણ તેને મૂર્ખ બનાવ્યો.

"કેમ અહમક! હવે મુરાદ બર આવી?" નવાબે તેને ખૂબ ખીજવવા માટે ટચેકો માર્યો. "અરે બેરહમ! તું સંભાળ, હવે તારા હાથમાં શસ્ત્ર પણ નથી ને તારો કોઇ સહાયકારી પણ નથી. હમણાં તને પાયમાલ કરું છું. હું ખુદાનો બંદો તેની સામે તારી શી તાકત!"

"ચૂપ! ચૂપ!" તાનાજીએ ગભરામણમાં શરમાતાં શરમાતાં ગણુ-ગણુતે સાદે કહ્યું, "હવે નહિ બચે, તું તપાસ તારી પીઠ. યશવંત! જોય છે શું? હવે બીજો ઇલાજ નથી. એ મ્લેચ્છ બચવો ન જ જોઇએ."

આટલું બોલતાં સાથે યશવંતે નવાબપર પીઠથી ધસારો કીધો અને તાનાજીએ છાતી સામો કીધો. "અરે! જફર, જમરુદ, પીઠ સંભાળજો. હમણાં હું જ એ સઘળાને ખુદા પાસે મોકલીશ."

"જી, ખુદાવંદ! આપ બેફિકર રહો, અમારા શરીરમાં જીવ છે ત્યાં સુધી તમારા વાળને પણ ઇજા થવાની નથી." એમ કહીને સલીમ ને તાજક બન્ને યશવંત સામા ગયા, ને જફર ને જમરુદ નવાબની પીઠપર ખડા રહ્યા. નવાબ તો તાનાજી સામો રહ્યો. તાનાજી ભાલો લઇને ધસ્યો, પણ નવાબે દૂરથી તેને આવતાં જ પોતાનો ભાલો ઝડપથી લઇને તેની છાતી તરફ ધર્યો, જેથી તે અચકાયો ને અચકાતાં સાથે જેવો ધક્કો વાગ્યો કે તે પાછો હટ્યો. સલીમે યશવંતને આવતાં આંતર્યો અને યશવંતે તાજકપર ઘા

કીધો જેથી તે ઘોડાપરથી પડ્યો, એટલે બીજા મરાઠાએ તેની છાતીમાં ભાલો ખોસી દીધો. સલીમે યશવંતના પગપર ઘા કીધો કે તે ઘોડાથી પડ્યો, ને જફૂરે આવી તેનું માથું કાપી નાખ્યું ને પાછો પોતાના ખાવિંદના પક્ષપર જઇને ખડો રહ્યો. નવાબ પણ હવે ગભરાયો, ને કંઇ ઇલાજ ન જણાવાથી તુરત રમાના આપેલા ગોળાની અજમાયશ કરવાનો વખત નજીક આવેલો ધારી એક ગોળાને જમીનપર પછાડ્યો. પાસે પથ્થર હતો, તેપર ગોળો પછડાતાં મોટો ભયંકર અવાજ થયો. અવાજ થતાંની સાથે જ બન્ને સૈન્યમાં મોટો ગભરાટ મચી રહ્યો.

## પ્રકરણ ૨૦ મું

### કટોકટી-પરાક્રમ

પાછલા પ્રકરણમાં કહી ગયા તેમ નવાબે પછાડેલા ગોળાથી ક્ષણની શાંતિમાં હતા તેમાંથી બન્ને પક્ષના લડવૈયાઓ એકદમ જાગ્યા, અને પોતાના કામ માટે તૈયાર થવા એક બીજાને મદદ કરવા લાગ્યા. બન્ને લશ્કરમાં એકદમ તૈયારી થઇ રહી. દરેક જણ પોતાના કામ માટે લાયક હતો, જે તે વેળા એક રીતે ઘણું અગત્યનું હતું, અને બેશક પોતાનો ધર્મ બજાવવામાં જોખમકારક પણ હતું. દરેક જણ પોતાના માથાપરનું સૌથી મોટું જોખમ જોઇને ભયથી ધ્રુજતો હતો, તેમ દરેક જણ પોતાને મોતના મોંમાં મૂકાયલો સમજતો હતો. ઘોડેસ્વારોએ પોતાના હંમેશના સાથી ઘોડાઓની પીઠપર હાથ ફેરવ્યો, અને રણસંગ્રામના સદાના સાથી સાથે પોતાની જિંદગીની સલામતી, મરવું કે જિતવું, એ વિષેનો સઘળો આધાર તેમના ઘોડાઓપર મૂકયો. મરેઠાઓના ઘોડા ઘણા કદાવર ને લડાઇમાં ટેવાયલા હતા, ને પૂર્વની લડાયક પ્રજાને જે રીતે ઉપયોગમાં આવી શકે તેવી રીતની સઘળી કેળવણી તેમને આપવામાં આવી હતી. દરેક ઘોડો પોતાના સ્વારની રક્ષા કરવાને માટે તૈયાર હતો, ને દરેક સ્વાર પોતાના ઘોડા માટે પ્રાણ આપવા તત્પર હતો. જાણે પોતાના કુટુંબનું મનુષ્ય હોય તેમ ઘોડાની સંભાળ લેવાતી હતી. તે ઘોડાઓપર જીન કસી, સ્વારોએ પાવડામાં પગ મૂકી ભાલાઓ હાથમાં પકડ્યા હતા. લગામ છૂટી મૂકી ને તેવી અવસ્થામાં મોંપર ચણાનો તોબરો બાંધ્યો હતો. સ્વારો પોતાના હાથમાંના ચણાપૌવા ને સાકર ફાકવા મંડ્યા. હવે ખોટી માત્ર હુકમની હતી.

નવાબની ભય ભરેલી હાલત જોઇને નવાબનું લશ્કર ચકિત, બેબાકળું ને બાવરું બન્યું હતું. તેઓ પહેલાં તો અતિશય ગભરાયા, પણ નવરોઝે તરવાર ને ભાલો હાથમાં લીધો એટલે સૌ તૈયાર થયા. મોખરાપર ૩૦૦ ઘોડેસ્વાર થયા—પછાડી લશ્કર દોરાયું. આ વેળા નવરોઝની પડોસમાં

તુરતના આવેલા બે ઘણા ગંભીર પોષાકમાં બીજા નવા સરદારો ઉભા હતા. તેમણે તો કેસરિયાં જ કીધાં હતાં. ભય હતો તે દૂર નાંખ્યો હતો ને જીવને સાટે જીવ બચાવવાને તૈયાર બન્યા હતા. નવરોઝે તેમને પોતાની જમણી બાજુએ રાખ્યા. "આજના જેવો તોફાની દિવસ મેં કદી પણ જોયો નથી, ને મને આજ કરતાં વધારે ભય કદી પણ પ્રાપ્ત થયો નથી. પણ આ-જના મધુરામૃત જેવું પાણી કદી પણ મારી જિંદગીમાં હું પીવાનો નહિ, ને આજથી વિશેષ આનંદ મને કદી પણ થશે નહિ." એમ નવરોઝ બડબડ્યો.

"આ તમે કુરાનની ભાષામાં બોલ્યા છો, નહિ?" પેલા બે નવા સરદારમાંનો એક બોલ્યો, "આપ તો ખરેખર આ નગરીના શણગાર ને રણનાં રત્ન છો."

"ભલે, આપ મહેરબાન એમ કહો," પેલા મુસલમાને પ્રત્યુત્તર આપ્યો, "મારી જન્મભૂમિને ખાતર ને મારા નવાબને ખાતર આજે તમારી સાથે રહી જે પરાક્રમ હું કરીશ તે ફિરિશ્તાઓને પણ પસંદ પડશે. જિંદગીમાં કંઇપણ રૂડું કે ભુંડું કરવું, પછી યારી આપનાર તો તે સાહેબ છે."

"ડોસા, તમે સત્ય કહ્યું," બીજા નવા સરદારે નીચા નમીને જવાબ દીધો, "પણ હવે વિલંબ શો છે? આ શત્રુઓ સમક્ષ આપણે ઘણું કરવાનું છે, ને મહાસાગરનાં મોજાં ઘણાં ઉછળે છે માટે ઘણી ઝડપથી દોડ કરવી જોઇયે. નહિ પહોંચી વળાશે તો હમ્મેશની બદનામી માથાપર ચોંટી બેસશે, ને તેમાંથી આપણો બચાવ નથી."

"તમે બેફિકર રહો, મારા લક્ષમાંથી કશુંએ ગયું નથી." તે વૃદ્ધ સરદારે કહ્યું. "મારા સાથી ને મિત્રોની સહાયતાથી દિવસના દશમાં ભાગમાં શત્રુને નામોશી સાથ નસાડીશ. લશ્કરની વ્યવસ્થા બરોબર છે ને આપણે પણ સઘળી રીતે દરોબસ્ત બન્યા છિયે."

"પણ રે સાંભળો, બીજો અવાજ થયો." એકદમ ચમકીને બીજા નવા સરદારે નવરોઝને આંગળી કરી આકાશમાં અંગારો બતાવ્યો!

નવાબને બીજી વેળા ગોળો અફાળવાની જરૂર એટલા જ માટે પડી કે, તાનાજીએ તેનાપર બીજા ચાર મરેઠાઓને મૂકયા, કે જેઓ

ગમે તે પ્રહારે એનું ખૂન કરે. ચારે સ્વાર નજીક આવી પોહોંચ્યા, પણુ નવાબ જોમમાં આવેલા કોઈ વલેસ્માતથી બડો શૂરવીર બની ગયો હતો. તેના સાથીઓ બહુ કાબેલ હતા, પણુ તેનાથીએ એણે સવાયું પરાક્રમ બતાવ્યું. ચાર ચંડાળોમાંના એકને તો ધસતાં જ કાપી નાંખ્યો, ને જમરુદનો ઘોડો ખાલી પડ્યો હતો તેપર સ્વાર થયો. તાનાજી વિશેષ લજ્જિત થયો ને તે દાંત કચકચાવી આ તરકડાને મારી નાંખવાનો દાવ શોધતો હતો. તેટલામાં એક ગોળ કુંડાળામાં નવાબને ઘેરી લેવા સઘળા સિપાઇઓ આસપાસ ફરી વળ્યા. પ્રસંગ અતિ બારીક હતો, ને જીવ સટોસટના સોદા હતા. નવાબે અલ્લાહનું નામ જીભપર લઈ પોતાનો ઘોડો શત્રુઓની મીણમાં ફેંકયો ને પાંચ દશને ભાલાથી વીંધી નાંખ્યા, ને તે જ આવેશમાં બીજો ગોળો જમીનપર અફાળ્યો—એમ જ માનીને કે હવે મદદ ન આવી પહોંચે તો એકલે હાથે સઘળું કામ બજાવવું, પણ જનનીની કુખ લજાવવી નહિ. આ વેળાએ તેનો વિકરાળ ચહેરો, તેનું બાહુબળ, તેનો સીનો ને તેની કાબેલિયત એવાં તો ઉત્તમ હતાં કે "ધન્ય છે એનાં માત પિતાને!" એમ મુખોચ્ચાર કર્યા વિના રહેવાતું નથી. જનાની વૃત્તિવાળો છતાં મરદાનગીમાં તે એક્કો બન્યો હતો, ને તે કાળના એક્કા કરતાં પણ વધારે કદાવર દેખાતો હતો.

શિવાજી તેની આ મરદાનગીને જોઇ હેરત પામ્યો, ને એક સિંહના સમાન યોદ્ધો આટલી ત્વરાથી આવી સરસ રીતે શત્રુઓને હંફાવે, એ તેના કાળજામાં કોતરાયું. તેણે ધાર્યું કે, "કેટલાંક સ્ત્રીપુરુષ ને નિર્દોષ બાળકોના ઘાતની આ ગેબી સજા કરવા ઇશ્વરે તો આને નહિ પ્રેર્યો હોય. રખેને એ કચડઘાણ કાઢી નાંખે" એવા વિચારથી તે અજિત શત્રુને, મારવાને બહુ આતુર બની ગયો. તેણે બીજા પંદર સ્વારને આ શત્રુપર મારો ચલાવવા મોકલ્યા. નવાબ હવે ગભરાયો ને તેણે જાણ્યું કે ખચીત કંઈક દગો થયો, છતાં પણ હટ્યો નહિ. પોતાના ત્રણ સાથી, જે હજી પણાં સલામત હતા તેમને પાસેના પાસે ઉભા રહેવાનું સૂચવી, માહોમ કરી

ચેલા પંદરે જવાંમર્દ સામો ઘોડાને ઝોકાવ્યો. ત્રણનાં માથાં ધડથી જૂદાં કરી, તે પોતાના સાથીઓ સાથે પાછો હઠ્યો, ને મરેઠાઓ અચંબો પામી રહ્યા. શિવાજીએ આ બધો ચમત્કાર જોઈને એકદમ પોતાના માણસોને અટકાવ્યા, ને નવાબ સાથે વાત કરવી ધારી. નવાબને વચન આપ્યું કે "ખુલાસો કરે નહિ ત્યાંસુધી તને કશી ઇજા, દગાફટકા કે કાવતરાંથી થશે નહિ." વિચાર કરી નવાબે તરવાર મ્યાન કીધી, ને ભાલાને હાથમાં રાખ્યો.

સત્તરમી સદીનો આ 'નાઇટ,' જ્યારે તેને બોલાવવામાં આવ્યો ત્યારે તેની હઝુરમાં ઘણા દબદબા ને દમામ સાથે ઉભો રહ્યો, ને પોતાના તોરમાં શિવાજીને જરાપણ માન ન દીધું. જો કે એ શિવાજીને બિલકુલ જણાયો નહોતો કે કોણ છે। ને એ પોતે પોતાનો દબદબો સાચવવાને માટે જરા પણ ખંતી નહતો, તથાપિ જ્યારે એણે જોયું કે, રાજબીજના ગુણનું ઉલ્લંઘન કરવામાં આવે છે ત્યારે એને શી દરકાર રહી? જે પુરુષે મોતના મોં સામું જોયું તેને બીજાનો ભય કેવો ? રાજદરબારની રીતભાતથી સંપૂર્ણ માહિતગાર છતાં એણે આ અવિવેક પ્રથમ જ કીધો, જો કે તે કારણસર હતો. નવાબની બાજુએ તેના સાથીઓ ઉભા રહ્યા, પણ ભાલાને નીચા નમાવ્યા નહિ; જો કે તે કાળમાં ભાલાને નમાવવો, એ મોટા માનની એંધાણી હતી. તે શૂરવીર બેદરકાર પણ નિડરતાથી ઊભો રહેવા પછી મહારાજાએ પૂછ્યું.

"તમે કોઇ મોટા સરદાર છો જી ?" શિવાજીએ પ્રશ્ન કીધો. "તમને સરદારની પદવી કોણે આપી ને કયારે મળી છે ?"

"આલમગીર બાદશાહે, મહેરબાન દિલ્લીપતિએ." સુરતના નવાબે ઉત્તર દીધો.

"શસ્ત્રવિદ્યા તમે સારી જાણો છો, નહિ વારુ ? તમે હમણાં જે પટાબાજી ખેલી તે સરદારને બહુ માન અપાવે તેવી છે. હાલના સમયમાં તમે જે યુદ્ધનિપુણતા બતાવી, તે ખરેખર તમારી કીર્ત્તિમાં વધારો કરશે; તોપણ તમે નથી જાણતા કે આ તમારી બહુ મૂલ્યની લડાયક શક્તિ

માટે તમને મોટું ઇનામ આપનાર કોઈ નથી. તમારો નવાબ તો ક્યારનોએ મરણ પામ્યો છે અને હવે તમે ફોકટ વળખાં મારી જીવ આપવા સામાટે તત્પર થયા છો? તમારી કીર્ત્તિ પીછાનનાર હવે કોઇ નથી, ને જો તમે આયુષ્યને ચાહતા હો તો ભલે તમે તમારે રસ્તે જાઓ, તમારા આવવાનું ને જવાનું કશું પણ કારણ અમે જાણવાને રાજી નથી. ઇચ્છા હોય તો મારો ભોમિયો તમને સલામત છાવણી બહાર પહોંચાડશે. કશા પ્રકારની ઇજા થશે નહિ. તમે શું કહો છો સરદાર?"

નવાબે બોલવાનો યત્ન કીધો; પણ પોતાના ઉભરા દર્શાવવા અશક્ત હતો. પોતે જાતે સલામત છતાં આવું દાવપેચવાળું બોલવું સાંભળી બહુ વિમાસણમાં પડી ગયો.

"નિરુત્તર ન રહો, શૂરાઓએ હુકમને તાબે રહેવું જોઇયે, ને તાબેદારોએ પોતાના ખુદાવંદોને માન મરતબાથી જોવા જોઇયે. અમે તમારો મોટો ગુન્હો પણ માફ કરિયે છિયે, કેમકે તમે બહુ ઉદાર દિલના પરાક્રમી સરદાર છો."

શિવાજીએ પોતાની તીક્ષ્ણ આંખ આ સરદાર તરફ રાખી, ને સ્મિતહાસ્યથી પોતાના બોલવાની શી અસર થાય છે તે જોવા લાગ્યો. નવાબે આ બધા બોલવાની મતલબ શી તે સમજવાનો યત્ન કીધો, પણ તેમાં તે નિષ્ફળ થયો. શિવાજીના મોંપર પરમાનંદ પ્રકટ દેખાતો હતો, એટલે પ્રપંચ છે એમ માનતાં નવાબ અચકાયો.

"જો એથી આપ આનંદ પામતા હો તો, અય મરેઠાના સરદાર!" મુસલમાન સરદારે કહ્યું, "એમ કરવામાં વિલંબ નથી. અય વીર પુરુષ! આટલી દયા આ નગરીના લોકપર પ્રથમ જ અવશ્ય કરવી હતી. તું નામદારની મરજી આજે જણાવી તે પહેલાં એ જ પ્રમાણે વર્ત્યો હોત તો બેશક અમે ઘર બહાર વિનાના થાત નહિ ને આટલા જીવપર આવત નહિ. આ નગરના લોકોના ત્રણ ત્રણ દિવસ થયા જીવ લીધા, ને બાળક, સ્ત્રી ને વૃદ્ધોને રડાવતાં કાપતાં જરા પણ ડર્યો નહિ, એ તારા અમીરી ખવાસને શરમાવે તેવું છે. અમે અમારી સુકી પાકી રોટલીપર ગુજારો કરીએ છીએ, ને બીજાને જરા પણ ઇજા કરતા નથી.

...ાં તેં આજે જે સિતમ ગુજાર્યો છે, તેનો, તારો ને અમારો અલ્લાહ ...ક જ છે ત્યાં જવાબ દીધા વિના છૂટકો થશે નહિ."

"પુષ્કળ દ્રવ્યની અમને જરૂર હતી, ને આ નગરમાં પરદેશી-ઓના સમાગમથી દ્રવ્યની રેલછેલ થઇ રહી છે તો તેમાંથી થોડું અમે ઉપયોગ માટે માગીએ છીએ. એથી આલમગીર જાલમનો શિરચ્છેદ કરી ભરતખંડમાં એક સરસ શક પ્રવર્તાવીશું."

"તારી પોતાની ઇચ્છા પ્રમાણેનો અધર્મ કરવો યોગ્ય છે?" ...ત્તરમી સદીના રાજવીરે પૂછ્યું. "પણ જો તું સરદારની ઇચ્છા હોય તો, અને અમારાપર તમારો પૂરતો વિશ્વાસ હોય તો, જે દ્રવ્ય છે તે મૂકીને ચાલ્યા જાઓ, અમે તમને જોઇતાં સાહિત્યો પૂરાં પાડીશું. તમારી મદદમાં રહી અમારા બાહુબળથી કીર્ત્તિ અપાવી, તમને રાજકાજમાં મદદ કરીશું. એમ નહિ બનશે તો યાદ રાખો કે, તમો સઘળાને આ અલ્લાહના કસમથી કહું છું કે, જીવતા જવા દેવાને માટે બહુ વિચાર કરીશ."

"ચંડાળ, મ્લેચ્છ પુત્ર, ગોઝારા! શું તું અમને ડરાવે છે?" માલુસરે જે આટલીવાર અબોલ ઉભો હતો, તે એકદમ ખીજવાઇને પોતાના કારસ્તાનીયા સાથી સહિત આ અમીરજાદાપર ધસ્યો, ને નવાબે સાવધ થઇ શત્રુના આગળ ધસતા બીજા સરદારને ભાલો ઘોંચી તેનું માથું ...લાપર લઇ સૌને ભય ઉપજાવે તેમ બતાવ્યું. એ જોતાં જ બીજા મરેઠાઓ "સેતાન–ખ્રીસ્તને બસ મારો," એમ બોલી ગીધ પેઠે તૂટી પડ્યા. નવાબે કશા પણ આંચકા વગર સૌને સામો જવાબ દીધો. કાપાકાપી ચાલી, ને તેટલામાં નવાબે, અવકાશ મળતાં ત્રીજો બાકી રહેલો ગોળો જમીનપર પછાડી અતિ ભય ઉપજાવ્યું.

સુરતના લશ્કરમાં પુષ્કળ ભય પથરાયું ને ચેતવણી મળતાં એકદમ લશ્કરે દોડ ચલાવી. મરેઠાઓમાંના કેટલાક બેઠા હતા ને કેટલાક તૈયાર હતા તે સઘળાપર નગરજનનું લશ્કર તૂટી પડયું ને કેર વર્તાવ્યો.

## પ્રકરણ ૨૧ મું

## સૂરતની સૂરત !

શિવાજીના કાનમાં નવાબના ગોળાનો ત્રીજો અવાજ જતાંની સાથ મનમાં અતિશય ભય ઉત્પન્ન થયો. તુર્તાતુર્ત પોતાની "કૅવેલરી" ને તૈયાર કરવાનો પેગામ મોકલી, તેઓને સજ થવા વરદી આપી. ઘણાં ફાંફાં માલુસરેએ નવાબને મારવાને માટે માર્યાં પણ તે ફોકટ ગયાં ને હુકમ મળતાં એકદમ પોતાને શિવાજીની મંડળીમાં દાખલ થવા જવું પડ્યું. મંડળમાં ઘણા વિચાર થયા, પણ વખત થોડો હતો તેથી કંઇ પણ નક્કી કરે તે પહેલાં ઘોડેસ્વાર લશ્કરનાં પગલાં સંભળાયાં. આવતા ભયને નિવારવા શિવાજીએ ઘણી મહેનત લીધી, પણ તે વ્યર્થ ગઇ. લગોલગ લશ્કર આવી પહોંચ્યું, અને તે તૂટી પડે તેટલો વિલંબ હવે હતો. સઘળું વેરણ ખેરણ થઇ જવાથી પોતાના ચારે સ્વાર સાથે ગ્યાસુદ્દીન રૂમી નાસી ગયો નહિ, પણ બેધડક જે થાય તે જોવાને માટે ઉભો રહ્યો.

પણ એટલામાં બીજી બાજુથી નવસારીના દેશાઇનું લશ્કર આવી પહોંચ્યું ને તેઓએ દંડ લેવાની માંગણી કીધી. માંડવીમાંથી પણ ત્યાંને ઠાકોર આવ્યો ને તેણે પણ એવો જ હુકમ મોકલ્યો હતો. કશી પણ આનાકાની વગર તાબે થવાને સૂચવ્યું હતું, પણ જે જે શરતોની માંગણી કીધી હતી, તે તે શરતો એટલી તો કરડી હતી કે, તે વાંચતાં જ શિવાજી બબ્બે મથોડાં ઉછળ્યો. તેણે નક્કી જાણ્યું કે, નવાબને ઘણી સજ્જડ મદદ મળી છે ને તે હવે આપણને સાંગોપાંગ જવા દે તેવો નથી. તેની આંખમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં ને પોતાની અમર કીર્ત્તિ જતી રહેવાનો આવો સાંકડો સમય આવ્યો, તે માત્ર પોતાના ઉતાવળીયા તથા અયોગ્ય કર્મને લીધે બન્યું છે, એમ જાણીને તેણે એક મોટો નિશ્વાસ મૂક્યો.

જે પ્રતિનિધિ નવસારી ને માંડવીવાળા તરફથી આવ્યો હતો, તેનો ભવ્ય દેખાવ ને ક્રોધતમૂર્ત્તિ જોઇને મરાઠી લશ્કર ચૂપ રહી ગયું. પેગામચી

...લમાન હતો ને મોટા આરબી ઘોડાપર સ્વાર થયો હતો; હાથમાં ...લો ને નાગી તરવાર લટકતી હતી; શરીરપર કડીયાળું બખ્તર ધારણ ...ધું હતું, અને મોંપર લાંબો ટોપ મેલ્યો હતો; એટલે દેખાવ જ વિકરાળ ...ાગતો હતો. તેનો લેંઘો તંગ હતો, ને તેપર ચામડાના પટ્ટા વિંટાળી દીધા ...તા; આંખ મોટી હતી ને તે ઘડીને પળે જાણે રુદ્રનો કોપ કરશે તેવી ...ખાતી હતી. ઘોડો વારંવાર ખોંખારતો હતો, ને તેની લાંબી કેશાવ...ીથી ગરદન છવાઇ રહી હતી. આવી મૂર્ત્તિને જોઇને વળી આ નવો જ ...નાવ શો છે, એ જાણી સઘળા ચકિત થયા.

પોતાના સરદારો વચ્ચે પહેલી વાતચિત થયા પછી, શિવાજીએ પો...ાની મંડળી હજુર, પેગામચીને બોલાવ્યો. કોણે સવાલ કેમ કરવો ...નો જ આ મૂર્ત્તિને જોતાં વિચાર થયો! સઘળાની સામા આ પ્રતિનિધિ જે ...ીતે જોતો હતો, ને વારંવાર ચક્ષુને ગતિ આપી આમતેમ નજર નાંખતો ...તો, તે જોતાં સૌને એમ પણ ભાસ્યું કે, રખે તે કોઇનું રક્ત રેડે! થોડીવાર ...ૌ મૌન ધરી રહ્યા, પણ અંતે ખરેખરા ગર્વથી શિવાજીએ પ્રશ્ન કીધો.

"તું પ્રતિનિધિનું કામ કરવાને માટે આવેલો છે?"

"એમ તો ખરું જનાબ!" પેલા પ્રતિનિધિએ જવાબ દીધો.

"તારા ઠાકોર અને દેશાઇની માગણી અમે નાકબૂલ કરીએ તો ...એ શું કરી શકશે વારુ?"

"તરવાર પોતાનું કામ બરાબર બજાવશે, ને તમારા માણસોનાં મડદાં અત્રે રઝળશે?"

"તમારું નામ શું છે?"

"સલાદીન તે વીર યોધો!"

"ખરેખર સલાદીન, તારા જેવો વીર યોધો માંડવીના ઠાકોરના આસરામાં છે તો તેવા બીજા કેટલા હશે! તને શું મુસારો મળે છે? તેં માત્ર એક થોડા પૈસાને ખાતર તારી જિંદગી ખરેખરા જોખમમાં નાંખી છે, એ બહુ ચમત્કારક વાત છે. જો તારી ઇચ્છા હોય તો તું તારે જોઇયે તેટલું દ્રવ્ય પેલા તંબુમાંથી લે અને કોઇપણ પ્રકારે અમારો સહાયક થા."

"તારાં સઘળાં કાવતરાંથી અલ્લાહ બચાવે !" ઉંચા હાથ કરીને એલચી બોલ્યો. "નિમકહરામીથી પણ આ તો વિશેષ છે. પોતા માલિકનો દ્રોહ કરવો, એ તો અલ્લાહના ગુન્હાની વાત થઇ. રે સરદાર આ તારા દરજ્જાને યોગ્ય નથી ને તને ઇશ્વરને ત્યાં આવાં પાપિ કર્મને માટે બહુ મોટી શિક્ષા થશે."

શિવાજીએ આ સાંભળતાં પોતાનો ભય વળી વિશેષ વધાર્યો; સલાદીને આવો પ્રસંગ જોઇને વિશેષ ભડકાવ્યા.

"જો અમારી માગણી નાકબૂલ કરવામાં આવશે તો એક ઘડીના છઠ્ઠ ભાગમાં આ સામે ઉભેલું લશ્કર તમને કચડી નાંખશે." અને આ બોલત સાથે બાજુએ નજર કીધી તો ઘણા અચંબા સાથે શિવાજીએ દૂરના મેદાનમા ગીરદ ઉડતી જોઇ, અને એક બાજુએ અરબ અને મુસલમાનો અને બીજી બાજુએ હિન્દુ ને અફગાનોને ગીધ પેઠે તૂટી પડવાને માટે તલ્પી રહેલા જોયા ! શિવાજીને હવે શક વધ્યો, ને તેણે ધાર્યું કે પહેલાં જે સરદાર આવ્યો હતો તે જાણી જોઇને આપણને અડચણ કરવા આવ્યો હતો, ને તેટલા સમયમાં આ બધી ગોઠવણ થઇ ચૂકેલી છે. દૂરના નગરના લશ્કર કરતાં પણ ઘણું મોટું લશ્કર દષ્ટિમર્યાદામાં ઉભેલું જોયું અને તેમના ઘણા પઠ્ઠા ઘોડાઓનો હણહણાટ, તેમના ચાલવાથી ઉડતી રજ, ને ભાલાનો ચળકાટ સૂર્યના તેજથી વધારે પ્રકાશતો ઘડીમાં સૈન્ય દેખાતું ને ઘડીમાં વળી અદૃશ્ય થતું જોઇને શિવાજીએ જાણ્યું કે હવે ઢીલ માત્ર તૂટી પડવાની છે.

"જા, ઓ દીવાના એલચી, તને આજે જીવતો જવા દઉં છું, તે એટલા માટે કે અમારી દક્ષણી પલટણોના હાથ કેવા છે તે તમને તુરકડાઓને બતાવીએ." ઘણા ગુસ્સામાં શિવાજી બોલ્યો—જો કે તે ધારતો હતો—તેને ખબર હતી કે આ યુદ્ધમાં જય નથી જ મળવાનો. "સલાદીન મૂર્ખ ! તું એલચીપણાને લાયક જ નથી. માંડવીનો ઠાકોર ને દેશાઇ પોતાનું લશ્કરી બળ કેટલું છે, તે અમારે મુકાબલે આવશે ત્યારે જોશે." આ વાક્ય પૂરું ન થયું, તેટલામાં તો સલાદીન પોતાને મારતે ઘોડે ચાલ્યો ગયો ને જોતજોતામાં ઝાડીની પેલી પાર અદૃશ્ય થઇ ગયો. તેણે પોતાના

લશ્કરમાં જઇને સઘળા વર્તમાન નિવેદન કીધા ને ઠાકોર ને દેશાઇ બન્નેએ ધમાં આવીને પોતાના લશ્કરને સઘળી બાજુએથી તૈયાર કીધું.

પાછલા પ્રકરણમાં જણાવી ગયા પ્રમાણે સુરતનું લશ્કર શિવાજીના લશ્કરપર ટૂટી પડવાને દોડ્યું, પણ તે સો વાર અગાડી ધસે છે, તેટલામાં એક ઘોડેસ્વારે શ્વાસભેર દોડતાં આવીને નવરોઝના હાથમાં એક કાગળ મૂકયો. નવરોઝે તે વાંચી સુરલાલ, જે બીજી ટુકડીને યોગ્ય આકારમાં ગોઠવતો હતો, તેની પાસે જઇને તેના હાથમાં આપ્યો. બન્ને વાંચી ઘણા ચકિત થયા, કેમકે માંડવીનો ઠાકોર ઘણાં વર્ષ થયાં સુરતના નવાબની સામા શત્રુવટ રાખતો હતો, તે આ વેળા એકદમ વહારે આવ્યો, તે પહેલાં માનતાં અચકાયા, પણ નવસારીના દેશાઇનો બીજો પેગામ હતો, તેમાં સઘળો ખુલાસો દર્શાવેલો હતો, તેથી ખાત્રી માની પોતાને મોટો આશ્રય મળ્યો જાણી પૂર ઉમંગમાં આવ્યા. સર્વ વર્તમાન મોતીને કહ્યા, ને ત્રણ બીજી ટુકડીની સરદારી, ત્રણ સ્ત્રીઓને આપી હતી, તે સર્વ હવે વધારે જુસ્સામાં આવી ગઇ. પેગામચી પાસે આવી નવરોઝે પૂછયું, "સૈન્યમાં કેટલું માણસ છે?"

"ખુદાવંદ, તીન હજારસે કુછ જિયાદા ઘોડેસ્વાર ઔર પાંચ હજાર તીરંદાજ હયેં!"

"અલ્લાહને બહોત યારી દી!" નવરોઝે પ્રાર્થના કરી. સંકેત પ્રમાણે આ વળી બીજી વેળા લશ્કર થંભ્યું. આથી શિવાજીને પોતાની સેનાની રચના કરવાનો સારો વખત મળ્યો. તેણે પોતાના સઘળા સરદારોને જીવપર આવીને ટૂટી પડવાને ઉશ્કેર્યા, ને સઘળાઓ મરવું કે મારવું એ જ નિશ્ચય કરીને તૈયાર થયા. પોતાની સેના તૈયાર થયા પછી શિવાજીએ બહારની મદદને હટાવવા માટે પહેલો માર્ગ લીધો; કેમકે તેની ધારણા એવી હતી કે, શહેરનું લશ્કર તો નામનું ને ગણત્રીનું જ હશે. જો બહારની વહાર પાછી હટી તો શહેરના ફુરચેફુરચા ઉરાડી દેતાં વિલંબ થશે નહિ. થોડુંક લશ્કર અગાડી ચાલ્યું. તે પૂણી નજીક આવ્યું કે સઘળા અટકી પડ્યા. સફસમારીને સામા લશ્કરના આવવાની વાટ જોતા મરેઠા ઉભા.

"હું ધારું છું કે, હવે આપણે રણક્ષેત્રની નજીક છિયે," શિવાજી બોલ્યો. "સામું ઘોડેસ્વાર લશ્કર હણહણાટ કરી રહ્યું છે, ને મને લાગે છે કે દૂરથી રણસિંગડાં ને પડઘમનો અવાજ આવે છે, નહિ વારુ? હવે આપણે સર્વ પ્રકારે સજ્જ થઇ રહેવું અને આપણી પોતાની કીર્ત્તિ માટે, આપણી સ્રીઓની નામના માટે શૂરા યોધાઓએ અચળ હિમાલય પેઠે ઉભા રહેવું જોઇયે. મેળવેલી કીર્ત્તિ અને રામદાસ સ્વામીનું વચન એ બન્નેપર વિચાર કરી તમારે દરેકે પોતાનું કર્તવ્ય કર્મ કરવું."

આ સાંભળતાં જ સઘળા સરદારો, સામંતો, તીરંદાજો, ભાલેદારો અને તરવારિયાઓ એકદમ બરોબર વ્યૂહમાં ગોઠવાઇ ગયા. જો કે દક્ષણીઓ ઘણા થોડા હતા તોપણ તેઓ આ વેળા બહુ સાવધ ને ગંભીર બન્યા હતા; ને સત્ય કહીએ તો આટલું તો તેમના મોંપરથી સ્પષ્ટ જણાતું કે, તેઓમાં બીક તો જરાએ જણાતી ન હતી, પણ આશ્ચર્ય ને ચિન્તા બન્ને સાથે માલમ પડતાં હતાં. દૂરના મેદાનમાંથી શૌર્ય ચઢાવતો રાગ સાંભળી, ને વાજિંત્રનો સુંદર શબ્દ કાનમાં પડતો તે સાંભળી, શત્રુનું સૈન્ય રસભર્યું થાય તે પહેલાં પોતે જ તૈયાર થયા હતા પાછળનું શહેરી અરબ લશ્કર આ વેળા જણાતું નહોતું.

વચોવચ રેતીના ઢગલાનો ડુંગર હોવાથી સામી બાજુનું સૈન્ય બરાબર જણાતું નહિ ને તેથી ગણત્રી પણ કરી શક્યા નહિ. તાનાજી માલુસરેએ કહ્યું કે, "જનાબની ઇચ્છા હોય તો રેતીની ટેકરીપર ચઢી લશ્કર કેટલું છે તે જોઉં? મને તો લાગે છે પૃથ્વીનાથ, કે સામું માણસ પાંચસોથી વધારે નહિ હોય. માત્ર વાજાંવાળા ને પડઘમવાળા જ આટલો ઘોંઘાટ કરી રમખાણ મચાવી મૂકે છે. હું ચઢું ખુદાવિંદ?"

"નહિ, નહિ! એથી તો આપણી સેનામાં શક વધશે ને ધીરજ ખોશે તો અનર્થ થશે."

ધીમે ધીમે મરેઠી લશ્કર ટેકરીની નજીક જઇને ઉભું રહ્યું. આ એક બચાવની ઘણી સારી જગ્યા મરેઠાઓને હાથ લાગી.

## પ્રકરણ ૨૨ મું

### ઝપાઝપી

બન્ને બાજુના યોધાઓ તત્પર થઇને અગાડી ધસવાની રાહ હવે જોતા હતા. એક મોટી ટેકરીના ઓથામાં શિવાજીનું મરેઠી સૈન્ય એક બાજુથી રક્ષણ થવાના ઇરાદાથી ઉભું હતું. મરેઠાઓના મોંપરથી નૂર તો ઉતરી ગયું હતું, પણ શિવાજી ને તેના બીજા યોધાઓ પોતાના જયપર મુશ્તાક હતા. તેમને સંપૂર્ણ આશા હતી કે, ગમે તેમ થશે તોપણ આપણો જ જય છે. ચારે બાજુએ શત્રુઓ છે તથાપિ ભય ઓછો બતાવવામાં આવતો હતો. માલુસરે પોતાના ઘોડાપર ઝળકાટ મારતો લશ્કરી પોષાક સજીને બેઠો હતો ને હાથમાં લાંબો ભાલો રાખ્યો હતો.

માંડવીના તથા દેશાઇના લશ્કરની મદદ આવવાથી નગરના લશ્કરને પૂરતું શૂર છૂટયું હતું. નવરોઝે દૂરબીન મૂકીને સામા લશ્કરની હીલચાલ જોઇ અને જોયું તો તે દૂર જતું દેખાયું. આગળ પોતાના લશ્કરને વધવાનો હુકમ કીધો. ધીમે ધીમે લશ્કર વધવા માંડયું અને શત્રુની હીલચાલ તપાસવા લાગ્યા. આ ક્ષણે આપણો શૂરો પહેલવાન પોતાની સેનામાં આવીને ભેળાઇ ગયો હતો. જે તંબુ તેણે સોનાથી ભરેલો જોયો હતો, તે ઉપડી ગયેલો દેખાયો. આ જોતાં જ નવાબને ઘણું લાગ્યું. પોતાની રૈયતની સકમાઇ આમ લૂટારો લૂટી જાય, તે જોવાને તે રાજી નહિ દેખાયો, પણ ઇલાજ નહોતો. લશ્કરને બે કામ કરવાનાં હતાં, એક પરાજય પમાડવો ને બીજો જય મેળવવો. આટલા માટે ધીમી ચાલે, પણ વેગમાં પોતાના સૈન્યને અગાડી વધવાનું સૂચવ્યું. મોતી જે આ વેળા ખરેખરી શૌર્યાવેશી સુંદરી અને અંબાને ભૂલાવે તેવી દેખાતી હતી તે મોખરે આવી. મણી, તેની સખી પણ આ વેળાએ કોઇ મહાતેજસ્વી કાંતિમતી જણાતી હતી. પોતાના લશ્કરના એક ભાગની સરદારી પોતે લઇ સૌને પુષ્કળ ઉશ્કેર્યા ને તેમાં જ્યારે શિરપર ટોપ

પહેરી, બખતર સજી, ઘોડાને કુદાવતી, બન્ને સુંદરી સેનામાં આવી ઉભ
રહી ત્યારે કોઇએ તેમને પીછાનીએ નહિ.

"મણી, આજનો રંગઅખાડો ઘણો બાંકો છે નહિ વારુ?" મોતીએ ચાલતાં ચાલતાં પૂછયું.

"સખી, આપણા નસીબમાં કંઇ વિશેષ જ લખેલું હોય તેમ જણાય છે." મણીએ હસતે મુખે કહ્યું. "આજનું સઘળું માન તો તને અને તારી સાહેલી પેલી મરાઠણને ઘટે છે! પણ મારું વામ નેત્ર ફરકે છે તે સુચિહ્ન શા માટે હશે? ખરેખર શકુન બહુ હર્ષભરેલાં છે. જો જો બહેની, પેલું હરણ પણ નાચતું કુદતું ગેલ કરી આપણને આવકાર દે છે."

"તું હજી ઘણી ભોળી છે!" મોતીએ ઠપકો દીધો. "શકુન અપ શકુનનો ભાવ બોલવાનું કશુંએ કારણ નથી. જ્યાં પૂર ઉરના ઉમંગથી કામ કરવા મંડ્યાં ત્યાં અપશકુન શકુન થાય છે ને થંડાંગાર થઇને બેસીએ તો શકુન પણ કંઇ કરતાં નથી. તારે માનવું કે આવી વહેમી વાતોથી કોઈ પણ પ્રકારે લાભ થવાની તો આશા જ નથી."

આમ વાતો ચલાવતાં થોડેક દૂર ગયાં. મરેઠી સેનાએ સૌના આવવાનો પડઘો જોયો. એટલામાં એક સિપાઇએ તીર ફેંકયું. મોતીના સામું જ તે તાકયું હતું, પણ તે ચેતી બાજુએ ખસી ગઇ, ને નવરોઝને કહ્યું, "અમીર દિલના નવરોઝ, સાવધ થાઓ, બાણો છૂટવા લાગ્યાં છે અને સંગ્રામ સમય નજીક છે."

"મોટા મનની તરુણી," નવરોઝે શબ્દ લલકાર કીધો. "બેફિકર રહે, અલ્લાહની મદદ પૂરતી છે તો આપણને ઇજા થનાર નથી. જો એ બાણ કેવું વ્યર્થ ગયું છે. મારા પ્રિય સિપાહીઓ," પોતાના લશ્કર તરફ ફરીને તે બોલ્યો, "તેમના ભાથાને માથાં જ નથી, ને તેમના ભાલાની અણીને કાતિલ ઝેર પાયેલું જ નથી. આપણને એ જંગલી રીતનું પણ અભિનંદન છે. તેઓ ગમે તેવા જંગલી, જડ અને અક્કલશૂન્ય છે. ત

પહેલો ધસારો પણ કરે તથાપિ તમારે અચળ કોટ માફક ટકી રહેવું. પ્રિય ભાઈઓ, વધો, ધીમે ને દૃઢ મને અગાડી વધો."

નાની નાની પંક્તિઓ, જેની આસપાસ ઘોડેસ્વારની ટુકડીઓ વળેલી હતી, તેણે આકાશ ધ્રુજાવી મૂકે તેવી ગર્જના કરી. ભાલા-વાળાઓએ ભાલા ઝગઝગતા કર્યા, તરવારીઆઓએ તરવાર મ્યાન-માંથી કાઢી, સામા શત્રુની છાતી ચીરવા બહુ બળવાન્ હોય તેવી રીતે પોતાનાં શસ્ત્રો દર્શાવી, તેઓ આ જિંદગી હવે વિજયમાળા પહેરી હૂર ને અપ્સરાઓને વરવા માટે જ છે એમ માની અગાડી વધ્યા. આ કીકીયારીનો ઘોષ, રીતિ અને વ્યૂહરચના આગળ, આપણને હાલની યુરોપ્યન રીતિ જોતાં એમ જ લાગે કે, એ માલ વગરની છે, પણ જે ઉત્સાહ ને બળ આ વેળાએ આવેલું હતું તે કોઈ પણ કાળને શોભાવતું હતું.

થોડે રસ્તે અગાડી વધ્યા, તેટલામાં દેશાઈનું લશ્કર બાજુથી અચાનક આવીને કૂદી પડ્યું ને પોતાના ઘોડાઓના ખોંખારા, દોડધામ ને અચાનક પ્રવેશથી નાગરિક લશ્કરમાં મોટો ગભરાટ એકવાર તો કરી મૂક્યો; ને સામી કીકીયારી સાંભળીને અનિયમિત, જે વળી સામા મરેઠાઓના લશ્કર આગળ તો બિસાતમાં નહોતા, તેમણે જ્યારે આવું જોયું ત્યારે ગભરાયા. પણ નવસારીના દેશાઈના લશ્કરના ઉપરીએ આવતાંવાર નવરાજને સલામ કરી પોતાનો સંદેશો કહી દીધો, તે જોતાં સઘળા સ્વસ્થ થયા, ને વ્યવસ્થિત થઈને અગાડી દોરાયા. હવે જોર પુષ્કળ વધ્યું હતું. ધૂળ વિશેષ ઉડવા માંડી, અને અગાડી દેશાઈના ઘોડેસ્વારો વધવાથી નાગરિક સેના રક્ષણમાં રહી. ઘોડેસ્વાર પાસે રક્ષક ને સંહારક બન્ને જાતનાં શસ્ત્રો સજેલાં હતાં, ને જેઓ પૂર્વના કોઈ શહેનશાહના રક્ષકો હોય તેવા પ્રતાપી જણાતા હતા. આ પાંચસો સ્વારો હતા. તેમના ઘોડા પુષ્કળ પાણીદાર હતા. અરબી ને કાઠી ઘોડાઓનો ઘણો ભાગ હતો. એક લશ્કરને દોરાવનાર પઠાણ—મુસલમાન હતો ને એકને દોરાવનાર પુરબિયા જેવો બ્રાહ્મણ હતો; તેઓનાં શિરોભૂષણ તથા બખ્તર

ઝગઝગતા પોલાદનાં હતાં. જેનો ઝળકાટ રૂપેરી રંગ જેવો માલ હતો. વસ્ત્ર કીરમજી રંગનાં હતાં, જેમાં કોઇ કોઇ ઠેકાણે સોના ત રૂપાના અલંકારો પણ ગોઠવેલા હતા; પાયજામાપરની કટીમેખલ રેશમ તથા સોનાનું જરીકામ હતું; ને પાઘડી જવાહિરથી જડેલી હ. કૃપાણ (ખંજર) અને ભાલો ઉંચામાં ઉંચા પોલાદનાં બનાવેલાં હ જેના હાથાપર સોનું જડેલું હતું.

આ સઘળું લશ્કર અગાડી વધી ગયું અને રણક્ષેત્રના વાજિંત્ર નાદ થયા. સઘળા કેળવાયલા ઘોડાઓ ડાબા જમણા થઇને ઉભા અ સૌ સરદારોએ પોતપોતાની ટૂકડી સંભાળી લીધી. નવરોઝ અને મોત ગણીએ સૌથી મોખરાની સરદારી લીધી, ને પુરબિયા રણજિતસિંહે ઘોડેસ્વારોને હરોલમાં ગોઠવી દીધા. કાળા હબશીઓ કે જેઓ પૂર્વ કાળમાં મુસલમાન જનાનાના રખેવાળ તરીકે કામ કરનારા હતા, તેમને મોખરાપર લાવીને મૂક્યા અને સામા લશ્કરને બતાવી આપ્યું કે, તેઓ હવે લડવાને તૈયાર છે. શિવાજીનું સૈન્ય પણ તત્પર થઇને ઉભું હ ઘણે દૂરથી નવાબને શિવાજી જોવામાં આવ્યો, જેનો દેખાવ કોઈ હિંદુ મળતો આવે તે કરતાં કોઇ પઠાણને વધારે મળતો હતો. સફેત પાઘડી જેપર સોનેરી ચટાપટા હતા, ડુમસી દાઢી, લાંબા ગુચ્છા, વાંકડી મૂ અને રૂપેરી બખ્તર સજીને તે અરબી ઘોડાપર સ્વાર થયો હતો. મોંપર પૂર્ણ ગર્વ પ્રકાશ્યો હતો અને તેનો દમામ જ સૌને થથરાવે તેવો હતો. નવાબે જોતાં જ મોટી બૂમ પાડી સઘળાને ચમકાવી મૂક્યા "અલ્લાહ અકબર" એવી બુમ મુસલમાનોમાંથી ને "હર હર મહાદેવ" એ પોકાર હિંદુમાંથી નીકળ્યો.

આ મોટો ભયંકર અવાજ બંધ પડ્યો કે, તુરત જ મરેઠી સેનાએ પોતાનો રોબ જણાવ્યો. તેઓએ પોતાના ઘોડાઓને અગાડી ધસાર્યા અને પચાસ ચુનંદા સ્વારો મોખરે આવી જીવ આપવો કે જીવ લેણ એવો ઠરાવ કરીને આગળ વધ્યા. તેમની પ્રકાશમય તથા ખૂને ભરાયે

.ખો જ કહી આપતી હતી કે, તેમની ખુમારી ઓર જ હતી. ભાલા .. રાખેલા, જે છાતી વિંધવા માટે જ હોય તેમ ધરેલા હતા. તેમને ેના સરદાર તાનાજી માલુસરેનો સખ્ત હુકમ હતો કે, પોતાના ભાલા વા ભોંકવા કે તત્ક્ષણ જ શત્રુ ધૂળ ચાટતા થાય, પછી તે, રાજા ાય કે રંક હોય. સ્ત્રીઓને પણ મારવાની આજ્ઞા હતી, તથાપિ તેઓ ો લૌંડી તરીકે પકડાય તો મારવી નહિ, એવો ઠરાવ હતો. ગમે તેમ પણ સ્ત્રીઓ તરફ પૂર્વના લોકો થોડા કે ઘણા માનથી જોતા આવ્યા છે. પુરુષો આ નાજુક જાતને દુઃખ દેવાની ઇચ્છા ધરાવતા નથી. ગમે તેમ પણ તેમનું રક્ષણ થાય એવી ઇચ્છા રાખે છે. નાજુકડી તરફ પોતાનાં મોહ મમત્વ દર્શાવવામાં તથા પ્રેમાળપણું બતાવવામાં થોડી મોટાઈ માનતા નથી. હાલના મરેઠા યોધાઓ કંઈ નાજુક જાતપર થોડી રહેમ બતાવતા નહિ, પણ જ્યાં ગાંડું ટોળું જંગલમાં છોડી દેવામાં આવે ત્યાં લેશ પણ વિચાર ન કરે, એ સ્વતઃ સિદ્ધ છે.

બન્ને લશ્કર હવે એક બીજાથી પચાસ ફીટ દૂર નહોતાં; તેટલામાં માલુસરે નવાબને જોઇને વિસ્મય પામ્યો. જે વેળા તે શિવાજીના લશ્કરની મીણમાં હતો, તેના કરતાં તે હમણાં ઘણો ખૂબસુરત યોધાને દીપાવે તેવો દેખાતો હતો. તેણે પાખરીયું બખ્તર સજેલું હતું તથા મોંના ક્ષણ માટે બુરખાવાળો ટોપ ધરેલો હતો; નગ્ન તરવાર, જમૈયો તથા ાલો તેના હાથમાં હતાં. યુદ્ધના નજીકના પ્રસંગમાં આ પ્રમાણે, પોતાની સમીપ પોતાથી એ વિશેષ બળવાન્ યોધાને જોઇને તે ક્ષોભ પામ્યો. પોતાના અતિશય આશ્ચર્ય વચ્ચે તે બોલ્યો, "રે તું કોણ તરુણ છે!"

"ઠગારા, વિશ્વાસઘાતક કાફર, મને નથી ઓળખતો!" અજિત યોધાએ ખીજવાટમાં ઉત્તર દીધો.

"નહિ, ઓ તરકડા હું તને ઓળખતો નથી!" તિરસ્કારથી માલુસરેએ જવાબ દીધો; "મેં તને મોતમાંથી બચાવ્યો, તેનો આ નતીજો કે મૂર્ખ?"

"જીભ સંભાળ; હમણાં કાપીને કટકા કરી નાંખીશ તે તને માલ નથી?" નવાબે ખીજવાઇ દાંત કચકચાવી જવાબ દીધો: "હવે ન વખત કે તમે સ્ત્રીબાળહત્યારા બચી જાઓ. ઓ કાફર મૂર્તિપૂજક! ને તારા સઘળા સાથીઓને હવે મોતના પંજામાંથી બચાવનાર કોઇ નથ બંદગી કર તારા અલ્લાહની કે દોજખના માર્ગમાંથી મૂકાવે."

"જવાંમર્દ અને નિષ્ઠુર માણસ," માલુસરેએ કહ્યું, "જાણજે આ તારી જીભની ચંચળતાને તો હમણાં જ તોડી પાડીશ, પણ માત્ર દયા ખાઇને જવા દઉં છું. મારા જેવા આગળ તારા કશા પણ ભાર નથી. તું ગમે તેવો વજનો હશે, પણ આ મારા ભાલાથી ભોંકીને તારા શિરને ઊંચે ઉરાડીશ; જેથી તારી સ્ત્રીઓ આક્રંદ કરશે, ને અમારા ગુલામોની શય્યા સાચવશે."

"જા જા કાફરજાદા, સંધ્યાકાળે શું થાય છે તે તને જણાશે," નવાબે પોતાની પ્રિયા તરફ જોઈ કહ્યું.

"એક થોડા વખત જોઉં છું કે કોને પ્રભુ યારી દે છે. હમણાં જ જણાશે." માલુસરેએ ધડકતી છાતીએ ઉત્તર દીધો.

માલુસરે પોતાની ઘોડેસ્વાર ટુકડીને સંભાળવા પડ્યો, ને પોતાની ગયેલી આબરુનો સઘળો આધાર આ જિતપર છે એમ તેણે માન્યું. વખત હવે ઘણો નજીક હતો ને કોઇ પણ પ્રકારે સંધ્યાકાળ લગણમાં નીવેડો લાવવાનો હતો. બપોર થઇ ગયા હતા, ને રાત્રિના નાગરિક સેનાને ભય હોય તેના કરતાં વધારે ભય મરેઠી સેનાને હતું. ટેકરી આગળ તંબુ નાંખી પડાવ કીધો હતો, એટલે પૂર્વ તરફથી કશા પણ ભયની આશા રાખેલી નહોતી. માત્ર પશ્ચિમ તરફથી જ બચાવ કરવાનો હતો. શિવાજી હજી અગાડી વધ્યો ન હતો, પણ પછાડી જ રહ્યો હતો. તે પોતાના મનમાં બડબડાટ કરતો હતો કે, "વખત આમ ને આમ ઘણો વીતી ગયો, ને મનમાં ઢચુંપચુંપણાથી આખો દિવસ વ્યર્થ ગાળ્યો; ગમે તે એક પાર નીકળી ગયા હોત તો વધારે ઠીક હતું. રમ

ચેન નથી, માલુસરેએ ઘણું બગાડ્યો છે, સામા લશ્કરમાં જોર છે, તેથી કહેવાઇ શકાતું નથી કે કેમ થશે! હું જે ખડક પેઠે હમેશાં જ રહું છું તે જ દ્વંદ્વયુદ્ધમાં ઉતર્યો હોત તો વધારે સારું જેથી જય જ મેળવત! જો પ્રભુ ઇચ્છાએ મુસલમાનને ઠાર કીધો તો વિજયમાં વિક્ષેપ પડત નહિ. પણ રે! માલુસરેનાં પાપ ઘણાં છે ને તે આ વેળાએ નડ્યાં છે, ને તે પાપના ભોક્તા મારે પણ પડ્યું છે. ખરેખર, પાપ બોલતું નથી, પણ બોળે છે; તે ડૂબતું ી પણ ડૂબાડે છે; તે છાનું છે પણ પ્રકટ થાય છે. મેં મારી પ્રિયા ાને રાજી રાખી હોત તો તેની અક્કલ હોંશિયારીથી મારો બચાવ ત. દરવાજો ઉઘાડવામાં તેની મહેનત અથાગ હતી, તો આ વેળા ો ઘણી મદદ કરત. મેં તેનાપર પાપ ભરી દૃષ્ટિ કીધી ને મારી બુરી વસ્થા થઇ. રે! ઇશ્વરની લાકડીને અવાજ નથી. તે ગેબી માર રીને પાયમાલ કરી મૂકે છે. હવે તો તે જે કરે તે ખરું. ગમે તેમ રે મેદાન પડીને એક રસ્તો લાવવો, એટલે બસ. અગાડી વધીને ુસરેને આશ્રય આપી, નવી યુક્તિથી કાર્યમાં ફતેહ મેળવું ત્યારે જ હવે તો સ્વાશ્રયપર જ આધાર રાખવો."

આ વિચારની ઘોળાઘોળ મનમાં થતી હતી, તેવામાં તે ઉમંગથી પ માલુસરેને આશ્રયે ગયો.

વખત ઘણો નજીક આવ્યો, નગારાંનો ડંકો થયો, વાજિંત્રનો શોર , શંખો ફુંકાયા, તરવારીયાઓએ તરવાર તપાસી, નેજાદારે ભાલાની ુી તપાસી, ને પર્વત પેઠે માણસો અડગ થઇને ઉભા રહ્યા. પોતાની ને પોતાના વતનના રક્ષણમાટે બન્ને પક્ષના મનુષ્યોએ એક બીજાને રે જોમપર ચઢતા જોઇને કેસરના રંગ વગર મનથી કેસરીયાં કીધાં. મોટા બનાવ સાથે એક બીજાઓ અગાડી વધ્યા. નાગરિક માં ચીંગારીએ સળગાવવાની બંદુકો હતી, તેમાંથી અવાજો થયા ડાકા સાથે મરેઠી સેનામાંથી પહેલે જ સપાટે પહેલી હરોલના દશ

મનુષ્ય ઘોડાપરથી પડ્યા. નવાબે પોતાની તરવાર ફેરવીને વાહોમ
પોતાના પચાસ ઘોડેસ્વાર સાથે મરેઠી સેનાનો કોટ તોડીને
ઝોંકાવ્યું ને માલુસરેની સામા જઇને બૂમ મારી કે, "હિચકારા,
મૂર્ખશિરોમણિ ! હવે તારી બુદ્ધિને ઠેકાણે લાવી, આ લડાઇમાં ર
પડ; તે વેળાએ બચી ગયો હતો પણ હવે બચવાનો નથી, જ
અલ્લાહ કોને યારી દે છે." આમ બોલતાં સાથે પચાસ માણસ વ
ગયા. હાથોહાથ લડાઇ થવા માંડી અને એક ઘડીમાં તો કઇ
મસ્તકો ધૂળમાં રગદોળાયાં. મરેઠી સેનાએ પણ મારો પુષ્કળ ચલાવ્
પણ રણજિતસિંહની ઘોડેસ્વાર ટુકડીએ ગજબ કીધો ! તેમણે મરેઠાઓ
આસપાસ ફરીવળી તેમને વચોવચ ઘેરી લીધા, ને પછી ઘણો સજ્જ
મારો ચલાવ્યો. હજારો હાથો ફરી વળ્યા ને મોટો ઘોંઘાટ થઇ ર
માલુસરે ને નવાબ બન્ને લડતા હતા. તેવામાં વૃદ્ધ દાદાજી પણ આ
લાગ્યો. તેણે આવતાંની સાથે જ નવાબની સામા ભાલો ઉંચક્યો,
તેવામાં નવાબના 'બોડીગાર્ડ'માંના પચાસ માણસમાં તેની પ્રિયા
હતી. તેણે દાદાજીના હાથમાં તરવાર મારી ભાલાને દૂર ફેંકાવી દી
શિવાજી ધસીને આવ્યો અને મોતીને મારવા ધસ્યો, ને તે જ વેળ
જો રમાએ મોટી ચીચીયારી પાડીને ગભરાટ ન કીધો હોત તો મો
આવી જ બન્યું હતું, પણ તેની ચીસથી શિવાજીને કાળજામાં
લાગ્યો, ને સામું જોવા જાય છે કે, તુરત તેના ઘોડાના પેટમાં સોં
છરી મોતીએ ઘોંચી દીધી. ઘોડો પડ્યો, ને નવાબ શિવાજી તરફ વ
પણ એક બીજા સિપાઇનો ઘોડો પાસે હતો તેપર તે ચઢી બેઠો
રમા સામો ધસ્યો ગયો. પણ વચોવચ રણજિતસિંહ પડ્યો, ને 'સંભ
સંભાળ,' બૂમ મારી બન્ને હાથોહાથપર આવી પડ્યા. રણજંગ
મચ્યો. રમાને માલુસરેએ પીછાની અને આજ શત્રુને ઉશ્કેરનારી
ને વળી પોતાના પંજામાંથી છટકી ગઇ છે, એટલે શિવાજી પહેલાં
તાબે કરવા માલુસરે અગાડી ગયો. મોતી ને રમા એ બન્ને પાસે

ા તીર વાગવાથી પાછી હઠી ગઇ હતી. રમા સામા માલુસરે આવતાંની સાથે આ મરેઠેણે તેના ટોપને ઉંચકી ભાલાપર ને બૂમ મારી, "હવે જોઇએ છે વિશેષ? તારી આબરુનું ખંડન અર કીધું છે. હવે મારું વેર વાળી તારા શિરને રઝળાવીશ." તાં જ તરવારથી ઘા કરવા જાય છે તેટલામાં હરિપ્રસાદ વાહરે આવ્યો ને રંગ રાખ્યો; અને તાનાજીએ બૂમ મારી કે "રક્ષણુ રક્ષણુ કરો." હવે હરિપ્રસાદે કહ્યું, "બેધડક રહેજે, તારા શત્રુને ન જવા દઇશ નહિ." હવે લડાઇ પૂર જોશમાં ચાલવા લાગી.

## પ્રકરણ ૨૩ મું

### "અલ્લાહુ અકબર" અને "જય ભવાની."

ઘોડા કુદાવતી બંને સેના ખૂબ જોશમાં મચી હતી. આ મોટા સૈન્યની બહાદૂરી જોઇ વિસ્મય પામ્યો, કે ખચીત આ વેળા જય મળવો મુશ્કેલ છે. પણ તે સહજમાં થાય તેવો યોધો નહોતો. બન્ને બાજુના સૈન્યમાં 'અલ્લાહ અક 'જય માતા ભવાની,' 'હર ! હર ! મહાદેવ'ની બૂમ પડી રહી કોઇ પણ પક્ષના યોધા ગાંજ્યા જાય તેવા નહોતા. નવાબ કાફ ધાણુ કાઢતો દોડતો હતો. તેની આસપાસ પચાસ રક્ષકો ને ત્ર કાળા સિંહમુખા હબશીઓ, જેઓ પૂર્વે નવાબના જનાનખાનાની તપા રાખતા હતા, તેઓ ફરી વળેલા હતા. તેઓ મરવું કે મારવું એ લેશ પણ ચિંતા રાખતા નહોતા. નવાબે માથાપર સફેદ લશ્કરી ટ પહેરેલો હતો ને તેપર મોરનાં પીછાં ઉડતાં હતાં. એટલે પોતા માણસો તેને સારી રીતે પીછાની શકતાં હતાં. નાગરિક સેનામ ત્રણ મૂર્તિઓ પણ તેની સાથે જ હતી. નવરોઝે જમણી બાજુની સુરલાલે ડાબી બાજુની મરેઠાની ટુકડી કાપી નાંખી, ને મધ્યે નવ ઝોકાવ્યું. રણજિતસિંહે પોતાનું પરાક્રમ બતાવવામાં બાકી રાખી ન તેણે ૭ મોટા મરેઠા સરદારોને કાપી માલુસરેના ઘોડાને કાપી નાંખ્યો. પણ તેટલામાં રામરાવ નામના મરેઠા સરદારે ધસી આવી તેના હાથ-પર ઘા કીધો, ને તેના ભાલાને દૂર ફેંકી દેવડાવ્યો. પણ આ ભૈયનજી પહેલવાન જરા પણ હટ્યો નહિ; તે ડાબે હાથે રામરાવનું પેટ ચીરી તેના ઘોડા ઉપર ચઢી બેઠો. તેણે પાછું વિશેષ જુસ્સાથી ઘુમવા માંડયું. તેના એક હાથમાંથી લોહીની ધાર વહી જતી હતી. કેસરીયાં કરવામાં બહુ આગ્રહી થયલો તે તેવે જ વેશે ઘણા જુસ્સામાં ધસ્યો ગયો. આ તેનો ભયંકર વેશ જોઇ મરેઠા લશ્કરમાં અતિશય ભય પથરાયો અને નાગરિક સેનાને વધારે શૂર છૂટયું.

"ધસો ! ધસો !" ઘણેક મોટેથી રણજિતસિંહે બૂમ પાડી. "શું જુઓ છો, પેલા હરામખોરને હમણાં તોડી પાડીશ, ને તેના શિરના કકડેકકડા કરી નાંખીશ." આમ બોલવાની સાથે તે શિવાજીની તરફ ધસ્યો. તેનું કાલીપરજનું લશ્કર તેની પૂઠે ચાલ્યું. પણ આ બંને એક બીજાની ટક્કર ઝીલે, તેટલામાં વચ્ચે મોરો તીમલ આવ્યો ને આ બંને વચ્ચે ખૂબ જોરમાં લડાઇ ચાલી. મોરોએ રણજિતસિંહને જોતાં જ તેની સામા પોતાનો ઘોડો દોડાવ્યો, ને તોમર કાઢીને એકદમ તેના ઘોડાના માથામાં માર્યો કે, તે ત્યાં જ પડ્યો, પણ રણજિતસિંહે ભાલાની અણી એવી તો જોરમાં મારી કે, જો મોરો નીચે નમી ગયો નહોત તો એકદમ તેનું બખ્તર ફાડીને છાતી ચીરી નાંખત. મોરોના ઘોડાનો ભાલો લાગતાં જ પડ્યો ને જો યેસાજી કંક પોતાના માવળા સાથે આવી ન પહોંચ્યો હોત તો મોરોને મારી નાંખવાને રણજિત-સિંહ ચૂકત નહિ. હાથોહાથની લડાઇમાં પોતાના ગુરજથી એકદમ રણજિતસિંહે પ્રહાર કીધો ને મોરો પડ્યો. તેની છાતીપર ચઢી બેસવા આ વિકરાળ ભયંકર શૂરવીર ગયો, પણ યેસાજી કંકના એક માવળાએ આવી પીઠનો ઘા કીધો ને રણજિતસિંહ એકદમ પડ્યો. પડતાંની સાથે લશ્કરમાં મોટો હાહાકાર થઇ રહ્યો.

નાગરિક લશ્કરમાં ઘણો ભય પથરાયો અને તેનું જોર નરમ પડ્યું પણ એકદમ શૂરવીર સુરલાલે "હર ! હર મહાદેવ," "જય કાલી" એમ બૂમ પાડી સહુને શૂર ચઢાવ્યું. પાછો રંગ રહ્યો ને મરેઠાઓ એમ જાણતા હતા કે, રણજિતસિંહના મુવાથી નાગરિક સેના પાછી હટશે, તેમાં તેઓ ખોટા પડ્યા. બન્ને બાજુએથી ઘણા જોશમાં પાછી લડાઇ ચાલી. થોડી પળ સઘળે અંધકાર છવાઇ રહ્યો. ધૂળના ગોટેગોટા ઉડી રહ્યા. કોઇને કોઇનું મોંહ સૂઝતું નહોતું અને કયો પક્ષ વિશેષ બળવાન છે તે પણ જણાતું નહોતું. નવાબ પોતાના ગુલામો સાથે ધસ્યો ગયો ને બંને બાજુનો રસ્તો સાફ કરી નાંખ્યો. કોઇ પણ તેની સામા લડવાને

હિંમત ધરતા નહિ ને તાનાજી માલુસરેના દિલમાં જબરો ડાઘ હતો; તથાપિ તેની પણ તેની સામા જવાની હિંમત ચાલી નહિ.

ક્ષણભર એમ માલુમ પડતું હતું કે, મરેઠાઓ ઘણા આગળ વધીને શત્રુઓને ઠાર કરશે પણ નવાબે પાછી કાપણી ચલાવી. આ નહિ જોઇ રહેવાયાથી પોતાના માવળાઓના લશ્કર સાથે મોરોપંત અગાડી મેદાનમાં આવ્યો ને પોતાની તરવાર તેની સામે ચલાવી, પહેલે સપાટે પાંચ હબશી ગુલામોને કાપી નાંખ્યા ને રમાના માથાપર તરવાર મારવા ઉગામી, પણ તેટલામાં નવાબનો ભાલો વચ્ચે આવવાથી તે બચી ગઇ, પણ તેનો બચવાનો આરો નહોતો. શત્રુનું બળ વિશેષ હતું ને આ નાજુકડી, ગમે તેટલી કઠણ હૈયાની છતાં પણ બેભાન થવા આવી, 'જો એ પડશે તો ઘણું ખોટું' એમ ધારીને મોતી તેની પછાડી આવી. મોરોપંતને તરવારથી જવાબ દીધો. આ ફટકો ઘણો નરમ હતો, પણ તેથી મોરોને ઘણું લાગ્યું. તેનાથી તે ખમી શકાયું નહિ. તે મોતીને મારવા ધસ્યો; પણ નવાબે આવતાંની સાથ તેની આસપાસના છ માવળાઓને કાપી નાંખ્યા, ને પોતાની સામા આવવાને તેડ્યો. તે ગભરાયો ને વિચાર્યું કે હવે બચવાનો નથી, પણ તેટલામાં તાનાજી તેની મદદે આવ્યો ને લડાઇની બાજી ફરી ગઇ. માલુસરેએ ઘાસ કાપવા માંડ્યું. નાગરિક સેનાએ પાછાં પગલાં ભર્યાં. તેમની હિંમત, બળ ને જુસ્સો સહુ નરમ થઇ ગયાં; તેમનાં મોટાં હથિયારો પણ નરમ જણાયાં; નવાબે ચલાવેલી બહાદુરી પણ નરમ જણાઇ; ને નવરોઝનો ઘોડો મરણ પામવાથી તેનામાં જોઇયે તેટલી હોંસ રહી નહિ. નાગરિક સેનામાં ભંગાણ પડ્યું, ને પોતાનાં બળ સાહસપર હિંમતથી ઘુમેલાઓએ પૂંઠ પકડી. હિંદુ ને મુસલમાન બંને પાછા હટ્યા ને શહેરમાં જવાને જાણે મરેઠી સેનાને માર્ગ કરી આપતા હોય તેમ નાઠા.

"ફતેહ ! જય ! જય !" એકદમ મરેઠી સેનામાંથી કીકીયારી સાથનો પોકાર પડ્યો. "મારો, પેલા બાયલાઓ નાઠા છે, જુઓ છો શું ? અગાડી વધીને કાપી નાંખો."

નવરોઝ એકદમ ગભરાઈ ગયો, ને નવાબ પણ આ અચાનકના બનાવથી બાવરો બની ગયો; જો કે નવરોઝ એકદમ પછાડી જઈને દોડતા લશ્કરને પાછું વાળવાને ઘણું મથ્યો, પણ તેનાથી કંઈ વળ્યું નહિ. જનાનાના રખવાળ હબશીઓ પણ હટયા, મુસલમાન સેના પણ હટી ને જોશમાં આવેલા નાગરિકો પણ પાછા હટયા.

ભૂત પેઠે મરેઠાઓ ગાંડા બન્યા, ને સૌને કાપવાને તૈયાર થયા. પણ તેટલામાં શિવાજીએ આવીને સહુને અટકાવ્યા. તે જાણતો હતો કે હજી ઘણું કામ લેવાનું છે, માટે એકદમ ગાંડા બની જશે તો ઘણું ખરાબ થશે. બંને બાજુએ હજી ઘણું કરવાનું છે ને ઘણું વેઠવાનું છે. ઘણા માણસો બંને પક્ષના આ પહેલી લડાઇમાં માર્યાં ગયાં છે, તેમાં નાગરિક કરતાં મરેઠામાંથી વિશેષ મુઆ છે એમ જ્યારે શિવાજીએ જાણ્યું ત્યારે તે ઘણો વિસ્મય પામ્યો, તાનાજી સામો આવીને ઉભો હતો, તે હવે કયો માર્ગ પકડવો તેનો વિચાર પૂછતો હતો; પણ બંને-માંથી એકની પણ બોલવા માટે જીભ ઉપડી નહિ. એક બીજાનાં મોં જોયા કરતા હતા. શિવાજી જે રીતે જોતો હતો તેના કરતાં માલુસરેનું જોવું વધારે વિચિત્ર હતું. તેનાથી જ્યારે ગુપચુપ રહેવાયું નહિ ત્યારે તેણે જ શાંતિ તોડી નાંખીઃ—

"તુરકડાઓએ ઘણો ગજબ કીધો છે, ને આપણા દોઢસો માણસો મેદાનમાં પડ્યા છે. મોટા સરદારો પણ પડ્યા છે, ને હવે જો આ નાઠેલા સિપાઇયો પાછા આવશે તો વિશેષ લાભ કે ગેરલાભ થશે. મારા તાબેદાર લડવૈયાઓ હવે એક નિવેડો લાવવા માગે છે, કાં તો હવે એકદમ ધસવા દો કે કાં તો પાછા હટો."

"અને આ બધું એક બિનકેળવાયલા મલ્લે કીધું ?" પોતાની આસપાસ પડેલાં મડદાંને જોઇને, પોતાનો ટોપ માથાપર ઉંચો ખસેડી દાંત કચકચાવતાં, પણ બખ્તર સંભાળતાં શિવાજી બોલ્યો; "ઘણું જવાં-મર્દી ભરેલું કામ કીધું છે. ભીમસેનને હટાવે તેવો પેલો તુરકડો છે."

"એ ઉપમાને તો તે યોગ્ય છે," માલુસરે બોલ્યો; "પણ તેનું બળ હવે તૂટી ગયેલું છે. પેલો વિકરાળ દૈત્ય પડ્યો, તે પછી નાગરિક સેના નરમ ઘેંસ જેવી થઇ ગઇ છે. શત્રુ પાસે જો સારાં હથિયાર હોત તો ખરે આપણને તોબા પોકરાવત, પણ તેમના ભાલા બુઠ્ઠા છે ને વળી જૂના પણ છે, તેથી જોઇયે તેવું કામ કરી શકતા નથી."

"મને ભય છે." શિવાજી મરેઠીમાં બબડ્યો, "હમણાં તેઓ પાછા હટ્યા છે, પણ ક્ષણવારમાં પાછા દોડી આવશે ને ઘણો જબરો મારો ચાલશે તો આપણને આ નાના નાળામાંથી નાસવું વિકટ થઈ પડશે."

"બસ, મારો ને તમારો એક જ વિચાર થયો છે," માલુસરે એકદમ બોલી ઉઠ્યો. "હવે આપણે આપણું કામ ઝટપટ આટોપી દેવું જોઇએ. પરશુરામ અવતાર ! આપ જાણો છો કે જયનો પરાજય થતાં વિલંબ લાગતો નથી. મારી પાસે જે તીરંદાજો છે તેમનાં તીરો કશા ખપમાં લાગ્યાં નથી, ને હાથોહાથની લડાઇમાં તેમનો ઘાણ નીકળી ગયો છે. હવે તો પંઢરીનાથને હાથ સઘળી વાત છે."

"પણ શું આપણે હમણા તાકીદથી એક કામ નહિ કરી શકીશું ?" શિવાજીએ પૂછ્યું, "એકદમ પાછો ઘસારો કરીને વિચાર કરતાં ને બળ પાછું ભેગું કરતાં તેમને અટકાવી નહિ શકીશું ?

"શામાટે નહિ ?" માલુસરેએ જવાબ દીધો. "આ આપણું વિવાદ યુદ્ધ ખરેખર ઘણું શોકકારક છે કે પહેલે સપાટે મોટી હારમાં આવી પડ્યા છીયે. જો હવે તરત જ કંઈ પણ થશે તો ખચીત ઘણો મોટો જય થશે. ભવાનીની પ્રાર્થના કરવી જોઇયે કે, તે આપણા હાથમાં વિશેષ બળ આપે ને શત્રુને નીચા પાડે."

"ત્યારે તું જલદીથી સઘળાઓને ભેગા કરી પૂછી જો બધું !" શિવાજીએ કહ્યું.

"પણ શાને માટે ?" ગમગીન ચહેરે માલુસરેએ પૂછ્યું. "મારો એવો વિચાર છે કે હવે આપે આગેવાની કરવી–સૌને મોખરે થઈ જે

બને તે ખરું એમ ધારીને કૂદી પડવું ! જો હું કદી અગાડી પડીને કંઈ કરીશ તો તેથી કંઈ આપણી સેનાના સ્વારોમાં ઘણો ઉમંગ આવશે નહિ. આપ રાજાધિરાજ અગાડી પધારશો તો પછી નક્કી જાણો કે સૌ લશ્કર, જે હમણાં નિરાશામાં છે તે ઉમંગમાં આવીને લડવા તૈયાર થશે. મારું માનો તો કહો આપણા ઘોડેસ્વારોને, કે એકેક માથાદીઠ એકેક નાગરિક વધૂને યોગ્ય તમે ભરથાર ગણાશો. મારા માવળાઓ ને અહમદનગરના વિરલાઓ તો તત્પર છે, પણ બીજાઓને સમજાવવા જોઇશે. શાબાશ છે કે સામા લશ્કરમાં ખરી વીરનારી પેઠે બે સુંદરીઓ લડે છે, ને તેમણે આપણા ઘણા ઘોડેસ્વારોનાં માથાં ધૂળમાં રગદોળાવ્યાં છે."

"બેશક! માલુસરે! મોટા આશ્ચર્યની વાત છે કે, તેમાં મારી રમા જેવી પણ છે. બંનેનાં નિશાન વીરપુરુષના જેવાં છે. તેઓ પુરુષને હટાવે તેવી રીતે ઘૂમે છે!" આશ્ચર્યથી શિવાજી બોલ્યો.

"ખરે મહારાજ, મારી એવી ઇચ્છા છે કે, એ બન્નેને આપણે તાબે કરીએ ને આપ જ એની સાથે લગ્ન કરી સંસારસુખ ભોગવી આપના જેવા શૂરવીર ને ઉત્તમ રત્નનો જન્મ આપો કે જે સારી રીતે આપણું રાજ્ય ચલાવે." માલુસરેએ ઘણી બારીકીથી શિવાજી સામા નજર કરીને કહ્યું.

"હમણાં એ વાત રહેવા દે!" શિવાજી ગુસ્સાથી બોલ્યો. "રણક્ષેત્રમાં સંસારવિલાસની વાત તને કેમ પ્રિય લાગે છે? આપણી સઘળી આશા ધૂળમાં મળી જાય છે ને તું આવો નકામો વિચાર કરે, એ જ મોટી હાનિકારક વાર્તા છે. પણ જા;" જરાક વિચાર કરીને શિવાજીએ માલુસરેને કહ્યું; "જો કોઇપણ સુંદરીને તું જિતશે, તો તે માલ તારો પોતાનો થશે, માટે તારાથી બનતો યત્ન કરજે. હવે જલદીથી સઘળી ગોઠવણ કરીને અગાડી વધવું, પણ પાછા તો

હઠવું નહિ જ, એ જ મારો નિશ્ચય છે. તારા ને મોરોપંતના માણસોને અગાડી મૂકજે કે તેઓ પાછા હટે નહિ."

આમ બોલી બંને જૂદા પડ્યા. તાનાજીએ પોતાના માણસોને આવી સાવધ કીધા, ને મોરોપંતને પોતાના માવળાઓની ટુકડી સાથે અગાડી લાવ્યો. સઘળાઓ આ બાજુએ તૈયાર હતા.

આ વેળાએ નાગરિક સૈના વિસામો ખાતી દરવાજા નજીક અટકીને ઉભી હતી. જુસ્સામાં ને ભયમાં આવેલા તે પહેલાં તો કોઇના ખાળ્યા ખળ્યા નહિ; પણ નવરોઝે ઠેઠ પછાડી જઇને સૌને અટકાવ્યા. આ વેળાએ ખરી મહેનત તો મોતી ને મણીની હતી; તેમણે સહુથી અગાડી જઇ, મોંપરનો બુરખો ખસેડી સેનાના નાસતા શૂરવીરોને શરમાવ્યા.

"ઊભા રહો! ઓ હીચકારા, બાયલા, નામરદો! નાસીને ક્યાં જાઓ છો?" મોતીએ બૂમ પાડી કહ્યું:–"અમારા કરતાં પણ તમે ગયા? તમને શરમ આવતી નથી કે, અમે સ્ત્રીઓ ખરી મરદાઇ ને બહાદરીથી આ નગરના રક્ષણ માટે દૃઢ મનથી ઉભી રહીએ છીએ ત્યારે તમો નાસો છો? નાસીને તમો જશો ક્યાં? કંઇ આટલામાં નાસવાની જગા છે વારુ? કદી શહેરમાં જઇને ભરાશો તો પેલો ચંડાળ ભૂત, એકદમ દોડી આવી તમને, તમારાં બચ્ચાં છોકરાંને તમારી વહાલીઓ આગળ કાપી નાંખશે, ત્યારે પછી શું કરશો? તમારી સ્ત્રીઓને, તમારાં બચ્ચાંને, તમારાં માબાપોને મારી નાખશે, તે વેળા તમે પસ્તાશો નહિ? જાઓ તમારે માટે દરવાજો ખુલ્લો છે, પણ તમારી કીર્તિ એથી વધશે નહિ; તમે હીજડામાં ગણાશો, ને અમે તમારી જગ્યા સાચવી આજ મેદાનમાં પડીશું ત્યારે તમે હમેશાં જ રડશો. બેહતર છે કે તમારે બદલે તમારી સ્ત્રીઓ રણક્ષેત્રમાં આવી હોત! આ જુઓ અમારા પગમાં કેટલા ઘા છે, પણ હું ને આ મારી બંને

વીર બહેનો જરા પણ હટી નથી, ને તમે મળેલા જયનો પરાજય કરી નાંસો છો? શરમ! લ્યાનત! હયફ!"

આ ભાષણ એવી તો છટાથી, એવા તો દિમાગ ને ગર્વથી મોતીએ કીધું કે, એકદમ આખા લશ્કરમાંથી "રંગ છે! ધન્ય છે! શાબાશ!" એવો પોકાર થઇ રહ્યો.

નવરોઝ પણ આ વેળાએ આવીને ઉભો હતો ને નવાબ પણ તૈયાર હતો. લશ્કરપર જે અસર થઈ તે તેમણે જોઇ. નવાબે જોયું કે બાજી બગડી છે, પણ એને ઠેકાણે લાવી શકાશે.

"મામલો સઘળો બગડી ગયો નથી," નવાબે કહ્યું. "તમારે જોઇયે તો પાછા જાઓ, તમારે જોઇયે તો અમારી સાથે ચાલો. અમને અમારી જિંદગીની કશી પણ કિંમત નથી, પણ યાદ રાખજો, ફરીથી કહું છું કે કોઇ પણ બચવાના નથી, ને અમારી સહાયે તો મુસલમાનોનો અલ્લાહ ને હિંદુનો રામ છે! અમે જ જય પામીશું ને તમે તે વેળા તમારી સ્ત્રીઓને મોં બતાવવાની હિંમત પણ કરશો નહિ."

"અમે મરવા તૈયાર છીએ," "હમ મરનેકો તૈયાર હયઁ" એમ હિંદુ અને મુસલમાન બંનેમાંથી સામટો જવાબ મળ્યો.

સઘળા માણસોને પાછા એકઠા કીધા. દુમાલના મેદાનમાં પાછી લડાઇ કરવાને પાંચ ટુકડી તૈયાર કીધી ને દરેક જણે પોતપોતાની ટુકડીનું ઉપરીપણું પોતાના તાબામાં લીધું. નવાબ સહુની મોખરે થયો એટલે નવરોઝ અગાડી આવીને બોલ્યોઃ-"ખુદાવંદ! જો આપની ઇચ્છા હોય તો આજે મારો હાથ બતાવું! મને અગાડી ધસવાદો-લશ્કરને તમો સંભાળો."

"તેમ નહિ બને!" નવાબે જુસ્સાથી કહ્યું. "નવરોઝ, આજે જયની કીર્તિ હું કોઇ બીજાને આપીશ નહિ. સઘળી બ્યવસ્થા સુરલાલને સોંપ, તે બરાબર ગોઠવણ કરશે, ને આજની લડાઇમાં જે મરશે તેને હૂર વરશે."

સુરલાલના હાથમાં સધળી વ્યવસ્થા સોંપવામાં આવી. નવાબે પોતાની દૂરબીન કાઢી દૂર નજર ફેરવી તો માલુમ પડ્યું કે મરેઠી સેના પણ તૈયાર થઈ છે, તેટલામાં એક સંદેશો લાવનારે આવીને કહ્યું કે "મહારાજ! અમારી કાલીપરજની સેનાનો ઉપરી રણમાં પડવાથી જુવાનસિંગે તેનું ઉપરીપણું લીધું છે. તે એટલી હિંમતથી કહે છે કે, પેલા ચંડાળ લૂટારાનું કાળુંમેશ કરીને મોટો જય મેળવીશ. પણ અમારા લશ્કરની યોજના અમને જ કરવા આપે હુકમ આપવો જોઇએ."

"જો તે બરાબર બંદોબસ્ત રાખે તો અમારી ના નથી." નવાબે કહ્યું "જો તમે તમારી યોજનાથી લડવા માગતા હો," નવરોઝે તે સંદેશો લાવનારને કહ્યું, "તો મોખરે રહીને સૌથી પહેલો હલ્લો કરો, ને અમારું લશ્કર બંને પાંખો કાપી નાંખશે. પણ તારા જુવાનસિંગને કહેજે કે, જો પૂરી બહાદરીથી લડશે નહિ ને કંઇ પણ દગાફટકાની વાત કરશે તો તને શત્રુ જેવો ગણી પહેલો પીખી નાંખીશું. જા, જલદી જા ને મોખરે આવીને ઉભા રહે."

સંદેશો લાવનારે ઘણા જોરમાં પોતાનો ઘોડો દોડાવી જઇને પોતાના ઉપરીને સંદેશો કહ્યો.

## પ્રકરણ ૨૪ મું

### બેવડો હુમલો—મણીનું પડવું—શિવાજીનું પાછું હટવું

હુમાલ આગળ સઘળી સેના લડવાને પાછી તૈયાર થઇ હતી. કંઇક નવરોઝના કાનમાં જણાવી સુરલાલ પોતાની સેનાને છૂટી પાડી બીજી બાજુએ વળ્યો. એટલામાં સાંઝ પડવા આવી ને બંને સેનાને વિશ્રામ લેવાની વધારે જરૂર પડી. સિપાઇઓ, હવે તો સઘળી રીતે આખા દિવસના થાક ને અવ્યવસ્થાને લીધે શક્તિહીન અને આરામની ઇચ્છા રાખનારા થયા હતા. શહેરનું લશ્કર લોથપોથ થયું ને તેથી નવાબે તરત વિશ્રામ લેવો અગત્યનો ધાર્યો ને તેમાં તેણે ડહાપણ વાપર્યું હતું. શહેરમાંથી અનાજ પાણી લાવી ત્યાં જ સૌને ભોજન માટે ઠરાવ્યું અને દૂરદૂર ચોકી પહેરા બેસાડી દીધા હતા. આ પ્રમાણે વિશ્રાંતિ લીધાનું કામ શિવાજીએ પણ કબૂલ કીધું હતું. મણી અને મોતીએ પહેરાપર રહીને કેટલીક રીતે સઘળા સિપાઇઓને તાજુબ કીધા હતા. તેમની હાજરી આવી વેળાએ ઘણી જરૂરની હતી, ને તેનાથી જે અસર થઇ તે કહી શકાય તે કરતાં પણ વધારે છે. સુરલાલનું લશ્કર છૂટું પડયું પણ તેણે નવરોઝ સાથે જૂદો જ સંકેત કીધો હતો, ને પ્રારબ્ધયોગે તે સંકેત ઘણો ઉપયોગી થઇ પડ્યો, એમ પછાડીથી સૌને લાગ્યું. કાલી-પરજના લશ્કર પછાડી તેનું છૂટું પડેલું લશ્કર જઇને ખડું રહ્યું ને વખત આવ્યો ત્યારે તેના જુવાનસિંગને પોતાના હાથમાં લઇ તેણે ઘણું અદ્ભુત કામ કીધું. જે જવાબદારીને પોતે માથે લીધી હતી તે ઘણી મોટી હતી, ને તેથી પોતપોતાની મોહબ્બત નિદ્રાને પણ નસાડી મૂકી, સાવધ રહીને પોતાનું બળ વાપર્યું હતું.

હાલ સૌ સિપાઇઓ સજ્જ થયા વગર ગમે તેમ નીરાંતથી આડા-અવળા પડ્યા હતા. માત્ર થોડાક સરદારો જ જાગતા હતા, પણ શિવાજીની સેના ચપળ હતી. મધરાતના બે વાગ્યા, ને શહેરનાં મોટાં મોટાં ઘડિ-

પાયાએ ઘણઘણું કરતો અવાજ કીધો. સઘળે શાંતિ હતી, એકપણ શબ્દ સંભળાતો નહોતો. પણ તેટલામાં કંઈ ધીમી ધીમી હીલચાલ સામેના લશ્કરમાં ચાલુ થઇ, ને કાન દઇને સાંભળતાં-બહુ બારીકીથી તપાસતાં મોતીને માલમ પડયું કે, સામું લશ્કર ઉપડવાની તૈયારીપર છે. એકદમ તેણે જઇને નવરોઝને ખબર કરીને તે પહેરાપરની જગ્યાએ આવીને તપાસવા લાગ્યો, તો ખરે તેમ જ હતું. હવે ગફલત કામની નથી એમ જાણી એકદમ તે તૈયાર થયો ને પોતાના સઘળા માણસોને પણ તાકીદે તૈયાર કીધા. કંઇ પણ અવાજ વગર એક પળમાં સૌ સેના સજ્જ થઇ ઉભી. એક ક્ષણ કરતાં પણ થોડા વખતમાં નવરોઝ, મોતી, મણી મોખરે ચાલવા લાગ્યાં. છ નાના વિભાગ કરીને સૌ પોતપોતાની ટુકડીના સરદાર થઇ જૂદા પડી, દરવાજાની બાજુએ ખસી, ખાઇમાં ઉતરી ગયા ને દરવાજા ખુલ્લા મૂકયા. મરેઠી સેના શહેર તરફ આવવાને ઉતાવળી ધસી, ને નાગરિક લશ્કર શહેરમાં ખસી ગયેલું હોય એમ માલમ પડયું. દરવાજા ઉઘાડા હતા એટલે તેમાં ત્રણ ન્હાની ટુકડી પેઠી. અંદરના ભાગમાં જઇને સૌ ખડા રહ્યા. મરેઠાઓ આવ્યા ને દરવાજા નજીક લશ્કરને ન જોયું કે સાનંદાશ્ચર્ય પામ્યા. ધાર્યું કે બળ નહિ હોવાથી શહેરના નસીબપર સૌને મૂકીને લશ્કર નાસી ગયું હશે. તેઓ ધીમે પગલે અંદર ધુસ્યા. જેવા મરેઠાઓ અંદર પેઠા કે ખાઇમાં ઉતરી પડેલી શહેરી સેના "હર હર મહાદેવ" એવી લાંબી કીકીયારી પાડી તેનાપર તૂટી પડી અને જે મરેઠાઓ ઘોરકર્મ કરવાને પોતાનો પ્રપંચ ખેલવા મધરાતના ધુસ્યા હતા, તેઓપર એક સામટો હલ્લો કીધો. બંને બાજુએથી 'મારો મારો ને કાપો કાપો'નો પોકાર થઇ રહ્યો. શહેરના અને મરેઠાઓના સરદારોએ મધ્ય ભાગમાં જંગ ચલાવ્યું, પણ સુરલાલની મોટી સેનાએ તેમને કાલીપરજ સાથે આવી પછાડીથી ઘેરી લીધા, તેથી તેઓનું કંઇ પણ વળ્યું નહિ ને સૌ ઘણા ગભરાઇ ગયા. ઓચિંતા ને વળી બંને પાસના મારાથી મરેઠી સેના ગભરાઇ ગઇ,

ને પ્રથમ તો લશ્કરની ઘણી અવ્યવસ્થા થઇ, તેથી કોઇ પણ રીતિની ધારણા પાર પડી નહિ. મરેઠાઓએ પ્રથમ એવી જ ગણત્રી કરેલી હતી કે, જતાં સાથે જ શહેરી લશ્કરને ઉંઘમાં ઘાસ પેઠે કાપી નાંખીશું. પણ તેમની ધારણા વ્યર્થ જવાથી હવે તેમને વધારે સોસવું પડ્યું; કેમકે બે બાજુના હલ્લાથી તેમનો નીકળવાનો આરો નહોતો. શિવાજીએ ખૂબ જોશમાં આવી લશ્કરમાં ઝંપલાવ્યું અને તેની સામા નવરોઝ થયો. માલુસરે તો મોતી ને મણી તરફ વધીને તેમને પોતાની સામા તરવારનો સ્વાદ ચખાડવા ગયો. નવાબની રીતિ એક બુદ્ધિમાન્ સરદારના જેવી હતી, તેથી તે સઘળે બરાબર વ્યવસ્થા રાખતો હતો ને સૌને પોકાર કરીને ખૂબ શૂર ચઢાવતો હતો. તેણે સમયસૂચકતા ને ડહાપણ એવી તો સરસ રીતે વાપર્યાં કે સૌ કોઈ ચકિત થતું હતું.

દેખાવ હવે બદલાઇ ગયો હતો, ને ઘણો ભયંકર લાગતો હતો. જોસભેર લડાઈ ચાલી ને મરેઠાઓનાં માણસો અવ્યવસ્થાને લીધે ટપોટપ પડવા લાગ્યાં. હરિપ્રસાદ વચોવચ આવ્યો ને તેને જોતાં જ આ જ કપટી ને કાવત્રાંખોર છે, એમ ધારીને વીરનારી મણી તેની સામા ધસીને પોતાના હાથમાંનો ભાલો તેના ઘોડાને ભોંકયો, પણ તેટલામાં હરિપ્રસાદે તરવારથી તેના ઘોડાને સખ્ત ઝટકો મારી કાપી નાંખ્યો, ને એને લેવાને ઘોડાપરથી કૂદી પડ્યો, ને જેવો ધસીને એની સામા જાય છે તેવો જ સુરલાલે આવીને તેના માથાપર ઘા કીધો ને તે પડ્યો. આ દેશદ્રોહી નાગર બચ્ચાને તેના કર્મ પ્રમાણે વાસ્તવિક શિક્ષા થઇ. જો તેણે શિવાજીને મદદ ન કીધી હોત તો આટલે સુધી સુરતની ખરાબ દશા થાત નહિ. માલુસરે ને મોતી બેગમ સામસામાં સમશેર ધૂમાવતાં હતાં, પણ આ સ્ત્રીની ચતુરાઇ જોઇને તે દંગ થઇ ગયો હતો, ને તેટલામાં તેની આસપાસ પુષ્કળ મુસલમાન પઠાણો વીંટળાઈ ગયા તેથી તે પાછો હટ્યો. તેટલામાં પાછું ફરી જોતાં દૂર તેણે મણીને જોઇ ને તેને પોતાના ઘોડાપર લાવીને બેસાડવાના હેતુથી લોખંડની દીવાલ જેવી મજબુત

ટુકડીને સાથે લઇ તે પોતાના સુંદર ઘોડાને દશ દશ ફૂટની છલંગ મરાવતો પઠાણોની ટુકડી વટાવી ગયો. પોતાની મુરાદ બર લાવવાને જે બાજુએ ધસ્યો ત્યાં ઘણું ભય જેવું નહિ હોવાથી તેને પોતાનો શિકાર પકડતાં વાર લાગી નહિ. બીજા ઘોડાપર મણી બેઠી હતી, ને તેની આસપાસ સાધારણ સિપાઈ સિવાય બીજા સારા સારા સરદારો નહિ હતા, એટલે માલુસરેને ત્યાં આવતાં વધારે સગવડ થઇ. માલુસરેને ધસતો, ને જોશભેર આવતો જોઇને, મણી પ્રથમ ચમકી ને તેવામાં તેનું અડધું જોર કમી થયું, પણ તે ગભરાઇ પાછી હટી નહિ. માલુસરેને આવતાં જ તેણે જવાબ દીધો કે, "મને એકલી જાણીને જિતવાની આશા થોડી જ રાખજે, ભાલાથી તારો છેડો લાવીશ." એમ બોલતાં સાથ તે સામા હિંમતથી ગઇ, પણ જ્યાં માલુસરેએ પોતાની તરવારનો ફટકો માર્યો કે તેનો ઘોડો પડ્યો, ને બીજે ઘાએ તે બેશુદ્ધ થઇ પડી. તેની આસપાસના સિપાઇઓ પાછા હટ્યા ને થોડાક વધેલાઓ ઝબે થયા. આ નાસભાગથી માલુસરેને ઘણું સહેલું થઇ પડ્યું. તેણે મણીને ઉપાડવાનો વિચાર કીધો ને ઘોડાપરથી ઉતર્યો ને પાસે જઇને પોતાના ઘોડાપર વિભ્રાંત થયેલી મણીને ઉંચકવાનો વિચાર કરે છે, તેવામાં પછાડી ઘોડાનાં પગલાં સંભળાયાં, ને તે ચમક્યો; પાછો તૈયાર થયો ને ઘોડાપર ચઢવા ગયો, પણ હવે વખત થોડો હતો. પાઉપ્યાદા જ યુદ્ધ કરવું તેને વાજબી લાગ્યું. બન્ને સરદારો સામસામા થયા. એક કલાક સુધી બન્ને વેરની ઝુમમાં ખૂબ લડ્યા ને ભારે ભાલા તો બંનેના ભાંગી ગયા હતા, પણ તરવારના ફટકા ફટોફટ પડતા તેથી ઘણો શોર મચી રહ્યો. બંને શક્તિહીન થયા. તે બંનેનું શૌર્ય ઓછું થઇ ગયું. જ્યારે બંને જણથી આ ફટકાઓ ઝીલાયા નહિ ત્યારે નરમ પડ્યા. સામો સરદાર કોઇ જ નહિ પણ નવાબ જ હતો ને નવાબ સાથે લડવું વ્યર્થ છે, એમ ધારી માલુસરે એકદમ વખત મળતાં ઘોડાપર ચઢી બેઠો. પણ

તેટલામાં જે ઘા નવાબપર ઉગામવા ગયો, તેવો તે સચેતન થતી મણીને વાગ્યો ને એક ચીસ પાડતાં સાથે તે ભોંયપર પડી.

નવાબ ગભરાયો ને માલુસરે પણ ગભરાયો. પણ તે બનેથી કંઈ બની શકે તેવો ઉપાય નહોતો. નવાબ તો ક્ષણવાર થંભી રહ્યો, તેટ° લામાં માલુસરે નાસીને પોતાની સેનામાં ભરાયો. પણ આ વેળાએ તેના હાલ ઘણા ખરાબ હતા. શિવાજીનાં ઘણાં માણસો પડ્યાં હતાં, ને તે ઘેરાવામાંથી નીકળવાનો ઉપાય શોધતો હતો. મુસલમાન સારા સરદારો તેની આસપાસ ફરી વળેલા જ હતા, તેથી તે માત્ર તેમાંથી નીકળવાનો માર્ગ શોધવા લાગ્યો. માલુસરે મણી સાથે યુદ્ધકૌશલ્ય ખેલવા ગયો હતો, તેમાં લાભ એ થયો કે મરેઠાની સૈન્યવ્યવસ્થા તૂટી. બે તરવારના ઘા શિવાજીને થયા હતા ને બીજાઓ થોડા કે ઘણા ઘવાયા હતા. ચોમેર ગભરાટ પથરાઈ ગયો હતો, ને શોરબકોરનો ને પડતા પ્રાણીઓની બૂમોનો પાર નહોતો, ચીસો પણ તેટલી જ નીકળતી હતી. તે ભયાનક ગંભીર અવાજ સાંભળીને સૌ ચકિત થયા તેટલામાં સૂર્યોદય થયો. શિવાજીએ ધાર્યું કે હવે બચવાનો રસ્તો માત્ર નાસવું એ જ છે.

પોબારા ગણી જવાને શિવાજીએ યત્ન કીધો, પણ પહોળાઈ ને લંબાઈથી લશ્કર એટલું તો ચોતરફ ફરી વળ્યું હતું કે, કયે માર્ગે નીકળવું તે નક્કી કરવાનું સૂઝયું નહિ. એક ક્ષણ નજર ફેરવી, તાનાજી તથા બીજાઓને પોતાનો સંકેત કહ્યો. સૌ એક સ્થળ તરફ ભેગા થવા મચ્યા, પણ શહેરી લશ્કરે તેમ થવા દીધું નહિ. રોકાયલા માર્ગમાંથી તેણે ધીમે ધીમે પાછા હટવા માડયું, ને પચાસ માણસના ભોગે તે દરવાજા બહાર પડ્યો. હવે તેણે ઘણા જોસમાં પોતાના માણ° સોને નાસવા માટે બ્યુગલ ફુંક્યું, ને કંઇ પણ વીસામો ખાધા વગર એકદમ દોડવાનો ઠરાવ કીધો. તેણે પોતાના ઘોડા ખાનદેશના રસ્તા તરફ દોડાવ્યા.

વાઘની પેઠે છલંગ મારતું શહેરી લશ્કર તેની પૂંઠે પડ્યું, ને પાંચ મૈલ પછાડી દોડ કરતામાં બહુ માણુસોને કાપી નાંખ્યા. દોડતું લશ્કર પોતાની પૂંઠે છે એમ ધારીને મરેઠી સેનાના માણુસો જે નવસોમાંના માત્ર ચારસો રહ્યા હતા, તેઓ જેમ તેમ કરતા શિવાજી સાથે જઇ શકયા. આ વખતે લશ્કરે જે બહાદુરી બતાવી હતી, તે સુરતના ઇતિહાસને હમેશાં શોભા આપે તેવી છે. શિવાજીને આ વેળાનો પરાજય એટલો તો સાલ્યો કે, તેના મનમાંથી તેનો ડીનો કેટલાક દિવસ સુધી ગયો નહિ. જ્યારે શિવાજી ઘણે દૂર નીકળી ગયો, ને હવે પૂંઠ પકડવી વ્યર્થ છે એમ સુરતના લશ્કરને લાગ્યું ત્યારે તેઓ પાછા વળ્યા. જય! સુરતનો જય!!

# પ્રકરણ ૨૫ મુ

## બાદશાહી દરબાર

પાછું ફરેલું લશ્કર, નવાબના બાકી રહેલા લશ્કર સાથ ભેળું થયું. નવાબે પોતાની તરવાર હવે ફેંકી દીધી, અને બાજુએ જઈ પોતાની પ્રિયાને બગલગીરી કીધી, અને છાતી સરસી ચાંપી ચુંબન કરી પોતાના પ્રેમનો ઉભરો ખાલી કીધો. પણ આ વેળાએ મોતીના હાવભાવ ઘણા વિચિત્ર જણાતા હતા, અને તેનું લોહી ઉકળી આવ્યું હતું.

"પ્રિયનાથ, હવે કેમ છે ?" મોતી બોલી.

"એક બનાવ બહુ અનર્થકારક બન્યો છે, દિલજાન !" નવાબે જવાબ દીધો.

"પ્રિયનાથ, કમનસીબ, એ કંઇ આવા પ્રસંગમાં નવું નથી, પણ કેવા પ્રકારનો તે અનર્થ છે ?"

"તારી પ્રિય સખી મણી આ રણમાં પડી, એ એક મોટો જબરો કમનસીબ બનાવ બન્યો છે. હરિલાલ પોતાની દિલજાન મહબુબાના આ સમાચાર જાણતાં મોતના કાંઠાપર આવ્યો છે. દરબારી વૈદ્યોને તેની માવજત માટે મોકલ્યા છે."

એકદમ મોતી મોટેથી બૂમ પાડી ઉઠી અને તે મૂર્છાગત થઇ પડી.

"બસ, તું ગભરા ના, જે બનનાર હતું તે બન્યું અને તે નહિ બન્યું થનાર નથી. પ્રાણવલ્લભા, જે ઉપકાર તારી પ્રિય સખીએ આ રાજ્યપર કીધો છે, તે ઉપકાર જેવો તેવો નથી. તેનો બદલો વળાય તેમ પણ નથી, પણ હવે ઉપાય નથી. હવે તું એક વાત સાંભળ, અને તે પ્રમાણે વર્તે તો બહુ રુડું થાય. હરિલાલ શેઠને આ વેળાએ જે દુઃખ લાગતું હશે તે જેવું તેવું નથી, માટે તું તેની પાસે જા અને દિલાસો દે. તેની પ્યારીના મરણનું દુઃખ, જેવું મને મારી પ્યારીના મરણ માટે લાગે તેથી કંઇ પણ ઓછું, આવી સદ્ગુણી સ્ત્રી માટે લાગે નહિ. તારે કોઇ

પણ રીતે તેને ઓછું નહિ પડે તેમ વર્તવું, અને આ મોટા નુકસાનનો જે બદલો માગે તે આપવાનું વચન આપી આવવું.”

શુદ્ધિમાં આવ્યા પછી મોતીએ આ સઘળું સાંભળ્યું, પણ તે કંઇએ બોલી નહિ. તેનું ચિત્ત ભ્રમણાપર ચઢયું હતું અને તેના મોંમાં બોલવાની જરા પણ શક્તિ નહોતી, તેથી આ વેળાએ આ આજ્ઞાનો ભંગ કીધા શિવાય તે એકદમ તે પ્રમાણે ચાલવાને તત્પર થાય એ અશક્ય હતું. ઘણો વખત સુધી તો તેનો દમ બંધાઇ ગયો, પણ જ્યારે પોતાના પ્રિયનાથની આજ્ઞા થઇ ત્યારે તેનાથી કોઇ પણ પ્રકારે તેને નારાજ કરવાનું ઠીક લાગ્યું નહિ. આટલીવાર તે આમ તેમ વામાટામા મારતી હતી; કયે મુખે તે હરિલાલ પાસે જાય ? તે મણીને જ આસપાસ ઝંખ્યા કરતી હતી, ને તેથી અથાગ શોકમાં પડવાથી કંઇ બોલાતું નહિ હતું, પણ ઘણી વારે આ પ્રમાણે બોલી:—

“ખાવિંદ ! આપની આજ્ઞા બજાવવાને દાસી તત્પર છે, પણ આપ જ પધારો તો તે ઘણું રુડું ગણાશે. મારી પ્રિય મણી ! હાય તેનું નામ યાદ કરતાં મારું હૃદય અત્યંત કલ્પાંત કરે છે, મને તેનાથી વિશેષ પ્રિય માત્ર આપ જ હતા. પણ શું તેનો કોઇ બચાવ કરી શકયું નહિ ? દરિયાએ હાફેઝ ! તે પાપી ચંડાળો આ નગરને સર્વ રીતે લૂટી ગયા હોત તો ભલું કહેવાત, પણ આ પ્રસંગ મારો અંત આણ-નારો થશે. હાય ! ઓ પ્રભુ !” તેણીએ પોતાની પ્રિય સખી માટે વિલાપ કીધો; “રે મણી ! તું મારી પ્રિય બહેનને મારી તરફથી કોણ કહેશે કે તારું લોહી રેડાયું છે, તેની દોષિત હું છું ? તારું સર્વ સ્થળે કલ્યાણ થાઓ.” આમ બોલતાં તેની આંખમાંથી ખળખળ કરતો આંસુનો ચોધારો પ્રવાહ વહેવા લાગ્યો.

આ દેખાવ જોઇને નવાબની છાતી પણ ભરાઇ આવી, અને આ સઘળું મેદાનમાં જ બને તે કોઇ જોય તો તેની અસર ઘણી માઠી થાય, એમ ધારીને વજ્રની છાતી કરી મોં ફેરવી નાંખી ઉભો થયો.

મોતી પણ તેટલામાં ઉભી થઇ, બંનેએ ચાલવા માંડ્યું. પણ તેટલામાં નવાબે કહ્યું:–"તારી ઇચ્છા જવાની નથી! નહિ, નહિ, તું જ જા. સ્ત્રીઓની હાજરી આવા શોકપ્રસંગમાં ઘણી અસર કરે છે. તેનો કુમળો હાથ શિરપર ફરે છે તો તરત દુઃખ નાસી જાય છે, મન શાંત થાય છે અને આનંદ પમાય છે. સ્ત્રીનું હસતું મુખડું રાખવાને માટે તેનો સત્કાર કરવા માટે, તે પોતાનું દુઃખ વિસરી જાય છે, માટે મારી સંપૂર્ણ ઇચ્છા છે કે તું હરિલાલ પાસે જા અને તેને દિલાસો આપ."

"પ્રિય પતિની જેવી ઇચ્છા! હું જઇને તેના શોકનું નિવારણ કરીશ." મોતીએ એમ બોલી ચાલવા માંડ્યું. સઘળું લશ્કર પણ થોડી વારે ઉપડી શહેરમાં આવ્યું.

આ વેળાએ હરિલાલ પોતાના ઘરના ત્રીજા માળપર એક ખૂણામાં બેસીને પોકેપોક મૂકીને રડતો હતો. તેની પ્રિયાના શબને બાળી હમણાં જ તે માળપર આવીને બેઠો હતો. મહા મુસીબતે તે છેલ્લી ઘડી સુધી ધીરજ રાખી રહ્યો. જે મરદાઇથી શહેરના રક્ષણ માટે પોતાની પ્રિયાએ મહાભારત કામ કીધું હતું, તે માટે અત્યાર સૂધી તે ધીરજ રાખી ધીરતાથી બેઠો હતો; પણ ઘરમાં, પોતાના ઓરડામાં પગ મેલતાં જ તેનાથી રહેવાયું નહિ, ને એકદમ પોક મૂકી રડવા લાગ્યો. ગમે તેવા પરાક્રમથી, ગમે તેવા વીર કર્મથી એક યોધો મરણ પામે છે, તોપણ તેનાં સગાં સ્નેહીઓની છાતી રૂંધાઈ જાય છે; તો રણમાં, પોતા સમક્ષ પોતાની પ્રિય સ્ત્રીને મરણ પામતી જોઇ, તે યાદ આવતાં પતિની છાતી કેમ નહિ રુંધાય? હરિલાલને જેમ જેમ પોતાની સ્ત્રીની, રણપરાક્રમ કરતાં પોતાની બહેનોને બચાવવાની ઉલટ, યાદ આવતી હતી, તેમ તેમ તેનાથી રડવું થોભાયું નહિ. એટલામાં પોતાના ઓરડાનું બારણું, જે બંધ કરીને એ બેઠો હતો તે ઘણા જોરથી ઠોકાયું.

નવાબ પાસથી છૂટી પડી મોતી પોતાને મહેલે આવી. સઘળી ગુલામડીઓ તેની આસપાસ ફરી વળી હતી, ને તેનો સત્કાર કરવાને

માટે સૌ તત્પર હતી. પણ આ સઘળા સત્કાર છતાં મોતીના મોંપર જરા પણ હાસ્ય નહિ દેખાયું એટલે સૌ ગમગીન થયાં, ને શોકવૃત્તિ ચોપાસ પથરાઇ ગઇ. થોડીવાર તેણીએ ડુસકાં ખાધાં, ને માથું નીચું નમાવીને બેઠી. પણ પછી પોતાનું કામ યાદ કરીને તે ઉઠી. મ્યાનો તૈયાર કરાવ્યો, ને તેમાં બેસી તે શહેર તરફ આવવાને નીકળી. રસ્તામાં આગલે દિવસે જે મોટો જય થયો હતો, તેથી સર્વ સ્થળે મોટો ઓચ્છવ થઇ રહ્યો હતો, અને બજાર પાછાં ઉઘડ્યાં હતાં. લોકોનાં ટોળે ટોળાં વાતો કરવાને સ્થળે સ્થળે ભેગાં થયાં હતાં. અનેક પ્રકારની વાતો ચાલતી હતી. કોઇ મોતી બેગમનાં અને કોઇ મણી શેઠાણીનાં પરાક્રમનાં વખાણ કરતાં હતાં. પણ મણી શેઠાણીના મોતને લીધે સઘળાં દિલગીર થઇ ગયાં; અને શાહને ત્યાં આ ગજબ ગુજર્યો તેનું સૌને સાલવા લાગ્યું. શહેરમાં આત્મારામશાહ એ તો ગરીબનો અન્નદાતા હતો, એટલે પછી દિલગીરી વ્યાપે તેમાં આશ્ચર્ય નહોતું. બરાનપુરી ભાગોળ નજીક હજારો લોક એકઠું થઈ ગયું હતું, ને શાહનાં કુટુંબને દિલાસો દેવા જવાને નાનાંથી તે મોટાં સૂધી સૌ તૈયાર થયાં હતાં; માંહોમાંહે વાતચીત કરતાં હતાં, તેટલામાં બેગમનો મ્યાનો આવી પહોંચ્યો. એક શહેરીએ પૂછતાં સ્વારે ખુલાસો કીધો કે બેગમ સાહેબ શાહને ત્યાં જાય છે; એટલે સૌ લોક તેમની પૂઠે મુંગે મોઢે ગયાં. શાહના ઘર નજીક જતાં સૂધીમાં તો શહેરના પોણા ભાગ જેટલા મરદો આ દિલાસો દેવાના સરઘસમાં સામેલ થઇ ગયા. પુષ્કળ લોકોની ગીરદીને લીધે મોતી પણ ગભરાઇ કે, હવે અંદર જવું એ મોટું મુશ્કેલ છે. પણ બે સ્વારે વરદી આપી કે સૌ લોક મુંગે મોઢે દૂર ખસી ગયાં. મોતી બેગમ મ્યાનામાંથી નીકળી ઘરમાં ગયાં ને પોતાનો બુરખો કહાડી નાખ્યો. શાહના કુટુંબ સાથે કંઇ ભિન્નભાવ જેવું થોડું જ હતું. તેમાં હવે તો શાહ ને તેમાં હરિલાલે જે રાજસેવા આજે બજાવી હતી, તે તો નવાબના રાજકુટુંબના ઇતિહાસમાં નોંધી રાખવા યોગ્ય બનાવ હતો, એટલે બેગમ સાહેબ ઓજલ પડદો રાખે એ ભિન્નભાવ

કહેવાય. બેગમ સાહેબના આવવાની ખબર આપવા એક ચાકર ઠેઠ ઉપર દોડ્યો, ને ત્યાં, આપણે જેમ ઉપર જોયું તેમ, બારણું ઠોક્યું.

ત્રણ ચાર વાર બારણું ઠોકાયું તે હરિલાલે સાંભળ્યું જ નહિ; પણ ઘણીવાર બારણું ઠોકાયું ને બારણે કલબલ કલબલનો શોર સાંભળ્યો તેથી આસપાસ જોવાને તે ઉભો થયો, એટલે "હરિલાલજી, બારણું ઉઘાડજો." એવો મધુરો સાદ સંભળાયો. બેગમનો શબ્દ પારખી ઉતાવળે જઇ બારણું ઉઘાડયું તો બેગમ સાહેબે પણ શોકવસ્ત્ર સજેલાં હતાં. તેવા પહેરવેશથી, જાણે પોતાના કુટુંબમાં જ કંઇ મોટો ગજબ ગુજર્યો હોય તેવા ખરેખરા ભાવથી આવ્યાં અને હરિલાલની બેઠક નજીક જમીનપર જ તે બેસી ગયાં. હરિલાલે બેગમ સાહેબને ખુરસીપર બેસવા વિનતિ કીધી, પણ બેગમ, કે જેની આંખો આંસુથી તરબોળ થયેલી હતી તેનાથી નહિ ઉંચું જોવાયું કે નહિ હા નાનો જવાબ દેવાયો ઘણીવાર સુધી મોતી બેગમ ચૂપ રહી ને તેટલામાં તો પાછી હરિલાલની છાતી ભરાઇ આવી. પોતે દુઃખ દૂર કરવા આવી છે, પણ વધારવા નહીં એ યાદ આવતાં જ બેગમ સાહેબાએ પોતાને પાલવડેથી અશ્રુ લૂછી નાંખ્યાં અને હરિલાલની સામું જોઇ બોલીઃ—

"હરિલાલજી ! આજે તમારા દુઃખમાં હું કેવા પ્રકારે ભાગ લઇ તમોને તેનો બદલો આપું ? જે મારી પ્રિય સખી, મારા પ્રાણથી પણ વહાલી, તેનો ઉપકાર માનવાનો સમય તો આવ્યો નથી, પણ હરિલાલજી ! તેણે જે પરાક્રમ બતાવ્યું હતું, તેની મારા પતિ નવાબ સાહેબ બહુ બહુ તારીફ કરે છે, ને સઘળું લશ્કર તમારા શોકમાં સામેલ થઇ, મારી સખીનાં વખાણ કરે છે, તે જોઇ મારા હૃદયનો જો કે ભંગ થયો છે, ને હમણાં શોકથી હૃદયમાં અંતઃકરણને બદલે કોયલાનો ઢગલો થયેલો છે; છતાં તે થોડું આનંદ પામતું નથી. તેના કરતાં જો હું રણમાં પડી હોત તો ખરેખર મારી કીર્ત્તિ માટે મારા પતિ બહુ ભાગ્યશાળી ગણાત. તમારા દુઃખને માટે આખા સુરત શહેરપર મોટો ઉપકાર થયો છે.

મરવું તો સૌને છે વહેલે કે મોડે, પણ આવી કીર્ત્તિથી મરવું એમાં થોડી શોભા નથી. હવે તમે શોક તજી દો ને તમારી તરફ આ નગરના લોકોનો કેટલો ભાવ છે તે જુઓ અને તેઓ જે તમારા રિવાજ પ્રમાણે દિલાસો દેવા આવ્યા છે તેમને રજા દો."

"બેગમ સાહેબા, એ બધું ખરું છે, પણ તેનાં પ્રિય વચનો, તેની મારા તરફની અથાગ પ્રીતિ અને પરાક્રમ, એ સૌ મને હવે કંઇ સુખ દેવાનાં છે ? એના જેવી સદ્‌ગુણી સ્ત્રી તો આ ભવે હું નથી જ દેખવાનો ! મને હવે ગમે તેટલો દિલાસો દો, કે ગમે તેટલી આબરુ મળો, પણ મારો સંસાર તો બગડ્યો જ. બેગમ સાહેબા ! મારી મણીને બચવાનો એક પણ આરો નહોતો, ને જો કે તેણે મરતી વખતે પણ પોતાની ધીરજ છોડી નથી, તો પણ હવે એ તો ગઈ. હરિ હરિ !"

"આહ ! આ તમે ઘણી નબળાઇ બતાવો છો !" મોતીએ ઘણી ધાડી છાતીથી કહ્યું, જો કે તેનું મન તો વાત કરતી વેળાએ રડ્યા જ કરતું હતું, પણ જો તે પણ ધીરજ મૂકીદે તો ધારેલું કામ થાય નહિ; તેથી મણીના કોમળ પતિને રીઝવવા પોતે દુઃખ વિસરી ગઇ. "પેલા પાપી ચંડાળનો ઘાણ કાઢતાં ને મોટી આબરુ મેળવતાં તેનું મરણ થયું, પણ એ તો અમર થઇ છે. તેના જેવું પરાક્રમ આજના રણસંગ્રામમાં કોઇએ બતાવ્યું નથી. આજની સઘળી શાબાશી તેને છે. હવે તમે શોક મૂકી દો, અને નવાબ સાહેબ તમને બોલાવે છે માટે ચાલો. મારા ખાવિન્દ આપની હજૂર આવત, પણ તે આવે તેના કરતાં પોતાની પ્રિયાને, તમને દિલાસો દેવા મોકલી છે, એ જ તેમનો તમારા પ્રત્યેનો પ્યાર બતાવે છે. રડવાથી ને યાદ કરવાથી શું બનાર છે ? તે પાછી આવનાર છે ? મારી પ્રિય બહેનનું તમે હવે મોં જોવાના હતા ? તમારે હાથે બાળીને ખાખ કરી આવ્યા છો, તો હવે તે ક્યાંથી આવનાર હતી ? મારા લાલ, પ્રિય ભાઇ, હવે તમે સઘળો શોક તજી દો, ને આંસુ લૂછી નાંખી સૌને તમારું મોં બતાવો; તમારા તરફ સૌનો કેટલો પ્યાર છે તે જુઓ" આમ કહીને તે જ્યાં

બેઠી હતી ત્યાંથી ઉઠીને લાલની પડોસમાં જઇ, પોતાની સખીના પ્રિયના મોંપર આવેલાં આંસુ પોતાના પાલવડેથી લુછી નાંખી તેનો હાથ પકડી ઉઠાડયો. આ હાથ ફરતાં તેનું અડધું દુઃખ ઓછું થયું. તે બોલ્યો, "બહેન! તમે આજે મારી બરદાસ્ત ન કીધી હોત તો મારું પણ આવી જ રહ્યું હતું!" આમ બોલતાં બંને જણ બારીએ આવ્યાં.

લોકોની ઠઠ આ વેળાએ પુષ્કળ જામી હતી. મોતીને મોકલ્યા પછી, પોતાના નગરના એક મોટા શેઠને દિલાસો દેવાને નવાબ પોતે, પોતાના વજીર નસીરુદ્દીન, સેનાપતિ નવરોઝ, સુરલાલ વગેરે સભાજનો અને પોતાના લશ્કર સાથે ત્યાં આવી ઉભો હતો. સૌની સાથે નવાબ પણ પગપર ખડો હતો. મોતી ને હરિલાલ બારીએ આવ્યાં કે નવાબે મોટા ઉલ્લાસથી કહ્યું, "આજના મહાસમર્થ જયનું સઘળું માન આ ખાનદાની કુળના અમીર ઉલ ઉમરા હરિલાલને છે. એમના કુટુંબમાં જે મોટો અનર્થ થયો છે તે જો કે એમને બહુ દુઃખ ઉત્પન્ન કરનારો છે, પણ અમારી પ્રજા અને અમારા ઉમરાવો! તમે જાણો છો કે આ શેઠ તરફથી જો મોટી મદદ નહિ મળી હોત તો આપણે સદાના મૂએલા જ હતા. મણી શેઠાણીએ આજે જય અપાવ્યો છે, તેને માટે અમે અમારા દિલ્હીના શહેનશાહને એક ખલિતો મોકલી એમના કુળનો ઇતિહાસ ત્યાં જણાવીશું." આ બોલી રહ્યા પછી નવરોઝે મણીની હુશિયારી ને પરાક્રમનાં વખાણ કીધાં. હરિલાલનું આ સાંભળતાં અડધું બાકી રહેલું દુઃખ ઓછું થઇ ગયું. શહેરમાં શાહના ઘર આગળ આ મોટી ગર્દી થઇ છે તે જોવાને જે સઘળા લોકો દોડી આવ્યા હતા તેઓ વખાણ કરવા મંડી ગયા. નવાબે પોતાપરનો ને પોતાના નગરપર થયેલા ઉપકારનો બદલો વાળવા આજ તક યોગ્ય ધારી, એકદમ શેઠને હેઠળ બોલાવી ચોગાનમાં દરબાર ભરવાનો વિચાર જણાવ્યો. નવાબના હુકમ પ્રમાણે થોડા સમયમાં એક મોટી બેઠક કરવામાં આવી, ને ત્યાં સઘળા અમીર ઉમરાવ તથા સારા સારા ગૃહસ્થો હાજર થયા. આસ-

પાસ અડધા અડધા મેલ સુધી ગીર્દી મચી રહી હતી. લોકોનાં ટોળે ટોળાં આ જોવાને ત્યાં હાજર થયાં હતાં. નવાબ ઘણો લોકપ્રિય હોવાથી તેનાપર પણ લોકો વારી જતા હતા; તેમાં શહેરના એક સંભાવિત ગૃહસ્થની સ્ત્રીએ આજે શિવાજીને નસાડયો, એ બનાવ જાણી વળી ઘણું આશ્ચર્ય પામતા હતા.

એક કલાકમાં દરબારની ગોઠવણ થઇ રહી. નવાબ ઉંચા આસનપર બેઠા ને તેની એક બાજુએ સ્ત્રીઓને પરદેપોશ બેસાડવામાં આવી ને એક બાજુએ અમીરો બીરાજ્યા. સઘળા લોકોની ઠઠ ભરાતાં સૌ જોવાને આતુર જણાયા. હવે કચ્ચડાકચ્ચડી ને પડાપડી થઇ રહી. થોડી વારે નવાબ અને તેના અમીરો સૌએ મોટે સ્વરે કાલના જય માટે પ્રભુની પ્રાર્થના કરી, ને સૌ તેમાં સામેલ થઇ ગયા. તે વેળાએ નગરમાં ધર્મની મારામારી ઘણી થોડી હતી, ને ઈશ્વર સૌનો એક છે એમ ઘણા ખરા માનતા હતા. જ્યારે માત્ર હરીફાઇ થતી ત્યારે જ મારામારી ને કાપાકાપી થતી હતી.

ગભરાટ સઘળો નરમ પડયો હતો ને હવે પ્રાર્થના પૂરી થઇ કે નવાબે આ રણપરાક્રમમાં જેમને ઘટતું હોય તેમને ઇનામ આપવાનો ઠરાવ બતાવ્યો. પહેલે તો નવરોઝે મણી શેઠાણીના પરાક્રમનો ઇતિહાસ કહી સંભળાવી તેના પતિનો દાવો મોખરે ધર્યો. આ પહેલાં ઇનામ માટે કોઇ પણ હરીફ હતો નહિ, ને ખુદ ખુદાવિંદ નવાબ પણ એ જ પ્રમાણે ધારતો હતો, એટલે કોઇથી વચ્ચે માથું મરાય તેવું નહિ હતું. લડાઇનો નિવેડો આવ્યા પછી ઇનામો વહેંચાય ત્યારે પહેલું ઇનામ મેળવવા માટે મોટી મારામારી થાય છે. જેને પહેલું ઇનામ મળે તે ઘણો ભાગ્યશાળી ગણાય. શિવાજીના પરાજયમાં તેવું ઇનામ માત્ર મણી શેઠાણી કે તેના વંશને જ ઘટિત હતું, ને તેવું ઇનામ મેળવવાને આ વાણિયા શેઠ શક્તિમાન્ થયા, એટલે નાગરિકો તો રાજી થાય એમાં નવાઇ જેવું થોડું જ હતું. કેમકે મુસલમાની રાજ્યમાં તેવા પ્રસંગ ઘણું કરીને કવચિત જ આવતા હતા, પણ આ વેળાએ એ દાવાદારનો હક સર્વ પ્રકારે યોગ્ય ગણીને માન્ય રાખ્યો, ને નવરોઝના કહેવાને સર્વ શૂરવીર મુસલમાનોએ પણ ટેકો આપ્યો.

"નગરના ધણીપણાનો દાવો ધરાવનાર હરિલાલ સર્વ ઇનામને પાત્ર છે, ને તેઓ ચાહે તે પરગણું પોતાના સ્વપરાક્રમના બદલામાં માગી લે! અમારા દરબાર તરફથી એ માટે ઠેઠ દિલ્હી દરબારને જણાવવામાં આવશે, ને ખુદ બાદશાહી ઇનામને લાયક એઓ ગણાયા છે, માટે ત્યાંથી પણ ઇનામ મળશે. પણ અમે આજે અમારો રાજમુકુટ એમને ઇનાયત કરીએ છીએ." એમ નવાબે મીઠી વાણીમાં જણાવ્યું.

ચારે પાસથી વાહવાહ બોલાઇ, નવાબની ઉદારતા વખણાઇ, અને પ્રજામાં હરિલાલભાઇ મોટા તરીકે હંમેશ માટે સ્થપાયા. બીજા દાવાદારોને તેમની યોગ્યતા પ્રમાણે ઇનામો આપ્યાં. રાજકોશમાંથી પુષ્કળ દ્રવ્ય વહેંચવામાં આવ્યું અને શિવાજીની લૂટમાંથી જે બાકી રહ્યું હતું, તેમાં કેટલુંક ઉમેરી સૌ નગરજનોને તેમનાં નાણાં આપવા જણાવી દરબાર ખલાસ થયો. લોકોને ઘણું નુકસાન થયું હતું, તથાપિ આ મોટા દિલના હાકેમના પ્રેમને લીધે તેઓ સઘળું દુઃખ વિસરી ગયા. શહેરમાં સૌ સ્થળે ઓચ્છવ થઇ રહ્યો હતો. હરિલાલે આ ઉત્તમ પ્રસંગે જે રાજસેવા બજાવી તેના બદલા તરીકે ઠેઠ દિલ્લી દરબારથી બાદશાહની સહી મોહોર સાથ ત્રણ મહિના પછી એક ખલિતો આવ્યો, ને તેમાં એક લાખ ટકા દ્રવ્ય ઇનામ તરીકે, તથા આફતાબગીરી, મ્યાનો ને મશાલ સાથે એક પરગણું આપવાનું જણાવ્યું હતું. લોકોમાં આથી હરિલાલની ઘણી કીર્તિ વધી. આ મોટા કુળના શેઠની હિંમત, રાજધર્મ ને તેમની કાન્તાના મરણનો બદલો કનક અને કીર્તિમાં મળ્યો. તે ભેટ કેટલાંક વર્ષો સૂધી તેના વંશજો ભોગવવાને ભાગ્યશાળી થયા.*

* રમા સંબંધી વાત આ પ્રકરણમાં લખવાની બાકી રહી છે; કેમકે તેનો આ વાર્તા સાથે ઘણો જ થોડો સંબંધ છે. રમા પછાડીથી સુરલાલપર મોહી પડી હતી, ને મોતી બેગમની ઇચ્છા પણ ખરી કે, સુર એની સાથે લગ્ન કરે તો ઠીક. સુરલાલને મોતી બેગમે ઘણો આગ્રહ કીધો, ને રમા ઘણી ખૂબસુરત, વળી પતિવ્રતા, ને પોતાને યોગ્ય વયની હોવાથી તેની સાથે લગ્ન કરવાનું વાજબી લાગ્યું. તે જ્ઞાતે બ્રાહ્મણ હોવાથી તેમનાં લગ્ન સમયે સઘળા બ્રાહ્મણોએ ભાગ લીધો હતો, એમ કહેવાય છે.

સમાપ્ત

# પરિશિષ્ટ

## કેટલીક ઐતિહાસિક માહિતી

### (૧)

શિવાજીની સુરતની લૂટ સંબંધમાં ઐતિહાસિક પુરાવાઓ શા છે, તે વાંચનારની જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે અત્રે રજુ કરવામાં આવે છે; ગ્રન્થકર્તાએ વાર્તાનો રસ જમાવવા માટે તેમાં શા શા ફેરફાર કર્યા છે તે આ ઉપરથી જણાશે.

સુરતનું ભૌગોલિક સ્થાન:—સુરત તાપી નદીને દક્ષિણ કીનારે આવેલું છે. તાપી નદી શહેરથી ૯ાા માઈલ દૂર ખંભાતના અખાતને મળે છે. તેનો પટ, સુરતના કીલ્લા આગળથી તે સામે પાર સુધી ૦ાા માઇલ છે. હાલમાં તેના ઉપર હોપ સાહેબની યાદગિરિમાં બાંધેલો પુલ છે.

સુરતને ફરતા બે કોટ હતા:—એક માંહેનો અને એક બહારનો. પહેલો, શહેરેપનાહ અને બીજો આલમપનાહને નામે ફારસીમાં લખાતો. શહેરેપનાહનો કોટ ઈ. સ. ૧૬૬૨ માં એટલે કે શિવાજીએ પહેલીવાર સુરત લુટયું તેની બે વર્ષ પહેલા, આ વાર્તાના નાયક ગ્યાસુદ્દીન રૂમીની હકુમતમાં બંધાયો હતો.* એ બંધાવાની રજા લેવા જહાનબેગ તથા વીરજી વહોરા ઔરંગઝેબ બાદશાહ

---

* શહેરેપનાહ—એટલે શહેરનો કબરો જ્યાં ઠરતો હોય તે જગા, એટલે ખાડી અને એ ખાડીને લગતો જે કોટ તે એ કોટ (માંહેનો).

શિવાજીએ મોગલ રાજના તાબામાં મારફાડ અને લૂટો ચલાવવા માંડેલી અને ચોરાસી વાવટાના બંદર તરીકે સુરત ખીલવા માંડેલું તેથી તેના રક્ષણની જરૂર ઉભી થઈ હતી. તે માટે વીરજી વોરો અને જહાનબેગ કોટ બાંધવાની રજા લેવા દિલ્લી ગયા હતા, અને બાંધવાનો બંદોબસ્ત કરીને આવેલા. જે વખતે આ સુરતીઓ દિલ્લી ગયેલા ત્યારે શિવાજી દિલ્લીમાં સપડાયો હતો, અને તેણે વીરજી પાસે નાણાંની મદદ માગી હતી. વફાદાર વીરજીએ ના પાડી. તેથી શિવાજીએ તેને સુરત આવી લૂટવાની ધમકી આપી હતી, અને તે કિલ્લો બાંધી રહે તે પહેલા આવવાનું જણાવેલું.

પાસે ગયા હતા. એ જહાનબેગ ઘણો નેક ને હિંમતવાન હતો અને વીરજી વહોરો પણ ઘણો ધનવાન અને ધર્માત્મા વાણિયો હતો. × × × આ વીરજી વહોરા પાસે તે સમયે રૂપીઆ એક કરોડથી વધારે નાણાં હતાં, અને તેને તથા તેના કુટુંબીઓને લૂટી, તેનાં ઘરબાર બાળી જમીનદોસ્ત કરી શિવાજી પહેલી લુટમાં અનર્ગલ દોલત લઈ ગયો હતો. વીરજી વહોરાનું નામનિશાન શિવાજીએ રાખ્યું નહોતું. × × × આજે અંદરનો કોટ તોડી નાંખવામાં આવ્યો છે, તેથી શહેર અને પરાં એકત્ર થઈ ગયાં છે. માત્ર તેઓ વચ્ચે ખાઈ હજી સુધી કોઈ કોઈ સ્થળે છે. × × × સુરતમાં હાલ જે કોટ રેલ્વેની ગાડીમાંથી દેખાય છે તે આલમપનાહનો ભાગ છે.

વાર્તામાં નવસારીના દેશાઇએ આવીને મદદ કર્યાની વાત છે. નવાબને તેવા મદદ કરનાર અનાવલા દેશાઇઓ ઘણા હતા. મહિધર, રઘનાથ, રામ, સામ–એ મોટા અનાવલા દેશાઇઓનાં નામ ઉપરથી તે તે પરાંના નામો પડેલાં છે.

દુમાલનું મેદાન કે જ્યાં આગળ ગ્યાસુદ્દીન રૂમી અને શિવાજી વચ્ચે છેલ્લી ઝપાઝપી થઇ હતી અને શિવાજી છ દિવસની લૂટ લઇને નાઠો હતો તે સરાહના દરવાજા બહાર છે. ત્યાં આગળ એક જુનું હનુમાનનું દહેરૂં છે.

તાપી નદી જ્યાં આગળ સમુદ્રને મળે છે ત્યાં આગળ હજીરા કરીને એક જુનું બારૂં છે. આ સ્થળ હવાફેરબદલ અને તેના પાણીના ગુણ માટે વખણાય છે. ત્યાંથી ૨ાા માઇલ ઉપર મોરા સુંવાળી નામનાં ગામ છે;–જ્યાં અસલ મોટાં વહાણો–ઝાઝો નાંગરતા અને જ્યાં યૂરોપી ટોપીવાળાઓ વચ્ચે માંહોમાંહે લડાઇઓ થતી.

---

દિલ્લીથી નાસી ગયા પછી શિવાજીને ઔરંગઝેબ સામે લડતા નાણાની ઘણી તાણ પડવા લાગી એટલે તેણે સુરત તરફ નજર ફેરવી, અને જ્યારે જોયું કે વીરજી વોરો કિલ્લો બાંધી શકયો નથી, પણ માત્ર નમુના તરીકે માટીનો કોટ રચે છે, ત્યારે જુની વાત યાદ આવી, જાસુસો મોકલી માણસો અચાનક હલ્લો કર્યો (તા૦ ૫–૧–૧૬૬૪) અને તેમાં પહેલો ઘા વીરજી વોરા ઉપર પડ્યો. તેની દોલત શિવાજીએ લૂટી લીધી; તેના કુટુંબીજનોને મારી નાંખ્યા, અને માટીનો કામચલાઉ કોટ ભાંગી ખેદાનમેદાન કર્યો, એવું દંતકથાકારો કહે છે.

આલમપનાહ–એટલે દુનિયાંનો ક્યરો, એ કોટ (બહારનો) ઇ. સ. ૧૭૦૮ માં બાદશાહ ફરૂખશીરના વખતમાં બંધાયો હતો.

સુરતની વસ્તી ઈ. સ. ૧૭૯૬ માં આઠ લાખની કહેવાતી. શિવાજીએ સુરત લૂટ્યું હશે તે વાર તેથી પણ વધારે હોવી જોઇએ. હાલમાં તો ૮૦ થી ૯૦ હજારની ગણાય છે. દેશી વસ્તીનો મોટો ભાગ વાણિયા, બ્રાહ્મણ, શ્રાવક, ભાટિયા, કાછિયા, ભાઠેલા, કણબી, મુસલમાન, વ્હોરા ને પારસીઓનો છે.

રીતભાતમાં સુરતની વસ્તી જેવી સુઘડ છે તેવી બીજી કોઇ ગુજરાતમાં નથી. સ્ત્રી પુરૂષોનો પોશાક આછો ને શોભતો છે, તેમ તેઓની ઘરેણાં પહેરવાની રીત પણ યુક્તિસર છે. સુરતના લોકનું બોલવું પણ કુમળું ને મધુર છે. હાલ મુફલીસીમાં છે તોપણ તેઓ શાહેરના રહેનાર, સુઘડ અને ચતુર છે, એમ પોતાના ચહેરા ઉપરથી બતાવે છે. સુરતના લોક હિન્દુસ્તાનના કોઇપણ ભાગમાં તરત ઓળખાઇ આવે છે.

ઇ. સ. ૧૬૬૨ માં કંપની સરકારે, જે અંગ્રેજો કોઠીમાં રહી ખાનગી ધંધો કરી કંપનીને નુકશાન પુગાડતા, તે અટકાવવા માટે એક ગવર્નર નીમ્યો હતો. તેનું નામ સર જ્યાર્જ ઓક્સનડન હતું.

એ કાળે સુરતની સંપત્તિનું શું પૂછવું ? એ વિષે ખબર કાઢવાને શિવાજી મરેઠાએ પોતાનો એક બહીરજી નામનો જાસુસ સુરત મોકલ્યો હતો. એથી વાકેફ થઇને સુરતની તવંગિરીથી લલચાઇને નાશકની યાત્રાનું બહાનું બતાવી શિવાજી ૪૦૦૦ સ્વાર સાથે અચાનક તા. ૫ મી જાનેવારી સને ૧૬૬૪ માં સુરત આવી પહોંચ્યો. એ વાત સાંભળતાં જ હાકેમ તો કિલ્લામાં ભરાઇ બેઠો. શાહેરના લોક જીવ લઇને નાઠા. થોડાએક શાહુકારોએ અંગ્રેજની કોઠી આગળ આવી પોતાના જાનમાલ બચાવવાની વિનંતિ કરી તેથી તેઓ બચ્યા. એ વર્ષમાં કંપનીની કોઠીમાં ૮૭ લાખનો માલ હતો. સમી સાંજ સુધીમાં તો મરેઠાનું સૈન્ય સુરતની ચોમેર ફરી વળ્યું. કેટલાકે કિલ્લાને ઘેરો ઘાલ્યો, પણ ત્યાં કંઇ તેઓનું ફાવ્યું નહિ. ઘણાએકે તો છ દાહડા અને છ રાત નિરાંતે શાહેરને લૂટયા કીધું ને બાળ્યા કીધું. અંગ્રેજ ને વલંદા સામે થયા ને તેઓએ પોતાનું કોઠી બાર પણ લેવા દીધું નહિ. તેમાં અંગ્રેજો તો એટલી બહાદુરીથી ઉભા રહ્યા કે તેઓએ પોતાનો તો હોય જ પણ કેટલાક સુરતી વેપારીઓનો માલ પણ મરેઠાને હાથ જવા દીધો નહિ. એ વેળાનો અંગ્રેજનો કોઠીદાર સર જ્યાર્જ ઓક્સનડન હતો. એ વખતે શિવાજી સુરતમાંથી ફક્ત સોનું રૂપું ને જવાહીર ૩૦ કરોડનું લઇ ગયો અને જો અંગ્રેજની ને વલંદાની કોઠી હાથ લાગી હોત તો તેને અનરગળ દોલત મળી

હોવ. જ્યારે એ લૂટ ચાલતી હતી ત્યારે શિવાજી ભાગળ બહાર હતો. એક સ્મીથ નામનો અંગ્રેજ, જેને બંધવો કરી શિવાજી કને લઇ ગયા હતા, તેણે છુટયા પછી કહ્યું કે, શિવાજી તંબુમાં બેઠા હતો ને પોતાના માણસોને હુકમો આપ્યા કરતો હતો, કે જે લોક પોતાની દોલત છુપાવતા હોય તેઓના હાથ ને માથાં કાપી નાંખવા. તે સ્મીથ લખી ગયો છે કે તે વખત સુરતનો કોટ માટીનો હતો, ને ઇંટનો બનાવવાનો નવાબને હુકમ મળ્યો હતો. ૧૬૬૬ માં તે બંધાતો હતો એમ વળી એક જણ કહે છે.

અંગ્રેજોએ શાહેરના કેટલાક શાહુકારોને શિવાજીની લૂટથી બચાવ્યા હતા. માટે તેઓની તારીફ નવાબે બાદશાહને લખી ને તે ઉપરથી કંપની પાસેથી ૩ા ટકા જગાત લેવાને બદલે એક ટકો લેવાનો ઠરાવ થયો.

સને ૧૬૭૦ ની ૩ જી અકટોબરે વળી પાછો બીજીવાર શિવાજી ૧૫૦૦૦ની ફોજ લઇને સુરત આવ્યો. તે વેળા શિવાજીનું ફાવત નહિ એવો ફોજ વગેરેનો બંદોબસ્ત હતો, પણ સપટેંબરમાં શાહેરનો હાકેમ મરી ગયેથી તેની જગો ખાલી પડી હતી અને કિલ્લામાંના સારા લડવૈયા બીજે ઠેકાણે ગયા હતા. રૈયતને તો શું પણ કિલ્લાને બચાવી શકે એટલા આદમી પણ તે સમે હાજર નહોતા. શિવાજીએ ત્રણ દહાડા શાહેર લૂટયું પણ એટલામાં અમદાવાદથી મોગલ ફોજ આવી પુગી એટલે જતી વખતે તે કાગળ નાંખતો ગયો કે શાહેરના લોક જો દર વર્ષે ૧૨ લાખ રૂપીઆ આપ્યા કરશે તો ફરીથી તેઓને લૂટવામાં નહિ આવે. એ વખત પણ અંગ્રેજોએ પોતાનો બચાવ સારી રીતે કીધો હતો. વલંદાની કોઠી તો દૂર ખૂણામાં એટલે ત્યાં તો મરેઠા ગયા જ નહિ. શિવાજી ધમકી આપી ગયો છતાં પણ તે પાછો ત્રીજીવાર આવ્યો નહોતો.

ફ્રાન્સીસે (ફ્રેન્ચ લોકોએ) મરેઠાઓને પોતાની લાતીમાંથી જવા દીધા તેથી એક તાતાર દેશનો તવંગર સારી પેઠે લુટાયો.

(નોંધઃ–ઉપર પ્રમાણેની હકીકત કવિ નર્મદાશંકરના "સુરતની મુખતેસર હકીકત"માંથી તારવીને આપી છે. આ ઉપરથી વાંચનારને સમજાશે કે ગ્રન્થકર્તાએ શિવાજીની સુરતની લૂટની જે વાર્તા લખી છે તેનો સમય ઈ. સ. ૧૬૬૪ નો છેઃ પણ સર્વ ઇતિહાસકારો જણાવે છે કે શિવાજીએ સુરત છ દિવસ ને રાત લૂટયું, અને ઘણો કેર પ્રજા ઉપર વર્તાવ્યો. વાર્તામાં ત્રણ દિવસ લૂટ ચલાવી

ચોથે દિવસે નવાબ ગ્યાસુદ્દીન કિલ્લામાંથી બહાર પડ્યો અને તેણે શિવાજીને ભગાડ્યો એવી હકીકત છે, તે દંતકથાને આધારે છે, અને વાર્તા રસીક Romantic કરવા માટે લેખકે ફેરફાર કરવાની છુટ લીધી જણાય છે.)

× × × ×

(૨)

ગુજરાત કોલેજના પ્રોફેસર એમ. એસ. કોમીસારિયેટ, તા. ૨૪ મી સપ્ટેંબર ૧૯૨૮ ના દિવસે મુંબઈની યુનિવરસિટિના હોલમાં, 'શિવાજીની પહેલીવારની સુરતની લૂટ' વિષે, અંગ્રેજી કોઠીના હાલમાં છપાયલાં દફતરોના આધારે કેટલોક જાણવા જોગ ઇતિહાસ વાંચી સંભળાવ્યો હતો, તેમાંથી ઉપયોગી ભાગ અત્રે આપેલો છે.

પ્રો. કોમીસારિયેટ આરંભમાં ખુલાસો કર્યો કે સુરતની શિવાજીની લૂટ વિષે ફારસી કે મરાઠી ઇતિહાસ જોઇએ તેવો મળતો નથી. તેમણે તે દિવસના ભાષણનો આધાર, અંગ્રેજ કોઠીના અમલદારોએ, વિલાયત ઈસ્ટ ઈન્ડીયા કંપનીને જે અહેવાલો પત્રો મારફતે લખી મોકલ્યા છે તે ઉપર રાખેલો છે. આ પત્રો ઇંગ્લાંડમાં ઇન્ડીઆ આફીસમાં સચવાયલાં છે અને તેમણે બીજો આધાર ફ્રેન્ચ મુસાફર થેવેનોના પ્રવાસ વર્ણનના પુસ્તક ઉપર રાખેલો છે. તે પુસ્તકોને આધારે જણાય છે કે જ્યારે શિવાજીએ છાનોમાનો હલ્લો સુરત ઉપર છાપો માર્યો ત્યારે તેનો નવાબ, કેટલાક ખાસ અમલદારો અને શહેરીઓ સાથે કિલ્લામાં ભરાઇ ગયો હતો. શિવાજીએ ગુજરાતના અમદાવાદના મોગલ સુબાને છેતરવા માટે પ્રથમ વસાઇમાં પડાવ નાંખ્યો હતો, અને ત્યાંથી એકદમ કુચ કરી સુરત તા. ૬ ઠ્ઠી જાનેવારી ૧૬૬૪ માં જઇ પુગી ઘેરો ઘાલ્યો હતો. શહેરના લોકો પોતાનો પ્રાણ અને ધન બચાવવા માટે જેમ ફાવ્યું તેમ આસપાસના ગામડાઓમાં નાસી ભરાઇ પેઠા.

સુરતની અંગ્રેજી કોઠીના ગવર્નર અથવા પ્રમુખ તરીકે સર જ્યાર્જ ઓકસન્ડન હતો. તે અને તેની કાઉન્સીલે, સાચા અંગ્રેજ બચ્ચાની માફક પ્રાણાન્તે પોતાના જીવનો અને જીવનગાળાનો બચાવ કરવો, એવો ઠરાવ કર્યો અને એજ તેઓ માટે શોભિતું છે. સુવાળીના બંદરપર નાંગરેલા વહાણોમાંથી તેઓએ તોપો મંગાવી અને કોઠીના મકાનનો બચાવ કરવા માટે તમામ તજવિજ કરી દીધી. દોઢસો યુરોપીયનો અને સાઠ દેશી નોકરોને લઇને ઓકસન્ડને શહેરની આસપાસ એકવાર કુચકદમ

કરી, અને પડઘમો તથા રણભેરીના નાદો કરી લોકોને હિંમત નહિ હારવા ઉત્તેજન આપ્યું. સુરતમાં પ્રવેશ કર્યા પછી શિવાજીએ અંગ્રેજો તરફ દૂતો મોકલી કહાવ્યું કે જો તેઓ બચવાની આશા રાખતા હોય તો તેઓએ મોં માંગ્યો દંડ આપવો પડશે. અંગ્રેજોએ તેની આવી દુષ્ટ માંગણીનો સ્વીકાર કર્યો નહિ, તેથી ચીઢાઇને મરેઠાઓએ કોઠી પાસેનાં કેટલાંક ઘરોને આગ લગાડવાનો પ્રયત્ન કર્યો. જીરાલ્ડ ઑંગીયેર નામના એક બહાદુર અંગ્રેજની આગેવાની નીચે એક નાની ટુકડીએ મરેઠાઓ ઉપર હલ્લો કર્યો અને કેટલાકને ઝપાઝપીમાં મારી નાંખ્યા. આમ અણધારેલી જગ્યાએથી પ્રથમ ગ્રાસે મક્ષિકા પડવાથી મરેઠાઓ ચમક્યા અને શિવાજીએ તેઓને સતાવવાનું માંડી વાળ્યું, એટલું જ નહિ પણ અંગ્રેજોની કોઠીની આસપાસ જે ધનાઢયો અને શ્રીમંતોનાં ઘરો અને વખારો હતાં તે મરેઠાઓની લૂટફાટ અને મારફાડમાંથી બચી ગયા. નિઃશસ્ત્ર અને અસહાય ગરીબ પ્રજાને શિવાજીએ તે પછી લૂટી.

સુવાળી બંદરથી શાહેરમાં આવતા ભૂલા પડેલા એન્થની સ્મીથ નામના એક અંગ્રેજ કોઠીદારને શિવાજીના માણસોએ કેદ પકડી તેની સમક્ષ આણ્યો હતો, અને તેની પાસે છુટકારા માટે મોટો દંડ માંગવામાં આવ્યો હતો, પણ તેની પાસે હોય શું કે તે આપે?। તેથી તેને જીવતો નહિ મારી નાંખતા કેદ રાખ્યો હતો. આ બંધવાએ, મરાઠાની છાવણીમાં કેવી રીતે લૂટનો માલ આણવામાં આવતો હતો, અને સુરતના તે વખતે ગણાતા શ્રીમંતોને પકડી પકડી કેવી રીતે દોલત બતાવવા માટે સતાવવામાં આવતા હતા અને જુલમ ગુજારવામાં આવતો હતો તેનું વર્ણન આપેલું છે. તેણે નજરે જોએલી વાતો વર્ણવી છે અને તે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના જે દફતરો ઇન્ડીઆ ઓફીસમાં સચવાયલાં છે તેમાં તે છે. આ એક જ દસ્તાવેજી પુરાવા ઉપરથી શિવાજીની સુરતની લૂટની ભયંકરતા જણાઈ આવે છે. તેણે ૬ માણસોના હાથકાંડા અને મસ્તકો કાપી નાંખ્યા હતા અને ઘરબાર લૂટી નાશ કર્યો હતો.

શિવાજીએ સુરતના ધનાઢય વણિકો અને શ્રાવકો ઉપર અસહ્ય જુલમ ગુજાર્યો હતો. તે વખતે વીરજી વોરા નામનો એક વણીક હતો. તેની મીલ્કત ૮૦ લાખની ત્યારે અંકાતી હતી. એ શિવાય બે મુસલમાન શ્રીમંતો હાજી કાસમ અને હાજી સૈયદ બેગ. પણ તેની માફક લૂટાયા હતા અને પાયમાલ થયા હતા. એ શિવાય ઓછી દોલતવાળા શ્રીમંતોની સંખ્યા તો અગણીત છે. તે બધાઓને શિવાજીએ લૂટયા હતા. તેઓના ઘરમાંથી જે સોનું, રૂપું, જર ઝવેરાત વગેરે જે કાંઇ મળ્યું તેટલાથી સંતોષ નહિ

પામતાં તેઓનાં ઘરબાર પણ મરેઠાઓએ બાળી નાંખ્યાં હતાં. એક અઠવાડીઆમાં આવી રીતે લૂંટેલાં અને બાળેલાં ઘરોની સંખ્યા ૩૦૦૦ ઉપરાંત ગણાય છે, અને અંગ્રેજોની ગણત્રી પ્રમાણે એક કરોડ રૂપીઆની લૂટ શિવાજીએ મેળવેલી હતી.*

સર્વ કાળ માટે હિન્દના ઇતિહાસમાં એક રાષ્ટ્ર સ્થાપક તરીકે શિવાજીનું નામ મશહુર છે; તેની કોઇથી ના પાડી શકાય તેમ નથી. આ સ્થળે તેણે ચલાવેલી લૂટ અને બીન ગુન્હેગાર નિઃશસ્ત્ર પ્રજાનો કરેલો નાશ વાજબી હતો કે કેમ તે વિચારવાનું જરૂરનું નથી. એટલું તો સાચું છે કે એનો વિચાર, ઔરંગઝેબે શાઇસ્તખાનને મોકલી પૂનાની લૂટ ચલાવેલી તેનો બદલો વાળી તેના ઉપર વેર લેવાનો અને લડવા માટે પૈસા મેળવવાનો હતો. છતાં પણ એટલું તો અત્રે કહેવું જોઇએ કે પાડાના રોગે પખાલીને ડામ દેવો વાજબી નજ હોઇ શકે. એક નિઃશસ્ત્ર, અસહાય પ્રજા ઉપર જોર જુલ્મ ગુજારવો, લૂટ ચલાવવી, તેના ઘરબાર બાળી નાંખવાં, હાથનાં કાંડાં કાપી નાંખવાં, નાક કાન છેદવા, અને માર મારવો–આવાં કરપીણ કૃત્યો માટે શિવાજી જોખમદાર હતો એટલી તો કોઇથી પણ ના કહી શકાય તેમ નથી.

આ લૂટ વખતે શિવાજીએ ખ્રિસ્તી કાપુચીન ધર્મગુરૂ ફાધર એમ્બ્રોઝની આજીજી ઉપરથી સુરતમાં વસતા ખ્રિસ્તીઓને સતાવ્યા નથી. તે જ પ્રમાણે વલંદાના એક દલાલ મોહનદાસ પારેખ, કે જેઓ જીવતા હતા ત્યારે ઘણી જ દાન ખેરાત કરતા હતા, તેનું ઘર બચાવ્યું હતું. તે જ પ્રમાણે આ લૂટફાટનું જે વર્ણન મળે છે તેમાં કોઇ પણ સ્થળે શહેરની સ્ત્રીઓને શિવાજીના માણસોએ રંજાડી હોય, તેમ કોઇની આબરૂ લૂટી હોય, એવો એક પણ દાખલો મળતો નથી. મરાઠાઓના ઇતિહાસમાં સ્ત્રીઓ અને ધર્મ પ્રતિ શિવાજીને અત્યંત માન હતું તે જાણીતી વાત છે.

શિવાજીએ મેળવેલી લૂટ ઉપરથી જ સુરતને કેટલું નુકશાન ગયું તેનો અંદાજ કાઢવાનો નથી. સત્તરમી સદીમાં મોગલ મહારાજ્યના જે મોટાં બંદરો હતાં તેની પડતીનું કારણ શિવાજીની બે વારની સુરતની લૂટ (ઈ. સ. ૧૬૬૪ અને ૧૬૭૦) હતી. તેના હલ્લાથી સુરત વગેરે બંદરોની પડતી થઈ. દેશી અને

* (કવિ નર્મદાશંકર ૩૦ કરોડની લૂટ શિવાજીએ મેળવી હતી એવું જણાવે છે અને બાળેલા ઘરોની સંખ્યા જોતાં અને વીરજી વોરા જેવા ઘણા શ્રીમંતો લૂટેલા જોતાં કવિએ આપેલો આંકડો વધારે વાજબી લાગે છે.)

વિદેશી વેપારીઓનાં તાપી નદીના બંદર ઉપરના વસવાટથી અને લૂંટથી ત્રાસી ગયાં હતા, અને ૧૬૮૦ માં જ્યારે મુંબઇનું બંદર ખીલવા લાગ્યું ત્યારે તેઓ ત્યાં આગળ સહિસલામતી માટે જઈ વસ્યા. આ મુંબઇ બંદર રાજદ્વારી ચઢતી પડતીથી મુક્ત હતું. એક વખતનાં ગાજી રહેલાં સુવાળી અને સુરતનાં બંદરો ઉપર મૃત્યુનો ઘંટ વાગ્યો અને સદાને માટે ત્યાં મૃત્યુ જેવી શાંતિ પથરાઇ ગઇ. સુરત કે જે "મક્કાદ્વાર" અને "બંદરે મુબારક" ગણાતું હતું તે રાજકીય દૃષ્ટિએ પડ્યું, અને વેપાર ઉદ્યોગની એવી મંદીમાં જઇ પડયું કે જ્યાંથી તેને આજ સુધીમાં પાછા ઉઠવાની વારી આવી જ નથી.

જ્યારે અમદાવાદના મોગલ સુબા મહમદખાને એ સુરતની મદદ માટે લશ્કરી સહાય મોકલી આપી ત્યારે શિવાજી રતોવાઇને નાસી ગયો, અને અંગ્રેજ કોઠીના ઉપરી જ્યાર્જ ઓકસન્ડને બજાવેલી સેવા અને બતાવેલી બહાદુરીનાં સુરતના લોકોએ ભારે વખાણ કર્યાં; અને જ્યારે સુરતનો નવાબ એના કિલ્લામાંથી બાહર નીકળ્યો ત્યારે તેના ઉપર તેના હીચકારાપણા માટે લ્યાનત વર્ષાવી. અમદાવાદથી આવેલા લશ્કરના ઉપરીએ જ્યારે સર જ્યાર્જ ઓકસન્ડનનો જાહેરમાં ઉપકાર માન્યો, ત્યારે તેણે પોતાના હાથમાંની પીસ્તોલ સેનાધિપતિના ચરણે મૂકી જણાવ્યું કે, સુરતના ભાવિ રક્ષણ અને સલામતિ હવે તેને સોંપવામાં આવ્યા છે. ઓકસન્ડનને બજાવેલી સેવાના બદલામાં એક ઘોડો અને સોનેરી કીનખાબનો કબજો ઇનાયત કરવામાં આવ્યો હતો, અને જ્યારે તેની કમ્મરે તરવાર બાંધવામાં આવી ત્યારે તેણે નમ્ર ભાવે જણાવ્યું કે, આ શણગાર એક સૈનિકને શોભે તેવો છે, પણ અંગ્રેજો તો કેવળ વેપારી છે, માટે તેઓ તો તેઓના વેપાર ધંધામાં કંઈ જગાત વગેરે છુટ મળે તેવું મળવાની આશા રાખે છે. આ ઉપરથી અમદાવાદના મોગલ સુબાએ દીલ્લીના શાહેનશાહની રજાથી અંગ્રેજોના માલ ઉપર ૩॥ ટકાની જે જગાત લેવામાં આવતી હતી તે ઘટાડી ૨ ટકો કર્યો હતો. સુરતના નવાબનું નામ ઇનાયતખાન* હતું, એવું જણાવવામાં આવે છે.

---

* કવિ નર્મદાશંકર વગેરે લેખકો સુરતના નવાબનું નામ ગ્યાસુદ્દીન રૂમી જણાવે છે; અને લોકની દંતકથાને આધારે આ પુસ્તકના ગ્રન્થકર્તા તેને હીચકારો કે કેવળ બાયલો નહિ વર્ણવતા, તક મળતાં મહાન્ યોદ્ધો નીવડવાનું લખે છે, અને તેના જ પરાક્રમના જોરે શિવાજીને પાછા ફરવું પડયું હતું, તથા

જે સૈનિક સહાય મળી હતી તે અમદાવાદથી નહિ પણ માંડવી, વલસાડના અનાવલા દેશાઇ અને કાલીપરજના મુખીઓ તરફથી મળી હતી.

બીજી એક વાત મુખ્યત્વે કરીને એ ખાસ નોંધવા જેવી છે કે શિવાજીએ જેમ ખ્રિસ્તી ધર્મગુરૂ, હિન્દુ અને મુસલમાન શ્રીમંત પણ દાનવીર ગૃહસ્થોને સતાવ્યા નથી એવા પુરાવા આપવામાં આવે છે, તેમ તેણે સુરતના હિન્દુઓના મોટા મંદિરને લૂટમાંથી બચાવ્યું હતું. એવું કહેવામાં આવે છે કે જ્યારે મરેઠાઓ નાણાવટ લૂટતા લૂટતા મંદિરમાં પેઠા ત્યારે તે વખતના મહારાજશ્રીએ મરેઠા ટોળીના આગેવાનને જણાવ્યું કે, અમે તમારે માટે ઠાકોરજીની ભેટમાંથી હીસ્સો રાખેલો છે, તે લઈ જાઓ. મરેઠા નાયક તેથી આશ્ચર્ય પામ્યો, અને નમન કરીને મહારાજ શ્રીએ જે કંઈ સ્વહસ્તે આપ્યું તે લઇને ચાલ્યો ગયો. તેજ પ્રમાણે મરેઠાઓએ પારસી ધર્મગુરૂઓને પણ રંજાડયા નથી, અને તેઓને અગ્નિ-પૂજક હોવાથી અગ્નિહોત્રી જેવા પવિત્ર સમજીને જતા કર્યા હતા. માત્ર એક યાહુદી વેપારીને તેની પાસેથી પૈસા કઢાવવા માટે બહુ સંતાપ્યો હતો, પણ યાહુદી પણ ખરો કે તેણે પ્રાણ જાય તોપણ પૈ આપી નહોતી. શિવાજીએ સ્ત્રી બાળકોને સતાવ્યાં નથી એમ કહેવામાં આવે છે, પણ તે વિષે મતભેદ છે. જેઓ જાણીતા શ્રીમંત હતા તેઓનાં ઘરબાર, માલ મિલકત લૂટી લેવામાં આવ્યાં હતાં, અને સ્ત્રી બાળકોને રસ્તામાં રઝળતા કરવામાં આવ્યાં, તથા મરદોના હાથ, કાન વગેરે કાપી લેવામાં આવ્યા હતા. આ રીતે શિવાજીએ સુરતને (ઈ. સ. ૧૬૬૪ અને ૧૬૭૦) બે વાર લૂંટયું હતું.

# સુરતની ચડતી પડતીના રંગ.

એ પ્રમાણે વખતના દવે શાહેરની આબાદીનો લીલોકુંજાર જેવો બાગ બાળી નાંખ્યો. રે, અશોકવાડી જેવું શોભતું સુરત શાહેર, સહેજ સહેજમાં સ્મશાન જેવું થઈ રહ્યું! રે, નવાબની ગાદી, જે પોતાની જૈફીની કરચલીવાળી હાલતમાં પણ આથમતા આફતાબના તેજ જેવી દીપતી, તે પણ કયાં છે? ઈદમાં નીકળતી નવાબોની સવારી શાહેરને જેબ આપતી, તે કયાં જતી રહી? વખત, તું કેટલો કિનાખોર અને ઘાતકી છે? ચાલીસ લાખની જે ગાદી કહેવાતી, તે ગાદીના છેલ્લાનું મુડદું અવલમંજલે પહોંચાડવાને તેના જમાઇને પોતાના શાહુકાર પાસેથી પાંચશેં રૂપિયા ઉછીના લેવા પડ્યા! અરેરે, ખીલેલાં કમળ સરખું તે કિલ્લાનું મેદાન, માણેકના ચોક જેવી તે મોગલી સરાહ ને નંગમાળ જેવું તે નાણાવટ, ચાંદ જેવું તે ચૌટું, રસે રાતો કસુંબા જેવો તે રહિયા સોનીનો ચકલો, બામદાદના રંગ જેવી તે બુરહાનપુરી ભાગળ ને ગોકુળ જેવું તે ગોપીપરું-કયાં કયાં ઉડી ગયાં! અરે, ઓ પ્યારી સુરત, હવે તો અમારે નસીબે તારાં ખંડિયેર ઉપર પડતા તીત તડકાના અદ્ધર તરતાં તેજને ઉદાસીન મોંઢે બેઠાં બેઠાં જોયાં કરવાનુંજ રહ્યું છે! અફસોસ!

(કવિ નર્મદાશંકર)

## આ જ ગ્રન્થકર્તાનાં બીજાં પુસ્તકો

ગંગા—એક ગુર્જર વાર્તા. ... ... રૂ. ૧-૮-૦

શિવાજીની સુરતની લૂટ. ... ... રૂ. ૧-૮-૦

દિલ્લી પર હલ્લો અથવા ભારતના પરવશ-
પણાનો આરંભ ... ... ... રૂ. ૨-૦-૦

કર્તા:—ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ.

"આ નવલકથાકારના ગ્રન્થો બહુ જ ખેંચાણવાળી શૈલીમાં લખાયલા છે. એમની નવલકથા "ગંગા" તથા "દિલ્લી-પર હલ્લો" વાંચતા આનંદ થાય છે. વર્ણનો કરવાની એમની શક્તિ ઘણી જ ખીલેલી બલકે ચમત્કારિક ગણાય એવી છે."

(પ્રોફેસર:-શાપુરજી કાવસજી હોડીવાળા બી. એ. કૃત "ગુજરાતી શૈલી તથા લેખનપદ્ધતિ" માંથી.)

## સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇનાં રચેલાં પુસ્તકો

| | |
|---|---|
| શિવાજીની સુરતની લૂટ .... | ૧—૪—૦ |
| દિલ્હીપર હલ્લો અથવા ભરતખંડના પરવશપણાનો પ્રારંભ | ૨—૦—૦ |
| સવિતાસુંદરી | ૦—૪—૦ |
| ચારૂચર્યા અથવા શુભાચાર | ૦—૨—૬ |
| ઔરંગજેબ | ૧—૪—૦ |
| મહારાણી વિકટોરીયાનું જીવનચરિત્ર | ૧—૮—૦ |
| શુક્રનીતિ મૂળ સહિત ભાષાંતર | ૨—૮—૦ |
| વાલ્મીકિ રામાયણ | ૮—૦—૦ |
| હિન્દ અને બ્રિટાનીયા | ૩—૦—૦ |

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ-૧.